ચોરીયાં માર!

રચનાર:—જાંહાંગીર બેહરામજી મરઝબાન.

એક નીર્દોશ પણ અતી રમુજી જુવાન
છોકરીના ટાહુકા ટુચકાનું રસીલું
દાસતાન.



આ પુસ્તક જામે જમશેદ ઇલેક્ટ્રીક પ્રેસમાં કર્તાને માટે
માણેકજી નવરોજી પ્રીન્ટરે છાપ્યું છે
અને કર્તાએ પ્રગટ કર્યું છે.

ઇ. સ. ૧૯૨૩.

પ્રસ્તાવનાં.

સાહિત્યની રંગભૂમીના શૂરા "સીપાહ" શેઠ જહાંગીર બેહરામજી મરઝબાનની કલમના ફતેહમંદ કાર્ય ઉપર પ્રસ્તાવના લખવાનું બિકટ કામ આ વાર મુજ કમતરીનને ભાગે આવ્યું છે. ૧૫) વર્ષની કેવળ રમતિયાળ વયે પોતાના વડવાઓના છાપખાનામાં કમપોઝીટર અને પ્રીન્ટરના કામનો અનુભવ લઇ, લેખક વડવાઓની લખાંણ શકિતનો વારસો પોતાની રગોમાં રાખી આજે ૫૫) વર્ષો નવા કાગળની પીઠ ઉપર કલમ ઘસતા એક પાકા અને વિરા લેખકની કલમમાં કેટલું જ્હેમ અને જોશ છે, કેટલી કળા અને કમાલ્યત છે તેનું મીજાંણ તપાસવાનું કામ જ્યારે મારાં જેવાં એક નાકેશ લખનારના હાથમાં મુફ્ત માં આવે ત્યારે આ "ચોરીયાં ચાર" વાર્તાના ઘરડા લેખકની કલમનો કાબુ અને એમના વિચારની લગામની નાડ હું સ્વતંત્રપણેજ તપાસીશ.

દેશી છાપા-મંડળના આ "મોટાભા" અને એમની ત્રીજી પેહડીના "મમાવા" "બપાવા" આજે ૭૫ વર્ષની વૃધ વયે પોતાની ઓફીસની જુની પણ ભાગ્યવંતી ખુરશીપર નિયમીત બીરાજી ૭૫ દિશાએ ચશમ ચમકાવતા ફરે છે, વળી અંહીતહીં પસરી રહેલાં અફલાતુન પેમાણોનું ઉંચી આંખ્યોએ અવલોકન કરે છે, અંહિ ત્યાં જણાતાં પંચોતેર હજાર કિસમના લીલાં-સુકાં પેણુ કેટલાક પોતાના ડગલાના ગજવામાં એકઠા કરતા ફરે છે,

અને જ્યાં ત્યાં આવી ઉભા રહી ચીંગા મીંગા થઈને બધા બાતભાતના ભરમ એમના ફળદુપ ભેજાંમાં ભરી રાખે છે, અને પછી કાગળની પીઠ ઉપર તે સઘળાં ખાટાં મિઠાં મિષ્ટાનનું રંગીલું [illegible] વર્ગની દિવામાં ખડાં કરે છે. સાહિત્યના સાગરમાં આમ ૫૫) વર્ષ સુધી ખડે પગે સેવા બજાવનાર જહાંગીર મરઝબાન પોતાની પેચવન કલમના ડોકબંધ ગોદાથી સાહિત્યના બાગમાં અને સંસારની સપાટી ઉપર વખત કવખત ઉંધા થતા ઉછાળા મારતાં અહવાતુન માકમાને કેમ કાબુમાં લેય છે અને તે બાત બાતના બાવટાઓના કેવા રંગીલા પાટ રચીને તૈયાર કરે છે એ એમની કસાયલી કલમની પેચવન [illegible] રંગી રહી છે. [illegible] અનુભવ અને અવલોકનના બેવડાં બળથી કાગળની પીઠ ઉપર [illegible] અને કલમના મોહરાં સાથે જહાંગીરજી જ્યારે [illegible] પેચવન બાજી ખેલવાનું મન [illegible] થાય છે ત્યારે તેનું પરિણામ એકાદ પારસી સંસારી [illegible] નવું પયલું આપણે જોઈએ છીએ.

સાહિત્યની રંગભૂમી ઉપર એક જાહેર છાપાની માલેકી તેનું બળવાન હથીઆર ચોગરદમ ઉગામી, લખાંણ સાહિતના રાહને ૫૫ વર્ષ સુધી કાગળની પીઠ ઉપર વહેતો રાખી, અનુભવ અને સત્તાના બેવડાં બળથી વખત આવતે સાહિત્યનું રણસંગ્રામ ગજાવનારા એવા એક [illegible] કલમકસને કેવો મજબુત [illegible] મહ્યો હશે [illegible] આપણા ઘરડા જરનાલીસ્ટ જહાંગીર મરઝબાનની કલમનું [illegible] પાસતાં સહેલથી સમજણ પડે છે. કેટલાક [illegible] સંસારના જીવતાં જાગતાં [illegible] ખેલ કોઈક એમની

પચવણુ કોમના મટાકેદાર ચપકાથી અને એમની રમુજી કોમના પ્રસંગોપાત ચટકાથી આ "ચોરીઆં માર" વાર્તામાં આબેના મીસાલ આપણી નજર સામે ખડાં ઉભાં રહે છે.

ચીનના વેપારી કોઇ હોરમસજી શરાફની બે બેટીઓની સરજતના મુકાન ઉપર આ વાર્તાનું ચોકઠું ગોઠવાઇ બેઠું છે. આ બે બહેનોમાં વડી બહેનનું નામ વીલ્લુ છે અને ન્હાનીનું નામ પુતલી છે. ભોલી ભલી પણ ચીબાવલી, વલવલતી ઓલખણી પણ સ્વતંત્ર ખવાસની, નખાલસ મનની અને સાચાં ચોખ્ખાં જીગરની ચબરાક પુતલી આ કથાની નાયકા છે. પટપટબોરી પુતલીની દુનીયા વરણુની આપખુદી અને તેમાં સમાવલી હદપાર રમુજ આ કથાના "ચોરીયાં માર" નામનો મુળ ભેદ છે. પોતાની માતાના મરણ પછી પૈસાની તંગી સબબે મુસ્કેલીમાં મુંઝવાતી આ બે બહેનો પોતાની એક જુની નીમકહલાલ આયા સાથે ચીનથી ઉપડી મુંબઇ આવે છે. સફર દરમ્યાન સ્ટીમર ઉપર સર દીનશાહ વકીલ નામના એક કુંવારા બારોનેટ સાથે આ બે બહેનોને પીછાંણ થાય છે અને આ પહેલાજ પીછાંણથી વીલ્લુ અને પુતલીના ભવિષ્યના સંજોગનો પાયો નખાય છે. જહાંગીરજીએ ચિતારી છે તેમ કથાની નાયકા પુતલી એક ખરેખરી અફલાતુન અને ચોરીયાંમાર બાઇડી છે. પુતલીની ૧૮) વર્ષની ન્હાની નિરાંત વય જોતાં તેણી શું શું તદબીર રચી બતાવે છે એ સઘળી અદ્દભુત કિસમની સમયસૂચકતા ઉપર આપણને અચરતીજ ઉપજે છે. સફર દરમ્યાન સર દીનશાહ સાથે પુતલી જે રીતે છુટથી પણ પકાઇ સાચવીને નખાલસ મનથી વાતો

કરતાં ટાહૂકા ટુચકા ચલાવી રહી છે, દીનશાહ અને જોલ્લુ વચ્ચે મિત્રાચારી થવા પછી તેનું શું પરિણામ આવશે તે મામલો પુતલીની ચગોર ચલમમાં ઝટ વારમાં ગોઠવાઇ જાય છે, તરેહ કિસમની પેચવણ ડઠાબાજી કરી પોતાના કરતાં બેવડી વયના આ પારસી બારાનેટને કેવી કેવી રીતે ફસાવી—ફંદાવીને આ ૧૮ [illegible] કુમળી બાળા કેવી કેવાં પ્રાકમો ઝટને પટ રચી કાહડે છે તે સઘળી પુતલીની જબાનની કળા, અદભુત હિંમત અને સમયસૂચકતા ઉપર ઓપડી આફ્રીન કરીએ એવી એક જોરાવર કેરેક્ટર રજુ થાય છે.

[illegible] પારસીનજરો વચ્ચે [illegible] દીનશાહના જુનાં [illegible] નવાં [illegible] બડકી [illegible] બાઇને [illegible]મની નિંદા અને કાનાસોરી [illegible] બાંગે નહિ તેટલાં બખરાં કરનારી, નઠારી ખસલતની આ ચિતારવામાં જહાંગીરજીનો કોઇ માયો સમાયો જતો નથી. આ બાઇની હલકત રીતભાતોને, તરંગી ખસલતને અને જુઠાણું કરી મિત્રાચારીમાં ભંગાણ પડાવવાની બુરી મતલબને આંઠી તંઠી સખત વિશેષણોમાં ઘણી વ્યાજબી રીતે ઝાટકી કહાડીને જહાંગીરજીએ કોઇ ચોકસ દિશામાં પોતાના ખીજવાતનો પેગામ સીધો મોકલી આપ્યો છે ! એક ઘરડાં આદમીની વર્ષગાંઠ ઉજવવી, તે ખુશાળીમા 'ટી-પાર્ટી' કરવી અને ત્યાં જમા થતાં નાદાંન વાજામાં શું શું તરંગી નાટક ચાલી રહે છે તેનો આબેહુબ ચિતાર આ વાર્તામાં એક ઠેકાણે જોવા મળે છે.

સર દીનશાહ આ વાર્તામાં [illegible] મુખ્ય ભાગ [illegible] સદગુણમાં

પ્રસ્તાવના.

અદેખાઈનો દુરગુણ તેના મનની શાંન્તીને વારંવાર ચુંથી નાખતો જણાય છે. જેમ અદેખી સ્ત્રીથી સંસાર સુખ નાશ પામે છે તેમ અદેખા મરદથી પરણેલી જીંદગીની સુખ-શાંન્તી કોઈવાર સહાબરી ફના થાય છે. આવો દુઃખદાયક ચિતાર સર દીનશાહ વકીલના બાબમાં વારંવાર ભડકો થઈ ઉઠતો ચિતારવામાં આવ્યો છે. પણ આ વાર્તા વાંચતાં અને તેમા સમાયલા અમુક સંજોગ જોતાં મારા વિચારમાં એક ખટકણ પડે છે. એક પારસી બારોનેટના જેટલી હદે જાહોજલાલીભર્યા સંજોગ હોવા જોઈએ, તેની રહેણીકરણી અને ધંધાધાપા તથા કામકાજ સંબંધી જે દારદમામ દેખાડવો જોઈએ તે સઘળો શ્રીમંત ઘરને છાજતો દારદમામ દેખાડવા, ધાંધલ ધરપચીયો અને ધમધમીયો કારોબાર દેખાડવા જહાંગીરજીની કલમ લગાર કેટ કેટ ઘણી સુસ્ત માલમ પડે છે. એક શ્રીમંત ધણીઆણી અને બારોનેટસીનો ધમધમીઓ ટાઈટલ ધરાવનાર દીનશાહ વકીલનો સંસારી કારોબાર લગાર લુખો અને ફીકો કેમ લાગે છે. એવું મારી નાકેચ સમજમાં આવે છે, બાકી એક પારસી આંમાર બાઈડી કેવી હોવી જોઈએ, તેના અદભુત કામો કેવાં હોવાં જોઈએ, ભાંગે નહિ તેટલાં ખોખરાં કરીને અહીંતહીં બધે પોતાની ઝેરી જબાન અને નઠારા ખોટા તરંગમાં ખોટી વાતો ઉપજાવવી સ્ત્રી કેવી હોય અને તેના કેવા હાલ કરવા જોઈએ એ બેઉ ઉલટા સુલટી કેરેક્ટર દેખાડવા અને તેનો આસીયો ઉતારવા જહાંગીરજીની કલમે કેટ કેટ ઘણા પેચવન ટાહુકા ટુચકાથી કમાલ કરી છે. બીજું એક ધ્યાન ખેંચનારૂં આસામી પરડી આપામાં છે. નોકરોમાં સારા ગુણ ન હોય અને ભલી ઉંચ ખસલત

પ્રસ્તાવના.

નહિ હોય એવું માનનાર સ્ત્રી-પુરૂષોએ આ કથામાં પુતલી અને બીલ્લુની એક નીમકહલાલ પરજાત આયામાં કેવી અંતની ઘડી સુધી આ બે બ્હેનોના સંસાર સુખને તરી-પાર ઉતારવામાં અને તેમા એણુ વખતે ઉભા થતા ખરેખરા કુબસ સંજોગમા કેવી કેવી [illegible]ર રચે છે, આવી પડેલી એક મહાભારત અકળામણુંને કેવી સંપૂર્ણ શાન્તિમા ફેરવી આપે છે અને માબાપ વગરની પણ સુખી સરજત વચ્ચે તરેહવાર નડતર અને નાશીપાસીમાં ગુંચવાતી બીલ્લુ અને પુતલીને કેવા ખરાં જીગરની લાગણીભર્યા સંધ્યારામાં મદદ આપી શાન્ત પાડે છે તે એક કમીનાં નોકરની નીમકહલા-લીનો ખચીતજ આફ્રીન કરવા જોગ ચિતાર છે. એવી [illegible] આફતોમાંથી અને નીમક[illegible] [illegible] પારસી સંસાર ખાલી નથી.

ધનશાનની જીંદગીના સંજોગ મુશકેલી અને અકળામણ [illegible] નથી. નેકી અને સાચવટ કેળવવા ઘણી મજબુત [illegible]ટીઓમાંથી પસાર થવું પડે છે અને આપણી તે કસોટી [illegible]ા ફીરતાર અનેક મુશ્કેલી આપણી સામે મુકે છે. આદમી પોતાની ભલી ભુંડી ખસલત કુદરતીજ રજુ કરે છે, છતાં સરજતના લેખ વાંચીને સીધો રસ્તો લેવાથી ઉકળતા સંજોગ શાન્ત થઇ શકે છે તે રીતે આ કથામાં સમા-વેલાં મુખ્ય પાત્રો બીલ્લુ, પુતલી અને દીનશાહના સંસા-રમાં જહાંગીરજીએ અનેક કિસમના ગુંચવાડા ઉછળી આવતા દેખાડયા છે, પણ તે બધાં ચિત્રવિચિત્ર ગોથડાંયાં વખત સાથે શાન્ત થાય છે, પરસ્પરની મતફેરી દુર થાય છે અને બન્ને બ્હેનોનું કુટુંબ બાળ-બચ્ચાં સાથે સુંબ-ધથી વાંધે છેટે ગોઠવાઇને સંસારી સુખ-શાન્તીમાં મજાહ [illegible] છે એ આ વાતાનું છેવટ છે.

જહાંગીરજીની ૫૫) વર્ષની પુરાણી કલમનું ચોરીયાંમાર જોશ આ કથામાં અચ્છી રીતે સાબેત કરી આપ્યું છે અને કથાની નાયકા ચોરીયાંમાર પુતલીને પણ ફાંકડી ચિતારી છે. ચોરીયાંમાર વિશેષણની વ્યાખ્યા જાણવી હોય, શિખવી હોય અને તે ઉપરથી ખુબ રમુજ લેવી હોય તો આ કથામાં રજુ થએલાં પુતલીના માકમ, હિમત અને ખુશમીજાજી ખમીરનું બરોબર ધ્યાનથી અવલોકન કરજો. તમને ખુબ મમત પડશે, કેટલાક રમુજી વાહુકા ટુચકા શિખશો, અને થાકેલા, મુઝરાએલા, અકળાએલા, યાતો મુંઝવાએલા જીવને પણ આરામ મળશે.

જહાંગીરજીની કલમનું જોશ નરમ પડેલું લાગતું નથી; ૫૫) વર્ષની વય કરીને [illegible] રંગભુમી [illegible] થવાની વાતો [illegible] છે, પણ કુદરતી [illegible] શક્તિનું જોશ આદમીની રગોમાં હરહંમેશ ઉછળતું રહે છે અને તેનો રોહ કાંઇ લેખકની ઉમરનો આંકડો જોવા થોભતો નથી. મારી તો ખાત્રીજ છે કે આપણા [illegible] લેખક જહાંગીરજી નજદીકના ભવિષ્યમાં બીજી એકાદ કથા ચિત્રી કહાડશે, વરી કોઇ લુલાંલુલાં, છેલછબીલાં આસીબાઇનો સારી પેઠે આસીઓ ઉતારશે, કોઈ લીલા પીલા ધચમજી વાંદરાનો વાજતે ગાજતે વરઘોડો કહાડશે, એકાદ સંસારના ખુણામાં ચચરી રહેલાં બેમાણનું ખુરચણ આપણી સનમુખ ચીરસી મુકશે, અને એ રીતે એમની ચગોર અને ચુંચી આંખોમાં અટને પટ ગોઠવઇ જતાં ઠોઠકનો કીસ્સો એમની રમુજી કલમની રંગીલી એબારતમાં પડાઇને એક વાર્તા રૂપે બહાર પડશે. અવલોકન કરવાની તબેહ એક આદમીના અનુભવને બેવડો જોરાવર બનાવે

છે અને અનુભવ એ એક લેખકની કલમનો જીવ અને જીવનગાળો છે. અવલોકન અને અનુભવ, તે સાથે કુદરતી બક્ષાયેલુ શક્તિનું જોશ અને રમુજી ટચકાની લિજ્જત એ એક કલમકશ માટે જોઈતા ચાર જોરાવર ગુણોનું મિશ્રણ જોવું હોય તો ૭૫) વર્ષના જહાંગીર મરઝબાનની લગભગ ૭ ડાહેકાની કથાવલી કલમથી રજુ થતી કથા વાંચો અને પારસી સંસારની ચિત્ર-વિચિત્ર રહેણી કરણીનો અભ્યાસ કરો.

આ વાર્તા કેટલી [illegible] હરખથી વંચાશે અને આ પુસ્તક કેટલું સહેલથી ખપી જશે એ માટે કાંઈ કેહવાની જરૂર નથી. એક લેખક તરીકે એવણે જે ફતેહ મેળવી છે, [illegible] જશ અને એવી ફતેહ દરેક લખનારના નસીબમાં લખાઈ હોય તો હું કહીશ કે એવી ભાગ્યવંત સર[illegible] માટે દરેક લખનારે શુક્રાના કરવા. આપણા નામ[illegible] પુરાણા ખરડા લેખક જહાંગીરજીને તનદુરોસ્તી મા[illegible] અને એમની કલમથી રજુ થતી બીજી કથાઓ વાં[illegible] રાહ જોઈશું.

[illegible]

ભાઈબાઈ ભીમજીભાઈ પાલમકોટ.

ચોરીયાં માર!

૧૯૨૨ની નવી દરગુજર.

માફ માંગું છું. મારી ઘરડી કલમની પીડા તમારાં ચીરંજીવંત ધ્યાન ઉપર એકવાર ફરીથી નાંખવાની ગુરકસી માટે દરગુજર કરશોજી. મારી પેનમાં ચાઈચાઈની ફીલસુફી કે ડાહી ડાહી શીખામણો સમાયલી નથી, એ તો અત્યાર લગી તમોએ અનેકવાર જોઈ લીધું હશે. બે ઘડી હસાવી રમાડીને જીવને થોડીક પલ ખુશાલ રાખવાની મારી નેમ છે, અને તેમાં પાર પડું કે નીષ્ફળ નીવડું તે નક્કી કરવાનું તમારૂં કામ છે. હું કબુલ કરૂં છું કે જે હીમ્મતથી હું ચોવીસ વર્ષની વયે જાત જાતના ચીત્રા ચાત્રી કહાડતો હતો તે ઝમક કે નફકરાઈ આજે હવે પોણોસો વર્ષની ઉમ્મરે રહી નથી. માટે જો લખાણમાં જરા ઢીલું કે લુલું દીસે તો મહેરબાની કરી તેમાં મારો નહીં પણ ઉંમરનો કસુર કહાડશોજી.

ત્યારે સવાલ ઉઠશે કે "એમ છે તો લખો છો શું કામ? તમારી પાસે કોણ માંગે છે?" ખરૂં છે બાપા, તમે તો માંગતા નથી પણ મારાં આગળાં ઠર પડતાં નથી તેનું કેમ કરવું! 'દરજીનો દીકરો જીવે ત્યાં સુધી શીવે' એવો મારો અભાગ્યો અવતાર છે. સાવઠે મારે કબુલ કરવું જોઇયે કે હું કાંઈ નામાંકીત ચાર્લ્સ ડીકન્સ અથવા વોલટર સ્કાટ નથી. મારા નસીબમાં તેમ હતે તો આજે હું આજની પેઠે કાગળ અને શાહીનું નખોદ વાળવા આગાઉ બે વાર વીચાર કરતે. સારાંશ કે આજની કથા કોઈબી રીતે મારાં નબળાં ભેજાંનું પરીણામ નથી. મુખ્ય ખ્યાલ બીજે બે ત્રણ ઠેકાણેથી મેળવીને લીધો છે. અલબત્તાં લાંબી ઉંમરમાં, પચાસ વર્ષની વર્તમાન પત્રની હલદેસરીમાં જે જોયું છે તેનો થોડાક ભાગ મારી તરફથી હું તમારી આગળ ધરૂં છું—[illegible] તે પરવર દેગારનું નામ [illegible] પર ધરી મારી આ નવી કથા શરૂ કરૂં છું. જાણવું કે મારા હાથ [illegible] પણ કાન સદા ખુલ્લા છે અને દુન્યાની [illegible] હજુ જીવતી જાગતી છે.

* * *

આપણો પહેલો સફો ચીનમાં—ખરૂં કહું તો હાંગ કાંગમાં—શરૂ થાય છે. એક નાના ઘરમાં ઘણાજ નાના કંપાઉંડમાં બે જરથોસ્તી છોડીઓ બેસીને કાંઈ ભરત કામમાં ગુંટાયલી છે. બહુની વયમાં ઘણું તો પાંચેક વર્ષનો આંતર હશે. વધી શુમારે બાવીસેકની જણાય છે—



અરેરે, આપણું જીવતર બળ્યું—પાનું ૩.

અને નાનીએ સોળ પુરાં કીધાં છે. પહેલાંથીજ કહી દઉંની કે વડીનું નામ વીરબાઈજી અને બીજી આપણી કથાની નાયકા પુટલી છે. આ બે બેહેનોની વાત સાંભળવાનો કથાના રચનારને હક છે.

પુટલી પોતાના હાથમાંનું ભરવાનું મુકી દઈ બોલી, "મરેરે, આપરૂં જીવતર બળ્યું. મુવો કોઈ હસતો રમતો ભુલો ભુલો આવતોબી નહીં! જરા સોવામણો હોય ને પાસે પાંચ પૈસાનો જીવ હોય ને આપણામાંથી એકુ સાથ પરણી જાય તો કેવાં મુંબઈ જઇને મોજ મારીયે! મને તો ચીનમાં હવે કરડવા આવેછ. કોણ જાણે કાહારે છુટકો થશે. મરેરે, મુંબઈ કોણ્ જાણે કેવું હોશે. માસીજીનું અવારનવાર કાગળનું ચીથરૂં આવેછ પણ કોઈ દહાડે ડોસાંને જોયાબી નથી. રખેને મુવાં ખવીસ ભાગડા જેવાં હોય!"

આટલા શબ્દો પરથી જોયું હશે કે પુટલી ચોરીયાં મારનું જે નામ આપણે લીધું છે તે તેને આબાદ લાગુ પડતું છે. ઈંગ્રેજના જેવી ગોરી ઘટમારી બ્લુ આંખવાળી અને સોટા જેવી તેણી હતી ખરી—પણ એની મસ્તી અને બોલવાના બટાકાથી તો હાથ જોડયા! બચારી વીલ્લુ જયારે ડોકું નીચું રાખીને પોતાનું કામ કરી જતી હતી ત્યારે આ સુખવાસી પુટલાં એક ઝાડની ડાંખળી ઉપર ટીંગાઈને હીંચકા ખાતી હતી. નાની બેહેનના ઉપલા રમુજી સખુનો સાંભળીને વીલ્લુએ ડોકું ઉંચકીને ગાર હસતે ચેહેરે પુછ્યું—

"પણ બેની, આપણી પાસે બળ્યું છે શું કે કોઈ [illegible] ભુલો આપુને પુછતો આવે?"

વીજલુના દેખાવનું વર્ણન આપવાની હું જરૂર [illegible] હું. આપણા લોક સાધારણ રીતે [illegible] જે તેમ તે સ્વભાવે લગાર "શીરીઆઉસ" હતી. રંગે નાની [illegible] કરતાં ચીજ પાકટ [illegible] પણ કાળી ભમ્મર [illegible] આંખ અને કમ્મર સુધી લટકતાં બાલ સાથ તે કોઈ રીતે પુટલી કરતાં ઉતરતી ન કહેવાય. હસે ત્યારે ગાલમાં ખાડા પડતા [illegible] કે બેહેનોમાં વધારે દેખાવડી બેનુ તે [illegible] મુશકેલ હતું.

" પપી, તું હમણાંની [illegible] ના ખ્યાલ છોડી દે. બાવાજી ગુજરી [illegible] આપુને બચારાં માયજીને સોંપી ગીયા—એટલે હવે માયજી [illegible] આપણું [illegible] છે? જણુસમાં તો આપણા ગળાંમાં અ:એ [illegible] આજે [illegible]એ તો કોઈ ચીનો [illegible] રૂપીઆળી નહીં આપે."

ખરી વાત એ હતી કે પુટલીને આ તકસાર ગળે ઉતરી નહી. "પૈસા નથી તો શું થયું? આપણું રૂપ છે કેની? હું કાંઇ [illegible] કે આજની આજ કોઈ લુલો [illegible] આવે તેની સાથ પરણી જવું! પણ સમજ કે કોઈ તેવો મજાનો છોકરો આવી લાગે ને પાંચ પૈસે સુખી હોય તો બા હું તો ના નહીં કેહું."

"ઠીક છે, વખત આવશે ત્યારે આપણે જોઈશું કે તું ખરી છે કે હું પૈસાને ખાતર છું તો કશું મારી જીંદગી વેચું નહીં. હું જ્યારે કોઇને મારો હાથ આપસ ત્યારે જે એવો હોશે કે બધી વાતે ઉંચી વરણનો—જેના વગર મને એક ઘડી ચાલે નહીં એવો સુત્રો ને ખરો નરો હોશે; નહીં તો આપણે કુમારાંજ રહીશું. પુટલ દીકરા, તું હજુ નાહાન બચ્ચું છે. [illegible] તે શું તે તું શું સમજે [illegible]માં ને વીચારમાં [illegible]"

[illegible]મજે. મેં [illegible] વાંચીને જાત જાતનો અનુભવ મેળવ્યોછ. પેલો હીંદુસ્તાની કવી શું કહેછ તે યાદ છે કની?

"[illegible] કોઇ ખબર લાતા છે,
[illegible] પર છપ, નીકળ જાતા નહીં."

"હવે તારૂં બધું ડહાપણ કબાટમાં સાંતી મુક. બેહેસ્તી બાવાજી હમેશ આપુંને શીખામણ આપતા હતા કે નાવલ કાવલોમાં જે લખાય તે ખરી જીંદગીમાં કોઇ વખતબી જોવામાં આવતું નથી. તેમાં કાચ્ચા અભણ ચોરીઆઓ હલકી ઇંગ્રેજી કથાઓમાંથી તફડામચી કરીને તે આપણી જીંદગીને ઠસાવવાની સરકસી કરેછ ત્યારે તેઓ આપણા મંડળને કેટલું નુકસાન કરેછ તે ઘણા થોડા સમજેછ."

"આહ! મારી ફીલસુફ બહેન વીલ્લુ, તુંને તો કોણ પરણશે! તું કંઇ છેક નાખી દેવા જેવી નથી. અલબત હું તારા કરતાં શોભામણી છેઉં પણ તું એમ ડાહ્યાં ડાહ્યારાં ડાંચાં કરેછ, ત્યારે જરા સારી લાગતી નથી. એક કહાડ તારા માથાં ઉપર કોઈ બારવટીઓ પડે, કે કોઈ વાયત હડખાયલું કુતરૂં તારી પાછળ દોડે તો તું જરાબી સુધરે. જોની, આપણે [illegible]આ કીનારા ઉપર જઇએછ ત્યારે પાણી કેવું [illegible] લાગેછ પણ તેમાં એક પથ્થરો ફેંકીએ તો પછી કેવી ગડબડ થઈ રહેછ, તેવો તારો સ્વભાવ છે. તું બહારથી ઠંડી દેખાયછ પણ તું બળી પકડી છે. [illegible] બા જે ખરૂં છે તે કહુંછ."

"તારે શું મને ખુબસુરત કરવા મારા ઉપર પથ્થરા ફેંકવા માંગેછ? તારા વીચાર તુંનેજ [illegible] હું તો જેવી [illegible] રહેવાની. મને [illegible] ખુબસુરત [illegible] હોંસ નથી."

આટલી વાત થતાંમાં ઘરમાંથી માયજીનો સાદ આવ્યો. "વીલ્લુ [illegible], તમે લોક બહાર શું કરોછ—ચાલો ઘરમાં આવો."

વીલ્લુ હાથમાં [illegible] મુકી દઇને વાને [illegible] દોડી. વરંડા ઉપર માયજી એક નેતરની ઇઝીચેર ઉપર બેઠેલાં હતાં. તેવણ પંચાવનેક વરસના હશે પણ સોહારાઈ સુકાઈ ગયલાં જણાતાં હતાં. ગળે ફલાનલનો મોટો પાટો વીટાળેલો હતો અને હર પળે ઠાંસાની ચુચથી હેરાન થતાં હતાં. પાસે એક ટીપાઇ ઉપર ચોપાન્યાં અને ન્યુસ

પેપરોનો ઢગ પડેલો હતો ને ઉપરથી જણાતું હતું કે માયજીને વાંચવાનો શોખ ઝાઝો હશે. તેવણ જુવાનીમાં દેખાવલાં હશે પણ નબળી દેહને લીધે ચેહેરો કરમાઈ ગયલો હતો.

"વીજુ, કાહારની કાંઇ ઉતી? મેં ત્રણ વખત તુંને હાંક મારી પણ તેં જવાબ આપ્યો નહીં."

"માયજી, મેં સાંભળ્યું નહીં. બાયને તેડવા કાંય નહીં મોકલ્યો? મારૂં કંઈ કામ છે? તમારી દવા લાઉં? નહીં તો મઝાની ચાહ બનાવી લાઉં?"

"મને જરા ઠંડી લાગેછ. હા—સારી જેવી ચાહ કરી લાવ. તું કાલે લાયબ્રેરીમાંથી પેલી વાતની સ્ટુપીડ ચોપડી લાવી તે મેં જેમ તેમ પુરી કીધી. ફરીથી એવા ચીથડાં લાવતી ના. પણ મુવું કંઈબી વાંચ્યા વગર ચાલતું નથી. અરે ખોદાય, આએ હાંગકાંગ તો હવે જાણે કરડવા આવેછ. કોણ જાણે ક્યારે અહીંથી છુટકો થશે? પેલી દુકતી પુટી કાંહ છે? વળી શું કાજ વસતારાંમાં ફરેછ?"

"કંપાઉંડમાંજ છે. અમે બેહુજણ આપસઆપસમાં વાત કરતાં'તાં. તમુને કાંઇ કામ હોય તો બોલાઉં એને?"

"નહીં—હું તારી સાથ કંઇ ખાનગી વાત કરવા માંગુંછ. પહેલાં ચાહ લઈ આવ, ને એક બીજો ટકીયો લેતી આવજે. જરા ચુંકવાની તસબી બાય પાસે મોકલજે."

માયજીના સઘળા હુકમ બજા લાવ્યા પછી વીજલી એક નેતરનું સ્ટુલ લાવીને માયજી આગળ બેઠી. ઘણા વાર નીસાસા નાંખીને માયજી બોલ્યાં.

"હમણાજ ડાક્ટર ગામા આવી ગીયા. તેઓના બોલવાપરથી હું પામી ગેઈ કે મારી બાબત દહાડે દહાડે બગડતી જાયછ. હવે જે ચાવે તો વહાણ ને પડે તો પહાણ. હવે મારો કંઇ ભરૂસો નથી. મને અવારનવાર છાતીમાં આંકરૂં આવેછ તે જો [illegible] પાછું [illegible] નહીં આવશે તો એક દહાડે મારો આંકો આવી [illegible] દીકરી, તું એમ [illegible] ના બા. મારૂં હવે જીવેલું શું કામનું છે? તારા બાવા ગુજરી ગીયા તાહારથી મને બધું અકારૂં ઝેર જેવું છે ને હું મરવા લાગી બીહીતી નથી. પણ વીજલી, તું એમ ડઘાઇને મારી ગમ જોવે તો હું [illegible] તારી આંખમાં [illegible] પાણી ભરાઈ [illegible] તો તેથી મારા હાથ પગ ધ્રુજેછ. તારે તો મને હીમ્મત આપવી જોઈયે [illegible] વાતમાં ને મારાં લાડકાં રમકડાં પુટલાંમાં આસમાન [illegible] ફેર છે."

"તે હું બધું [illegible] માયજી, [illegible] કહેવા માંગતાંતાં?"

"હું પુટલીને સાફ તારી સાથ બે વાત કરવા માંગુંછ. મારી આંખ વીંચાઈ જાય ત્યારે તું એની માય થઈને રહે એવી મારી ખુશી છે. એ પહેલી ને તું પછી એમ

સમજજે. એના એક બાલને અલવલ નહીં આવે તે તું જોજે. કદાચ તેમ કરતાં તુંને કંઇ ગેરઇનસાફની થાય તોબી મારે ખાતર તે તું ખમજે.'

આ શબ્દો સાંભળી ભલી વીરુલુ ઉજલી વાખ જેવી થઇ ગઈ—પણ મીરજનો ગોટ ગળી જઇ બોલી. "માયજી, મારેથી બનશે એટલું કરવાનો મારી ફરજ છે."

આ શબ્દો માયજીને બીલકુલ રૂચ્યા નહીં. તેવણુ છણકો કરીને ફફડી ઉઠયાં. "શું? શું બોલી? તારેથી બનશે એટલું કરશે? બસ! તારે મારા બોલની એટલીજ કીમત કે?"

"પણ માયજી તમે મારી પાસેથી શું માંગોછ? શું ખપીને મારો જીવ કહાડી આપું?"

"કોઇ જીવ આપતું બી નથી ને લેતું બી નથી. હું એમ માંગુંછ કે પુતલાંનું સુખ તારે પેહલું ગણવું. જો કામ પડે તો તેને ખાતર તુંને કાંઈ ખમવું પડે તેબી ખમવું. એમ કરવાના તું સોગંદ ખાશે તોજ મારો જીવ ઠરશે."

બચારી વીરુલું શું કરે? તેની આંખમાં પાણી ભરાઇ આવ્યાં અને ગદગદી ને બોલી "માયજી તમારૂં આએ માંગવું શું વાજબી છે?"

"બસ, હું કહુંછ તેમ કરવાના અવસ્તા ઉપર સોગંદ લે; નહીં તો હું તારી માય નહી. મેં તુંને જનમ આપ્યો ને પાળો પોસીને મોટી કીધી તો મારા મરતી વખતનો આટલોબી સખુન કબુલ નહીં કરે તો તું મારી દીકરી નહી."

૨૫

"ઓ હવે કેમ કરૂં! તમારી બીમારીમાં મેં તમારી આટલી ચાકરી કીધી ને પડયો બોલ ઉંચકી લીધો ને હવે તમે એમ બોલોછો તો હું ખરાં જીગરથી દલગીર છેઉં."

"તારે હું કહુંછ તેવા સોગંદ લે. કોણ જાણે કાલ કેવી છે. હવે હું તુંને ઘણી નડવા આવવાની નથી. આએ મારા છેલ્લા સખુન છે."

"તમારા સખુનને હું તાબે [illegible]." વીલ્લુએ નાચારીથી જવાબ દીધો.

"નહીં, એમ નહીં, અફરગાનયું લાવને તેપર મુખડ [illegible] આગળ શો[illegible]"

"માયજી તારે તમારે [illegible] હું તો કચરો પુંજો. જયારે હોય ત્યારે પુટલી પુટલી ને હું તો નાંખી દેવાની? વારુ બા, જેમ તમારી મરજી."

"મારી દીકરી, તું બી મને વહાલી છે. પેટનાં બચ્ચાં તે કંઇ કચરો પુંજો હોય? પણ મારી પુટલાં! એ તો મારી આંખની કીકી છે. એ નાહાન છે ને તારા જેવી ડાવકી નથી તેથી એ મારાં જીગરમાં વધારે વસેલી છે. મારી પપીને કાંઇબી થાય કાંઇબી આફત પડે તો એ મારૂં ફુલ સેજમાં કરમાઈ જાય."

"ઠીક છે માયજી મેં મારો બોલ આપ્યોછ ને હું પાલસ."

આ ટાંકણે પુટલીનો ખુશાલ સાદ બાગમાંથી આવ્યો. તે પોતાના માનીતા કુત્રા બોબી સાથ ગેલ કરતી હતી. અને ગીતના રાગડા મ્હાડતી હતી. આ માનીતો સાદ સાંભળીને માયજી ડચકાં ખાવા લાંગ્યાં અને તેમની આંખ માંથી આંસુ ઢળી પડયાં.

"માયજી, એમ ના કરો. તમારી તબીયત વધારે બગડશે. મેં મારો બોલ આપ્યોછ તો હવે મારી ઉપર વીશ્વાસ રાખો."

રાતના સરવે વગેસગે થવા પછી વીલ્લુ બારીએ ઉભી રહી ઘણુંજ દલગીર ચહેરે વમાસણ કરવા પડી. તે ભલી હતી અને સાચ્ચી હતી; પણ તે વીચારવા લાગી કે આ કેઇ જાતનો ઈનસાફ! બાવીસ વરસની થવા આવી તોબી જયારે હોય ત્યારે પુટલી પેહલી અને પોતે પછી. તે મન સાથ બરગડવા લાગી કે "હું અદેખી નથી. પપીબી મને જીવ કરતાં વાહલી છે. એ નાદાન છે એબી ખરૂં. ઉછાછળી છે તેબી ના કહેવાય નહીં—પણ કાંહ સુધી હું એની પાછળ દોડયા કરશ? ખોદા જે કરાવે તે ખરૂં! મેં મારા બેહસ્તી બાપને નામના સોગંદ લીધા છે, એટલે હવે હું કશાથીબી હઠનાર નથી."

આજેજ નહીં પણ બાવાજી જીવતા હતા ત્યારેબી સઘળો એજ અવતાર હતો. બેહસ્તી હોરમસજી સરાફ બી પુટલાં ઉપર ઘેલા દેવાના જેવા હતા. બાહારથી આવે

ત્યારે વીલ્લુને મલ્યા નહીં મલ્યા કે આમ તેમ ગભરાએલા અકળાયલા શોધે: "મારી પપી કાંહાં છે ? મારું રમકડું કેમ દીસતું નથી. ?"

ખરી વાત એ હતી કે વીલ્લુમાં અદેખાઇનો અંશ બીલકુલ હતો નહીં. બેહેન ઉપર તેનો અત્યંત પ્યાર હતો. પણ જ્યારે હોય ત્યારે પુટલાં—પુટલાં સાંભળતાં તે જરા કંટાળી ગઈ હતી. રાતના દસ વાગેલા હતા. પુટલી પોતાના કોચ ઉપર ખરેખર ઉંઘ કાહાડતી હતી. તેણીના સોનેરી બાલ વીખેરાઇને કોચની બાહાર લટકતા હતા. અને એક ગોરો સંગેમરમરના જેવો હાથ સુજનીની બાહાર ઝુલતો હતો. સુતા અગાઉ તે તે નાચી કુદીને આવી હુતી એટલે તેના ગાલ ઉપર સેજ લાલ સુરખીનો રંગ પ્રગટી રહયો હતો. ખુબસુરત તો ખરી પણ ખોદા માલમ તે ક્યાં સુધી ટકશે એવો અંદેશો વીલ્લુને ઘડી ઘડી થતો હતો. થોડીવાર પોતાની નાહની બેહેન ગમ ટીકી ટીકીને જોયા પછી વીલ્લુ આરસી આગળ ગઈ અને પોતાનો ચેહેરો નીહાલવા પડી. અગીઆરનો ટકોરો થયો—એટલે તે પોતાની સાડી કાહાડીને સુવા જાય છે, એટલામાં તેના કાને કંઈ ગરબડનો સંસારો પડયો. કોઈ દોડધામ કરતું હોય, કોઈ બારણું ઉઘાડ બંધ કરતું હોય એવા અવાજ તેને કાને પડયા. છલાંગ મારીને વીલ્લુ ઉડી અને એક આંખના પલકારામાં સાડી ઓળવી લઇને બાહાર પડી. છોકરીઓના સુવાના ઓરડાની બાહાર

તેમની પુરાણી દાસી જેને આખું ઘેર 'આયામા'ના લાડકાં નામની બોલાવતું હતું તે અકળાયલી ગભરાયલી હાથમાં બતી લઈને ઉભી હતી.

વીલ્લુએ અકળાઇને પુછ્યું, "શું છે આયામાં, એ બધી ગડબડ શાની છે?"

"ઓ વીલ્લુમા! જરા જલદી આવની. માયજી કાંઈ ઠીક લાગતાં નથી મેં પુછ્યું પણ કંઇ જવાબ આપતાં નહીં."

વીલ્લુનો દમ [redacted] ગયો [redacted] તે છતાં તે ઉંઘાડે પગે હરણીની પેઠ દોડી. માયજીના ઓરડામાં એક નાહની [redacted] પાસે ટીપાઈ ઉપર એક વાર્તાનુ ચોપાનયું પડયું હતું અને તેવણનાં અંગ ઉપરની ઓઢણી સરી પડેલી હતી. તેવણના ડોળા ઉંઘાડા હતા અને તેવણ ટગર ટગર જોતાં હોય તેમ લાગતું હતું.

વીલ્લુ બીછાણા આગળ ધસી ગઈ અને ચીંતાથી પુછ્યું "માયજી, માયજી શું છે? ડાકટરને બોલાવવા મોકલું? માયજી બોલોની!"

પણ કશો જવાબ નહીં મળે. ઓરડામાં એટલું ચુપાચુપ હતું કે ફક્ત ઘડીયાળની ટકોરી સીવાય બીજું કાંઇ સંભળાતું ન હતું.

"ઓ આયામાં! ઓ શું છે? માયજી ડોળા ફાડીને જોયા કરેછ, પણ એવણની છાતી જરાબી હીલતી નથી. અરે કોઇને બોલાવની, બોયને દોડાવની કે ડાકટરને તેડી લાવે. કેટલીવાર થઈ એમ થઇ ગીયાં? મને ઉઠાડી કાંય નહીં?"

25

આયામા, જે આ બેઉ છોકરીઓના જનમથી તેમના કુટુંબમાં હતી, તે એક નોકરની માફક નહીં પણ એક કુટુંબનીજ હોય તેમ હતી. છોકરીઓ ઉપર તેનો અત્યંત પ્યાર હતો અને જો કે ઘરડી, કાળી, ચીમરાયલી હતી તોબી છોકરીઓ તેને અવારનવાર વળગોને પ્રીત કરતી હતી.

"વીલ્હુ બાબા, તું જરા ધીરજ ધર. અરધોક કલાક થયો માયજીનો કાંસવાનો સાદ સાંભળીને હું ઉઠી આવી ને એવણુના ફાટેલા ડોળા જોઇને હું [illegible] તેથી તેજ ઘડી ડાક્ટરને તેડી લાવવા બોયને દોડાવ્યો. ઓ [illegible] બાપ! મને તો [illegible] કે બધું રંધાઇ ચુક્યું. [illegible] આવીને શું કરવાનો છે? હવે શું કરૂં! ઓરડામાંથી પીપી બાબાનો સાદ આવેછ. હમણુા એને આવવા દેતી ના નહીં તો મારૂં બચ્ચું ગભરાઈ જશે. તમે એની આગળ જાઓ. ડાક્ટર આવશે ને હું તમુને બોલાવસ."

વીલ્હુ પોતાના સુવાના ઓરડામાં પાછી દોડી. પુટલી બીછાનામાં [illegible] બેઠેલી હતી અને ઠર ઠર ધ્રુજતી હતી.

"ઓ વીલ્હુ તું કાંહાં ગેઇ'તી? બોલની. મને કાંઇ સુઝ પડતું નથી. માયજીને વાસતે મને તરેહવાર સપના આવેછ. તું એમ ફગલાયલી કેમ? બધું સારૂં રૂરૂં તો છે કેની?"

"પપી, જરા ધીરજ ધર. માયજીને પાછું ઘણું સખત [illegible]રૂં આવ્યું હતું અને આયામાં મને બોલાવવા આવી તેવી હું દોડી ગઈ. પણ હમણાં તો એવણુ સુતેલાં છે.

નહીં, પુટલી, હમણાં તારે જવાની જરૂર નથી. તેવણુ નકામાં છંછેરાશે. હમણાંજ જરા આંખ લાગેલી છે. તું બી પોહોરી જા, મારી દીકરી કરૂં."

"પણુ મને ઉંઘ નહીં આવતી. મને ઘણી બીક લાગેછ. મને તારા કોચ ઉપર તારી આગળ સુવા દે. મારો સપનો તારેજ જતો રહેશે. મને લાગું કે માયજી કોઈને બોલાવતાં'તાં. તેવણુની ચીસ મેં સાંભળી. હું ઉઠવા ગેઈ પણુ મારા પગ ઠરયા નહીં. પછી હું એકાએક જાગી ઉઠી. ઓ માયરે હું કેવી બીધી."

"જેમ તેમ પટાવી પસવારીને પુટલાંને ઉંઘમાં નાખ્યા પછી વીલ્લુ હલવેથી પાછી ઉઠી. સવારના પાંચેક વાગેલા હશે. બારીએ ડોકાવી જોયછ તો ડાકટર ગામાની બરૂમ ગાડી ઉભેલી હતી. ઉંઘાડે પગે અને છુટા બાલે વીલ્લુ માયજીનાં ઓરડા ગમ દોડી. ડાકટર ગંભીર ચેહરે દરદીના બીછાણા આગળ ઉભેલા હતા. તેવણે નાક ઉપર આંગળી મેલી ચુપકીદીની નીશાની કરી.

માયજીએ પ્રાણુ મેલી દીધો હતો. ઠાકેલો, ઉદાસ જીવ તે કીરતારની દરગાહમાં પોહોંચી ગયો હતો. એક ગમ વીલ્લુ અને બીજી ગમ આયામાં ઝાર ઝાર રડતાં હતાં. આયામાએ વીલ્લુને પોતાના પાસાંમાં લીધી.

"મારા બચ્ચાંઓ, બાઇજી પોતાના સદાના દુખમાંથી છુટાં છે અને તારા બાપને જઇ મલ્યાં છે. અલ્લાહ એ બેહુના રૂહને શાંતી બક્ષે. બચારાંઓ એ આ જહાનમાં કશું સુખ જોયું નથી. તે સુખ તેઓને પેલી જાહાનમાં મલશે."

આટલામાં પુટલી હાંફલી ફાંફલી દોડી આવી અને ઘેર ગાંધીઆરાં કરી મેલ્યાં. તે ભોંય ઉપર ફસડાઇ પડી, અને ઘણીબી તજવીજ છતાં શાંત થાય નહીં. બચારી વીલ્લુ શું કરે? તે બે ગમથી ચુંથાઇ પીખાઈ ગઈ હતી. માયજી ગુજરી જાય! આ ખોદાય એ કેમ મનાય? હવે શું થશે. પુટલાંને કોણુ જોશે? એ પોરીને કોણુ સંભાળશે? સઘળો મામલો કાળો અંધાર જેવો હતો. માયજી જેવણુ જીવતાં જીવત ચીંતાતુર દીસતાં હતાં તે હવે શાંત જણાતાં હતાં. તેવણુના મોહપરની કરચલી ઉડી ગઇ હતી અને. બાલ્લુ હમણા વાત કરવાના હોય તેમ દેખાતું હતું. માયજી ગયાં! હવે વીલ્લુથી વધુ ટકાયું નહીં. તે મોહું કુટીને રડી. પડી. "ઓ માયજી, અમુને મુકીને ચાલી ગીઆં! હવે અમુને કોણુ જોશે? અરે મારી ઉપર જરાબી દયા નહીં કીધી. હું તો ઠાર મરી ગેઇ પણ આજે મારી પુટલીને કોણુ હવે પુછશે?"

પ્રકરણ ૨ જું.

માયજીને ગુજરવાંને દસમું થયું. બેઉ બહેનો વરંડાપર બેસી પુર વમાસણુમાં હતાં તેટલાં ટપાલમાં એક કાગળ વીલ્લુને નામનો આવ્યો.

પુટલીએ પુછ્યું "એ કોણનું કાગળ છે?"

બચારી ભોલી, નાદાન, ઉછાછળી પુટલી. તેની આંખ રડતાં લાલ થઇ આવી હતો અને આટલી થોડી મુદતમાં

ચેહરો ઉતરીને ઉદાસ થઈ ગયો હતો. ...
મોહોડે કાગળ ઘડી વાળીને પાસે ટેબલ ઉ...
અને ખોલાસો કીધો;—

"એ કાગળ માસીજીનું છે. માયજીને એવણુ તરફ અવારનવાર કાગળ મળતા'તાં પણ કોઈ દહાડેબી આપણે એવણુને જોયાં નથી. માયજી ઘડી ઘડી સુનામાસીની વાત કરતાં'તાં પણ એવણુ કેવાં છે, લાંબાં છે કે ઠીંગણાં છે, બીજાજી છે કે ગરવાં છે, તે તો ખોદા જાણે. હું એટલું જાણું છ કે એવણુ પાસ પાંચ પૈસાનો જોગ સારો છે. માયજી કહેતાં'તાં કે અગાઉ બેઉ બહેનોમાં એખલાસ સારો હતો—પણ માયજી બધાં કુટુંબની મરજીની ઉપરવાઈ થઇને બાવાજી સાથ પરણી ગીયાં તેથી તેવણુ સઉને અકારાં થઈ પડયાં ને તે દાહાડેથી કુટુંબ સાથ બગાડ થયો."

પુટલી ખબરીને બોલી પડી:—"બગાડ થયો તો ચોખ્ખા પીડા! પણ તારે હમણા લખેછ શું હું કેહુ તે કરવા! માયજીના ગુજરવાની વાતની એવણુને ખબર પડી હશે. એકાએક લખવાનું શું કારણ પડયું?"

"તે તો કેમ કેહવાય. મેં તો કોઇને કંઇ લખ્યું નથી, કોણ જાણે, અહીંના જરથોસ્તીઓએ 'જામે'માં મરતયુકની નોંધ છપાવી હોયબી."

"પણ એ લોખતાં માશીજી માંગે છ શું?"

33

…જી, કે તમે બેઉ બેહેનો હવે ચીનનો …ને અહીં મુંબઈ આવીને મારે તાંહાં રેહેવો."

…આ સાંભળતાંજ પુટલી ચમકીને ખડી બેઠી. …ઉપર રતાશ ચહડી આવ્યો. જરા વાર તે …પણ પછી જીવ રહયો નહી એટલે બોલી પડી—

"…, વીલ્લુ, આપરે કાંય નહી જઈએ? માયજી …તાં તાંહાં વેર તો એમ બને તેમ નહીં હતું. પણ હવે—હવે—"

"મને કંઇ સમજ પડતી નથી કે શું કરીએ! આપરે બધું વેચી સાતી નાંખ્યે તો રહીએ શાપર? બજારમાં આપરે માથે ખાંડીબંધ દેવું ચહડી ગયલું છે. તે બધો સામાણ વેચતાંબી માંડ માંડ પગાર થશે. આપરી પાસે કપડાં તો એક બે વરસ ચાલે એટલાં છે પણ આગબોટનું નુર કાંહાંથી લાવ્યે?"

"ઓહ! તેમાં શું?" ફીલસુફ પુટળાંએ ચુકાદો કીધો. "માસીજીને તાર કરીએ તો એવણ જરૂર કંઈ ગોઠવણ કરશે. અરીમ કરીમ જેવાં માસી થયાં તો શું એટલુંબી નહીં કરે કે—"

"પણ આયામાનું શું કરીએ?" વીલ્લુએ અંદેશો કીધો.

"વળી શું કરીએ, સાથે લઈ જવાની. હા; હું તો બા જવાની! અહીં રહીને શું કાંદાની નયાત જમાડવાની છે? આપરૂં હવે અહીં છે કોણ?"



આપામા— [illegible]

આ ઠેકાણે નીમકહલાલ કુત્રા બોબીએ પોતાનું મુંડું પુટલીના ખોળામાં ખોસયું, જાણે કેહવા માંગતો હોય કે "હું કાંહાં મરી ગીઓ?"

પુટલીએ તેને ઘણા હેતથી પસવારયો "હા; મારા બોબી, તું પેહલો. તુંને કેમ મુકી જવાય. તારા વગર મને એક ઘડી ચાલે નહીં."

અને આ સખુન બોબી બરાબર સમજયો હોય તેમ પુછડું હલાવીને ખુરશી તળે ભરાઇ નીરાંતે ઉંઘાવા પડયો.

આખરે વીહ્લુ બોલી: "જોઇએ, હું પેહલાં આયામા સાથ વાત કરી ને પછી જે તે વીચાર કરશું. હોડા હાડીમાં કાઇબી ઠરાવ ઉપર અવાય તેમ નથી. માસીજી લખેછ કે મને તમારો જવાબ થોડા દાહાડામાં તારથી મોકલનો."

છેવટે સઘળા સાથ મસલત ચાલી. આ ઘરડી વીસ-વાસુ દાસી તો તુરત કુદી પડી કે છોકરીઓએ જવુંજ જોઇએ.

"તમે છોકરીની જાત અહીં પરદેશમાં એખલાં રહો તે સારૂં નહીં. વળી ખરચ ખુટણનું કેમ કરશો? મુંબઇમાં તમારાં પોતાનાં સગાંની આંખ આગળ હશો તો કોઈ સારે ઠેકાણે પરણી જવાનો મોકો મળશે. અરે પરવરદેગાર, તમારાં માયજી જયારે પહેલાં પરણી આવ્યાં ત્યારે જાણે આબાદ પુટલીબાબાની નકલ! ને બાવાજીબી

37

નશા ઇંગ્રેજ જેવા ઉતા. જે દહાડે એ લોકની શાદી થઈ તેજ દહાડે હું એ લોકની ચાકરીમાં રહીને આજે મારા ઘડપણમાં—"

પુટલી અને વીહલુ બેઉ બહેનો આયામાને વળગી પડી. વીહલુ બોલી "આયામા, એ તું શું બોલી? શું હવે અમુને મુકીને તું જવા માંગેછ? શું તું અમારી સાથે મુંબઈ નહીં [illegible] નહીં આવે તો હું સોગંદ ખાઇને કહુંછ કે હું [illegible] જમવાની નથી."

"અરે મારાં બચ્ચાંઓ, તમે મને ઢકેલા મારીને કહાડશો તોબી હું તમારેથી છુટી પડવાની નથી. મને પગાર જોઇતો નથી. મારૂં સગુંવહાલું બીજું કોઈ નથી. પણ મને મોટો અંદેશો એટલોજ છે કે તમારાં મોટે ઘરના માસીજીને મારી હાજરી રૂચશે કે? તેવણ મને રાખવા ના કહે તો? પારકા મુલકમાં હું તો રવડી જાઉં!"

અહીં પુટલી વળી પાછી વચે પડી "માસીજી ગીયાં હું કેહુ તાંહાં! ના કેમ કહે. જો કંઇબી વાંધો કહાડશી તો પછી અમે કેવાં છેએ. કંઈબી નવો તોર શોધી કહાડશું. શું પાંચ છ મહીનામાં અમારામાંથી એકનેબી હાથનો ધરતો મળશે નહીં? જા—જા—ઘેલી, તું શું અમુને છેક નાખી દેવાના જેવાં ગણેછ. હમણાં તો જઇને મુઆં માસીજીને તાંહાં ધામો નાંખીએ, પછી હશે હશે ઓર અલાહ હય—કેમ બોલી નહીં?"

"આહ મારી બેબી, જે બનવાનું હશે તે બનશે. સઘળું તે દાદારના હાથમાં છે. તમારા જન્મથી મેં તમુને હીચકા નાખેલા છે એટલે હવે તમારાથી છુટા પડવા કરતાં મારા બેઉ હાથ કાપી નાખવાને હું તઈયાર છું. મારી સરજત મુંબઈમાંજ મરવાની હશે તો એને તાબે થવાની મારી ફરજ છે. મારો ખશમ ગુજરી જવાને આજે વીસ વરસ થયાં ત્યારથી મેં કોઈ પારકાંની સોડ સાંધી નથી. મારે મનથી તમે બે જણુજ મારા પેટનાં બચ્ચાં જેવાં છેઓ."

આ વાર બેહુ છોકરીઓ આયામાને વળગેલીજ હતી. વીલ્લુ જરા અકળાઈને બોલી, "તાહરે આપરે માસીજીને તાર કરીએ કે અમે અંહીથી ઉપડતી સ્ટીમરમાં આઠમે દાહાડે નીકળશું–પણ ખરારજો–સ્ટીમરની પાસીજના પઇસાની ગોઠવણુ કરવી જોઇયે. આપરે તાર કરીએ ને તેનો તારથી જવાબ આવે તોજ બની શકે. નહીં તો મેલ આવે તાંહાં સુધી ખોટી થવું જોઇશે."

આયામાં બોલી. "કંઈ ચીંતા ના કરો, બચ્ચાંઓ, આજે વીસ વરસ થયાં મને પગાર મલતો રહયો તેમાંની એક પઈ મેં ખરચી નથી. મારી પાસે બે હજાર રૂપીઆ એકઠા થયલા છે. હમણાં તો તેમાંથી પાસીજ લઇએ, ને પછી ખોદાના હુકમથી તમારો દાહાડો ફરે તારે ઘરડી આયામાને યાદ કરજો. હું મરી ગયા પછી એ પઇસાવી તમારાજ છે."

? 39

વાંચનારને સમજાવવાની જરૂર નથી કે આ નીમક હલાલ દાસીના ઉપલા શબ્દોથી છોકરીઓમાં શું થયું હશે. તેઓ એક શબ્દ બોલી શકી નહીં પણ ડીબો ભરાઇ આવ્યાથી આયામાંની છાતીમાં માથું ખોશીને ધ્રુસકે ધ્રુસકે રડી. એક માતા કરતાં વધુ વાહાલ બતાવી આયામાએ બંનેને પટાવી લીધાં અને તુરતજ માસીજીને નીચલો તાર કરવામાં આવ્યો—

સુનામાય જાંહાંગારજી પટેલ મોકલનાર [illegible] સરાફ.

ઠે૦ વચલે કોલાબે,

મુંબાઈ.

અમે સ્ટીમર બાનફુશમાં નીકળ[illegible].

હવે હાંગકાંગથી ઉઠાંગરી કરી જવાની દોડાદોડીનું પુછવું શું! સઘળો બોજો વીલ્લુ અને આયામાને માથે પડયો હતો. નફકરી પુટલી તો ખાલીપીલી પોહોળા હાથ કરીને ગરબડ કરયા કરતી હતી. આઠ દાહાડામાં ઘણું કરવાનું હતું. સામાણ વેચી નાખી ગામનું દેવું ચુકવવાનું હતું. પણ સાબાસ છે ભલા ચીના દુકાનદારોને. ઘણાકોએ પઇસાની માંગણી કરી નહીં. જેઓ આ બે નાચાર બચાંઓની હકીકતથી વાકેફ હતા તેઓએ કેહવાડીલું કે હમણા તમુને ખરચને સારૂં પઈસા જોઈતા હશે—માટે અમારા પઇસા મુંબઇ જઇને ધીરજથી મોકલાવજો અમુને હાલ ઉતાવલ નથી. હાંગકાંગમાં એ લોક એટલા એકાંત ગમતાં હતાં કે ઘેરઘેર મુલાકાતે જવાનીબી જરૂર

નહતી. તે છતાં જે થોડાં ઘણા સાથ ઓળખાણુ હતી. તેઓ પોતેજ આવીને મલી ગયાં. બચારી વીલ્લુનો આખો વખત માયજીની સારવારમાં જતો હતો એટલે તેને તો ફરસુદ કયાંથીજ મલે ? ને પુટલીને તો માયજી કંઠેબી એકલી જવા નહીં દેતાં હતાં. આયામા અને એક ચીનાની છોકરી રાંધાણીમાંનું કામ કરવા રાખેલી તે શીવાય ઘરમાંબી બીજું કોઈ નહતું. સપાટામાં આઠ દાહાડા નીકળી ગયા. સામાણુ બધો ઉંચકાઇ ગયલો હોવાથી આખી ઘર જાંણે કરડવા આવતું હતું. પુટલી ગમે એવી રમત્યાલ ને ઉછાછલી હતી—પણુ જે ઘરમાં આખી જીંદગી નાચી કુદીને કહાડેલી ત્યાં છેલ્લી રાતે પોતાને એકલી ઉભેલી જોઈ ત્યારે તે રડી પડી અને વીલ્લુને છોડતાં છોડે નહીં.

"ઓ વીલ્લુ, આપરે કાલે તો આગબોટ ઉપર જવાના ને હવે મને આએ ઘેર છોડવા ગમતું નથી. ઓ માયરે, આપુને મુંબાઇમાં સોહાવાસે કે બોલની ? એમ મુંગી મંતર શાની થઇ ગેઈ ? વસીને જવાબ દેની."

"પુટલાં એમ શું ચેડાં કાહાડેછ ? તું રડેછબી ને મને રડાવેછઅી. બધું રંધાઇ ચુકું તારે હવે આગલ પાછલ જોવાનો કંઈ વખત છે? કાંઈ બાંધવા રૂંધવ લાગતી નહીં ને અમુને નકામી કાંય સતાવેછ?"

"પણુ હું શું કરૂં? મારી છાતીમાં કંઇ થાયછ. તે જો હું નહીં બહાર કહાડું તો ગુંગળાઈ જાઉં—હુ તો અમથી બોલી—એમ ચીરડાઇ નાખ—નહીં તો હું ડીર પડશ."

મા

પણ વખત કોઇને માટે થોભતો નથી. રડો કે હસો પણ વીધાતા લેખમાં લખયું હશે તે મટવાનું નથી. સહવારના આઠ વાગતે ભાડેની ગાડી આવીને ઉભી અને બંને બેહનો અને આયામાં પોતાના મકાનને છેહલી સલામ કરીને સ્ટીમર બાનકુરા ઉપર સવાર થયાં. કોઈ મેલ-વાબી આવ્યું નહીં ને મુકવાબી આવ્યું નહીં. ફક્ત ભલો ડાક્ટર ગામા અને તેની મડમ ધક્કા ઉપર હાજર હતાં. ભલી મીસીસ ગામા આ બે કાળા ફ્રાકવાળી છોકરીઓથી છુટું પડતાં ખરે મને રડી. ઈનજીન ખું ખું કરવા લાગયું અને બાહદુર 'બાનકુરા' ધીમે ધીમે ચાલવા માંડી. પુટલીએ ટીંગાઈ ટીંગાઇને પોતાનો રૂમાલ ઉચાડયો પણ એકાએક પવનનો ઝપાટો આવ્યાથી રૂમાલ છટકીને દરીઆમાં પડયો. તો તેનુ બી પુટલી રડવા લાગી કે આએ તો અપશુકન થયા!

એબી ખરૂં કે પુટલીને જરા જરામાં ખોખી ખાખા કરીને દાંત કાહાડવાની જેમ તબેહ હતી તેમ જરા જરામાં આંસો તાણવાનીબી આદત હતી. તેથી ઉલટું વીલ્લુના દીલમાં ગમે એવું ચુથાય તોબી તેની આંખમાં આંસુનો જરાબી અંસ ન હતો. પણ આજે વીલ્લુ એકદમ ગુંગસ થઇને બેઠી હતી. તેને એકદમ પોતાનું હાંગકાંગનું બાચગીનું ઘર હઇયે ચહડી આવ્યું હતું. કોણ જાણે મુંબાઈ કેવું હશે;—ત્યાં કેમ કાશી સંગ જશે—માસીજી કેવાં હશે એ સઘલું હવડાં તેને યાદ આવી ગયું હતું. ગમે તેમ હોય પણ સ્ટીમર કોઇને માટે થોભતી નથી.

ક્લાકના ૧૮ નાટની ઝડપથી તે પોતાનો રસ્તો કાપતી હતી. તેઓ ફરસટ ક્લાસના ડુટક ઉપર બેઠાં હતાં પણ આ નાદાન છોકરીઓને એટલું બી ભાગ્યુ નહી હતું કે આ બે ફરસટ ક્લાસની ટીકીટના કેટલા પઈસા થયા હશે ને તે કોણે આપ્યા હશે? ખરી વાત છે કે ભલી નીમકહલાલ આયામાએ પોતાની બચાવેલી પુંજીમાંથી આ પાસીજો ચુપચુપ ખરીદી હતી.

પચાસેક માઈલ કાપ્યા હશે એટલે વળી પાછી ચવીત્રી પુટલીને નવેસરથી ચલવળ થઈ આવી—

"વીલ્લુ, આએ ઘાંટ વાગો તે સાંજની ચાહનો હોશે. ચાલ જરા નીચે આપરી કેબીનમાં જઇને બાલ સમા કરી આવ્યે. મને બીજો રોમાલબી જોઇયેછ."

તેઓ નીચે કેબીનમાં ગયાં તો—ઓ બાપજી આવો! ત્રીજાં બરથ ઉપર એક ડબરડીંગ જેવી જરમન ઓરત લાધેલી હતી. પુટલી તો ગુજરાતીમાં મન ચાહે તેવી ગાલ ભાણવા લાગી કારણ કે આ ઓરત આખા દાહાડાનું ચગરેલું તરર તરર પાછું કહાડતી હતી.

"મરેરે રાન હુકકર!" પુટલી ફફડીને પાછી બાહાર પડી. મુઇને ખાધેલું પેટાખાનામાં સમાતું નહીં તો હેધીની કાની ખાતી કાંય હોશે? વીલ્લુ, હું તો આખો દાહાડો ડેક ઉપર બેસી રહેવરા. ઓ માયરે આએ જરબી ના હુંસર આવલ તો હું એક મીનીટ બી ઉભી નહીં રેહું."

"તારે ચાલ, આપરે જરા જોઇ આવ્યે કે બચારી આયામાની શું અવસથા છે, ને બચારા બેબીને કાંઇ ગાંદયોછ."

આયામાં તો નીચલી ખલાસીઓની ડેકપર પલાંઠો વાળીને ખુશાલ બેઠી હતી અને એક બીજી અજાણી મુસલમાની આયા સાથ સટાક ફાંકતી હતી.

"તારી આ નાહની શેઠાણી [illegible] રમકડાં જેવી [illegible] નવીએ મત આપ્યું.

"હા એતો મારા હ્રદયાંનો હાર છે" આયામાં બોલી "એની મા ગુજરી ગયાં તારે એ જીવ તોડીને રડી-પણ બચાંની જાતને દુખ દરદ વીસરી જતા વાર નહી લાગે. જોની હમણા કેવી નાચેછ કુદેછ કે જાણે કશામાં હોય નહીં."

બેબીને સ્ટીમરના વડા કુકના સ્વાધીનમાં સોંપેલો [illegible] અને કુરૂર કુરૂર ખુશાલ હાંડકા ચાવતો હતો.

પ્રકરણ ૩ જું.

રાતનું ડીનર ખલાસ થયું પણ પુટલી ઉઠવાં ઉઠે નહીં. "નાહીં બા હું તો હમણાં ચોંટાવા નહી આવતી. ચેલી અભઇજી ધના હમણાંજ બ્રાંડી પાણી પીચીને પડીછ ને કેબીન બધી વાસેવાસ મારેછ. હું હમણા જવસ તો ગળાં તાંણીને મરી જવસ."

ભલી વીલ્લુ ને બી હાલ તુરત સુવાની તલબ ન હતી "વારૂં, તુને જેમ ગમે તેમ. પણ પુટલી, લગભગ સાડા દશ તો થયા. બધી લેડીઓ ડેક પરથી નીચે ગેછ."

"નીચે ગેઇછ તો પીડા પતી. આપરે શું કંઇ તે લોકના ચાકર છેઇએ કે? પણ વીલ્લુ તુને એક વાત કહું! જો મનમાં કંઈ ઓછું ના લાવતી. આપરે મુંબાઈ જઇએ તે અગાઉ તું હવે ફ્રાક ઉંચે કરીને સાડી પેહરે તો કેમ? ફ્રાકમાં તું નાદાન છોકરી જેવી લાગેછ."

"તેથી શું થયું?"

"બન્નોની મને એમ લાગેછ કે આપરાં શોભતાં માસીજી હાથા બાલ્યાં હોય ને આપરી સાથે ખરવાયાં તોડયા કરે તો તું જરા મોટી બાઇજી જેવી હોય તો જરા વીંજેરૂં લેવા કામ લાગે."

"બરાબર છે, પણ તારે તારૂં કેમ?"

"હું તો હજુ નાદાન છેઉં તે ચાલી જશે. મારૂં સોળમું વરસ પુરૂં થશે તારે હું બી ફ્રાક કાહાડી નાખીને સાડી પેહેરવાની છેઉ."

"જોઇશું—ચીનમાં તો આપરે આજ સુધી બાલ છુટ્ટા રાખીને ફ્રાકમાંજ ફરતાં'તાં. એક દાહાડે મેં સાડી પેહરી તો બધાંઓએ મશકેરી કીધી કે આએ મોટામાઇ કાંહાંથી આયાં!"

"મારી ડારલીંગ વીલ્લુ—તારાં વગર હું શું કરતે!"

વીઠલુ એ બેહનને છાતી સાથ ચાંપી "મારાં ગોલાબ ના ફુલ, તુંને કાંઇબી ઓછું પડે કે કાંઇબી વાતનું દુખ થાય તો મને કહશે કની?"

પણ પુટલી ખીખી કરીને હસી પડી "ઓ વીઠલુ તું [illegible]! મને શું દુખ થાય. હું પોતાને કંઇબી [illegible] પડવા દઉં [illegible]? આપરે તો [illegible] મુંબઈ જઇને નાચી કુદીને કાહાડા [illegible] કીધાછ. રોજ સીનેમા ને નાટક ને જીમણ[illegible] બીજી વાત નહી. તું જોતો ખરી કે એક [illegible] હું કેવી ખીલી નીકળુંછ તે. હમણા કરતાં ચાર ગણી ખુબસુરત થવસ."

[illegible]—તેતો સઉ કોઈ જાણેછ પણ ઘણીવાર એમ બનેછ કે બચારાં કાળાં કબારાં ખરેખર વધારે સુખી [illegible]છ ને રૂપવંતા અવારનવાર માથે હાથ દઇને રડેછ. [illegible]ા તારી ઉપરથી દુઃખ ઓવારી નાખે. પણ માયજી ગીયાં એટલે હું તારી માય છેઉં એમ સમજજે!"

[illegible] માય શું કામ? એમબી ને એમબી મમાઈ, બપાઈ સાસુ, ફુવન સાસુ, કાકી સાસુ, બધું જ [illegible]ની! અમે તે થજે પણ એવાં સીરીઆંઉંસ ડાંચા ના કર, ખોદાને ખાતર! આપણે બેઉં જણુ બસ મઝાહ કરશું, દુઃખ ને નાખ ચુલ્હામાં! માસીજી જો સીદ્ધાં પાધરાં ઉતરે તો ઠીક છે પણ કંઈ ઝર કે પદાર કીધો ને મેહતાજી થવા ગીયાં તો એની મેર હું પુટલી છેઉં. [illegible] કરહીજ ખાવસ."

૫૭

"હું—હું—આસ્તે—આસ્તે—કોઈ સાંભળશે તો કહેશે કે આએ છોકરી ઘેલી થઈછે."

આ વાર તુટક ઉપર કોઇ હતું નહીં. બેડીઆ તો ક્યારની ઉંઘાઈ ગઈ હતી. પણુ થોડાક મરદ પાસીનજરો આમ તેમ લટાર મારતા હતા. તેમાં એક ગ્રહસ્થ, સુમારે ત્રીસ વરસનો ઇંગ્રેજી લેબાસમાં દરીઆ ગમ ટીકી ટીકીને જોતો હતો. તે ઇંગ્રેજ હશે કે પારસી, ખોજો હશે કે યુરેઓપીઅન તે કેમ કહેવાય?

"પુટલી. જરા આસ્તે બોલ. જો પેલો કોઈ દરીઆ ગમ ટીકીને જોયછ તેણે જરૂર તારૂં બોલવું સાંભલ્યું હશે."

"ખોદાએ કાન આપ્યાછ તો પછી સાંભળે તેમાં શું? કાનમાં રૂ ખોસીને કાંય નહી ફરતો? એ તો દુર ઉભેલો છે. આપણી વાત એ શું સમજે. ઉભી રહે, હું જરા પાછો ચાંપી જોઉં" હજી વીલ્લુ પોતાની બેહેનને રોકે તે અગાઉ તો આકળી પુટલી પેલા આગળ ભુસ્કો મારીને દોડી ગઈ.

"જી, હું શું બોલી તે તમે સાંભલ્યું?"

ગ્રહસ્થ કાંઈ બોલ્યો નહીં પણુ મુછમાં હસીને પુટલી ગમ જોવા ઉભો.

"હસીને બોલોની. અમે શું વાત કરતાં હતાં તે તમે સાંભળ્યું કે?"

"હાજી, પેલાએ ગુજરાતીમાં જવાબ દીધો.

૫૭

"તારે હું કહુંછ કે તમારે શરમાવું જોઇયે." નાપાક ની ખાધી પુટલીએ આટો બાફયો.

"નહીંજી—હું દલગીર છું કે તમને ગુસ્સે થવાનું મેં કારણ આપ્યું—પણ મારી તમુને સલાહ છે કે તમારે જરા ધીમે સાદે વાત કરવી જોઈયે. ને મારી બીજી શીખામણ એવી છે કે નાની ઉમરની છોકરીઓએ આગ-બોટના ડેક ઉપર મોડી રાત સુધી બોલવું ઠીક નહીં કહેવાય."

"નાની ઉમરની છોકરીઓ! તે તમે શું તમારે મનથી ખરબુજાં ખાઓછ? હું સોળ વરસની છઉં ને મારી બેન વીસ વરસની બુચી છે."

"એમ છે? તારે હું માફ માંગુંછ. દુરથી તમે મને એટલી ઉમરનાં નહીં લાગ્યાં."

પુટલી બારીકીથી આ નવાં ઘરાક ભણી જોવા લાગી. તેના ડોળા માજશ હતા. અને દેખાવ હસતો હતો. તેણે ખાનદાની માણસને છાજતો સાંજનો ડિનીંગ ડ્રેસ પહેર્યો હતો.

પુટલી જરાબી ઓસમાયા વગર બોલી, "હાજી—અમે જરા નાહના દેખાઇએછ ખરાં—પણ—પણ અમે બચ્ચાંના ફ્રાક પેહરતાં આવેલાં ને બાલ છુટટા રાખતાં આવેલાં એટલે પારકાંને એમ લાગે. જી, અમારાં ચીના દરજીએ અમારા ફ્રાક જરા ટુંકા રાખ્યાછ તેમાં અમે શું કરીએ? મુંબાઈ જઈને સાડી પેહરશું એટલે ઘરડાં જેવાં દેખાઇશું."

"તેમ કરવાની કંઈ જરૂર નથી—હું તો અમથો બોલ્યો. મારી ભુલ થઈ હોય તો માફ માગુંછ. પણ હવે તમે તમારી કેબીનમાં જાઓ તો ઠીક."

"બે—મે—બે—છીત—છીત! અમે તો ક્યારના જતે પણ અમારી કેબીનમાં એક ધાંખરી ઘુસાડીછ તે અભાગણી એવી નજીસ છે કે તેને જોઇને મને કંઈ થઈ આવેછ."

"કુદરતી છે—પણ તે બાઇ કોઈ તમારી સગી હશે?"

"ઓ મુધરે સગીની થતી. કોણ જાણે કાહારે આવીને અમારી કેબીનમાં ડસી ગેઈ. મારૂં જો ચાલતું હોય તો હું ઉંઘાડા ડેકપર આખી રાત કાહાડું."

"એમ નહી બોલ્યે. માણુસ છે. કોઇની તબીયત કેવી ને કોઈની કેવી. એમ સમજો કે એ ઠેકાણે વખુને દરીઓ લાગતે ને ઉછાળો થતે તો કેમ કરતે? વારૂં તે વાત રહેવા દેઓ. ખરૂં કહો, તમે મને પહેલાં જોયો ત્યારે શું મત બાંધયું?"

ખરી વાત એ હતી કે આ પટપટબોરી, ચબરાક છોકરીને જોઇને આ નવા ધણીને ઘણી રમુજ ઉપજી હતી. મુંબાઇમાં તેની એક બેહન એવીજ બોલકણી હતી તે તેને યાદ આવી—પણ પુટલી હવે ખુબ રંગમાં હતી. તે ભરમરી બોલી ઉઠી. "તમારો દેખાવ મને ને મારી બેહેનને ઘણો ગમ્યો. કેમ વીલ્લુ, ખરૂં કેની?"

વીજલી બાજવાઇને બોલી "જી, મારી બેહનને એમજ બભારો બોલવાની ટેવ છે. તમે કાંઈ મનમાં લાવતા નાજી."

"જરાબી નહીં—પણ તમે પોતે મારે વીશે શું મત બાંધયું હશે તે જાણવાને હું ઇંતેજાર છું."

"જી, તમે દેખાવે તો ગ્રહસ્થ લાગોછો. પણ—

"આ બાપરે, આ તમારૂં 'પણ' મને બીવાડીને અરધો કરી નાખેછ "પણ" શું ?"

વીજલી બોલી "મને લાગ્યું કે તમારાંમાંબી કાંઈ ખામી હશે."

"ખરૂં પારખ્યું—ખામી વગરનુ કોઈ માણુસ હોય નહીં પણ કેઇ જાતની ખામી ? શું હું છાકટો હોવસ, કે જુગારનો શોખ હશે—કે ઠગારો હોવસ ?"

અહીં પુટલી વળી પાછી પુરાઈ "પણ બા, એમ, તમે ગળે શું પડોછ ? તમુને મુળે આજે પેહલા જોયા એટલા વારમાં કેમ મત બાંધયે. તમારૂં નામ બી અમે જાણુતા નથી."

"બીંતા નહીં. મારૂં નામ દીનશા વકીલ."

પુટલી વળી પાછી પુરાઈ "મજાનુ નામ છે. મારૂં નામ પુટલી ને મારી બેહનનું નામ વીરબાઈ. અમારા બાવાજી ગુજરી ગીઆછ ને તેવણને હાંકકાંગમાં બધાં હોરમસજી સરાફને નામે ઓળખતાં હતાં. અમે મુંબાઈ માસીજીને તાંહાં રેહવા જાઇએછ."



બીજાનું ચાહવું હશે તો તેમજ બનશે પાનું ૩૩.

"પણ તમે બેહુ બેહેનો આટલી લાંબી સફરે એખલાંજ જાઓછ ? તમુને સંભાળનારૂં કોઇ નથી ?"

વીહ્લુ ધીમે સાદે બોલી "નહીંજી, અમારી સાથે અમારી પુરાણી આયામા છે, અમારા જનમથીજ એ અમારી છે. ને તમે કાંહાં જાઓછજી ?"

"હું બી મુંબાઇ જાઉંછ."

"તાંહાં તમારૂં ઘેર છે કે ?"

"હા."

"તારે તો કદાચ તમે અમારાં માસીજીને ઓળખતા હશો. તેવણનું નામ "સુનામાય જહાંગીરજી પટેલ."

"અંહ ! કોણ ? પેલાં વચલે કોલાબે રેહછ તેવણ કે ?"

"હાજી, તારે તમે તેવણને ઓળખોછ કે ?"

"હાજી, તેવણ મારાં દુરના સગાંબી થાય."

પુટલી બોલી ઉઠી "અરે બાવા, તારે તો આપરે તેવણને તાંહાં અવારનવાર મળશું."

"ખોદાનું ચાહાવું હશે તો તેમબી બનશે. પણ તમારાં બેહેન ધારેછ કે હું ખામીથી ભરેલો છેઉં, તે બધી ખામીઓ જાહેર થશે તારે વખતે તમો મારેથી દુર રેહવા માંગશો ! કેમ પુટલી માય ખરૂં કેની ? વળી સુનામાય પટેલને આજે ૭ વરસ થયાં હું મલ્યો નથી એટલે તેવણ મોટાં લોક મને ઓળખે કે નહીંબી ઓળખે."

પણ પુટલી કંઇ એમ ધરી ધરાય. "છટ નાનસનસ; તમે કાંઈ જલદી વીસરાઇ જાઓ તેવા નાંખી દેવા જેવા નથી. લે ચાલો, વીલ્લુ ડોસાં, એવણુની ખામીઓ શું છે, કેટલી છે અને કાંહાં છે. તેની ટીપ આપો."

"ખાલસ પુટલી, એમ બેસાં નો કાહાડ."

"બોલાંબી નહીં ને ચેરાંબી નહીં. એવણુ સુનામાશીના સગા છે તો આપરે જાણીએ તો ખરાં કે એવણુ કેવા છે?"

"હાજી, વીરબાઇજી માય. બેહેન, ખરૂં ક્હેઉં, મારી ખામીઓ સાંભળવાને મને જરાબી વાંધો નથી."

પણ વીલ્લુને બોલવા દે ત્યારે કે? પુટલી વળી પાછી વચે પુરાઇ "તમે આગબોટ ઉપરબી આવા ટરીમ ટરાક કરોછ તે ઉપરથી જણાય કે તમારી પાસે પુરતો હોહોડીઆં—મકું જે—પઇસા પુશકળ હોશે ને તમે જરા ઉડાઉ હોશો—એ તમારી પેહલી ખામી—કેમ વી-લ્લુ?"

આ વાર વીલ્લુ લજવાઇ ગઇ પણ દીનશા વકીલે જોયું કે તેણીની આંખ એવી ખુબીવંતી હતી કે બે ઘડી જોયાજ કરયે!

"બોલોની વીરબાઇજી માય, મારી ખામી તમુને શું લાગેછ?"

"જી. મને બોલતાં શરમ લાગેછ. પણ કદાચ હું ભુલતીબી હોઉં."

"તેની ચીંતા નહીં. તમે જે કાંઇ કેહશો તે હું સાંભળવા ચાહવાશ—"

"તમારો હુકમ છે તો હું ધારૂંછ, કે તમે જરા વેહમી હોવા જોઇએ. સેજમાં વેહેમ ખાઈ જવાની તમુને આદત હોશે. કાંઇબી વાતની તમને અદેખાઈ લાગે તો તમે બીજાંનેબી નાખુશ કરો એમ મને લાગેછ."

"ઠીક, વારૂં કંઈ બીજું?"

"તમારે મન ગમતું કોઈ હોય, તેનો પડેલો બોલ તમે ઉપાડી લેઓ તેવા છેઓ—પણ તમુને કોઇબી વાતની ઠગાઈ કે જુઠાણાની ઘણી છીટ જણાયછ."

વળી પુટલી વચ્ચે પુરાઈ "જી તમારૂં નામ ખરેખર દીનશા વકીલ કે? કેમ કેહવાય. તમો લોરડ ફાકલેંડ તો નહીં હોવ?"

"પુટળી બેહેન, જરા ખામોશ" મી૰ વકીલે પુટલીને હસીને અટકાવી "વારૂં વીરબાઈ બેહેન, બીજું કાંઇ?"

"હા—મને લાગેછ કે તમે જરા ટેકવાળા છેઓ. તમુને પોતાને વાસતે ઘણું ઉંચું મત છે. તમે ચાહો તો કોઈના ઉપર જીવ પ્રાણ કાહાડી આપો પણ જો તમે ખીજ્યા તો તેનો ખીલો ઉપાડ કરો. મારી કેહવાની મતલબ એ કે જો મારે તમારી સાથ કંઈ લેવા દેવા હોય તે તમારી સાથ દુશમની કરવા અગાઉ હું બે વાર વીચાર કરૂં."

55

અત્રે પુટલીએ નાચીને તાળી પાડી "હુરરે-હુરરે-પીત પીત હુરીઓ-કેમ દીનશાજી બાપુ, વીલ્લુબાઈનું પરસાનુમ તમુને ગમ્યું ?"

"તમારાં મત માટે હું ઘણો મગરૂર તો નથી, પણ મને કેહવા વગર ચાલતું નથી કે તમે મારી ખુબી ખામીની આબાદ ખરી [illegible] કરી છે. તમે [illegible] ઓની વીદ્યા જાણોછ કે શું ?"

પુટળીએ તાપશી પુરી "ઓ દાદારજી, જો તમે એવા દાધાબળીયા ને મીજાજના ઓરીઆં હોય તો બા આપરી સાથ કંઇ સુકરવાર થશે નહીં."

"તે તો હવે પછી જોઇશું. પણ તાહરે શું તમે એમ કેહવા માંગોછ કે બધા દોસ્તદારો બધી વાતે બરેક્તાજ હોવા જોઇએ."

હવે વીલ્લુ ઉઠી "લે ચાલો, હવે અવ્વારૂં થઇ ગીયું આપરે નીચે જાઇએ. જરા ઠંડો પવનબી નીકળ્યોછ."

"ગુડ નાઈટ, બાઈ-બાઈ-મારી ખામી ખુબીઓની વાત વળી પાછી આપરે કાલે ચલાવશું."

એક બીજાને શેકહાંડ કરીને તેઓ છુટટાં પડયાં. છોકરીઓ નીચે કેબીનમાં ઉતરી અને દીનશાજી શેઠ તુતક ઉપર વીચારમાં ઉભા. ઘણાબી બીજા ખયાલ કરે પણ વીલ્લુનો ગંભીર ખુબસુરત ચેહરો અને જાંબુલી આંખ તેની નજરમાંથી ખસે નહીં. સાધારણ રીતે

દીનશાને ઓરત જાત સાથ ઘણી લપલપ કરવાનો શોખ ન હતો. વીલ્લુ બચ્ચાં જેવી હતી, પણ—પણ શું ? આગળ ચાલતાં જોઈશું. બચ્ચાં જેવી લાગતી હતી પણ શું તેનો ખુશનુમા ચેહરો. અલબત પુતલી વધારે ઉઘડતી હતી, પણ દીનશાની નજરમાં તે વીલ્લુનાં જુતીને નહીં પુગે. કેવી ચતુરાઈથી તેણીએ આ અણજાણા પુરૂશની ખુબી ખામીઓ પારખી કાહાડી હતી !

પ્રકરણ—૪ થું.

બીજે દીને દીનશા તુટક ઉપર દીસ્યા નહીં. ત્રીજે દીને છોકરીઓ દીસી નહીં. ચોથે દીને સહવારના વીલ્લુ જરા પીખાયલી તુટક ઉપર જણાઈ. તે ઇંતેજારીથી આમ તેમ જોતી હતી. જાણે કોઇને શોધતી હોય; જરા વારે દીનશા બી દીસ્યા.

"સાહેબજી વીલ્લુમાય. કેમ, બે દહાડા કેબીનમાંજ કહાડયા કે ? સ્ટીમર ઘાણી લાગી હોય તેમ જણાયછ."

"હાજી, તેમજ હતું."

"ને બહેન કેમ છે?"

"એ તો સુતેલી છે તમે પોતેબી પટકાયા હતા કે?"

"હા, જરા તેમ ખરૂં. હું હમેશ બેચાર દહાડા સીક થઈ જાઉં, પછી કાંઈ નહીં. તમે કેટલો વાર ઉભાં રહેશો, ઉભાં રહો હું એક ઈઝીચેર લાઉં."

દીનશા તુરત એક ખુરસી ઉપાડી લાવ્યો અને બીજી ઉપર પોતેબી ગોઠવાઈ બેઠો. તેની ખરેખરી મતલબ વીલ્લુને હસાવવાની હતી. તેઓ એલાર પેલારની વાતો કરવા લાગ્યાં. દીનશાએ જોયું કે વીલ્લુ જો કે ગંભીર દીસ્તી હતી, તોબી તેના બોલવામાં ઓર મીઠાસ હતો. તે થોડું બોલતી પણ થાંભલો કારે તેવી હતી. ચીનમાં, કલકતામાં, રંગુનમાં ઘણીક પરણવા લાયક છોકરીઓએ દીનશા ગમ ડોળા ચમકાવ્યા હતા પણ દીનશાબાનું પાપણબી હીલતું ન હતું. ત્યારે આ વાર એમ કેમ? બે ત્રણ દહાડાના અરસામાં આ વીલ્લુ તેની નજર આગળથી ખીસતી કેમ નથી? છોકરીઓને જોઇને તે હમેશ ડાંએ બાંએ થઈ જતો હતો અને સઉ કોઈ તેને રંડનો [illegible]વાળો કહેતાં હતાં, પણ હવે તેવણ કેવા દોર બાંધવા તુટક ઉપર દોડી આવતા હતા.

સારાંશ કે તેના નસીબમાં કાંઈ લખેલું હશે. આજ સુધી તો તે સેંકડો છટકાંમાંથી છટકી ગયો હતો, પણ હમણા ચોકઠું કાંઈ અજબ રીતે તેને ઘેરી રહયું હતું.

રાતના ડીનરનો ઘંટ વાગ્યો એટલામાં તો સીફતથી આ બે બહેનોની જીંદગી, રીતભાત, પૈસા ટકા વગેરેનું ઠીક જ્ઞાન તેણે મેળવી કહાડયું હતું. ભોળી વીલ્લુએ પોતાની સાદાઇમાં આસતે આસતે બધી હકીકત ખુલ્લી કરી દીધી હતી. આજે તે લોક સાથે એક ટેબલ ઉપર જમવા ગોઠવાયાં. હવે દીનશા એક ભલતો ઓળખાણ વાળો નહી, પણ એક પુરાણા દોસ્ત જેવો જણાવા

લાગ્યો. પુતલી તો જમીને પાછી સુઇ ગઈ અને વીલ્લુ જરા ખોલ્લી હવા ખાવા ડેક ઉપર આવી જોયછ તો દીનશાજી ક્યારના આવીને પેલીજ બે ઈઝીચેર રોકીને વાર જોતા બેઠા હતા.

વીલ્લુએ વાત છેડી "આગબોટ ઉપર તમે બીજાં કાઈને ઓળખતા નહીં કે?"

"હા, બીજી બે બાઇઓ કેબીનમાંથી હજુ બહાર પડી નથી તેઓને હું ઓળખું છ. પણ મને બધાં સાથ અચબુચ ભેળાવાની આદત નથી."

"ઠીક કયુ, તારે અમારી સાથ આટલાવારમાં તમે ભળાઈ ગયા એટલે અમારાં મોટાં નસીબ. તમે ચીનમાં ઘણા વરસ કહાડયાં હશે?"

"આઠ મહીના. હું ત્રણચાર વરસે એક ફેરો ખાઈ જાઉં છ. મારી શાંઘાઇમાં પેહઢી છે પણ ત્યાં મામલો મારા મનપતીજનો ચાલતો નથી."

"તારે તમે પોતેજ શાંઘાહીમાં રહીને તમારૂં બીઝનેસ તપાસતા કાંય નહીં?"

"હા, તેબી ખરૂ પણ મને ચીનમાં જાથુક રહેવા ગમતું નથી, ને મને મુંબઇમાંબી જરા વધતું ઓછું જોવાનું છે."

"માફ કરજો હું—પણ તમે પરણેલા છો કે?"

"નહીં —પણ શું કુમારાઓને માથે કાંઈ બીજા જોખમ નહીં હોય કે? મારા પીતા ગુજરી ગયા ત્યારે મારે માથે કેટલુંક કીંમતી એસટેટ ઠોકાયું પણ તે ભારોભાર કરજમાં હતું, અને તેને સાફ કરતાં મારૂં પારસ તેલ નીકળ્યું."

"તારે શું તમે કોઈ વખતબી [illegible]વાનો વીચાર [illegible] નથી? શું કુંવારા ઘરડા થવા માંગોછ? માફ કરજો હું, હું જરા 'રૂડ' લાગતી હોઇશ."

"ચીંતા નહીં, તમે [illegible] મને સુગા[illegible] નથી. મેં કુંવારા રહેવાના કંઈ સોગંદ ખાધા નથી. પણ એવો સવાલ નાંખવાનું કંઈ કારણ?"

"હું શરમીંદી છેઉં પણ તમારા જેવા માણુસ પરણે [illegible] પસંદ કરવા જોગ નથી."

"ઓ માઈ ગાડ—કાંય વારૂં—મેં શું ગુનાહ કીધો?"

"હું જરા છુટથી બોલુંછ તેની માફ માંગુછ. હું સારીપેઠે જોઇ શકુંછ કે તમે જો ચાહો તો ઘણા સરસ ભરથાર થઇ શકો પણ કોણ જાણે શું છે કે મને એવો ખ્યાલ આવે છે કે તમે કુંવારાજ રહો તો સુખી થશો."

"હાયબા હાય તમારૂં બોલવું ખરૂંબી હોય."

"જુઓ, દીનશાભાઇ, મારૂં બોલવું તમુને ગમ્યું હોય એમ લાગતું નથી. પણ આપણે તો સહેજ વાત કરીએછ. હું તો નાદાન છેઉં, ને મારા મનમાં આવેછ તે ભરભર [illegible]છ. તે દહાડે મેં તમારી ખામીઓ કહી દીધી

પણ પછીથી હું ઘણી પસતાઈ. એમ બોલવાનો મને કશો હક નહીં હતો પણ કોણ જાણે તે વારે મારા મનમાં શું ભુત ભરાઈ આવ્યો, વાસતે મારી બેઅદબી સારૂં માફ માંગુછ. હું કંઈ ખોદાયની દીકરી નથી કે સઉના દીલની વાત પારખું."

"ચીંતા નહીં—ચીંતા નહીં—મારે કબુલ કરવું જોઇએ કે તમે એકાદ બે અસબાહ તરફ બાંધી, અને હું અજબ થયો કે એ બધું તમે કેમ જાણ્યું. પણ હું બીહુંછ કે આપણે મુંબઇ પહોંચીએ એટલાં કોણ જાણે બીજી શું શું ખામીઓ તમે શોધી કહાડશો. મારો સ્વભાવ કેવો છે તે તો તમે પારખ્યું નહીં?"

"પારખ્યું-પણ હું બોલી નહીં."

"પણ કાંય?"

"એટલા વાસતે કે હું તે બાબદ મારૂં મત જણાઉં તો કદાચ તમુને ગમે નહીં."

"પણ તેમાં શું. મારી બીજી ખામીઓ મેં ધીરજથી સાંભળી તારે મારા સ્વભાવની વાત મને કાંય નહીં ગમે"

"કોણ જાણે બા, આપણે હસવા મશ્કરીમાં વાત કરીએ ને તમારા મનમાં ઓછું આવે."

"તમે અજબ તરેહની જુવાન બાનુ છઓ. ખરી વાત એ છે કે મારો અભાગ—ઉતાવલો સ્વભાવ છે ખરો, ને તે લીધે તો મેં એક મારી જીવેજાનની દોસ્તી ગુમાવી."

"ઓજાજા! એમ કે? હું ખરેખર દલગીર છેઉં કે મેં ફાડાં ને ફાડાં આટા બાફ્યા. પણ તે કોણ હતું. અને કહેવાની કંઈ આ! વણુ છે ?"

"નારી ભલી છોકરી, હાલ કહેવાય તેમ નથી, પણ ખોલાય છે, કોઇ વખત કહેવાનો લાગ આવશેબી."

"પણ એટલું તો કહોની કે તે ઓરત હતી કે."

"નહીં. પણ ચાલો હવે માંડી વાળો. ઘણું મોડું થઈ ગીયું."

તેઓ બંને જણ ઉઠયાં. વીલ્લુ જરા ફગલાઈ ગયલી હતી. "માફ કરજો હું—મેં જરા કાચું કાપ્યું. મારે આવો સવાલ પુછવો નહીં હતો."

"માફ કરવા જેવું કાંઈ નથી બાઈ, ચાલો હું તમુને તમારી કેબીન સુધી મુકી આઉં."

તેઓ હાહર સુધી ગયાં જ્યાં પાસીનજરોનું એક [illegible]માં કરતું બેઠું હતું. આ બે જણને આવતાં જોઇ આ ગ્રુપમાંથી એક ઘણીજ એસ્કી પારસણ બાઇ ઉઠીને સામે આવી અને હસીને દીનશાને પુછ્યું.

"કેમ, સર દીનશાજી, જુવાન છોકરીઓની આયા હાયા થવાનો ધંધો કે દહાડેથી માંડયો. અગાઉ તો [illegible]રણના ખાંધણાઆ જેવા ફરતા હતા અને હમણા એવા ગ્રેલમાં ક્યારથી આવી ગયા હું?"

હવે પુછશો કે એ નવી શેઠાણી ક્યાંથી ફુટી નીકળી તો જાણવું કે જે એકાદ બે બાઇઓ સફરની શરૂઆતથી કેબીનમાં સીક પડી રહી હતી, તેમાંની આ એક હતી. ઉપલો કઢંગો સવાલ સાંભળીને દીનશાના ભવાંનો ચીઢલો ચઢ્યો. તેણે તેવીજ ટકોરથી ઉતર દીધો.

"બેઅદબી માફ છે મીસીસ એદનવાળા, પણ તમારૂં બી કંઈ કામ હોય તે કહો."

મીસીસ એદનવાળા ખડખડ હસી પડયાં "કંઇબી નહીં, કામ શું હોય. પણ જરા એટલી મહેરબાની કરજો કે જયારે આએ તમારી નર્સની નવી ફરજમાંથી ફરસુદ પડે તારે મારા જેવી ગરીબ બાઇનીબી જરા ખબર લેતા રહેજો. તમે હમણાં જેમ મારી તરફ ખાટ્ટા બટ્ટ થઇને જુઓછ તેમ કરવા નાજી."

આમ અશકો કરી શેઠાણી પાછાં પોતાની આગલી જગાએ જઇને બેઠાં. આ સઘળો વાર વીહલુ તો બાપડી ડઘાઇને ઉભી રહી હતી. આખરે તે બોલી.

"એ બાઈ કોણ છે? આજેજ દીસ્યાં. ખાસ્સાં પેંડા જેવાં છે, ને રંગ-રૂપબી સારૂં છે. કપડાં કેવાં એસ્કી પહેરયાંછ. માયરે, આજે રાતના ડીનર ઉપર બલાઉઝ પહેરી આયાંતાં તે કોણ જાણે કેટલા રૂપીઆનું હશે. પણ ઘણું બેઅદબા જેવું લો કટ કીધેલું હતું તે મને નહીં ગમયું. છટ! બાઈ માણસોએ પહેરવા ઓઢવામાં જરા મલાજો રાખવો જોઇએ."

63

દીનશા જરા ઓસકાઇને બોલ્યા "હું—મહુંજે મને કાંઈ એવણુની રીતભાત ગમતી નથી. ને બહેન વીરબાઈજી, એવણુ સાથ કોઈબી રીતની દોસ્તી કે ઓળખાણુ પાડતાં ના—એવણુ કાંઈ ઠીક—

"એવણુ મને ઓઠું આવે [illegible] દીસતું જ [illegible] આપણુ કાંહાં ને એવણુ કાંહાં."

"હું તમુને ચેતાવવાની મારી ફરજ સમજું છ. એ બાઈને જુવાન દેખાવની છોકરીઓ સાથ સહીઆં મીટાં કરી લેવાની જાણીતી આદત છે."

"તમે શું કરવા ફકર કરોછ. હું મારી હોશીઆરીમાં છું। મોટાં હશે તો તેને ઘેર રહયાં—ચાલો હવે સાહેબ છ. આપણુ કોલંબો કોણુ જાણે કયારે પુગશું. મને એ જગા જોવાની ઘણી હોંશ છે."

"હું ધારૂં છ કે આઠમે દહાડે ત્યાં લંગર નાંખશું. કારણુ કે ત્યાં કોલસો લેવાને સ્ટીમર એકું દહાડો થોભશે. પણુ કાંઈ કોલંબોમાં શું ખાંડ દાટીછ."

"શું હરેક જોખમને સારૂં કંઇબી કારણુ હોવું જોઇએ છે?"

"જયાં બાઈ માણુસ હોય તયાં કારણુ હોયજ નહીં. પણુ જે હોય તે ખરૂં. હું તમુને કોલંબોમાં મઝેહથી ફેરવી લાવશ. બેફીકર રહો. મને તો લાગેછ કે આપુને એકું રાત કોલંબોમાં કહાડવી પડશે.

"તમે કેવા ભલા છેઓ. તમારા વગર અમુને કેમ સોહવાતે."

"આપણું નવાં દોસ્ત છીએ કની?"

અત્રે વીલ્હુએ જરા નાદાની કીધી "દોસ્ત ફ્રેસ્ટ કંઇ આપણું સમજતાં નથી. આજે તમે કાંહાં ને અમે કાંહાં—એ ચાર ઘડીની દોસ્તી કંઇ સદા નીભે નહીં બા."

દીનશાએ હસીને જવાબ દીધો "એ તો જેમ તમારી મરજી. તમે ઘણુા ભરભરીઆં છેઓ. બીજો કોઈ હોય તો ચાર દહાડાની ઓળખાણવાળી બુથી આમ છેડો છોડવી દે તો મીજાજ ખોઇ દે પણ હું—

"માફ માંગું છ. મારી મતલબ કોઈ બી રીતે તમુને [illegible] કરવાની નહીં હતી. હું કહેવા એમ માંગતી હતી કે દોસ્તી કરવા સારૂં શું કાંઈ સ્ટાંપના કાગળ ઉપર લખત કરવું જોઇએ. જો આપુને રૂચશે તો આપણું દોસ્ત રહીશું નહીં તો તમે તમારે ઘેર ને અમે અમારે ઘેર. મને તો લાગે છ કે તમે અમારી લપલપથી જલદીથી કંટાળી જશો. હજાર દોસ્તીના કોલકરાર કરોની પણ જયાં મતલબજ નહીં હોય ત્યાં કરાર ભુલતાં કેટલો વાર."

"અંહ! તારે તમે નસીબ જોનાર ઉપરાંત નાના જેવાં લાહેરબી છેઓ, કેમ?"

"હા બા તમારે ગમે તેમ અમારી ઠેકડી કરો. હું લાહેરબી નથી ને ઇજનેરબી નથી. હું તો એટલું જાણું છ કે આએ ધર્તીમાં પ્રામીસ કે લખતથી બંધાઇ જવું

બધું હંબગ છે. જો આપણી મતી સાચ્ચી હોય તો પછી દોસ્તીના હજાર કરાર કરીને ડાહેલાં થવામાં શું સાર છે? જુઓ, દાખલા તરીકે મોબેદ હજારો આશીરવાદ સારેછ ને એક બીજાને તાબે થવા ફરમાવેછ પણ નસીબમાં ચોકઠું ઉલટું બેસેછ તો તે બધું શું કામ લાગેછ? ઉલટું ઘણાક જોડાં મરાઈ છુંદાઇને દુ:ખી થતાં નથી? ઘણાક જણ દારૂ નહી પીવાના સપત લેછ તે શું અઠંગ છાકટા થતા નથી? ઘણાક શેઠીયાઓ હાથમાં અવસતા લઇને માથાંપર દુવાલ નાંખીને રોજ પતેત પશેમાન કરેછ ને બીજે દહાડે હજારો પાપ કરતા નથી? જરા સબુર કરો, પોલીસ કોરટોમાં ને ઇનસાફની દરબારમાં હરરોજ સાચ્ચું બોલવાના કેટલા સોગંદ ખવાતા હશે ને તેમાંથી કેટલા જુઠા હોયછ?"

દીનશાએ જરા હસીને જવાબ દીધો "તમે કહોછ તે ખરૂં છે. હું એટલા માટેજ અજબ થઉં તમારી નાની ઉમરમાં આવા વીચાર તમુને કયાંથી આવ્યા. તમારી તકરાર હું માથે ચહડાઉંછ ને આપણી મીત્રાઇને હવે પછીની કસોટી ઉપર નાંખશું પછી આપણા જે તકદીરમાં હશે તે ખરૂં."

"અરે પણ સમજ નહીં પડતી કે તમે મારી સાથ આવા ભાઇચારાથી વાત કરવાને ઇતેજાર કાંય? હું ધારૂંછ કે તમુને બે ઘડી ગમત પડતી હશે."

"તમે જરા મને વધુ ઓળખવા શીખશો તારે જાણશો કે મારાં મનમાં જે ખરૂં હોય તે સીવાય ખોટું ડોળ ઘાલીને બોલવાની મારી આદત નથી."

પણ આ વાર એક બાઈનો ખડખડ હસવાનો સાદ પાછળથી આવ્યો. મીસીસ એડનવાળાં પછવાડે ભરાઈને ચીઆં થઇ ઉપરની સઘળી વાત સાંભળતાં હતાં.

"વીરમાઈજી માય, એવણનું કંઇ માનતાં ના હું—એવણ તો બોલે કંઈ ને કરે કંઈ તેવા છે."

દીનશાનો મીજાજ તો જબરદસ્ત ગયો પણ લોહીનો ઘૂંટ ગળીને બોલ્યો "આએ ઓરતથી તો ખોદા પનાહમાં રાખે. આખી આગબોટ જાણે પોતાની કરી લીધીછ."

"કદાચ એવણ તમારી સાથ ,વાત કરવા માંગતાં હશે. બેલાસક જાઓ. હું તો હવે નીચે જાઉંછ."

"વારે શું તમે મને એકું છત્રી કે લાકડી સમજોછ કે જેમ ગમે તેમ અદલ બદલ થાય. તમુને નીચે જવુ હોય તો સુખેથી જાઓ પણ આએ મીસીસ એડનવાળાં સાથ વાત કરવાની મારી જરાબી મતલબ નથી—ચાલો સુક નાહક."

બીજે દીને સહવારના આઠ વાગતામાં દીનશા તુટક ઉપર આવીને આમ તેમ લટાર મારવા લાગયા. જરા વારમાં પુતલી નાચતી કુદતી ઉપર ચહડી આવી.

"સાહેબજી સર દીનશા બારોનેટ, અમુને નહીં ખબર કે તમે એવા મોટા માણસ છેઓ. પહેલાંથી બોલ્યે હોની કે અમે જીહાથી વાત કરતે."

"એમાં શું મોટી વાત. હું મારે મોહોડેજ મારા ટાઈટલ કહું કે ?"

"ત્યારે મુંબઈમાં તમારાં મોટાં એસટેટ હોશે ?"

"હા, થોડાં ઘણાં છે ખરાં."

"ક્યાં છે ?"

"કોટમાં, વાલકેશ્વરમાં, કોલાબે એમ છુટાંછવાયાં થોડાં ઘણાં છે."

"તમે રહોછ ક્યાં ?"

"મલબાર હીલપર મારા [illegible] નામ "હીલ ચમન" બસ, એટલાજ સવાલ કરીને ઠાકી ગયાં. કંઈ બીજું પુછોની. મારી બેંકમાં બાલાંસ કેટલી છે તે પુછવા રહી ગયાં. પણ આજે તમારાં બહેન કેમ દીસતાં નથી."

"દીનુ તો મ્યુઝીક રૂમમાં વાંચતી બેઠી છ એનું જરા માથું દુઃખેછ તેથી બાહાર આવવા ના કહેછ. હું તો મારી કેબીનમાંથી સહવારના ૭ વાગાની બાહાર નીકળી પડી. પેલી ધાંખરીએ મને આખી રાત સુવા દીધી નથી. પણ મી૰ દીનશા અરે હું ચુકી—સર દીનશા, મારી બહેન કહેતી હતી કે તમારો સ્વભાવ ઘણો આકળો છે—ખરી વાત ?"

"તદન ખરી વાત. પુતલીબાઈ તમો ને હું એ બાબદ માં બેહુ એકજ બોટમાં છીએ."

"હું ? અરે વાહરે. તમે તો આસતે આસતે ખુબ ફાસ આવ્યા, તમે એમ બોલીને મને સતાવોછ."

એટલું બોલીને પુતલી જરા છણુકો કરીને ચાલી ગઈ.

દીનશા મ્યુઝીક રૂમમાં જઇને જોયછ તો વીલ્હુ ત્યાં હતી નહીં પણ એડનવાળાં બાઇ પોહોળાં ચોરાં થઇને બીરાજેલાં હતાં. તેવણે સર દીનશાને બાજુમાંથી પકડયા અને ખેંચી તાણીને પોતાની પાસે બેસાડયા. દીનશાને તો એવું થતું હતું કે તેનું ગળું પીસી નાંખે.

* * *

કાલંબો, આવી પોહોચયું. એશીયામાં દાખલ થવાના દરવાજામાં સ્ટીમર બાનકુરા દાખલ થઈ. કેટલાક પાસીનજરો ઝપોઝપ બોટમાં કીનારે ઉતરી ગયા. બીજાઓ તુટક ઉપરથી ટીંગાઈ ટીંગાઇને રચના જોવા પડયાં. સ્ટીમરની આસપાસ દેશી ધંધાદારીઓના સેંકડો મછવાઓ જાત જાતનો વેચવાનો માલ લાધીને લેવટાની પેઠે ઉછળતા હતા. કેટલાક વેપારીઓ પોતાનો સામાન તુટક ઉપર લાવીને દુકાનો પસારી બેઠા હતા. અકીકના દાણા, પરવાળાની માળાઓ, ચાકલેટ, ઇત્યાદીનું બજાર ખુબ તેજી ઉપર હતું. કોલસાથી ભરેલી બારજો પોતાનો માલ ખાલી કરતી હતી. ખભાં ઉપર મસ મોટો બોજો ઉપાડી ને ભંડારમાં નાખતા કાળા મેસ જેવા કુલીઓ પરસેવાથી ભીજાઇને ચલક મારતા જાણે દેવસ્થાનમાંથી જાગયા હોય તેવા જણાતા હતા.

મીસીસ એદનવાળાં કહે તેમ પેલી 'સરાફ દુકતી'ઓ પોતાની આયામા સાથ ગેંગવે ઉપરથી સઘળો તમાશો જોતી ઉભી હતી. તે લોક સર દીનશા સાથે એક સ્ટીમ લાંચમાં કીનારે જનાર હતી. પણ સર દીનશા નીચેથી હજુ ઉપર આવ્યા ન હતા.

69

છેલ્લા પંદર દહાડામાં તેઓ વચ્ચેની મીત્રાઈ ઘણી આગળ વધી હતી. જાણવું કે આગબોટો ઉપર એમજ થાય છે. પુતલીને મનથી તો સર દીનશા જેવું ભલું માણસ તો દુનીઆમાં કોપજ નહીં ને વીલ્લુ ઘડી ઘડી વીચાર કરતી હતી કે એક મહીનાની વાત ઉપર તો દીનશા જેવો પુરૂશ હસતીમાં છે તેબી તેઓ જાણતાં ન હતાં ને આટલી ટુંક મુદતમાં આટલી દોસ્તી કેમ?

નીમકહલાલ આયામાને પુરૂષો આજ ગમતા ન હતા અને છોકરીઓને હમેશ તેમનાથી આઘી રાખતી હતી. તેબી દીનશા ઉપર ખુશ ખુશ હતી. અને અવારનવાર મત આપતી હતી કે "ખરા શેઠીઆ તે એવા."

સ્ટીમ લાંચ આવી અને તેમાં દીનશાની સાથે છોકરીઓ અને આયામાં કીનારે ઉતરયાં. તુટક ઉપરથી એડનવાળાં બાઈ કચકરાં જેવા ડોળા કાઢીને સઘળો તમાશો જોતાં હતાં. કીનારે જોડીની ગાડી તઈયાર હતી તેમાં તેઓ ખુબ ફરયાં મસ મોટાં નાળીયરીનાં ઝાડો ને તાજનાં ઝાડો છોકરીઓએ પોતાના જનમમાં જોયાં નહીં એટલે તેઓનો હરખ માયો સમાયો જાય નહીં. બજારમાંથી પુતલીએ અકલ જેવા પંખા અને અબલીહેલ જેવી બાસકીટોથી પોતાના અને આયામાના હાથ ભરી નાંખયાં. વીલ્લુએ કાંઈ ખરીદયું નહીં પણ દીનશાએ એક ઘેરા-લીલા રંગની ખુબસુરત સાડીનો કટકો ખરીદી આયામાને [illegible] આપ્યો. આયામાને પાવાને એક રંગબેરંગી

ઓઢણી અપાવી. સાંજના હોટેલમાં જઇને સઘળાઓએ ચાહ સાથ કેક, સાંડવીચીસ વગેરેથી તળીયાંનું તાકું કરીને પાછાં સ્ટીમર ઉપર આવ્યાં. પાછું લાંગર ઉચકાયું અને જાણે ફરીહરીને પાછાં ઘેર આવ્યાં હોય તેવું લાગતું હતું.

બીજે દીને સાત વાગતાનું ડીનર ખલાસ થવા પછી સઘળાં ડેક ઉપર ગરૂપ થઇને બેઠાં હતાં. પુતળીને તો ફાલંબોથી આવેલી એક નવી સાડી મળી હતી. દીનશા એક ખુણામાં ઉભો રહીને કાંઈ પોતાના ઉંડા વીચારમાં હતો. વીલ્લુ બચારી એકલી પોતાની ઇઝીચેર ઉપર બેસીને દરીઆ ગમ જોયા કરતી હતી. તે દાહાડો સહવારથી દીનશા ઘુંઘસ જેવો ફરયા કીધો હતો. વીલ્લુને લાગું કે તેને કાઈ કોઈ વાર ભુત ભરાતો હતો તેમજ આજેબી હશે. એકાએક વીલ્લુના બરડા ઉપર કોઇએ હાથ મુકયો એટલે તે ચમકીને ખરી બેઠી. જોયછ તો શેઠાણી મીસીસ એડનવાળાં પછવાડે ઉભાં હતાં.

"કેમ વીરબાઇમાય, આજે એકલાં કેમ પડી ગયાં? તમારા જીવે જાનના દોસ્ત અત્યારથીજ તમુને ભુલી ગયા કે?"

"જી, એ તમે શું બોલોછ. તમારી મતલબ મને સમજ પડતી નથી."

"જરા ધીરાં પડો. એમ બચ્ચાંની કાની છડાઈ નહીં પડયો. મેં તો તમારી સાથ વાત કરવાની ઘણીબી, તક શોધી પણ અત્યાર સુધી લાગ ફાવ્યો નહીં આખરે અત્યાર સુધીમાં તો કેવાં જીવે જાનના સહી થતે."

આ વાર મ્યુઝીક રૂમમાં કોઈ પીઆનો ઉપર ગાતું હતું. એડનવાળાંથી રેહવાયું નહીં "મરેરે પેલી મીસ ડન ગાયછે, વજાડેછે તો સારૂં પણ આપરી આંખ બંધ રાખીને સાંભળવું જોઇએ. રાનતો એવી ભાભરા ભુત જેવી છે કે એના જેવું મારૂં હાચું હોય તો હું તો કુવો પુરૂં."

વીલ્હુએ આ અભાગ્યા શબ્દોનો કશો જવાબ આપ્યો નહીં.

પણ નીંદાખોરી એડનવાળી કાંઈ મુંગી બેસે?

"એ આજે સર હીનશાને શું ભરકણ ભરાયુંછ? તમે વળી એને કંઇ ખખડાવ્યોછ કે શું.

વીલ્હુ અકળાઇને ઉંચું જોઇને પણુ ખભરીને બોલી "તમે કહેવા શું માંગોછ તે હું બીલકુલ સમજતી નથી. મહેરબાની કરી એવી વાત મારી આગળ નાકરો મને તે પસંદ નથી."

"મારી વહાલી વીલ્હુ બહેન, એમ લાલ લાલ કાંય થઈ જાયછ. મરેરે, હું પણુંબી શરમાવાનું કરૂંછ પણ શુંવું મને તો હસવુંજ આવી જાયછ. તમારી ઉમર જો જરા વધારે હતે તો હું જરૂર ધારતે કે તમે હીનશા ઉપર ખાટી મીઠી નજર રાખોછ. એબી [illegible] તો સારૂં છેરે પણ—તે છે તે કરીને—એક વખત મારૂંબી નામ એની સાથે બોલાયું હતું."

આ શબ્દોથી વીલ્લુ તો એવી ખીજાઈ કે જો એનું ચાલતું હોય તો આ વલગર ઓરતનું ગળું પીસી નાંખે. પણ તે બચારી શું કરે. તેના ચમકતા ડોળા જોઇને એડનવાળી હસી પડી.

"હું કંઇ તમારી ગુસગુસમાં વચ્ચે પડવા માંગતી નથી. પણ એક વખત એવો હતો કે થોડા દહાડામાં અમારા લગ્ન થતે."

"હાશ—સર દીનશા ગમે તેની સાથ પરણુતે કે અદરાતે અથવા તમારી આગલી દોસ્તી હતી તેની સાથે મને શું લાગેવળગે? એ બધી વાત મને શું કરવા કહોછ?"

"તો તમારા કાન—ખોલવાની મારી ફરજ છે. આપણે ચીનથી ઉપડયાં ત્યારથી તમે એના પાસાંમાં ભરાઇને ફરયાં કીધાં તે આખી આગબોટ જાણેછ.

વીલ્લુ હવે વાઘણની પેઠે છેડાઈ "શું‌ઉ? તમે એ શું બકોછ. આવી રીતે બોલતાં તમારે શરમાવું—

"મીસીસ એદનવાળા તમે હીંદુસ્તાની ગજલ ગાવાના છેઓ તે સારૂ તમુને કપતાન બોલાવેછ." આવો સાદ બાહારથી આવ્યો એટલે બાઈ સાહેબ ત્યાંથી છટકી ગયાં.

વીલ્લુની આંખમાં પાણીના ઝલઝલીઆં ભરાઈ આવ્યાં. લાજને મારે તેનું લોહી ઉકળી આવ્યું હતું, તેના આંગમાં બોખાર જેવી ચહડી આવી હતી. સારૂ થયું કે તે વારે પુતલી આગળ નહીં હતી, નહીં તો કંઈ નવું જુનું થઈ જતે. હું ધારૂંછ કે પુતલી હાજર હતે તો નીંદાખોરી એદનવાળી આટલું બધું પગલું ભરવાની હીમત કરતે બી નહીં.

વીલ્હુ પોતાના હાથમાં માથું ડાબીને નીચું જોતી બેસી રહી હતી. તેટલાં કોઈ આવીને તેની પાસે ખુરસી ઉપર બેઠું. ડોકું ઉંચક્યા વગર વીલ્હુ પામી ગઈ કે તે સર દીનશા હતી.

"કેમ વીલ્હુ માય, શું વીચારમાં છેઓ ? મને લાગેછ કે કોઇએ તમુને ખભરાવ્યાં હશે."

આમ બોલી સર દીનશાએ પોતાનો હાથ હળવેથી તેણીના હાથ ઉપર મુકયો. વીલ્હુએ તે ખસેડી નાંખ્યો પણ સર દીનશાએ તેનું અપમાન લીધું નહીં.

પ્રકરણ—૫ મું.

ચીબતખોરી આ એડનવાળી ઓરતને તેણીનાં [illegible] ખાનામાં હવે ફાવવા નહીં દેવાનો સર દીનશાહે ઠરાવજ કરયો હતો. વીલ્હુની ભીંજાયલી આંખ્યો પરથી તે પામી ગયો હતો કે સારાં ગામની કાનાસોરી કરનારી આ મીસીસ એડનવાળાએ વળી આ [illegible] આગળ પોતાની ચાપલુસી ચલાવી [illegible]. તે [illegible] ગમ વાંકો વળયો અને બોલ્યો—

"મારી ભલી છોકરી, આએ નીંદાખોરી ઓરત આપણી મીત્રાઈ વચ્ચે ખલલ પાડે તે શું તમુને ગમેછ ?"

"પણ શા પરથી કહોછ કે એ ખલલ પાડેછ ? મને તે તમુને લાગેવળગે શું ?"

"હું એટલા ઉપરથી મત બાંધુંછ કે છેલ્લી દશ મીનીટ થઈ તમે બેહુ જણ ઉપર હું ખુબ બારીકીથી નજર રાખતો હતો. સઘળો મામલો નહીં સમજું એટલો હું કાંઈ બુબખ નથી."

વળી પાછું વીલ્હ્યુ ઉછળી પડી "પણ મારી ઉપર નજર રાખવાનો તમુને [illegible]? તમે અમારી વાતબી સાંભળી હોશે ?"

"હા—જતાં જતાં એ ઓરત બોલી ગઇ તે મેં બરાબર સાંભળ્યું—જરા ધીરાં થાઓ. મને લાગેછ કે આપણી તકરાર કરીને આ અણગમાનો છેડો લાવ્યે તો બેહુ વરહને લાભ થશે. એ ઓરતથી હું બીજી આશા રાખતો નહીં હતો—પણ તમે તેનાથી આટલાં આજેરદે થશો એવી મે વકી રાખી ન હતી."

આ વાર ઓજપ હતો તેનો લાભ લઇને સર હીનશાએ વીલ્હ્યુનો હાથ ફરીથી મમતાથી પકડયો.

"નાહાન છોકરી, તું જયારે ઉમરમાં વધશે ત્યારે સમજવા શીખશે કે આવી નીચ નીંદા ઠોકરે મારવા જેટલીબી અગત ધરાવતી નથી. દુન્યામાં નીંદાખોરોનો તોટો નથી. એવાં માણુસોને તેઓના પાપેજ મરવા દેવાં જોઇએ, એટલે હવે તારૂં મન મોકળું કર. એવાં નીચ લોકો તરફ તો બસ તુચ્છકારથી જોવું જોઇએ."

ઉપલા શબ્દો સર હીનશા એવી માયાથી અને ધીરજથી બોલ્યો કે વીલ્હ્યુના મનનું ઘણી વાતે સમાધાન થયું.

પણ એણીમેર દીનશાનો તો અંદરખાનેથી પીત્તો ઉછળી આવ્યો હતો. નીંદાખોર જીભલીનું શું કરવું તેના વીચારથી તેના પેટમાં આડાં ને ઉભાં થતાં હતાં. તે બરાબર જાણતો હતો કે વીલ્લુને ગમે એટલી તાઢી મીઠી રાખશે—પણ અગાઉના જેવી નીત્રાઈ ચાલુ રહેવી કઠણ છે. દીનશાએ એડનવાળીને દીલ સાથ હજાર હજાર કહુવા દીધી હશે. તે છતાં તે ચેહરો શાંત રાખીને બોલ્યો—

"એ ઓરતે તમુને એમ કહયું કેની કે એ [illegible] અમે લગનના ગાંઠથી બંધાવાના હતાં?"

વીલ્લુ કાંઇ બોલી નહીં પણ પોતાનું [illegible] નીચું રાખી મુગી બેઠી.

"હા, તમે બોલતાં નથી પણ કાનેકાન સાંભળ્યું એ વાત ખરી છે કે કેમ તે તમે જાણવા [illegible] નથી?"

"નહીં. પણ હું એ વાત ખરી માનતી નથી. અગર ખરી હોય તોબી તેમાં મને શું લાગેવળગે? હું માનતી નહીં, કારણ કે "

"કારણ કે શું?"

"કારણ કે તમે એક વખત વાત કરતાં બોલ્યા હતા કે તમે કોઇ વારબી 'લવ'ની જાળમાં સપડાયા નથી."

આ વાર દીનશાનો ચેહરો સહેજ કરમાયલો દીસવા લાગ્યો, પણ જીવ ઠેકાણે રાખી તે બોલ્યો.

“હા, મને યાદ છે કે હું એમ બોલ્યો હતો ખરો—પણ મારી ભોળી વીલ્લુ, તમે યાદ રાખવું કે ‘લવ’ એક વાત છે ને ફરજીઆત શાદી તદન જુદીજ વાત છે.”

પોતાનો હાથ જે દીનશાએ પકડી રાખ્યો હતો તે હળવેથી ખસાડી દઈ વીલ્લુ બોલી “ત્યારે તમે અદરાયા હશો ?”

“હા, પાંચ વરસની વાત ઉપર અમારૂં નામ પડયું હતું પણ અદરાવાની ક્રીયા થઈ નહીં હતી. પંદર દહાડામાં તો બધું હવામાં ઉડી ગયું.”

“કાંય ? એમ કાંય ?”

“તે લાંબી વાત છે ને હમણા તે વાત કરવાનો વખત નથી.”

“પણ તમે એના સાથ જોડાવાને રાજી ખુશી તો હતા કે ની ?”

“નહીં.”

“એમ કેમ બને ? તમારી રાજી ખુશી વગર એક બાઇ પરણવાને કેમ રાજી થાય ?”

“હું રાજી હતોજ નહીં. મેં પરણવા માંગ્યું હતુંજ નહીં. તમારા જેવી નાહાની ઉમરની બાઇને મારો બચાવ કેહેવાની મને ઓસક લાગેછ, પણ તમે ખરી બીના જાણો એવું મારૂં દીલ કેહે છે.”

“એમ છે, ત્યારે તમે કહેતા કાંય નહીં ?”

દીનશા જરાવાર વીચારમાં પડયો. પોતાની આગળી પાછલી એક નાદાન ભોળી છોકરીને કહેવાનું કઠણ હતું—પણ નાપાક એદનવાળીએ જે ઝેર આ નખાલસ છોકરીના અંગમાં રેડયું હતું તે કંઇબી કરીને દુર કરવું જોઈએ. આખરે હીમત પકડી દીનશા બોલ્યો.—

"બધી હકીકત તમારી આગળ મુકવાનું જરા મુશ્કેલ છે-એમાં બીજાં નામ સંડોવાય છે તે મને પસંદ નથી. પણ આ ઓરતે એક રીતે મને ફરજ પાડી છે. ખરી વાત એ છે કે એ ચોકઠું એના બાપ અને મારા વચ્ચે ગોઠવાયું હતું. એના બાપ તદન વેપારમાં ખુવાર થઈ ગયા હતા. અને મારા બાપ ગુજરી જવાથી હું બારોનેટસીપર આવ્યો હતો અને સારી પુંજીનો ધણી હતો-પણ બસ—"

"પણ એ બાઈ તમારા ઉપર ખુશ ઉતી કની?"

"હા, પહેલાં તો ઘણી ઘશંપરાં કરતી હતી. ખરી વાત એ છે કે એના બાપ આ જોડું સાંધવાને ઘણુજ ઇંતેજાર હતા. મને પોતાને કોઇબી તરેહની ઉલટ નહીં હતી."

"પછી? પછી શું થયું?"

"પછી એક મહીનામાં એક ચોક્કસ બનાવ બન્યો એટલે સઘળું તુટાતુટ થઇ ગયું જે માટે હું પરવરદેગારના હજારોહજાર શોકરાના કરૂંછ."

"પણ તમે આટલી બધી વીગત આપી તારે હવે વાત પુરીજ કરોની. એટલું બધું શું થયું કે કારજ તુટી ગયું?"

"તમુને યાદ હશે કે એક વખત હું બોલ્યો હતો કે મારા અભાગ્યા સ્વભાવને લીધે મેં મારો એક અંગત દોસ્ત ખોયો હતો?"

"હા. તે મને બરાબર યાદ છે."

"એ દોસ્તનું નામ ડોસુબા!—અમે બેહુ જણ કોલેજમાં અંગત મીત્ર હતા. અને હંમેશ સાથે ફરતા હરતા હતા. મારા જોવામાં આવ્યું કે આ ઓરત—એનું નામ નાજાંમાય છે—તેને ડોસુબા સાથ—મકું જે એ લોક એવી રીતે વરતવા લાગાં કે લોકમાં ઘણી ચરચા થવા માંડી. તેઓ મોડી રાતનાં એખલાં અંધારી રાતે દરીએ કીનારે ફરવા જાય, અવારનવાર મોડી રાત સુધી વીક્ટોરીયા ગારડનમાં મળે, સીનેમામાં જયારે હોય ત્યારે સાથે જતાં દેખાય. જયારે અમારાં કારજની વાત બહાર પડી ત્યારે ડોસુબા મારી સાથે ખરવાયાં તોડવા લાગ્યો. એક દહાડે રાતનાં હું એલફીનસ્ટન સરકલ ગારડનમાં ફરતો ફરતો જઈ લાગ્યો. એક ગીચ ઝાડમાંથી કોઇનો રડવાનો સાદ મારે કાને પડયો અને જઇને જોઉંછ તો એક બાજઠ ઉપર ડોસુબા અને નાજાંમાય બેઠેલાં હતાં. નાજાંમાયની ડોકી ડોસુબાના ખભાં ઉપર ઢળેલી હતી અને તેઓ એક બીજાં ઉપર પ્યાર કરતાં હતાં—પણ હું આ બધી કંગાળ વીગત શું કરવા વધારે વીસતારીને કહું?"

"કંઈ નહીં—હવે તો વાત પુરીજ કરો."

"હું ઘણો ચીરડાઈને ઘેલો દીવાનો જેવો થઇ ગયો અને અમે ગાળાગાળી ઉપર આવી ગયા. અમારા વચ્ચે મારામારી થઈ. આએ નફ્ટ ઓરત ઉલટી મને ગાળો ભાંડવા લાગી કે "તારા જેવા તો મારે તહાં ચાકર છે" ઇત્યાદી. વધારે શું કહું ? આ બનાવ પછી તે લોક પરણી ગયાં. પણ ખોદાને ત્યાંનો ઈન્સાફ અહીંનો અહીંજ છે. ચારેક મહીના પછી એ લોક મરાઈ છુદાઈને છુટાં પડયાં અને તે દહાડેથી ડોસુબા કોણ જાણે કાંહાં જતો રહયોછ તે આજ સુધી કોઈ જાણતું નથી."

"ઓ દાદારજી, એ બધું સાંભળી મારાં હાડેહાડ ધુજેછ. આટલું બધું કરીને આએ બાઈ તમારી સાથે જાણે ઘેરવટ હોય તેમ વાત કરવા માગેછ."

"ડાસુબાને બેમાલમ થવાને સાત વરસ થઈ ગયાં એટલે એવણ પાછો કોઈ સદ્ધર બીલ્લુ શોધતાં હોય એમ મને લાગેછ."

"હં, હવે હું સમજી. તમુંને પટાવી લેવાની મરજી હોય એમ મને પહેલાંથીજ જાણાયું–તમે પોતેબી હવે બધું જુનું પુરાણું વીસરી ગયા હશો ?"

"તોબાહ ! આ પ્રમાણે બોલી તમે મને દુઃખી કરોછ. મારૂં જો ચાલતું હોય તો આએ ઓરતનું મોહાડું બી નહીં જોઉ–પણ શું કરૂં ? બાઈ માણસને અપમાન કરવાનો મારો ખવાસ નથી. ચાલો હવે આ વાત આપણે અહીંજ ખતમ કરીએ."



વીલ્સન માય તમારી ઉમર શું.—પાનું ૬૧.

"આ તમારો ખોલાસો સાંભળીને હું ખુશી છેઉં—ઘણીજ ખુશી છેઉં."

"તે કેમ ?"

"તે હું જાણતી નથી, પણ મારા દીલમાંનું બધું વેર હવે જતું રહ્યું."

"વીલ્હુમાય, તમારી ઉંમર શું ?"

"વીસમું ચાલેછે. આવતા આગસ્ટ મહીનામાં એકવીસમું બેસશે. પણ એમ પુછવાનું કંઈ કારણ ?"

"કારણ એજ કે મારે જાણવાની મરજી થઇ ને મારી ઉંમર શું ધારોછો ?"

"પુતલી તે દહાડે કહેતી હતી કે તમે તેત્રીસ ચોત્રીસ વરસના હશો, પણ મને લાગેછે કે તમે ત્રીસની ભરતીમાં છોઓ."

"તમે બેહુ જણ ખરાં છોઓ. મને આવતા આગસ્ટમાંજ બત્રીસમું બેસશે."

આ ખુશનુમાં વાતગોફતેગો ચાલે છે એટલામાં પુતલી ભુસ્કા મારતી આવી લાગી. "અલ્લો, તમે બે જણા શું ઘરડાં ઘુવડની કાની એકેકના કાન કરડોછ? હં, એખલાં એખલાંજ મોજ મારોછ કે ? શાબાશ રે, મને તો રખડતીજ નાંખી કે ?"

———

83

પ્રકરણ ૬ ઠું.

દીનશા ઉઠીને ચાલી ગયા પછી બેહુ બહેનો એકલાં વાતે બેઠાં. પુતલીએ વાત છેડી—

"વીટલુ, એ તમે બે જણ શું ગુસગુસ કરતાં'તાં? એવણ કાકા તમારી સાથ પરણુવા બરણુવા માંગેછ કે?"

"પુતલી, બસ ચુપ રહે. હવે આસતે આસતે તું છેક હ્રાસ ચાલી કે?"

"વળી અમસું પુછ્યું તેમાં શું ગુનાહ કીધો! શું કોઇ દહાડે પરણુવાનીજ નથી કે? હમણા ને હમણા આશીરવાદ છાંટી નાંખવા કોણ કહેછ? હમણા અદરાયાં ને વીટી પહેરી કે પછી એક વરસ નીકળી જતાં વાર કેટલી? તું ઘણી વખત મને કહેતી હતી તે ભુલી ગઈ કે ખરેખરૂં પરણુવા કરતાં અદરાયલા સાથ ફરવાહરવાની [illegible] ઘણી છે. દીનશાને શું છે? હીરા જેવો છે ને વળી પૈસાદાર છે—ને—ને—જો ગુસ્સો ના કરતી પણ મને લાગેછ કે તારી ઉપર ખુશ ખુશ છે."

"છટ, નાનસનસ! તું તો આસતે આસતે છેક ચકાસી ગઇછ. એક સ્ટીમર ઉપર જરા તરા ઓળખાણ પડી ને માટીડો બે એકલવાઇ છોકરીઓની મિજસાજ બરદાસ્ત લે એટલે બસ લગન થવાંજ જોઇએ કે?"

"હં! રાજા બોલ્યા ને દહાડી હાલી! એમ તો મારી સાથેબી વાત કરેછ—પણ તારી ઉપરથી ઉથલાઈ જાયછ તેમ નથી. હા બા, હું તો જે ખરૂં છે તે કહુંછ કે જો દીનશા મને પોતાની સાથ પરણુવા માંગે તો હું તો હું ચોથે માળની બારીએથી કુદાવી પડીને હા કેહું."

"પુતલી, પુતલી તારૂં શું થશે? આપણે છોકરીની જાતે એમ બોલવું નહીં જોઇએ. કોઇ સાંભળે તો કેવું ખરાબ લાગે. પેલી એદનવાળીનાં કાનપર આવે તો તે સારા ગામમાં વાત ઉરાડશે કે તું ખરેખર દીનશા સાથ પરણવા માંગેછ."

"હું—પણ તેમાં ખોટું શું થયું? મારા મનમાં જે ખરી વાત છે તેજ હું બોલી. હું કંઇ તુને ચીરડવવા બોલતી નથી પણ ખરેખરજ મને સર દીનશા ઘણા ઘણાજ ગમેછ."

"દીકરા, તું જો હવે તારી જબાં ઉપર જરા કાબુ રાખવા શીખે તો સારૂં. તું કોઈ વખત એવા ભમરડા ફુંજાવેછ કે કોઇ વખત તું મુસ્કેલીમાં આવી પડશે તો તારૂં શું થશે તેની મને અત્યારથી ફકર પડીછ."

"જા, વળી પાછું તારૂં લેકચર ચાલ્યું! તારો રહન પાટલો કોણ જાણે કયારે ઓછો થશે. મારી ઉપરથી મુસ્કેલી ઓવારૂ! જો આવવાની હોશે તો આવશે. તે દહાડે જોઈ લઇશું. તારી કાની માથે હાથ દઇને રડવાની નથી. આપરે તો મુશકેલીને લાત મારીને ખીખીખાખા કરશું. લે, હવે જરા હસ. તું આવું ગંભીર ડાચું મારી સાથે કરેછ તેમ દીનશાહ આગળ કરતી હોશે તારે તેવણ બચારાને તું કેવી લાગતી હોશે."

"પપી, તું તો તદન મેટ છે."

"હા, હું બી જાણુંછ કે હું મેટાઉસ છેઉં. ગઈ કાલે પેલી એડનવાળી—એ મરે એમની એમ—મને પુછતી હતી કે તારી ઉમર શું? મેં એને ખુબ હંબગ કીધી કે તારૂં તો પચીસમું વરસ ચાલેછ. પણ તું જાતજાતના પેટંટ પામીટન ને પાઉડર લગાડીને જવાન દેખાવા માંગેછ. ઓ માયરે, તે વખતે એ ધાંખરીનો ચેહેરો જોવાજોગ હતો. વીલ્લુ તુંને લાગતું નહીં કે એ ડોસી ડગરી આપરા દીનશાહજી ઉપર ટરાપ મારવાની વેતરણ કરેછ?"

"ખોદાને ખાતર બસ કર? તેમ હોય તેમાં આપુને શું? લે ચાલ હવે આપરે સુવા જઇયે."

જતાંને વાર પુતલી તો ઘોંટાઇ ગઈ—પણ કાંકણી વીલ્લુને ઉંઘ સાથ વેર પડયું હતું. દીનશાહે કહેલી બધી વાત અને નાજાંમાયનાં એસારાએ તેણીને ગુંચવાવી નાંખી હતી. વળી આજે રાતનાં "ગુડનાઇટ" કીધા વગર દીનશાહ ચાલી ગયો હતો તે કાં હશે? વીલ્લુ દીલથી ખરેખર દલગીર હતી. આજે કેબીનમાં આવડી ગરમી કેમ? ઘણી ગરમી તો નહીં હતી પણ વીલ્લુના મગજમાં શક અને સુબેહની ગરમી ભરાઇ હતી. પેલી ડબરી જરમન ઓરત ધરોધર ઉંઘતી હતી, પુતલી ઉંઘતી હતી પણ વીલ્લુ ફાટે ડોળે સહવારૂ પડવાની વાટ જોતી હતી. દીનશાહબી જાગતો હશે કે? આપણુને કબુલ કરવું પડશે કે થોડાક દીવસ થયા રાતને દીન વીલ્લુના ભેજામાં દીનશાહ—દીનશાહ—ને દીનશાહજ રમયા કરતો હતો. ખરી વાત એ હતી કે તરત વેળા દીનશાહની મીત્રાઇ પછી પુતલી જરા જરા વીસરાવા માંડી હતી.

દીનશાહને વીલ્લુ આગળ બેસીને ટાહેલમાં મારવા કરતાં બીજું કાંઇ સુજતું ન હતું. દીનશાહ દેખાવડો તો હતોજ પણ સાથે સાથે તેની બોલવાની છટા અને આંખનાં ચોકઠા એવા હુતા કે વીલ્લુથી તેની અમ ટીકી ટીકાને જોયા વગર રહેવાતું નહીં હતું.

પહેલાંથીજ કહી દઇએ કે દીનશાહ બી તે રાતના સુતો ન હતો. તેણુબી આખી રાત વમાસણમાં કહાડી અને ઝગઝગું થતાંજ ઉઠીને કપડાં સજીને ડેક ઉપર આવ્યો. ખેલરો ડેક ધોતા હતા. પણ પાસીનજરો માહેનું કોઇબી હજુ જણાતું ન હતું. દીનશાહ આમતેમ ફેરા ફરતાં પોતાના મન સાથ ભારી અંદેશામાં હતો. તેના મ્હોંમાંથી શબ્દો નીકળતા ન હતા પણ તે શું વીચારમાં હતો તે જાણવાનો આપણને હક છે.

"આયે છોકરીએ કોણ જાણે મને શું કરી મુક્યું છે. ઓળખાણ પડયાને એક મહીનોબી થયો નથી. એટલામાં એની સાથ વાત કરવા વગર મને કંઈ સુઝતું કેમ નથી? ઘણું નવાઇ જેવું! એ એકવીસ વરસની થશે ને હું તેત્રીસ વરસનો થવશ—ફક્ત બાર વરસનો ફેર! બીજાં એકું બે વરસમાં એ કોઇ સાથ પરણી જશે ને સો વસા તે ધણી કોઈ બેવકુફનો પાદશાહ હોશે તો એ બચારી ભોલી છોકરી કેટલી દુખી થશે! પણ સબર, એ એમ આંખ વીચી ને કુવામાં જીપલાવે તેવી નથી. એ નાદાન છે પણ એની આંખમાં અજબ જેવી ચંચલાઈ છે. પુતલી કદાચ ભુલ કરે પણ વીલ્લુને વાસતે હું માનું નહીં."

અત્યાર સુધી દીનશાએ એવા કશા ખ્યાલ કીધા નહીં હતા. પણ નાજાંમાય એડનવાળાના અભાગ્યા ટીકા પછી તે કેવી મુંઝાઇ હતી તે યાદ કરીને દીનશા મન સાથ ઘણા બળાપો કરવા લાગ્યો કે તે અત્યાર સુધી કોઇની બી જાલમાં ફસયો ન હતો. સારૂં ગામ તેની સાથ સગાઈ કરવાને તલપતું હતું પણ તે હંમેશ પરણવાની ના પાડતો હતો—પણ હમણાં અચબુચ તેની મતી ફરી ગઈ હતી. સારાંસ કે તેનું દીલ આ નાદાન વીલ્લુ તરફ હવે દોડયું હતું પહેલાંથીજ આગની આંચ લાગી હતી. તે દરીયા ગમ જોતો હતો પણ તેની આંખ આગળ વીલ્લુનો નરમ, સોવામણો દયામણો ચેહરો અને જાંબુળી આંખ સદા ભમયા કરતાં હતાં.

પણ હાલ એ વાત કરવાનો, એ ખ્યાલ કરવાનો સમય નથી. એ છોકરી શું ધારતી હશે? હા એટલું તો નકકી હતું કે તે બધા પાસીનજરોમાં દીનશા ગમ વધારે ચીતથી જોતી હતી, પણ ચીતથી જોવાની એક વાત છે—ને પરણવાની બીજીજ વાત છે. દીનશા—દીનશા—પરણવાની અને 'લવ'ની કાહાણીઓની તો તું સદા મશકરી કરતો હતો ને હવે એકદમ એમ કેમ? તું તો તારાં મીત્રમંડળમાં કેહતો હતો કે "લવ ફ્વ" એ બધા મનના ધખારા છે, એક જાતનું દીવાનાપણું છે.

ખચીત! સર દીનશાહ સારી પેઠે જાણતો હતો કે કોઇ વખત ઝુસરીમાં જોડાવું તો પડશેજ. તે બારોનેટ હતો અને બારોનેટસી સાથે તેનો મોટો બાગબગીચો

અને મેહેલ જેવો બંગલો 'દીલ ચમન' જો તેને વારેસ નહીં થાય તો તેના કાકાના દીકરાના હાથમાં જાયે એમ હતું. આ પીત્રાઈ સાથ તેને ડાળે દીઠે વેર હતું. આ કારણને લીધે તે હમેશ ડોળા ફરતા નાખીને જીવતો હતો. કોઈ તેવી સાચી, ખાનદાની, પાકટ, ઘર રાખુ, સમજુ બાઈ સાથ ઓળખાણ પડે તો દીનશા પરણુવાનો વીચાર કરે, પણ હજી સુધી એવી બાઈ ઓળખાણમાં આવી ન હતી. બાકી "લવ—બવ" જેવું હંબગ કોઈ દાહાડેબી તેને નડયું ન હતું. ત્યારે હવે એમ કેમ? એ એમજ! જ્યારે છુટેલો તીર છુંઉ કરતો આવીને હવામાં ઉડે ત્યારે કોઇને લાગી જવાનો વીલંબ લાગતો નથી. આહ! એ-!

કોઇએ આવીને દીનશાના હાથ ઉપર હાથ મુકયો.

"[illegible] શાબા, આસમાન સાથ શું વાત કરોછ? એ હા ને હું કાંય?"

[illegible] એડનવાળાં ઝીકની કોરની સફેદ સાડીમાં [illegible]જ થઇને તુતક ઉપર ચહડી આવ્યાં હતાં. તોબાહ—ખુદા!—એ દદા આવે વખતે કયાં નડવા આવી? તે ગુસ્સા સાથ કાંઈ જવાબ આપવા જતો હતો, પણ તેની સમયસુચકતા આડે આવી. સબર જીવ. આ ઘર ભાંજનારી ઓરત સાથ એકદમ દુસમનાઇ કરવાનું હાલ તુરત ઠીક નહીં. પોતાના જાની મીત્ર ડોસાબાનું સત્યાનાશ વાળનારી ઓરત તે આ!—

"હીના, હું પુછું કે મને જોઇને એમ મોહાનું કાય કુમલાવેછ ? ગેઈ ગુજરી ભુલી જવાનું કેટલું સવાબ છે. મેં એકવાર ચુક કીધી તો હું પસતાઇને તેની માફ માગુંછ."

હીનશાએ ઘણુજ ધીમે સાદે જવાબ દીધો "નાજાં-માય, તમે જે કાંઇ કીધું કાવ્યું હોશે તેનો મેં કોઈ દહાડે તમુને ઠપકો આપ્યો નથી કે તમારી સાથ તકરાર કીધી નથી. તમારા બાવાએ પોતાને મન ચાહે તેમ ગોઠવણ કીધી અને તે તમેજ તોડી નાખી. તમારે હાથે બીજાં ધણીને પસંદ કીધો હવે મને એ વાતની વચ્ચે ઘસડવાની તમારી મતલબ શું ? હું પોતે એ જુનો કીસ્સો છેડવા રાજી નથી."

"તું કેહવો કઠણ દીલનો છે. બચારો ડોસુબાબી કેહતો તો કે—"

"તેનું નામ વચ્ચે લાવો ના—હું તે સાંભળવા માંગતો નથી."

"હું ઘણી દલગીર છેઉં. મને નહીં ખબર કે તમને આવું દુખ લાગશે. હું શું જાણું કે બધી આવી કચુંબર થઈ જશે."

"તે દાદારની મારી ઉપર આવી નવાજેશ હતી. તમે સહવારનાં પોહોરમાં ઉપર આયાં તે સાધારણ રીતે સ્ટીમરનો કાયદો નથી."

"પણ મારે તમુને મળવું હતું—કંઇ વાત કરવાની હતી, તમે મારેથી કાંય નાહસ્તા ફરોછ તે હું સારી ફાની સમજુંછ."

"સમજોછ વારે શું કામ નકામા મને શોધતાં ફરોછ?"

"નકામા કાંય? આવાં તુટેલાં જોડાં ઘણીવાર પાછાં સંધાયછ ને સુખી થાયછ. હું શું કાંઈ કારી કછારી છેઉં? યાદ કરો, અગાઉ મારો તમાચ ઉપર કેવો જીવ હતો."

આ હાસબદનને ગુલબદનનો ખેલ ચાલતો હતો, એટલા [illegible]તમાં બીજા એકાદ બે પાસીનજરો ત્યાંથી ચાલી ગયા અને ડાકું ફેરવી મુછમાં હસવા લાગ્યા. દીનશા તેઓના હસવાની મતલબ સમજી જઈ બહુજ ખફા થયો. નાજાંમાય જાણી જોઇને બીજાઓને દેખાડવા આ પ્રમાણે કરતી હતી, પણ દીનશા બચારો બાઇ માણસ સાથ શું કરે?

"હં બોલની દીનશા, હું શું તુને એટલી બધી અકારી છેઉં?"

"મીસીસ [illegible]ડનવાળા, મેં તમુને એક વખત કહ્યું હેની કે—"

"કાંય? એટલી બધી તાજીમતવાજો આપરા વચ્ચે શું કામ હોવી જોઈએ. મને નાજાં કરીને બોલાવતા કાંય નહીં?"

"મને તેમ કરવાનો હક નથીં, ને જે ધપથી તમે વાત કરવા માંગોછ તેવી હું માંગતો નથી તે મને પસંદ નથી—તે લવ ફુવના દહાડા હવે વહી ગયા."

"અહં ? તારે આએ સફરને દરમયાન બીજે ઠેકાણે નવેસરથી દાહાડા શીરૂ થયા હાશે—ખરૂં કેની ?"

દીનશાના મોહ ઉપર લોહી ચહડી આવ્યું ને તે ભવાં ચહડાવીને બોલ્યો 'એટલે ? તમે એ પ્રમાણે અણુકા થાના કરોછ ?"

જેમ તેમ હસીને નાજાંમાય બોલી. "એનો અમથી હસુંછરે, પણ એટલું તો ખરૂં કેની કે હું જોઉંછ ને આખી આગબોટપરના જોયછ કે છેલ્લા આઠ પંદર દહાડા થયા બચ્ચાંઓને મોહોડેની વાતો અને શીખામણો તમુને ઘણી ભાવી આવીછ."

દીનશા ત્યાંથી છટકી જવાની તજવીજમાંજ હતો. તેણે પોતાનું ઘડીઆળ કાહાડીને જોયું—કુંચી આપી. મોહોડું લુછ્યું પણ પેલી કેમે કરીને પતે નહીં.

"બાઈ સાહેબ, તમે અસેમસે શું કેહેવા માંગોછ તે તમે પોતેજ સમજીને રાજી થાઓ તો ઠીક, બાકી મને પોતાને તો ઘણો કંટાળો આવેછ."

"એ બધાં ઢોંગ મારી આગળ ચાલશે નહીં. તમે સારી કાની સમજોછ કે હું શું કેહેવા માગુંછ. તમે પેલી માજરા ડોળા વાળી ચીનાઈ ઢુકતી ઉપર મોહી પડયાછ."

દીનશાએ ઘણા તોરથી આ બાઇ તરફ ફરીને પુછ્યું "વાંરૂ, એમ હોયબી, તો તમે શું કેહેવા માંગોછ ?"

હવે નાજાંમાય ડઘાઇ ગઇ—"શું—શું તમે—તમે એની સાથ પરણવાનો વીચાર રાખોછ ?"

"શું આપરા વચ્ચે એક વખત કંઈ ચોક્કસ નાપસંદ ગોઠવણુની વાત થઈ હતી તેથી તમે ગમે તે બોલવાથી છુટ રાખોછ? પણ તમારી ભુલ છે. તમારે ઓરત જાતનો દરજ્જો રાખવો જોઈએ મેં એક ગ્રહસ્થ તરીકે ઘણું સાંભળયું પણ તમે ઓરત જાતને છાજતો જીભ ઉપર કાબુ રાખતાં નથી."

અહીં નાજામાંય જરા પાછાં લઠડયાં. દીનશા ગમ દયામણું મોહ કરી બોલ્યાં "પણ દોનશા મારી ઉપર એટલા બધા ખફા કાંય? ફરેસ્તાબી એક ગુનાહ માફ કરે. તમે જોતા નાહીં કે બધાં સરકલમાં હું કેવી માનીતી છઉં? મારી પુઠેપુઠ કેટલા સારા સારા છોકરાઓ ફરેછ પણ હું તેઓને મચક આપતી નથી."

"ઘણી ભુલ કીધી!"

"હા—મારા દીલમાં બરાબર ઉતરશે તેને હું ના કેહેવાની નથી."

"જેમ તમારી મરજી, પણ એવાં બીજ વરના લગન ખોદાને બાર પસંદ હોય એવું મારૂં મત નથી."

"ખરૂં—પહેલાં લગન સુખી હોય તે પછી બીજી વાર ઝુસરીમાં જોડાવનારા બરાબર નથી પણ મારાં-ઓ દીનશા મેં જે ભયંકર ભુલ કીધી તે સારૂં મેં શું ખમયું છે તે તમુને શું કેહુ. અભાગ્યો ડોસુબા!—

"બસ કરો—ખોદાને ખાતર બસ કરો—મારે તે વીશે કશું સાંભળવું નથી. પોતાનો બચાવ કરવા તે હાજર નથી. પરણુતી વખતે તમે તેની કેવી સારા ગામમાં તારીફ કરતાં હતાં તે મને બરાબર યાદ છે."

"મારા ગરવા દીનશા—મેં તે વખત તારી સાથે જે ચાલ ચલાવી તે વાસ્તે હું ખરાં જીગરથી પસતાઉં છ. મારી શાદી પછી મેં જોયું કે તમારૂં મોહોડું ઉતરી ગયું હતું."

"જા, બાઇ જા, તું શું બોલેછ તેનું ઠેકાણું નથી. હું ધારૂં છ કે તું મારી ઠેકડી કરેછ. તારો જીવ વધારે ઠરકો હશે તારે આપરે બીજી વાત કરશું—સાહેબજી."

પ્રકરણ ૭ મું.

જેમ તેમ મહા મુસીબતે સર દીનશા પેલી નાજા માય એહનવાળીની કાસળ પતાવી તેણીની હાજરીમાંથી છટકયો ખરો—પણ તેનો જીવ હવે બેતાબ મારી ગયલો હતો. તે સારી પેઠે સમજતો હતો કે આ ઓરત તેને મીઠાં શબ્દોથી છાપડે ચહડાવવા માંગતી હતી. પણ તોબી માણુસજાતની પ્રકૃતી છે કે લગાર મસકાબાજી નાપસંદ તો હોય નહીં. દીનશાનો ઉસ્કેરાયલો જીવ જરા ઠંડો પડયો એમ આપરે કબુલ કરવું પડશે. તેને જરા હવે એમ લાગ્યું કે એક બાઈ માણુસ તરફ જેટલી સભ્યતા વાપરવી જોઇએ તેટલી તેને આ બાબદમાં દેખાડી ન હતી. તેણીએ જયારે સુચના કરી કે હવે ગઇગુજરી વીસારી મુકવી જોઇએ ત્યારે તે સુચના માની રાખવી હતી. હવેજ દીનશાને ભાન આવ્યું કે વાત કરતી વેળા નાજાં-માય ઘણી ઉસ્કેરાયલી હતી. તેના મોહ ઉપર રતાશ ચહડી આવ્યો હતો.

દીનશા કાંઇ બોલ્યો નહીં—પણ અંદરખાનેથી તેને કાંઇ અજબ વટવટો લાગ્યા કીધો. તેને દયા આવી હોય કે કાંઇ બીજી લાગણી બરપા થઈ હોય તે આપણે કહી શકતા નથી.

સ્ટીમર કોલંબો છોડીને આગળ ચાલી. અલબતાં પાસીનજરોમાં જેટલી લેડીઓ હતી તેઓ વચ્ચે સારી ઓળખાણ પડી હતી. મોટો ભાગ વીહ્લુ સાથ હોસતી પાડવાને રાજી દેખાતી. માત્ર એડનવાળી બાઇના પેટમાં ભારી અભરામજી હતા. દીનશા આગળ પોતાનો ભરમ ખુલ્લો કરવા પછી નાજાંમાય અજબ રીતે નીરાશ થયલી દીસતી હતી. કોઇ સાથ મળવા ભેટવા વગર તે કંઈ જુના પુરાણા ચોપાનયાં આમ તેમ ઉઠલાવ્યા કરતી હતી. દીનશા સામેથી આવતો જણાય તો તે મોહોડું ફેરવી નાખતી. સારાંસ કે મામલો ફેરવાઇજ ગયો હતો. તે જાણે હવે દીનશાને દાઠું આપવા નહીં માગતી હોય તેવો સઘળો દેખાવ હતો. દીનશા પોતે એ ફેરફારથી મનમાં અજબ થતો હતો. બે ચાર વાર તેણે અસેમસે વાત કરવાની તજવીજ કીધી જાણે એમ દેખાડવા માગતો હોય કે તેઓ વચે થયલી વાતચીત તે તદન હસવા મશકરીમાં ગણતો હતો—પણ નાજાંમાય તરફથી કશો ઉતર નહીં મળવાથી તે બચારો શું કરે? એટલું ઠીક હતું કે બીજાં બધાં આ ઢીંગલી ગુરીઆનો નાટક પામી જઇને પાછળથી ખુબ હસતાં હતાં તે દીનશાના જોવામાં આવતું ન હતું.

૧૬

દીનશા બધી વાતે ગ્રહસ્થ હતો—પણ જરા પોતાના દરજજામાંજ રેહતો હતો. ઝાઝું કોઈ સાથ ભેળાય નહીં કે કોઈ સાથ ભાઈબંધી કરે નહીં એટલે પાસીનજરો માંહેના વાનીઆઓ તેને અકકડ ડું યાને ઈચમજી સમજતા હતા. પેહલી બારીમાં બાઈ માણુસો તેનાં સાથ હસી હસીને ભેળાવાની તજવીજ કરતી હતી—પણ તેના ટુંકાટચ જવાબ અને ખભરાયલો સ્વભાવ જોઇને હવે તેની ઠેકડી કરવા માંડી હતી.

પણુ તેની દીનશાને ભલ ફકર હતી. કોઈ તેની દરકાર કરતું નહીં તો તે કોઇની ગમ ઝાંખીને જોતો નહીં હતો. પણ ત્યારે નાજાંમાયનું એમ કેમ? એમ કે પોતે દીનશા આગળ હલકી પડી તે માટે અંદરખાનેથી બહુ ખીજાઈ હતી. પણ હવે તેણીએ પોતાનો વીચાર ફેરવ્યો કે શું? જરાબી નહીં તે તો દીનશાને વધારે મજબુતીથી જકડવાનો તાગડો રચતી હતી. જરા કોઠું નહીં આપશું તો પોતાની મેલે પગે લાગતો આવશે એવી તેની ગણત્રી અથવા આશા હતી. તેણીએ પોતાના જીવ સાથ સોગંદ ખાધા હતા કે "કંઈબી કરીને આ પારસીને પાછો પકડું તોજ હું નાજાંમાય એડનવાળી ખરી. જો મારા સપાટામાં નહીં આવે તો બલા લેતી—પણ આએ માંજરી ચીનાઈ બીલાડીનું તો જરૂર ધાન ભાજ્યું."

બચારો ભોલો સાદો દીનશા સ્ત્રી જાતી ચરીત્ર તે શું સમજે. નાજાંમાયનો નખાયલો ચેહરો જોઈને તેને

દયા આવતી હતી. તે ઉઠીને પાસે ગયો. નાજાંમાય જાણે વાંચવામાં કેવાંક મશગુલ હોય તેમ ચોપાનીઆંમાં ડોકું રાખીજ મુકયું.

"નાજાંમાય, શું છે? બે ચાર દાહાડા થયા તમારી તબીયત સારી હોય તેમ લાગતું નથી. અલબત આએ ગરમીથી હેરાનગતા થતી હશે."

"જી, હં, શું કહ્યું? મેં કંઈ સાંભળયું નહીં. મારૂં ધ્યાન વાંચવામાં ઉતું."

"હું પુછુંછ કે તમારા જીવને ઠીક તો છે કેની—મને લાગ્યું કે આય ગરમી તમુને હેરાન કરતી હોશે."

"તમારી મેહેરબાની થઈ—પણ ખરી ખંખારી ને કેહોની કે હું એબલગામણી લાગુંછ?"

"મેં કહાં એમ કહ્યું? તમારો રંગરૂપ તો અસલના જેવુંજ છે."

"ઓહો—હું ઘણી નસીબવાળી. તારે તમારી નજરમાં હજુબી મારૂં રંગ રૂપ છે ખરૂ?"

"મેં કોઇ દહાડે તે વાત ના પાડીજ નથી. જે રૂપાળું હોય તે રૂપાળુંજ કહેવાય."

"ખરી વાત છે. આએ સફર શરૂ થઈ તાંહાં સુધી એ ખરી વાત હતી પણ બીજા ચેહરા સામે આવીને ઉભા કે હું સેકંડ કલાસમાં આવી પડી."

"એમ સમજવામાં તમારી ભુલ છે. હું તો જેવો હતો તેવોજ હમણાબી છેઉં."

"ચાલો એટલુંબી ગનીમત. આવી ગરમીમાં એવી તકરાર કીધામાં કંઈ સાર નહીં. વધારે ઠંડક થશે તારે એક બીજાના વીચાર વધારે સમજમાં આવશે. હું જાણું છ કે તમે 'ડીનર'ના ઘંટની કાંય કાગને ડોળે વાટ જુઓછ- તમારો જીવ કાંઇ ભરાયલો છે તે હું એક આંખ બંધ કરીને જોઈ શકું છ."

"બોલો માય, તમારે ગમે તે બોલો. તમારા આ ન છાજતા અણુકા મને જરાબી નારાજ કરતા નથી."

આહ ! એકાએક દીનશા ચમકીને ખડો બેઠો. નાજાં ફરીને જોય છે તો વીલ્લુ ડેક ઉપર આવી હતી અને એક બીજા જુવાન પારસી સાથ જાણે કેટલાં વરસની ઓળખાણ હોય તેમ હસી હસીને વાત કરતી હતી. આએ જુવાન ગ્રહસ્થબી વીલ્લુ ગમ ઇંતેજાર આંખોથી ટીકયા કરતો હતો.

હવે પાછા નાજાંમાયને ચટકો મારવાનો લાગ આવ્યો. "દીનશાજી તમે તમારી છોકરીઓને તપાસવા સારૂ બીજી સેંકડ નરસ રાખોછ કે?"

દીનશાના ચેહરાનું વરણન કરવાની જરૂર નથી. "હું પણ હઈડું ઠકાણે રાખીને તેણે જવાબ દીધો. "હું આશા રાખતો હતો કે હવે તમારી કાહલી સડેલી મશકરીનો છેડો આયો હશે."

"જરા ધીરા પડો એમ બાઈ માણુસને ભખો શું ખાઓછ ? જો તમુને અદેખાઈ લાગતા હોય તો તે તમારા

પેટમાંજ રાખવી જોઇયે. એમ આપરી નબળાઈ જગને દેખાડી નહીં દઇયે.”

“અદેખાઇ! શાની અદેખાઈ? કોણુની અદેખાઇ?”

“જી, હવે તમે એમ છેક કાંગલા કુંગલા ના થાઓ. આએ તમારી શોભતી ચીનાઈ ચાંઉ ચાંઉની પુઠેપુઠ આએ એરચશા ભમેછ તે તમારેથી સંખાતું નથી.”

“એમ કે? તમારી ચતુરાઈ તમુને મુબારક. હું તો [illegible]તો નથી.”

“[illegible]થી જુવો. તમારે મનથી એ પોરી મોટી બેહેસ્તની [illegible] હોશે પણ મારે મનથી તો ઉજરી બીલાડી [illegible]છ.”

દીનશા મુગો મંતર ઉભો—પણ નાજામાય કાંઇ [illegible]ગી રેહ!

“[illegible]માં તો સમજયા પણ સુધલોબી નહીં મળે [illegible] તો જરા સ્ટુપીડ લાગોછ.”

[illegible]ી દીનશા ચુપજ રહયો.

“કેમ હસીને બોલોની. એમ મુદઈ મુગા કે દહાડેથી થઇ ગીયા?”

“પણ તમારી તો જબાં ચાલેછની?”

“એ ખોદાય, વળી તમારો મીજાસ ચસકીઓછ. એ તમારી જુની પુરાણી ચાલ હું કાંહાં નથી જાણુતી.”

"એમ છે ને તમે આટલાં બધાં હુશીઆર છેઓ તારે તમે તમારી હુશીઆરીમાં મુગાંજ કેમ રહેતાં નથી?"

અહીં પાછાં આપણાં શેઠાણી પુતલીબાઈ નડવા આવ્યાં.

"કેમ બા દીનશાજી, તમે નાજાંમાય સાથ વળી પાછું વહેંચી લેઓછ કે?"

નાજાંમાય ખભરીને કડવું મોંહ કરીને બોલ્યાં "આએ ચદનચાઉં છોકરીથી તો હાથ જોડયા!"

પણ પુતલી તો ખરેખર વીજોડું લેવાજ આવી હતી. નાજાંમાયને કોઠું આપવા વગર દીનશા ગમ ફરીને બોલી "તમે જાણોછ કે, આજે ડીનર પછી ડેક ઉપર બધાં નાસોગોસો રમવાના છે. હું તમારી બીલ્લુ થવશ દીનશાભાઇ, ને વીલ્લુ એરચશાની બીલ્લુ થવાની છે."

નાજાંમાય બોલ્યાં "એ વળી કોણે અકકલ ખરચી નાખી. આવી ગરમીમાં આવી ઢીંગામસ્તી કંઈ હોય?"

"એ તો અમે છોકરી છોકરીઓની રમુજ છે. એમાં ડોસાંડગરાંઓનું કામ નથી. દીનશાજીને તો અમે સાથે કીધા છે કારણ કે એવણ વગર અમુને ચાલે નહીં."

નાજાંમાને કોઈએ પુછયું ન હતું અને તેવણ છત્રીસ વરસના હતાં એટલે ડોસાંડગરાંની સંઘમાં ગણાયાં એવા વીચારથી તેવણનું પાકીને પોળો થઈ ગયું. તેવણ ઘણીજ નાખુશીથી બોલ્યાં—

"છોકરી, તારામાં જરાબી સકાર કે સલુક નથી. હું ધારૂંછ કે તારી બચગી બધી ચીનમાંજ પસાર થયલી એટલે તુંને કોઇએ રીતભાત શીખવીજ નથી."

પુતલીએ જવાબ દીધો "અરે હારે મમાઈજી, છેલ્લાં પાંચ છ દહાડા થયાજ તમુને જોઇ જોઇને છરી કાંટ એ ખાવા શીખીછ, બાકી અગાઉ તો આંગળી આંગળીએ ખીર ચાટતીતી. ને કપડાં કેમ પહેરવા તેબી હું હમણાજ શીખી. ઘેરમાં તો અત્યાર સુધી હું ઝભલાં ઉપર ઉંઘાડે પગે દોડતીતી!—કેમ દીનશાજી બોલ્યા નહીં?"

"બસ કર, પુતલાંમાય" દીનશા જેમ જેમ પોતાનું હસવું થોભાવીને બોલ્યો " તમે જોતાં નહીં કે તમારી લાંબી ટુંકી જબાંથી આએ બાઇ કેવાં નાખુશ થાયછ? પંદર વરસની છોકરીને અમથું ઝભલું શું ને ઉંઘાડા પગ શું? એમ નહીં બોલીએ."

"કાંય નહીં બોલીએ! ઉંઘાડા પગમાં શું શરમ છે. એમ તો આએ બાઈ રાતના જે ઘો કટના બોડીસ પહેરીને ટેબલપર આવેછ તે—"

આહીં નાજાંમાયથી વધારે ટકાયું નહીં. તેવણુ ખુરસીને હડસેલો મારીને ત્યાંથી ચાલી ગયાં. તુરત તેવણુની ખાલી ખુરસી ઉપર પુતલી બેસી ગઈ અને પેટ પકડીને ખડખડ હસવા પડી.

"હું—કેવી ડોશીને નસાડી! હવે એક કલાક સુધીની પીડા પતી! પણ દીનશાભાઈ, હું પુછું કે તમે એની સાથ વાત કરોછજ શું કામ? હું જાણુંછ કે એ તમુને ગમતી નથી ને જારે હોયછ તારે તમુને ફફડાવેછ."

"તમે કેમ જાણ્યું?"

101

"તારે ગળાપર હાથ મુકીને કહાંની કે તમુને એવણ ગમેંછે"?

"પણ તમારે એ જાણીને કરવુંછે શું ? એક બાઈની બાબદમાં બીજી બાઈ સાથ તકરાર કરવી એ એક જાતની નીંદા કહેવાય."

"હુ રે—હીપ હીપ હુરરે તમે બોલ્યા ને મેં માન્યું કે"

"વારૂં જરા સીધાં તો બેસો નહીં તો ખુરશી ઉછલાઈ જશે."

"ઉછલાઇ જશે, તો મને વાગશે. પણ દીનશા ભાઈ તમે એટલુંબી જોતા નહીં કે આએ ડોશી માથાથી તે પગ સુધી લપેટાચપેટા કરીને આવેછે ?"

"હાશે, તેમાં આપુને શું ?"

"જરા સહવારના એવણ ડરેસ કરીને બહાર આવે તે અગાઉ એવણને પાછાં જોવા મને ઘણુંજ ગમેછે ? તમે જોવ તો—"

"મારે એવણને સહવારના જોવાની ગરજ નથી. તમારા જોવામાં એ કેમ આયું ?"

"હું એક દાહાડે સહવારના જાણી જોઇને સકારી ઉઠી ને જાણે કેબીન ચુકી હોઉં તેમ એવણનું બારણું ઉંઘાડીને જોયું. અરે માયરે, કેવા ખુબસુરત લાગતાંતાં, જાણે નરા પોતાના મમાઈ બપાઇ !"

"હાય, ઘણાખરાં બઈરાં લોક સહવારના પોહોરમાં જરા એમજ લાગે !"

"કંઈબી નહીં હું ને વીલ્લુ તો ઉલટા ડરેસ કીધા અગાઉ હીરા જેવાં લાગીએછ. અમારા બાલ છુટ્ટા હોય. તારે અમુને જુવો તે–"

"વારૂં ભલે, ભલે–હવે બસ કરો" પણ આ વાર દીનશાને ગીલી ગીલી લાગતી હતી. પુતલીએ પોતાનું વરણન ચાલુજ રાખયું.

"જોની બા, ગમે તે હોય પણ અમારા દાંત ને અમારા બાલ અમારા પોતાના છે. અમે કંઇ આએ નાજાંમાયની કાની અમોરામાં મેલી સાડીનો ડુચો ખોસતાં નથી ને કાળી કોસમેટીક પેનસીલથી ભવાં રંગતાં નથી."

"તે મને કેહવાની કંઇ જરૂર નથી. એ બધાંનું કામ પડે તે અગાઉ બીજા ત્રીસ ચાળીસ વરસ વહી–જવાં જોઈએ."

અત્રે વાતે જરા બે ત્રણ મીનીટ દમ ખાધો પણ વળી પાછી પુતલી ઉખડી.

"આએ મી૦ એરચશાહ કોલંબોથી ચાહડયા તેવણ વીશે તમે શું ધારોછ ?"

"મેં કાંઇ ધારયું બી નથી ને ધારવા માંગતોબી નથી."

"મને તો લાગેછ કે એવણ કાકા વીલ્લુ ઉપર ઘણા ખુશ છે."

"હાયજી, એતો કુદરતી છે."

"તારે તમેબી મારી બેહેન ઉપર ખુશ છેઓ કેની?"

"હું ધારૂંછ કે કોઇબી માટીડો એવી બાનુ ઉપર નાખુશ નહીં હોય."

"પણ બધા માટીડાને કાંહાં હાળદાધીમાં નાખોછ. તમે તમારી પોતાની વાત કરોની. મારી બેહેન તમારા વીચાર પરમાણે રૂપવંતી છે કે નહીં ?"

"હા એ ઘણી રૂપવંતી ને ગુણવંતી છે."

"ઓહો! મોટા બાં, તારે તમેબી બારી બારી આંખે જોતા ફરોછ ખરાહ."

"ખોદાયે આંખ આપીછ તો કાંય નહીં જોઇયે ?"

"ઉંહ! તમારી સાથ કોઈ 'લવ'માં પડે તો ફાસી ખગ જાય એ વીશે મને ઘણો શક છે."

"પણ કાંય, એમ કાંય ?"

"કારણ કે મને લાગેછ, કે તમે અદેખા, ને હરકંડા ને જુલમગાર નીવડે? એવી બધી નીશાનો છે તમારી સાથ પરણવા અગાઉ હું તો બા દસવાર વીચાર કરૂં."

"પણ સમજો કે હું પરણવા માંગું તો!"

"તો ? હું ઇચ્છુંછ કે તમે મારી સાથ કામ પાડી જુઓ. ઓ માઈ! તમુને તો મારી હથેલી ઉપર નચાઉં."

દીનશા મુછમાં હસતો મુંગોજ બેઠો. આ નીરદોશ પણ ચોરીયાંમાર દુકતી સાથે તે શું તકરારબી કરે! પણ પુટલીએજ પાછું શરૂ કીધું—

"પણ દીનશાજી, બધી વાત રહેવા દેઓ. મારી વીલ્લુ એરચશા સાથ પરણી જાય તો તમુને ગમે કે?"

"પણ તેવો કાંઈ મામલો છે?"

"કેમ કેહવાય—જો તમુને મારી વાતમાં સવાદ નહીં લાગતો હોય તો હું ઉઠી જાઉં. જો તમે મારી બેહેન ઉપર ખુશ હોવ તો હું બોલું–મને તો લાગેછ કે તમે વીલ્લુ ઉપર ઘણુાજ ઘણુાજ મોહી પડયાછ."

"અરે–પુતલી—પુતલી–તારા જેવી ચબ્બાવાળી છોકરી કોઇ દાહાડે જોઇબી નથી. તારી જબાં ચાલેછ કે કાતર પણ મારી એટલી તો ખાતરી થઈછ કે એક વાત જો તારી પસંદગીની હોય તો તું સાચ્ચી દોસ્ત નીવડે."

"હાવે! હાજી, મને અજમાવી જુઓ. જો કોઈ મારી ઉપર વીસ્વાસ રાખે ને મને પોતાની ખરી વાત કેહ તો હું દોસ્ત ને મને ઉડાવે તો સાત પાણીએ ધોયલી દુસમન—સમજીયાજી!"

"હા. મોટાંમાયજી, બરાબર સમજીયો."

"મારાં દીલની ખરી વાત કેહું? વીલ્લુ એરચશાનો હાથ ધરે તે કરતાં તમારો હાથ ધરે તે હું વધારે પસંદ કરૂં."

"ઉંહ હું—કાંય વારૂં ?"

"પેહલાં તો તમે વધારે દેખાવલા છેઓ. બીજું તો મારી બેહેન લેડી દીનશા થાય. ને ત્રીજું તો અમે મોટર ને જોડીની ગાડી ફડકાવ્યે."

આ વાર દીનશાનો ચેહરો જોવાજોગ હતો.

"બીજું સાંભળો તમારામાં ઘણી ખામીઓ [illegible] [illegible] તમે ઘણાં 'નાઇસ' છેઓ."

"ચાલો બસ કરો, પુતલીબાઇ, મને ઘણો છાપરે ચહડાવશો તો મારૂં ભેજું ચક્રાશી જશે."

"ને જરા તમારાં સ્વભાવમાં સુધારો બી થશે. તમારે તો હવે પરણવુંજ જોઇએ. તમે એમ જયારે ત્યારે [illegible]વામાં તોડાઓ તે તમારાં એકલ ડોકલ જીવનું પરીણામ છે."

"[illegible], તેમબી હોય."

"[illegible] નરવસ છેઓ કે ?"

"નહીં, કંઇબી નહીં,—એમ પુછવાનું કાંઈ કારણ?"

"કાંય જે હમણા તમારા હાથ ધ્રુજેછ."

"પુત[illegible], સારૂં છ કે તમે બારીસટર નથી. નહીં તો ઉલટપાલટ સાથીને તપાસવામાં તમારી જોડી નહીં મળતે."

"ઓહ, એમાં શું ! હું મારી આંખો હમેશ ખુલ્લી રાખીને ફરૂંછ ને બધા લોકના ચેનચાળા સમજુંછું."

"તે હું માનુછ."

"તારે તમે મને પુછતા કાંય નહીં કે પીલ્લુ તમુને ચાહેછ કે નહીં."

દીનશા ઉઠીને ઉભા થયો !" "કારણ કે તમારી બેહેનને સારૂં તમારા કરતાં મને વધારે 'રીસપેક્ટ' છે ને બીજું તો એવી બાબદમાં મને 'સેકંડહેંડ' ખબર જોઇતી નથી. ચાલો સાહેબજી."

પુતલીની આંખમાં આંસુ આવી ગયાં. તે ખશીયાણી પડી ને નીચે કેબીનમાં દોડી અને બારણું માંહેથી બંધ કરીને ઝાર ઝાર રડી.

જ્યા વારે વીલ્લુએ આવીને બારણું ઠોકયું, પણ પુતલીએ ફફડીને જવાબ આપ્યો કે "મારૂં માથું દુખેછ ને હું સુતેલી છેઉં."

"પીપી ? ડીયર, હવડાં ડીનરનો ઘંટ થશે."

"હું ખાવા આવવાની નથી."

"પુતલી, મારી વહાલી પીપી, તારો સાદ રડવાના જેવો આવેછ."

"હા, તેમાં તારે શું ? મારે ગમશે તો રડશ કે ગમશે તો નાચશ—તમે તમારે મારે બદલે ખાજો. મને

ઉંઘ આવેછ, ને મને ભુખ નથી. મને કંટાળો ના આપો બસ જાઓ."

• • • •

કરાંચી પહોંચવાને ત્રણ દહાડા બાકી છે. છેલ્લી ખટપટ થવા પછી પુતલી દીનશા સાથે ઉંચે મોહાડેજ હતી. પણ તેમ કેટલા દહાડા ચાલે ? સફરને હવે થોડા કલાક બાકી છે તેટલાં તેનો રોસ ઉતરી ગયો ને જાણે કશામાં હોય નહીં તેમ દીનશા સાથ હસીને વાત કરવા માંડી.

ડીનર ખલાસ થયું હતું. ડેક ઉપર એક બાજુએ વીલ્લુ, પુતલી, એરચશા અને બીજાં બે ત્રણ જણા ગુચડું વળીને વાતે બેઠાં હતાં. નાજાંમાયને કોઇએ બોલાવ્યાં નહીં એટલે ખભરીને આઘેથી એક ખુરસી ઉપર બેઠા હતાં. તેવણે આજે રાતના લીલી ચટક જેવી રૂપેરી દોરીઓ ભરેલી સાડી પેહરી હતી. તેવણની પાસે એક ઘરડો પારસી બેસીને ડાહી ડાહી વાતો કરતો. આ ધણી સુમારે સાઠેક વરસનો હશે. પણ ખરૂં કહી દેવામાં પાપ નથી. તેવણ કોલંબોથી સ્ટીમર ઉપર ચહડયા હતા. આગલી બે મોહોરદારોને તો પહોંચાડી આવ્યા હતા અને હવે નાજાંમાય ઉપર ઓઢરાઈ પંથરા[illegible] હતા. તેવણ કોઈ સ્કુલના હેડ માસ્તર હતા પણ પોતાને "પ્રોફેસર" કેહવાડતા હતા.

દીનશા મુંગો મુંગો લટાર મારતો હતો. પુતલીએ તેને પોતાની મંડળીમાં સામેલ થવા બોલાવ્યો પણ

“આફ્રિં છ.” એટલું બોલીને તેણે લટાર મારવાનું ચાલુંજ રાખ્યું. ચૂપ થઇને બેઠેલાં વખત ગાળવા કાંઈ ગમતમાં સામેલ થનાર હતાં. પણ દીનશાએ કાંઇ મચક આપી નહીં.

એરચશાહે ટકોર કરવા માંડી. “જાનત્તર છિડાયલું છે, અખાડા કરો. બરમાહના થીબા રાજાનું ડીનર જરીએ નથી. માણુસ ઉંમરે પુગે તારે હુધીની કાની ચગરવું નહીં જોઇયે. પેલી ઇરચમજી નાજાને જોઈ કે? કેવી ઠઠેરા કરી આવીછ. ચલક ઝલક એવી તો કરી આવીછ કે જાણે અબઘડી આસમાન પર ઉડી જશે. મને તો લાગેછ કે આપરા કીંગ થીબા (દીનશા) ને સીસામાં ઉતરવાનો બધો નાટક છે.”

પુતલી બોલી પડી, “ગરીબ બીચારી નાજુબાબા! હાકટમાં કાંય પોતાના વરસ વેચતી હોશે?”

અહીં વાત ત્યાંજ અટકી. મંડળમાંના એક બાનુએ દરખાસ્ત કરી કે “ચાલો આપરે આપરાં ઉખ્યાણા પર આવીએ. મારા મનના કાંઈ છે તે પારખો જોઈયે?”

“કાંઇ તરકારી છે?” એરચે પેહલી તરક બાંધી.

“નહી.”

“કંઇ ધાતુ છે?”

પુતલીની વારી આવી “નહીં—પણ ધાતુના જેવી કઠણ છે.”

“તારે કોઈ જાનવર છે?” એક બીજી બાનુએ અકલ દોડાવી–”

"જાનવર તો નથી-પણ જીવતું છે.

"તે ચીજ ઘણી મોહોટી છે ?"

"નહીં હાથમાં સમાય એટલી છે."

"ઉંચકી શકાય એવી ચીજ છે ?"

"નહીં હાથબી નહીં લગડાય"

"ઉપયોગી છે ?"

"બધાંને નહીં, પણ તેના માલીકને મનથી કીંમતી છે."

"તેનો માલેક આય આગબોટ ઉપર છે ?" પુતલીએ વળી પાછી તરફ મારી જોઇ.

જવાબ મલ્યો "હા છે."

"તારે એ ચીજ ખુદ સ્ટીમર ઉપર છે ?"-

"અલબત."

"તે કંઈ ખાવાની ચીજ છે ?"-

"નહીં."

"કંઈ પેહરવાની ચીજ છે ?"-

"નહીં."

"આપરે તે ચીજ નજરે જોઇ શકયેછ ?"

"નહીં."

અહીં પુતલી બોલી ઉઠી “મેં પારખ્યું–માણસનુ હારટ—જીગર.”

“બરાબર છે—મારાબી મનમાં તેજ હતું. એ મારા જીગરને વાસતે બધી ગરબડ હતી.” એરચશાહે ઓરંગો ધુમાવ્યો.

પુતલીએ અહીં વળી પાછો છબરડો કીધો “બેસી રહો, તમારાં જીગરને શું ઉકાળીને પીજીએ. એતો ડીનશાના “હારટ”ની વાત છે.”

બધાં ખડખડાટ હસી પડયાં. પોતાનું નામ સાંભળીને ડીનશા આ ટોળી આગળ આવ્યો.

“કાંઈ મને બોલાવ્યો?”

એરચશાહે જવાબ દીધો. “નહીં–અમે તો ધારેલી ચીજ પારખવાનો દાવ રમતાં હતાં. ને તેમાં પુતલીબાઈ જીત્યાં.”

“પુતલીબાઇ, હું તમુને મુબારકબાદી આપું છ–પણ જે ઇનામ જીત્યાં તેમાં કાંઇ દમ જવું હતું કે?”

“અરે ઘણો દમ ઉતો—એ તો તમારૂં ‘હારટ’ જીતાયું.” આ શબ્દો સાંભળી ડીનશા ત્યાંથી પાછો ચાલી ગયો.

એરચશાહે ઠેકડી કરવા માંડી. “ઓ! થીબા પાદશાહનો શું ભપકો છે. કેવા નસકોરૂં ચહડાડીને ચાલી ગીઆ. પુતલીમાય, તમે તો ચાટ પડી ગયાં.”

અહીં વીન્નુ ઘણી નાખુશ ચેહરે ઉઠી અને ડેકના એક ઓજપવાળા ભાગમાં જઇને બેઠી. થોડી મીનીટ ગઇ હશે એટલામાં દીનશાહજી ત્યાં હળવે હળવે ચાલી આવ્યા અને બીજી ખુરશી ઉપર બેઠા.

પ્રકરણ—૮ મું.

પેલા સ્ટુપીડ 'પ્રોફેસર'ની 'વલ્ગર' ઠઠ્ઠામશકરીથી કચડાઇને વીન્નુ સઘળાં મેજરાંથી વીખુટી પડીને સ્ટીમરની ડેકના એક એકાંત ભાગમાં જઇ બેઠી તે આપણે આગલા પ્રકરણમાં જોઈ ગયા છીયે. થોડાજ વખતમાં દીનશાજી ત્યાં ચાલી આવ્યો—

"કેમ વીન્નુમાય, તમારી મંડળી ને મુકીને આવતાં કાંય રહયાં ?"

"હું તો અમથી બેઠી હતી. એ લોકની ગમતમાં મેં કાંઈ ભાગ લીધો નહીં હતો. તમારે પુતલી ઉપર એટલા સારૂં નાખુશ થવું નહીં જોઇયે. આખર કરેને નાદાન બચ્ચું છે."

"તમારે તેનો બચાવ કરવાની કસી જરૂર નહીં હતી. એ પોતે પોતા તરફથી જવાબ આપવાને પુરતી ચબરાક છે. હું રાજી થાઉં કે નારાજી થાઉં તેની એને ભલ ફકર છે—પણ હું પુછું કે જયારે હોય ત્યારે તમે એની તરફથી બોલવા કાંય નીકળી પડોછ ?"

"કારણ કે—"

"કારણ કે શું ?"

"તમે વળી પાછા આજે તમારા ખભરેલા મ્હુડામાં છેઓ તમારો એ ઘડી ઘડીનો ફાંટો મને સમજ પડતો નથી. કોઈ વખત કેવા હસતા રમતા ને રંગુજી દેખાવોછ ને કોઇ વખત આકળા ભુત થઇ જાઓછ."

"અરે કમનસીબ હું ! મારી આટલી પરીક્ષા પછી તમે વધારે જુવાન પુરૂશોની કંપની પસંદ કરો તેનું કારણ હવે હું સમજુયોછ. કે હાહાડાઓથી તમે મને આકળો ભુત જોવા લાગાં ?"

"કદાચ એ બોલો વાપરવામાં મેં છુટ લીધી તે સારૂં માફ માગુંછ. પણ તમે હમણા બોલ્યા કે હું જુવાન પુરૂશોની કુંપની પસંદ કરૂંછ તે શબદોની મતલબ શું ?"

"મારી મતલબ તમે સારી પેઠે સમજોછ. પણ મને તેની શી પરવાહ છે ? તમારે ગમે તે કંપની પસંદ કરોની. તમે એક સ્કુલની છોકરી જેવાં છેઓ, તમારામાં લાગણી જેવું કંઇ નથી."

કોણ જાણે શા કારણથી વીલ્લુ અશીયાણી પડી ગઈ. આ ઠેકાણે પુતલી હતે તો એકના ચાર જવાબ આપીને ઉભી રેહતે—પણ ગરીબ ગરવી વીલ્લુની તબીયત જુદીજ તરાંહની હતી. તે કરગરીને બોલી—

"મારૂં બોલેલું તમુને ગમ્યું નહીં. ખરેખર, મારે એમ બોલવું નહીં હતું. હું દલગીર છું. આજે મારા જીવને ઠીક નથી."

113

"ને મારા પણ તેવાજ હાલ છે. એટલે આપરો હીસાબ ચુકતે થયો."

"મેં જોયું કે આજે તમારૂં માથું દુખેછ."

"હા, તમે કેમ જાણ્યું ?"

"તમારી ગમ મારી નજર ઉતી ને મેં જોયું તમે ઘડી ઘડી માથુ ચાંપ્યા કરતા'તા."

"ચીંતા નહીં-પણ હું પુછુ કે આએ જુવાન એરચશાહની વાતચીત તમુને કેવી લાગેછ ?"

કમભાયગે આ અસાધારણ સવાલ સાંભળીને વીલ્લુના ચેહેરા ઉપર રતાશ ચહડી આવ્યો પણ તે ઠાવકું મોંહ રાખીને બોલી "હા મને બધી રીતે મનપસંદ માણુસ લાગેછ."

"પણ તમે એની આગલી પાછલી કંઈ જાણતા તો નહીં હોવ ?"

"નહીં, પણ તેમ તમારીબી આગલી પાછલી અમે શું જાણીએછ."

ગરીબ બચારો દીનશા—હવે શું જવાબ આપે ? થોડોવાર કપાળે હાથ રાખી મુકીને આખરે તે હીંમત પકડી બોલ્યો.

"હા—બાઈ તમે કેહોછ તેબી ખરૂં પણ તે સારૂં આપરે બે જને મારામારી શા સારૂ કરવી જોઇએ ?"

[redacted] મારામારી કરેછ ? હું તો કંઇ જાણતી નથી–મેં મારા જન્મમાં કોઈ સાથ વહેંચી લીધું નથી."

"કોઈ દાહાડે નહીં ? પુતલી સાથેબી નહીં ?"

"ખચીતજ નહીં. એ તો મારી દીકરી જેવી છે. માયજીના ગુજરવા પછી હું એનાં માયની જગા રાખુંછ. માયજી મરતી વખત મને ફરજ આપી ગીયાંછ કે મારા સુખને સંગવડને એક બાજુ મુકી પુતલીને ગમે તે મુશકેલીમાંથી સમાવવા એવણુના બોલ મને બરાબર યાદ છે કે "પુતલી પહેલી ને તું પછી."

આ વાત દીનશાને ગળે ઉતરી નહીં. તે વેળા પાછો બોલ્યો "પણ તમે આવી જોખમદારી માથે લીધામાં જરા નાહાની કીધી એમ તમે નહીં ધારતાં ?"

"હા તેમબી ખરૂં પણ માયજી એવા કરગરયાં કે જો હું ના કેહેતે તો તેવણુ મરતી વખત ગુંમાઇ જતે, તેથી મે આતશ ઉપર સોગંદ લીધા."

"વારૂં, એ વાત પુતલીબાઇ જાણેછ કે ?"

"ઓ નારે !"

"વારૂં એટલું તે ગનીમત છે. કાંય જે જાંહાં સુધી હું જોઉંછ તાહાં સુધી પુતલી આએ કબુલાતનો સોએસે ટકા લાભ લે એવી છે."

"મારી લાડકી પુતલી–દીનશાજી તમે એ બીચારી ઉપર જરા સખત દીલના છેઓ. એ તો મારી આંખની કીકી સમાન છે. મારૂં મીઠું પતંગીયું છે."

115

"હા માણુસ જાતનો કુદરતી નીયમ છે કે જાંહાં સુધી એક જનને લાહરો આપ્યા કરએ તાંહાં સુધી મઠું મધ જેવું લાગે. પણ મારૂં સચ્ચું મત કેહુ તો તમોએ ઉપાડેલી આ જોખમદારી માટે હું દલગીર છું. તમારૂં દીલ પોચું છે અને આવા સમ સોગંદથી ડરી જઇને તમે પોતાને કોઈ વખત નુકસાન કરો તેવી તમારી મતી છે. પુતલીબાઈ આજ સુધી લાડમાં ઉધરેલાં છે. પણ એકુએ મુશકેલીઓમાંથી પસાર થશે તારે જરા ઠેકાણે આવશે. ખરૂં કેહેવામાં શરમ નથી કે એને બગાડ ને જરા હુલ્લડ બનાવી મુકી છે ને તમે હજીબી એને બગાડોછ."

વીલ્લુ કાંઇ બોલી નહીં. આખરે દીનશાએજ વાત આગળ ચલાવી.

"તારે શું તમે એમ કહેવા માંગોછ કે તમે આખી જીંદગી સુધી એ બહેનની ગુલામગીરીમાંજ દહાડા કહાડશો ?"

"તે કાંઇ હું સમજતી નથી. હું મારા સોગંદ પાલશ.

"સમજો કે કોઈ ધણી તમે બેમાંથી એક સાથ શાદી કરવા માંગે તો કેમ થાય ?"

"તાહારની વાત તાહારે. હમણાં કોણ અમારે વાસતે દાંતમાં આંગળાં ઘાલીને પરણવા બેસી રહયુંછ? કોણ જાણે તે વખત કાહારે આવશે."

"એમ ભરૂસે નહી રહીએ. કોણ જાણે, એવો સમો જલદીથીજ આગળ આવીને ઉભો રહે."

આ ઠેકાણે વળી સેહજ ખટકણુ પડી-બાહાદુર પુતલી "દોડતી દોડતી આવી. વીલ્લુ, સર દીનશા જલદી આવો. સાંમેથી એક સટીમર આવેછ-આપરે કેવા રૂમાલ ઉરાડશું-આલોબા હું તો જાઉંછ."

ઉડતાં પખેરાની પેઠે પુતલી વળી પાછી ગેઇ કે દીનશાએ વીલ્લુનો હાથ પકડીને રોકી.

"સ્ટીમરમાં શું જોવાનું છે ? બીજી ઘણીબી મળશે. એમ ધારો કે મેં હમણાં કહયું તેવો સમો આવી લાગો તો તમે કેમ કરો ?"

"કયો સમો-શાનો સમો ? જરા ખોલાસાથી બોલોની."

"સમજો કે કોઈ ધણી તમારી સાથ પરણવાનું માંગું કરે—

"કોઇ માગુંબી નહીં કરે ને કોઇ ટાગુંબી નહીં કરે. કોઈ હમણાં મને એવી વાત કરે તો હું નક્કી જાણું કે મારી ટકોર કરેછ-અને હું તો છીકી પડું."

"જરા ધીરજ પકડો, એમાં છેડાઇ પડવા જેવું શું છે? એમ સમજો કે તે ધણી વરસ બે વરસ ખોટી થવા રાજી હોય તો પછી કેમ ?"

"એમાં વળી પુછવાનું શું ? તે મારે મનને ગમતો હોય તો હા કેહી દેઉં ને નહીં ગમતો હોય તો તેના મોહોનાપર સાફ કેહી દેઉં કે ચાલ્યા જાઓ."

"પણ આજ સુધી તમુને કોઇ મનગમતો નજર આયોજ નથી ?"

"નહીં—કેમજે અમે પારસી સારા માટીડાની સંગતમાં આયાંચછ કે દાહાડે ?"

"બરાબર છે. પણ તમે તમારાં માયજીને એક વચન આપ્યું છે તે એક બીજું વચન મને આપશો ?"

"પણ તે શું ?"

"તમારી પાસ એવું વચન માંગુછ કે હવે પછી તમારી બહેનને બચાવવા તમે પોતાંને નુકસાન થવા દેઓ તે અગાઉ મારી સલાહ પુછશો ?"

"સર દીનશા, મારેથી એવું વચન કેમ અપાય ? મુંબઇ ઉતરયાં કે તમે તમારે ઘેર ને અમે કોણ જાણે કીયાં લંકાને નાકે. તમુને શોધવા કાંહાં જઇએ ?"

"તેની ફકર તમારે કરવી નહીં. તમારી નજર આગળ [redacted]નું મારૂં કામ છે. તમે શું એમ સમજોછ કે આપરી આટલી બધી—આટલી બધી—બાબસતા પછી [redacted] તમને વીસરી જશે ?"

પણ વીલ્હુનાં ધ્યાનમાં કંઈ વાત ઉતરી નહીં.

"નહીં બા હવે બીજી કોઇબી પ્રોમીસો આપીને હું બંધાઇ જવાની નથી. માયજી સાથ તો હું બંધાઈ ગઈ પણ તેનું કારણ તે મેં તમુને સમજાવ્યું. ને વળી તમુને પ્રોમીસ શાની આપું ? તમારી ને અમારી કંઇ દહાડાની ઓળખાણ ?"



વીલ્હુ-બોલી વીલ્હુ-મારા મનની વાત—પાનું ૯૭.

"મારૂં પ્રોમીસ માંગવાનું કારણ—પણ હાલ તરત એ વાત જવા દેઓ. તમારી નજરમાં હું બેવકુફ લાગશ."

"એ વાય, એમાં શું? મોહોનામાં ઘાલીને વગોળયા શું કરોછ?"

"નહીં હમણા નહીં. મારેથી જરા ઉતાવળ થઈ. કોઇ દહાડે વળી જોઇશું."

વીલ્લુ ચકીત થઇને દીનશાહ ગમ જોતી બોલી. "આજે વળી પાછું તમારા જીવને શાંતી નથી. શું છે, વળી કોઇએ ખંખેરીયાછ કે?"

"ઓહો ના, હું મારા મનથી ઘણોજ નારાજ છેઉં વારૂં એટલી તો કબુલાત આપો કે કોઈ દાહડેબી કોઇબી કારણે તમારીપર કંઈ મુશકેલી આવી પડે તો તમે મારી મદદ સ્વીકારશો—એટલેજે મને જણાવશો."

"હા—એટલી કબુલાત હું આપુંછ."

"ને મને એક ખરા દોસ્ત તરીકે પીછાનશો?"

"હા—આપરે હમણા કાંહાં ઓછાં દોસ્ત છીયે."

અહીં તુરત વેળા વાત ઠંડી પડી. ઈનજીનનાં ધબકારા અને મોજાના ઉછાળાને લીધે કોઈ કોઇનું આઘેથી સાંભળી શકે એમ ન હતું. વળી ગડબડમાં વધારે ધાંધળ મ્યુઝીક રૂમમાં કોઇ પીયાનો ઠોકાઠોક કરતું હતું.

દીનશાહે અચણુચ વીલ્લુનો હાથ પકડયો અને છાતી આગળ ધરીને બોલ્યો. "વીલ્લુ ભોલી વીલ્લુ—મારા મનની વાત—"

"ઓ સર દીનશાહજી, એ શું નાટક ચાલી રહયાછ?" નાજાંમાય કેઠાં અલગથી પછવાડે આવી ઉભાં હતાં! 'સ્ટીમરપર કંઈ ફારસ થવાનો હોય. તો તેના રીહરસલ ચાલતો હાય એમ મને તો લાગું. શાબાશ રે દીનશાહ ભાઈ, તમારાંમાંબી આવાં પ્રાક્રમ છે એમ મેં તો આજે જાણ્યું."

દીનશાહે વીલ્લુને હાથ છોડી દીધો અને તે તો વાને વેગે સટકી ગઇ. પણ નાજાંમાય તો ખરેખર બોંહે ચહડાવીને લઢવાજ આવ્યાં હતાં.

"વાય, વાય, દીનશાહ તમુને એવું છાજેજ નહીં. જો એ છોકરીને સારૂ તમુને જરાબી અરે હોય તો એની આબરૂ ઈજતની તમારે દરકાર કરવી જોઈયે."

પણ દીનશાહનું મોહોડું તો સીવાઈજ ગયું હતું.

નાજાંમાય બોલ્યાં "આખી આગબોટપર બધાં તમારી પીઠ પાછળ ઠઠા કરેછ. દુકતી તો છકેલ છે પણ તમારે તમારાં નામ પ્રમાણે મલાહજાથી રહેવું જોઈયે."

આટલો તોપનો ગોળો છોડીને નાજાંમાય ત્યાંથી ચાલી ગયાં.

પ્રકરણ—૯ મું.

કોણ જાણે શું સાંટક બન્યું હશે કે તે પછીના દાહાડામાં દીનશા અને વીલ્લુ વચ્ચે ઝાઝી વાતચીતનો સંજોગ આવ્યોજ નહીં. દીનશા જયાંબી ફરેહરે ત્યાં પુઠે પેલા

[illegible] 'પ્રોફેસર લાગેલાજ છે. તેમજ એડનવાળી [illegible] અને [illegible]શાએ જાણે સંપ કીધો હોય તેમ વીલ્હુને એવાં ચીટકી રહ્યાં કીધાં કે તે બચારી શું કરે ? વીલ્હુ એવી ભલી અને કાંકણી હતી કે કોઇને [illegible]જોઇને અપમાન તો કરે નહી. હવે આવતી કાલે [illegible] પહોંચશે તોબી દીનશાને વીલ્હુ સાથ કાંઇબી વાતચીત કરવાનો લાગ આવ્યોજ નહીં એટલે તે મન સાથ ફફડ ચફફ થયા કીધો.

ડીનર પછી વીલ્હુ અને પુતલી ડેક ઉપર આવ્યાં. પુતલાં બોલી "મરેરે, કાલે તો હવે બધાં વગ્રેસગે થઈ જવાના. મને [illegible] હવે સટીમરમાં રહેવા એવું ગમેછ છે. બધાંથી છુટાં પડતાં મને રડવું આવશે. એક મહીનો જાણે કેમ ગીયો !"

વીલ્હુએ ડોકું ધુણાવ્યું. ખરી વાત એ હતી કે છેલ્લા ચાર પાંચ દાહાડા તેણીને ભારી પથ્થર જેવા લાગ્યા હતા. ખરૂં કારણ હજુ તે સમજતી ન હતી—પણ આપણે આગલી પાછલી હકીકત જાણીએ છીએ, એટલે તેનું કારણ આપણે મનમાંજ સમજીને રહીશું.

પુર ચાંદરાણું પડતું હતું. બે બહેનો જાડા ઓવર-કોટ પહેરીને ડેકના ખુણામાં ઉભા હતાં. સામેથી નાઝાં માય લટકા કરતાં આવ્યાં. તેવણે જબરદસત ઠઠેરો કીધો હતો. ગળાંમાં મોતીની માળા સજેલી હતી અને "લેટેસ્ટ કટ"નું બલાઉઝ આજે પહેલીવારજ પહેરી

નીકળયાં હતાં. પુતલી તો ખબરીને પીઠ મરડી ત્યાંથી ચાલીજ ગઇ—પણ વીજ્જુને બાજુમાંથી પકડી રાખી નાજાંમાયે પોતાના ચરીત્ર શરૂ કીધાં—

"કેમ વીજ્જુ દીકરા, હાવે તો બધું ખલાસ! હું જાણુંછ કે તારો જીવ તો કીનારે ઉતરવા ટપુ ટપુ થતો હાશે. હુ તો સ્ટીમરપરના ખેણુ કોટક જોતાં કંટાળી ગઇ!"

વીજ્જુએ ધીમેથી જવાબ આપ્યો "નહીં—મને કીનારે ઉતરવાની કંઈ એટલી બધી હોંશ નથી. મુંબઇમાં અમે કોણુને ઓળખ્યેછ કે તાંહાં જવાનો અભખરો થાય?"

નાજાંમાય જુઠું જુઠું હસ્યાં "અંહ! તે તો છ મહીના પછી જોઇશું. મુંબ[redacted]ં છે કે થોડા દહાડામાં તમારા દોસ્તો કકડી વકડી જશે. વળી આપણા દીનશાજી ને એરચશાજી કેવા છે. તે લોક કંઈ તમુને એમ એખલાં રહેવા દેવાના છે કે."

"હાશે—પણ એરચશા તો મેં સાંભળ્યું કે હવે નાગપોરમાં રહેછ."

"તેમ છે ખરૂં—પણ—પણ સર દીનશા એકસો એરચશાની ગરજ સારે એવા છે."

"પણ સર દીનશાબી આજ કાલની ઓળખાણવાળા એટલે તેવણુ કોણુ જાણે કાંહાં હાશે! અમે ગરીબ માણુસોની તેવણુ શાની ખબર લે?"

આ ટાંકણે દુરથી દીનશા ડેક ઉપર દેખાયા. તેવણ પણ બી છટકવા માંગતા હતા પણ 'પ્રોફેસરે' તેવણુની પુઠ પકડેલીજ હતી તેવણ કચરા જેવી તકરાર માંડી બેઠા હતા કે આસ્ટ્રેલીયન ઘોડાની ઉતપતી અસલ આફ્રીકામાંથી હતી—કોઇ કહેજે ટરકીમાંથી હતી ઇત્યાદી. કંટાળેલો દીનશા હવ હું—હા—થી હુંકારા પુરતો હતો. એક વરસ [illegible] પાલસથને વરછોડી કેમ ન[illegible]

બધાં તમાસો નાજાંમાય જોતાં હતાં અને મુછમાં (બાઈ માણુસની મુછ નહીં પણ સાધારણ રીતે બોલાયછ તેમ મોઢામાં) હસતાં હતાં.

"દીનશાજી દીનશાજી—વીલ્લુ તે કહેછ કે મુંબઇ જઇને તો એ લોકને વીસરી જશો. તમે શું ધારવું ?"

પણ "પ્રોફેસર"ની ટક ટક ચાલુજ હતી "હું ધારું

"સર દીનશા કે પરશીયન ઘોડાની અસલ ઓલાદ—

"હાજી, તમે કહોછ તેમજ હશે—મીસીસ એડનવાલા તમે મને કંઈ કહેતાં'તાંજી ?"

"હાજી, હા સર નાઇટ સાહેબ, વીલ્લુ બહેન પોતાની જીવ સાથે ફીકરમાં છે કે મુંબઈ ગયા પછી તમે એ લોકનો પીછો—"

વીલ્લુ આ સાંભળી હરણીની પેરે ચોંકી "ઓ બાઈ, ઓ સર દીનશા" તેણીનાથી આટલાજ શબદો બોલાયા.

પણ ભલો હીનાશા આ લાઈલાજ છોકરીની મુશકેલી સમજી ગયો હતો.

"વીટ્ટલુમાય, તમારી બહેને મને તમુને શોધી લાવવા મોકલ્યોછ. ચાલો—મી૦ પ્રોફેસર તમે જરા તેટલાં મીસીસ એડનવાળા સાથ વાત કરો. તમારી તકરાર મારા કરતાં એવણુ વધારે સારી રીતે સમજશે."

આ પ્રમાણે ભેજાં દુ:ખણુ "પ્રોફેસર"ની પીડા પતાવીને હીનશા વીલ્લુને છટકાવી લઇ ગયો. વીલ્લુ આંખમાં આંસુ લાવી બોલી.—

"સર હીનશાહ, આ બાઈથી હું તદન લાઈલાજ થઈ ગઇછ. તમારે વાસતે હું આવું બોલું એમ તમો માનોછ?"

"અલબત નહીં, એક હજાર વખત નહીં. તમે શું મને એવો મુરખ સમજોછ? આજે બે ત્રણ દહાડા થયા તમે અલ્લગ અલ્લગ ફરોછ તે મારી કંઈ કસુરને લીધે છે?"

"અરે નહીં રે, તમારી શું કસુર હોય?—પણ તમે જોયું નહીં કે આએ એડનવાળી બાઇને મારે નામની અભીત્રી છે ને તમે અમારી સાથ ફરોછ હરોછ તે એવણુને જરા ગમતું નથી!"

"પણ તેની તમારે શું કરવા દરકાર કરવી જોઇયે! એને નહીં ગમતું હોય તો એને ઘેર રહી."

"આજ સુધી અમારૂં કોઈ દુશમન નથી ને એવણુ હમણા એમ કરેછ તે મને જરા ગમતું નહીં."

"મારી ભોલી છોકરી, એ નાજાંમાય સારાં ગામની દુશમન છે. બધાં એને ઓળખેછ. કોઇબી જુવાન દેખાવલી છોકરીને જોઇને એને તાપ ચહડી આવેછ. પણ તમારે એને કોઠું આપવાની કંઈ ગરજ નથી. આજ આપણી [redacted] છેલ્લીજ રાત છે."

"હાજી."

"પણુ જો તમે રજા આપો તે હું કોઈ વખત તમુને મળવા આઉં ?"

"મુંય નહીં ?

પણ આટલા જવાબથી દીનશા રાજી થયો નહીં. તેના દીલમાં શું થતું હતું તે આ બચારી છોકરી ક્યાંથી સમજે ?

"હું એક વાત પુછું કે તમે પોતેજ હમણા બોલ્યા કે આએ નાજાંમાય તમારાં આંથણામાં છે તોબી હું જારેબી જોઉંછ તારે તમે હસી હસીને એવણ સાથ વાત કરોછ—તે કેમ ?"

"તારે હું શું કરૂં. એવણુ મારો પીછો છોડતાં નહીં તો શું હું એવણુને ચાલી જવા કહું ?-હા કે ના ના ટુંકા જવાબ આપું. મારી પુતલી હોય તો કોણુ જાણે કેમ કરે. એક વડાં વડેરાં ને મારેથી ચાલી ચલાવીને અપમાન અપાય નહીં."

"તારે એમ તો હુંબી વડો વંડેરો છેઉં."

"જરાબી નહી. તમારી સાથ વાતચીત કરતાં જાણે આપણે એક ભુરના હોઇએ તેમ મને લાગેછ. તમારી સાથ જે છુટથી હું વાત કરૂંછ તેથી ઘણી વાર હું પોતે અજબ થઇ હતી. તમે ત્રીસ વરસ ને હું વીસ વરસ એટલે તમે એટલા બધા બુઝરગ ક્યારથી થઇ ગયા? પણ તમે જરાજરામાં છીકી પડોછ તે મને જરા ગમતું નહીં. કોઈ વખત મને એમ થાયછ કે તમારી સાથ ફરીથી બોલું નહીં."

દીનશાનો ચેહરો આ સાંભળીને ગુસ્સાથી કે નીરાશીથી ઉજળો સુપ મારી ગયો હતો. ખોખરે સાદે તેણે ઉલટો અભાડો બાળ્યો.—

"હં હં—દાંચ તમારે મનથી હું એક જાતની પીડા સમાન હોઇશ. એમ હોય તો ખરી ખંખારીને બોલતાં કેમ નથી. તમુને નહીં સમજ પડતી હોય તો એરચશાહની સલાહ લેઓ."

ઓ દાદારજી! શું આ વાર વીલ્લુનો મીજાજ! હંમેશ યાદ રાખવું કે બે જણ જેઓ એક બીજા સાથે જરા અસાધારણ બાબસાતનો વેહેવાર રાખતાં હોય છે તેઓ જયારે બેઉ જણ એકી વખતે મીજાજ ખોઈ દે છે ત્યારે મામલો મુશકેલ થઈ પડે છે.

વીલ્લુ આકળી થઇને બોલી પડી "હં—તે તો જેમ તમારી મરજી. જો હમણાંનીજ કાની તમે ઘોડે ચહડીને

આવવા માંગતા હોવ તો તમોએ મારે ખાતર તસ્દી લેવાની ગરજ નથી."

. દીનશાનો દમ બંધાઈ ગયો, પણ, વીલ્લુએ આગળ ચલાવયું "હું કબુલ કરૂં છ કે તમે જયારે તમારા સાધારણ સ્વભાવમાં હોવછ, તારે ઘણા મજાના લાગોછ. પણ આ એ છેલ્લી પાંચ મીનીટમાં તમો જે ભાવટા પાડયા તેમ—"

"હં—આગળ ચાલો—તેમ શું ?"

"તેમ હોય તો તમે દુરના દુરજ રહેલા સારા."

"એમ તમારી મરજી છે ?" (ગુસ્સાથી).

"હા તેમ છે—મારા મનમાં એક હોય ને બોલું બીજું એવી મારી આદત નથી."

દીનશા આ જવાબથી કેટલો નાખુશ થયો હશે તે વરણવવાની જરૂર નથી. તે એટલુંજ બોલ્યો કે "એમ તમારો વીચાર છે તો તમુને બોલાવવાની હું જરૂર જોતો નથી. તમારી મરજી અલગ રેહવાની છે તો ભલે, તમારે ગમે તેમ કરો. પણ એટલું તો સમજજો કે આપરે જો આમ છેડા છોડવી દીધા તો તે હંમેશના છે."

"તે તો જેમ તમારી મરજી. મેં છેડા છોડવાનો બોલ કહાડયો નથી. પણ તમે તેમ ધારતા હોવ તો હું કંઈ માથે હાથ દઈને રડવાની નથી."

"ઠી—હું તમારી અંદરખાનેની મતલબ કયારનો સમજી ચુકયો છું. બઈરાં માણુસની રીતભાત હું કાંહાં જાણુતો

નથી ? એક માણુસ જાહાં સુધી કામનો હોય તાંહ સુધી તેના ઉપર ધરાંપરાં થાય ને તેનું કામ ખલાસ થયું કે સુકું નાળીએર !'

“એટલે ? એ શું બકોછ ? શું તમે એમ બોલીને મને અપમાન કરોછ ? શું તમે એમ સમજોછ કે તમે અરીમધરીમ જેવા માટીડા થઇને એક એકલી અતુલ બાઇને આમ ગુંગરાવીને મોટા પેહલવાનમાં ખપશો ?”

“માફ કરો, પણ તમારો સ્વભાવબી મારી કાની કંઈ ઘણોજ મીઠઠો સાકર જેવો નથી. હું તમુને ગુગરાઉં એવો છેક બાયલો નથી, આપરે બે જણના મનનું હમણા ઠેકાણું નથી. હાલ તુરત વગે સગે થઈ જવામાં શોભા છે, નહીં તો વળી કાંઇ વધતો ઓછો આટો બફાઈ જશે.”

“જાઓ ! તમુને કોણ ધરી પકડી રાખેછ ?” બહુજ ગુસ્સાથી વીલ્લુ બોલી અને ત્યાંથી રોહોસા ભર ચાલી ગઈ. તે ધસારાબંધ ચાલી જવા કરતી હતી તેટલાં અંધારાંમાં એક દોરડાંની આંટી લાગી અને ચતીપાટ પડી જતે પણ દીનશાએ તુરત તેણીને ધરી લીધી. તેનો ગુસ્સો તદન ઉતરી ગયો હતો.

“વીલ્લુ માય, હું આશા રાખુંછ કે હમણા તમે જે બોલ્યાં તે ખરે મનથી નહીં હશે. સાચ્ચુ કેહો, હું પોતેબી મગજનું તોલ ખોહી બેઠો હતો. અને જે શબ્દો મારા મોહોમાંથી નીકળ્યા તે નીકળવા નહીં હતા, હું માફ માગુંછ.”

પણ નહીં. વીલ્લુ ઘણીજ અસાધારણ તરીઆપાવ ઉપર આવી હતી. એમ કાં હશે? આપણે સમજાવવાની તજવીજ કરીયે. તેજ દહાડે બપોરના કમબખત નાજાં-માયે આ ભોળી છોકરીને સારી પેઠે ચપટાં આપ્યાં હતાં કે "આ દીનશાથી હુશીઆરીમાં રહેવું. જુવાન છોકરીને એમજ ફુસલાવીને છાપડે ચહાડાવવાની એની "કેરેકટર" તો આખા મુંબઈ શેહેરમાં જાણીતી છે અને તેને લીધે કોઈ બી આબરૂદાર ઘેરમાં તેને કોઇ કોઠું આપતું નથી." ઇત્યાદી. નાજાંમાયે વધુ ઝેર આમ રેડયું હતું કે "એ [illegible] મજ છોકરીઓ સાથ ડાહી ડાહી વાતો [illegible] તે લોકને નાટકફાટકમાં લઈ જાયછ, ને પરણવાની બાબદ માં ઘણી છોકરીઓને આશાવંત કરીને રખડતી મુકી હતી. વળી બીજું શું—આય લટખટ પારસી પછી પોતાના જેવાજ દોસ્ત મંડળમાં ફડાકા [illegible] કે, ગામની બધી છોકરીઓ તો તેના પડેલા રૂમાલ ઉ[illegible] વગેરે.

અલબત વીલ્લુએ આ બધું ઝેર પીધું તો [illegible] પણ તેણીના દીલમાં એવો ફાંટો આવયો કે ગમે તે થાય પણ બતાવી આપવું કે તે પોતે આવી છોકરીઓની સંફની નથી કે દીનશા જેવા પટાઉં સટાઉં જુવાનોથી હુલકાઇ જાય. વળી ફરીથી તેને વીચાર આવયો કે આ નાજાં-માયનું બધું મનાય કેમ? તે આગ લાકડાં કાં નહી લગાડતી હોય? આટલો મહીનો સ્ટીમર ઉપર કાહાડયો પણ સર દીનશાએ કોઇબી વખત વીલ્લુ સાથ કોઇબી

રીતની અણુઘટતી ચાલ ચલાવી નહોતી. આવો વીચાર કરતાં વળી વીલ્લુને યાદ આવ્યું કે તે પોતેબી દીનશા સાથ વાત કરવા હમેશાં ખુશી ખુશી હતી. દીનશા જો જરા અલગ ફરતો તો વીલ્લુને પોતાને અકડવકડ થતી હતી તે આ નીરદોષ છોકરીથી ના પડાય તેમ ન હતું.

પ્રકરણ—૧૦ મું.

કચેરીમાં કચરો પડેલો આપણે વાંચી ગયાં છીયે. નાજાંમાય એડનવાળાની ગીબતખોરી લતરાઝથી ચમકી જઇને વીલ્લુએ ઘડીભરના ફાટામાં દીનશા સાથ જરા "વઢેંચી લીધું." ખરૂં—પણ તેણીનો રોહસો બીજી મીનીટેજ ઉતરી ગયો હતો. દોરડાંની આંટી લાગતાં વીલ્લુ સજનડ ઠપકાઈ પડતે—પણ દીનશાહે તેણીને વખતસર ઝીલી લીધી; એટલે મીસીબાબાનો "ઇસ્ટીમ" ઘણેક દરજ્જે હેઠો પડી જવા પામ્યો હતો! હવે શું કરવું—દીનશાહનો ઉપકાર માનવો, મુગીજ ઉભું રહેવું, કે ત્યાંથી ચાલી જવું તેબી .વીલ્લુને તુર્તવેળા સુઝ પડયું નહીં. તેણી ગુંગળાયલી જેવી ત્યાં ગુપચુપ ઉભીજ રહી.

વીલ્લુને આવા ભારી અંદેશામાં જોઇને દીનશા વળી પાછો ગડગડી ગયો. તે હળવેથી આગળ આવી બોલ્યો—"મારી ભલી, ભોળી બેહેન, તમે મારાથી શા સારૂં ડરોછ? હું ખરાબ માણસ નથી. હું આકળો છેઉં પણ મુજી

નથી. કોઇએ મારે વીશે તમુને ભારી ચપટાં આપ્યાંછ. તમે શું એમ ધારોછ કે હું તમારા એક બાલનેબી ઇજા કરૂં એવો નાપાક છેઉં ?"

વીલ્હુએ જવાબ દીધો નહીં—તેણી મુંગીજ ઉભી રહી.

પોતાનો અસાધારણ ઉસ્કેરાયલો જીવ પાછો ઠેકાણે લાવીને દીનશા વળી પાછો બોલ્યો.—"પણ ચીંતા નહીં. તમારી ખુશી: એમ હશે તો તમારી રજા વગર હું તમારી આગળ જરાબી આવીશ નહીં."

વીલ્હુબી ગભરાઈ ગઈ હતી. જયારે તેણીને શું કરવું તે સમજ નહીંજ પડયું ત્યારે લાલચોળ ચેહરે તે[illegible] ઝડપથી ત્યાંથી પીઠ ફેરવીને ચાલી ગઈ. વીલ્હુ [illegible] પડી કે આ શું થઈ ગયું ? વગર કારણે આટલા દહાડાની મીત્રાઇ તોડી નાખવામાં જરા ઉતાવળ થઈ ખરી.

વીલ્હુ એક ખુણામાં અને દીનશા બીજા ખુણામાં—એમ રવન[illegible] ખેલ દુરથી જોઈ પુટલી પામી ગઇ કે [illegible]માં વહાલોરૂં પડયું છે ખરૂં ! તે પોતાનું માથું ઠેકાણે રાખશે નહીં તો પુટલી શાની? લટક લટક કરતાં તેવણ દીનશાની પાસે આવી ઉભાં.

"ઉભા રહો શેઠ, એ તમે મારી બેહનને શું છેડી?"

"મેં છેડયાં ?—મેં ?"

"હા—તમેજ ! તાંહાં ખુણામાં ઉભી ઉભી આંખ પાણી કરતીતી ! વાહારે ભલા માણસ, એક છોકરીને રડાવીને તમે શું મોટો વાઘ મારયો ?"

"હું ઘણો દલગીર છું—પણ તમે શા પરથી કહોછ કે મેં એવણુને રડાવયાં? શું હું સ્ટીમર ઉપર એકલોજ છું?"

"તમે નહીં તો બીજું કોણુ? હું કયારની દુરથી જોઉંછ કે તમે બે જણુ ટખ્પા ટખ્પી કરતાંતાં. મને પુછવાનો હક છે, ને જાંહાં સુધી તમે ખરો ખોલાસો કરો નહીં તાંહાં સુધી હું અહીથી ખસવાની નથી—બોલો તમે શું કીધું? એ કોઈ દાહાડે આંસુ પાડે નહીં ને આજે એમ કેમ?"

"પણ તે મને શાનું પુછોછજો? એવણુનેજ પુછતાં હોય નહીં?"

"એ તમારી લભ્ભસ મારી આગળ ચાલશે નહીં. હું તમુને આજ સુધી સારાં માણુસ સમજતી'તી! તમે બધાં માટીડા એવાજ કે?"

"પુટલી બેહેન જરા ધીરાં પડો. બધાં માણુસો સરખાં નથી. હું ખરેખર દલગીર છેઉં કે તમારા સમાગમમાં એવા મરદો આવેલા છે કે તમુને આવા કઠણ સખુનો બોલવાનું કારણ મલ્યું. પણ તમે મને ગેરઈનસાફ કરોછ, તેવાં બદમાશોમાંનો હું નથી."

"હાવે હાવે, હવે ઘણા ડાહેલા ના થાઓ. તમે સેંકડો છોકરીઓ સાથ સીપલા થયા હોશો પણ અમારી આગળ તે ચાલશે નહીં.—સમજીઆજી?"

“બાઈ તમે બચાં છેઓ. એટલે આએ તમારાં ભાશણનો જવાબ હું આપી શકતો નથી. હુ હવે ઇચછુંછ કે એવી ભાશા કોઈ પુરૂષે મારી સાથે વાપરી હતે.”

“એમ કહોની કે તમે ખરી વાત ...તાં બીહોછ. પણ લાલાજી તમે એમ છટકવાના નથી. હું બધું શોધી કહાડશ. તમે કોણુ જાણે મારી બેહેનને શું કહયુંછ કે તે ગ્રાર ગ્રાર રડેછ, ને મારો જીવ બળીને ખાખ થઇ જાયછ.”

“બાઈ સાહેબ, તમારૂં દીલ દુખી હશે તે કરતાં મારૂં સો ગણું વધારે દુખી છે. પણ તમુને એમ નહીં વીચાર આયા કે કદાચ તમારી બેહેને મને દુ:ખી કરવાનાં સખુન કહયા હોય ?”

“ને કહયા હોય તો તમુને ખરી સજા કીધી હોય. પણ હું તે માનતી નથી કારણકે મારી વીજુ એવી રાંક છે કે જાણીજોઇને કોઇને ‘ઇન્સલટ’ કરે નહીં.”

“આહ !” બસ દીનશાનો આટલોજ જવાબ હતો.

“હું જરૂર માનુંછ કે તમે મારી બેહેનને પરણવાને સારૂં કંટાળા આપ્યા હોશે. મેં એને પુછયું પણ એ તો ના કેહતીતી. એ તો એમજ કેહતો !”

“પણ તમે મારો સખુન માનો તો સારૂં. મેં એવી કશી માગણી કીધીજ નથી–પણ એકબારગી એવી માંગણી કીધીબી હોય તો તેમાં શું ગુનાહ થયો ?”

135

"અંહ! હવે હું સમજી, કોણ જાણે શું કારણે તમે બે જણે વેહચી લીધું—તમારોજ વાંક હોવો જોઇએ."

હવે દીનશાથી વધારે ટકાયું નહીં. તે ડોળા ચહડાવીને બોલ્યો. "સાંભળો પુટલીબાઈ, તમારી તરફથી વધુ ઉલટપાલટ તપાસને શરણ થવા હું તઇયાર નથી. વાસતે હવે—"

"હવેબી નહીં ને બવેબી નહીં. હું જાણુંછ કે તમે બોહે ચહડાવીને લડવા આયાછ."

"તે તો તમે જાણો—હું શું ધારૂંછ ને શું કરૂં છ તેના હીસાબ તમારા જેવી નાહાની છોકરીને આપવાને હું બંધાયલો નથી. અને હું—"

"બસ—બસ—બસ—હું સમજી. વીલ્લુ જેટલી રડમસ થઈછ, તેટલા તમેબી થયાછ!"

"એટલે?"

"એટલે એમ કે—તમે વળી છેડાઈ ના પડતા પણ સાધારણ આંખે કોઈબી જોઈ શકે કે તમે મારી બેહેન પર કંઈ ખાટો મીઠી નજર રાખોછ, નહીં તો તમે એની પુઠેપુઠ ફરો નહીં. ને એબી તમારી ઉપર ઘેલી જેવી થઈ ગેઈછ, તેથીજ તમે જયાં ફરોછ તાંહાં એબી ડોળા ફાડી ફાડીને જોયછ. પણ એતો ફક્ત વીસ વરસની છે, ને પરણુવાનું ને અદરાવાનુ શું સમજે? તમે જો એકુ વરસ થોભયા હોતે ને જરા પસવારીને કામ લેતે તો બધું હીરાદોર જેવું સમાધાન ઉતરતે."

"[illegible] કરો—હું ધારૂંછ કે હવે તમારો સુવા જવાનો [illegible] થઈ ગીયો."

"[illegible] બી જાણુંછ, પણ હીનશાભાઈ, તમુને એક સલાહ આપુંછ. નાહાનનું કહ્યું માનો કે કોઈ વખતબી તમારી મરજી વીલ્હુને જીતવાની હોય તો મારી સાથ દોસ્તી રાખવામાં ફાયદો છે."

"એમ કે? તમે મારી મદદે આવશો એમ કે?"

"જો તમે ડાહ્યા થશો તો મેં તમુને [illegible]ની કે તમે મને ગમોછ—વળી તમે બેરોનેટ છેઓ [illegible] વીકાસદાર છેઓ—એટલે મારેથી બનશે એટલી તમારી [illegible] ઓઢી [illegible] મારશ."

[illegible] નહીં.

"ઠીક—તમારી ઘણી મેહેરબાની થઈ!"

"પણ તમારે મને બધી ખરી વાત [illegible]. ઠીંગડાં મારવાનું મારી આગળ ચાલશે નહીં-ખરૂં [illegible], તમુને વીલ્હુ સાથ પરણવાની મરજી છે?"

"[illegible] કંઇ વીચાર છે ખરો."

"ત્યારે મારી ઉપર વીસવાસ રાખો. તમે તે દાહાડે મને ધમકાવી કહાડી, તારથી મેં મારા જીવ સાથ ગાંઠ બાંધ્યો હતો કે હવે તમુને કાંઇ લાહારો આપું નહીં. પણ હવે મારો વીચાર ફરી ગીયોછ. હવે ગઈ ગુજરી વીસરી જઈશું. મારી આએ એકજ સલાહ છે કે પેલી

શાન કસકુનમ ગુનેહગાર નાજાંથી ચેતેલા ચાલજો, કેમજે એ આંજોગાંજો ને રમત ભાંજે તેવી છે. તમુને કાનમાં કહુંછ કે એ તમારી સાથ પરણીને 'લીડી' દીનશા થવાના ફાંફાં મારેછ."

"ઓત્તારી !"

"અંહં—હવે એવા ભોળા ભટાક ના થાવો. તમે પોતેબી તે જાણોછ પણ અખડાની અણુણી કરોછ. એ કદાને વીલ્લુને નામે પેટમાં દુખેછ ને જેમ તેમ કરી તેનો ખીલો ઉપાડ કરવાની ગતમાં રમેછ. જો, મેં તમુને ચેતવયાછ—યાદ રાખજો—ચાલો હવે ગુડ નાઈટ !"

"ગુડ નાઈટ ! પુટલી તું જબરી છે બા, પણ બેશક તું સાચ્ચી છે."

"હા વળી—તમે કેહશો તારે કે. પણ જો વીલ્લુ જરા ફફરેલી ચટકેલી લાગે તો તમે કંઈ અકળાઈ જતા ના. હું તમારો તરફમાં છેઉં—સાહેબજી !"

"હાલો, આખરે કરાંચી તો આયાં." ત્રેનમાં બેઉ બેહેનો ગોઠવાયાં પછી પુટલી તાબડા ફોડીને બોલી "દીનશાજી કેહતા'તા કે પરમ દહાડે આપણે મુંબઈ પહોંચશું. જોની વીલ્લુ સર દીનશાજીએ સીફતથી આયામાનેબી આપણી સાથેજ બેસાડી દીધી."

"પણ અજબ જેવું છે કે આપુંને એકલાં ત્રણ જાણને આખો સેકંડ ક્લાસ કેમ મલ્યો—સારૂં થયું, નહીં તો

વળી કાંઇ મેલું ઘેલું આવતે તો કેવી પીડા થતે.” વીલ્લુ બોલી.

“એ બધા સર દીનશાના પરતાપ, સમજી ? એવણ જાણે કોણની હવેલીમાં ઘી લગાડયું કે આપણે એમ સુખમાં ‘ત્રાવલ’ કરીએછ. એવણ આગબોટપરથી ઉતરતાંજ સ્ટેશન માસતર સાથ કંઈ ગુસ ગુસ કરતા’તા. વળી જોની સાથે ‘‘બોબી’’નેબી આપણાજ કંપારટ-મેંટમાં ઘુસાડી દીધો. મને તો લાગું કે એવણ પોતેબી દીસાદોસ આપણીજ ગાડીમાં આવતે પણ તું એવી ઉંચે ઉપારેની થઇને રેહી કે તેવણ બચારા પાસેની ગાડીમાં બેઠા. જા બા, વીલ્લુ, તું એવણ સાથ એમ ખરવાયાં તોડેછ તે મને પસંદ નથી. જો એવણ કેવા કામના છે.”

અહીં, આમામાએ તાપસી પુરી “હા, હુંબી કહુંછ કે દીનશાજી સાહેબ ઘણા ભલા માણસ છે. સ્ટીમરપર બી હરરોજ સાહવાર સાંજ મારી ખબર પુછતા આવતા ના ને બે ત્રણ વાર ‘‘બોબી’’ ને વાસતે પોતાને હાથે દુધ લાવતા હતા. તમે લોક તો તે જાણતાંબી નથી.”

વીલ્લુ ઘણે ધીમે સાદે બોલી “હા—એવણની ભલાઈ છે. મેં કે દાહાડે ના કહયું ?”

પણ વીલ્લુનો જીવ આ વખતે ઉદાસ હતો. કાં વારૂં ? સમજોરે નાદાનો—જુવાન અને ઘરડાં બંને જાત-ની સ્ત્રીઓમાં એક જાતનો ગુણ કે અવગુણ હોય છે. વીલ્લુએ પોતેજ દીનશા સાથ તરછોડ કીધી હતી અને

તેને અલગ રહેવા ફરમાવ્યું હતું, પણ જ્યારે દીનશા આ હુકમને સરણ થઇને બે ચાર દહાડા અલગ રહયે ત્યારે વીલ્હુ દીલ સાથ મુઝાવા. લાગી હતી.

પણ ભલા દીનશાએ આ એકલવાઈ છોકરીઓને વીસારી મુકી ન હતી. ક્રીનારે ઉતરવાની દોડાદોડીમાં તેમનો સઘળો લગેજ દીનશાએ પોતે આગળ રહીને ઉતરાવ્યો હતો: તેઓને વાસતે લાગવગ લગાડીને એક આખો ક્લાસ રીઝરવ કરાવ્યો હતો અને તેઓની અજાયબી વચ્ચે એક ટીફીન બાસકીટ ભરચક ભરેલી તેઓના હોઠામાં આવી હતી. ટ્રેન ઉપડતી વખતે દીનશાએ પુટલીની સાથ શેકહાંડ કરી હતી, આયામાના હાથમાં દસ રૂપીઆની નોટ જબરીથો ઠેસવી દીધી હતી, પણ વીલ્હુને ફક્ત ડોકું નમાવીને સલામ કીધી હતી.

પ્રકરણ ૧૧ મું.

ટ્રેન મુંબઈ ભાયખલાના સ્ટેશન ઉપર આવી પહોંચી. એક ખાસ્સાં બફેનાની બરણી જેવાં અધેર વયના બાઈ પલાટફોર્મ ઉપર હાજર હતાં. તેવણ આસરે પચાસેક વરસના હશે. દેખાવ હસમુખો અને ભોળો હતો. તેવણ આમથી તેમ ટ્રેનના ડબાઓમાં ડોકાં ઘાલીને કોઇને શોધતાં હતાં.

એકાએક સામેથી સર દીનશાને જોઈને તેવણ બોલી પડયાં "હલ્લો સર દીનશા—તમે આયજ ટ્રેનમાં આયા કે? આજે ચાર પાંચ વરસે કાંહાંથી ભુલા પડયા?

જરા ઉભા રહેજો—હું ચીનથી મારી બે ભાણેજો આવીછ તે કરાંચીથી આએ ટ્રેનમાં આવવાની હતી તેઓને શોધું છ."

"બે છોકરીઓ ચીનથી? તેઓના નામ બીરબાઇજી ને પુતલીબાઈ છે કે?"

"અરે હારે બાવા—તમે તે લોકને ઓળખોછ કે?"

"હાજી સારીપેઠે, અમે એકજ સ્ટીમરમાં હાંગકાંગથી નીકળયાં. એ લોક ઈનજીનથી ત્રીજી ગાડીમાં છે. આવો હું તમુને દેખાડું. સુનામાયજી, આપણે છેલ્લાં મલ્યાને ચાર વરસ થયાં હશે તોબી તમે મને અજબ પીછાણુયો."

"કાંય, શું બાઈ માણુસ એટલાં ભુલામણાં છે? મેં તો તમુને તરત ઓળખયા. તમે જરાબી ફેરવાયા નથી—હલ્લો!, જરા સબર કરો—આયજ મારી ભાણેજો."

તુરત તેવણ બેઉ પોરીઓને ઘણા હેતથી વળગી પડયાં.

"ઓ દીકરીઓ, તમુને જોઈને હું ઘણી ઘણી ખુશી છેઉં. સારી પખે તો છેઓને ની? હું તો બીહીતી કે રખે ને તમે લોક એખલા કેઠે રોકાઈ પડો. બચારા સર દીનશાએ મારી ભુલ ભાંજી. ઘણું જ સારૂં થયું કે એવણ તમારી સાથે સ્ટીમર ઉપર હતા. મારા જુના દોસ્ત છે ને બચારા ઘણા ભલા માણુસ છે."

આમ વાત કરતાં કરતાં તેઓ બાહાર પડયાં. રસ્તા ઉપર એક સ્વચ્છ લેંડો ગાડી તઇયાર ઉભેલી હતી.

"ચાલો છોકરીઓ, બેસી જાઓ. તમારો સામાન એક ભાડેની વીકટોરીયા કરીને ડુમીન લઈ આવશે. દીનશાજી, ફુરસદ મળે તારે જરૂર મળવા આવજો. મારા જાંહાંગીરજી તમારે વાસતે ઘડી ઘડી ખબર પુછતાતા ને તમુને જોઈને ઘણા ખુશ થશે. અમે હુમણા બંગલો બદલીને કોલાબે કફ પરેડપર રહીએછ.

અત્રે પુટલી આગળ પડી અને સર દીનશાનો હાથ પકડીને ખુબ જોરથી હલાવ્યો "ગુડબાઈ સર દીનશાહ. જલદીથી આવજો, અમને ભુલી ના જતા. તમે તો હવે આપણા ઘેરના જેવા છેઓ. હું પેલી વાત યાદ રાખશ."

"ને મારીબી યાદદાસ્ત તાજી છે—ગુડ બાઈ—ગુડબાઈ આયામા—ગુડ બાઈ મીસ વીરબાઈજી." (દુરથી)

ગાડી આગળ ચાલી એટલે માસીજી પાછાં છોકરીઓને વળગીને બોલ્યાં "મારી બેહસ્તનશીન બહેનની દીકરીઓ! નરી જાણે તેવણનુંજ રંગરૂપ. અમે નાહાન ઉતાં તયારે કેવાં એક એક સાથ ગેલ કરતા'તાં તે હમણા મને યાદ આવેછ. ચીનમાં કેવું લાગું. આખો વખત નાચ કુદમાં કહાડયો હાસે ? જારે તમારો આવવાનો તાર આયો તારે હું વીચારમાં પડી હતી કે આએ ચીનમાં વસેલી વંત્રીઓ કોણ જાણે કેવું મારૂં ઘેર ગજાવશે પણ હવે મારો જીવ ઠરયો. હવે આએ એબ લગામણા કાક ઉંચા મુકીને તમુને મઝાની ઝીણી જાપાનીસ જીઆરજીએટની સાડીઆપર મજાની સીકવેનસની કોર ટાંકીને પેહરાવશ તારે મારો હરખ માયો સમાયો. જશે

[illegible]. તેનું નસીબદાર સાંટકં કે તમે લોક સર દીનશા વકીલ સાથ એક સટીમરમાં સાથે થઈ ગીઆં. એવણુ ઘણુા ભલા માણુસ છે ને પાસે ખુબ પઈસા છે. એ લીધે તો સારે સારે ઘેરના એવણુને સારૂં માંગાં આવેછ પણુ એવણુ તો બસ પરણુવાની નાજ કહેછ. તમારા માસાના એવણુ મોટા ફ્રેંડ થાય. કહે જે જરા આકળા છે પણુ 'રીઅલ' ગ્રહસ્થ છે. તમુને તો આગબોટ ઉપર સારી પીછાણુ પડી હોશે ?"

વીલ્લુ તો છુપતાઇને લાલ લાલ થઈ ગઇ, પણ બહાદુર પુતલી કાંઈ મુગી મરે ?

"ઘણીવાર સાથે બેસતાં'તાં તો નહીં, પણુ સહવારના નાસતા પછી એક કલાક વાત કરતાંતાં; બપોરના ટીફીન પછી દોહોડ કલાક વાતે બેસતાં'તાં, સાંજના ટી પછી અરધોક કલાક ટાહેલાં કરતાં'તાં ને રાતના ડીનર પછી બેએક કલાક મળી ભેટીને બધાં વગે સગે થતાં'તાં. અમે સુવા જઇએ તાંહાં સુધી એવણુ ડેકપર બોટી રહેતાતા. બસ એટલીજ પીછાણુ."

માસીજી અકળાઇને પુતલી ગમ ટીકી [illegible] પડ્યાં. [illegible] તારી ઉમર શું ?"

"મને સોળમુ ચાલેછ ને વીલ્લુમાંયને વીસ હવે પુરાં થશે."

"ઓ માયરે, મને તો બાર બાર તેર તેર વરસનો ખ્યાલ ઉતો—શું વરસ વહી જાયછ."

એકાએક વીલ્હુએ પુછ્યું "માસીજી, અમારી સાથે અમારો માનીનો કુત્રો છે તેની તમુને કંઇ અડચણ થશે કે ? હું જાણું છ કે ઘણા લોકને કુત્રાઓની ધન પસંદ નથી."

"અરે પોરી, અમારે તાંહાં છ જાત જાતનાં કુત્રાં છે અને આએ સાતમું. તારા માસાને તો દુસમનને કુત્રાંનું એક જાતનું ચેટકજ છે."

"તારે તો ઘણું સારૂં—પણ માસીજી અમારા 'બોબી'ને જરા બીજા કુત્રાઓ સાથ અવારનવાર લડાઈ કરવાનું વારૂં થઈ આવેછ જો."

"તેની તું ચીંતા ના કર. મારે તાંહાં "નીરો" છે તેબી કુત્રીઆનું કાલબુદ છે ને 'લીઓ' છે તે મુવો ઉડતા વા સાથ લડેછ. એ તો બે ચાર દહાડા એકેક સાથ ઘુરકશે ને પછી એવા દોસ્ત થઈ જશે કે બાધયાં છુટે નહી."

બંગલો આવી પહોંચયો. દરવાજામાં કુત્રાંઓનું એક મોટું મેગરૂં તઇયાર ઉભેલું હતું. માસીજીના બે છોકરાંઓ લવજી અને મેહેરૂ બી ટીંગાઈ ટીંગાઈને ઇંતેજારીથી વાટ જોતાં હતાં. લવજીની વય સુમારે ચઉદ વરસની આપણે મુકી શકશું અને મેહેરૂ ફકત છ વરસની હતી. કુત્રાઓની ગડબડ ઝાઝી હતી—તેટલાં એક જુવાન છોકરી ખંજર જેવી દાદરપરથી ઉતરી આવી અને પોતાના જાડાં બુટની લાતોથી કુત્રાંને અંદર નસાડયાં. આ બાઈનું નામ જરૂ. માસીજીની આ વડી દીકરી સુમારે ઓગણીસ વરસના-

[illegible] દેખાવડી તો નહી પણ તેમ છેકજ સુગ લાગે તેવી બી ન હતી. પણ તેની હાથની કાંડી ! બાપરે, બધી વાતે નરી 'સોનજર' જેવી હતી. છોકરીઓને કોટી કરીને “કેમ છેઓ ?” આટલા શબદોથી જરૂએ આવકાર આપયો.

“તમુને જોઇને ઘણી ખુશી છેઉં. ચાલો માળપર આવો ને હાથ મોહોનું ધોઇને તરીમ તરાક થાઓ. હું તમારો ઓરડો બતા[illegible]

પુટલી મરેરે એમની એમ. તેણીએ પહેલાંથી પોતાની ખુબી બતાવી દીધી “જરૂ માય, તમે કસરતશાળામાં જાઓછ કે ? એ તમારી હાથની કાંડી કે આવડું થઇ ?”

[illegible]ી અપમાન લીધું નહી. તે[illegible] જવાબ [illegible]ળામાં તો ન[illegible] રોજ [illegible] એક કલાક ખુબ રગડીને [illegible] [illegible] નેમ બી [illegible], પણીર કાગલા [illegible] [illegible]ઓ મને ગમતી ન[illegible] જીમખાનાંમાં ગીયાં ને હું[illegible] જેવું [illegible] બેટ લઇને [illegible] તેમ [illegible]ને ફરયાં [illegible] સુધારાવાળામાં ખખ્યાં-ભલા બનીરે મારી ! [illegible]તાં તો હું ચોખા દળનારી ઘાટણને વધારે પસંદ કરૂં. [illegible] દાદાચાનજી છપાવેછ તેમ “નર્વ કલચર”ને બીજા ઉપાયોથી દરદ થઇએ ત્યારે જીવેહું કામનું. તમે ચીન આટલા વરસ રહયાં તોબા તમારો અવતાર જુઓની ! એક મુકી મારૂં તો તમારા જેવી ચારને ઉડલાવી નાખું.”

"તારે જરા અમુનેબી તમારી સીફત શીખવજોની. મરેરે હું હમણા આવી "વોકીંગ-સ્ટીક" જેવી છેઉં તો પછી તમારા જેવી થઈ જવસ તો ચાલતાં ભોયમાં ખાડા પડશે."

હવે વીલ્લુ વચ્ચે પડી "ચાલોની આપરા ઓરડામાં જઇએ. આએ અમારો ઓરડો કે? ઓ માઈ, કેવો સ્વચ્છ ને મઝાનો છે ઇલેક્ત્રીક પંખોબી છે વાહ!"

જરૂ બોલી "એ પંખા બંખાના ખેમાન આજની ફલકસુરોને જોઇએ. મારા ઓરડામાં એવું હું કંઇ રાખતી નથી. આપરા બાપદાદા અગાઉ ઇલેક્ત્રીક પંખાજ વાપરતા હતાં કે?"

વીલ્લુ કાંઇ બોલી નહીં પણ પુટલી ખુંખું હસવા પડી. જરૂએ તે ઉપર ઝાઝું ધ્યાન આપ્યું નહીં પણ જરાવાર દમ ખાઇને બોલી-

"બેહનો, તમને ખબર કે, માયજી તમે બેઉ જણુને થોડા વખત પંચગનીની મીસ કીમીનની સકુલમાં મોકલવાનો વીચાર કરેછ."

પુટલાં ઝપકીને ખડી બેઠી "ઓ માય આવો! ઇસ્કોલમાં અમે લક્કા જેવી છોકરીઓ જઇએ! નારે બા, આપરે કંઇ અહીંથી ખસવાનાં નથી."

વીલ્લુ બોલી "કાંય નહીં? વરસ છ મહીના તાંહાં રહીશું તો આપરૂં અંગ્રેજી સુધરશે ને જરા રીતભાત શીખશું. માસીજી આપુને મોકલવા કરેછ તે હું તો એવણુની મેહેરબાની સમજુંછ."

જરૂએ ધીરજ આપી કે "ફક્ત એક વરસ મોકલવાનો વિચાર છે. વાત કરતાં એટલી મુદત નીકળી જશે. હું પોતે તાંહાં બે વરસ રહીતી. પહેલાં જરા અસીકું લાગેલું પછી તો છોકરી છોકરીઓ સાથ નાચવા કુદવાની ગમત પડેલ."

"પણ ખાધા પીધાનું કેમ ?" પુછીને તે મોટો ગભરાટ થયો.

"સ્કુલનું ખાવાનું તો જરા એમજ તો—પણ હમે કંઇ કાચાં ઉતાં કે ? તાંહાંની આયામાને હલ્લુસે ચાટલો ચટયો કે તીખો તીખો પાટીઓ ને જાત જાતની ચટણી બનાવી આપે તે અમે સહીઓ મળીને ખુણામાં ભરાઇને ખપાટીએ. વળી ઘેરથી માયજી હેત કરીને અવારનવાર [illegible] મોકલે તે કેવા સવાદ લાગે. અમારી માસતર [illegible]ડીં કરીને ચટણીની બાટલી ગાંયમાં ખાડો ખોદીને સંતીએ. સાડવારના નાસતા પર તો લીલી છાલનું કેળું ને પોરીડજ ખવાડે પણ તેની કોણુને દરકાર પડી. ભુખ તો એવી લાગે કે માસતરોનેબી આખ્ખાં ખાઈ જઇએ પણ બીજી વાત ફરસુદે કરશું. હમણા તો ચાલો, ખાધાનો વખત થયો. બાવાજી ને ટેબલ ઉપર કોઈ અવારૂં આવે તેની ઘણી ચીટ છે. બધી વાતે ઘણાજ ગરીબ છે પણ ખાતાં વખત થયો તો ખરવાયાં તોડશે. ચાલો, ચાલો, વમારી આયાબી આવી છ. આએ તમારો શોભતો કુત્રો કે ?"

છોકરીઓ બીહીતી હતી તેથી ઉલટુંજ 'ઝોબી' કાકાએ પોતાના જાત ભાઇઓ સાથ અજબ જેવી ભાઇબંધી

કરી નાખી હતી. બંગલાના કુત્રાઓએ પેહેલાં તો જરા હુઉ હુઉ કીધું પણ પછી એક મતથી 'બોબી'ને પોતાની કલબમાં દાખલ કીધો હતો.

બરાબર આઠને ટકોરે વીહ્લુ અને પુટલી નીચે ડાઇ નીંગ રૂમમાં દાખલ થયાં ત્યારે એક ખુશનુમા દેખાવના સાઠેક વરસનીં વયના શેઠ ટેબલ ઉપર ગોઠવાઇને બેઠા હતા, અને અવારનવાર વીહીસકી સોડાનું ટંબલ ચટકા વ્યા કરતા હતા. છોકરીઓને જોઇને તેવણ ઉઠયા.

"આવો–આવો–મારી નવી ભાણીજો આવો. તમુને જોઇને હું ઘણો ખુશી છેઉં. ખુશાલ અહીં રેહેજો, ઘેર તમારૂંજ છે."

પુટલાં મા, સઉમાં પહેલી—"જી તમે અમારા માસા કે? ઘણા મજાના છેઓ."

"હા માય, હું તમારો માસો, પણ તું કોણ? હું તો તમારાં લોકનાં નામ ભુલી ગીઓ. સુનાઇએ આજે આઠ દહાડા થયા તમારાં નામ પાંસઠેક વખતે કહયાં હશે પણ તે મારાં ભેજાંમાંથી ખસી ગીયાં. નવાજ કંઈ ને દીના કેમ? મને હમણાંજ કેહી દેઓની, નહીં તો તમારાં માસીજીના ઝાપરાં પડશે."

હજુ તો આ વાત ચાલે છે તેટલાં આખું કુટુંબી સંગ્રહસ્થાન જમવાના ઓરડામાં દાખલ થયુ. ડીનર ખુશી ખુશાલીથી પસાર થયું કે માસાજી ન્યુસપેપર લઇને વાંચવા બેઠા, ને માસીજી જેવણને ઉંઘનો ગલબો આઓ હતો તેવણ સુવાના ઓરડામાં ગેબ થઈ ગયાં.

ર બોબી –



આવો આવો મારી નવી ભાણેજો આવો—પાનુ ૧૨૮.

"ચાલો છોકરીઓ તમુને આપણી છોકરીઓનો બેસવા સીવવાનો ઓરડો બતાવું."

ઓરડો નાહાનો પણ સ્વચ્છ હતો. બધા કુત્રાઓ ત્યાં ભેગા મળીને કોણ જાણે શું ગંભીર ગોફતેગો કરતા હશે. કુત્રાની ભાશા આપણે જાણુતા નથી એટલે શું કહેવાય? કોરપોરેશનમાં સઉથી હુશીયાર કાઉન્સીલર કોણ છે યા તો બધા કેવી ફરમાશુ ઇંગ્રેજી ફેંકે છે તે ઉપર હરીયા ફત કરતા હોય તો કોણ જાણે !

ટેબલ ઉપર એક ચીમરાઈ ગયલી યુરેઓપીયન બાઈ હાથમાં કંઈ ભરવાનું લઇને બેઠાં હતાં. તેવાણની દાઢ દુખતી [illegible] મોહાડે ફલાનલનો પાટો બાંધેલો હતો. એવણ [illegible]ના ગવરનેસ મીસ પાવલ. બધું મેગરૂં દાખલ થતું જોઇને એવણ ડોકું નમાવીને ઓરડો છોડી ગયાં.

બંને [illegible]ઓને તેઓના નવાં ઘરમાં [illegible] હવે ઠર પડવા દો—આવતી વખત વળી આપણે [illegible]ની ત્યાં વધુ ખબર [illegible].

પ્રકરણ—૧૨ મું.

[illegible] તખ્તા ઉપર હવે એક બીજી જોડી દાખલ થાય છે તેપર નીઘાહ કરો. તેઓ સાથ આપણુને આગળ ઘણું કામ લેવાનું છે. અરદેસર અને આલુ શેઠના ભાઇ બહેન હતાં. અરદેસર [illegible]નો અને તેની બહેન અઢારેકની હશે. બેઉના ચહેરા એક બીજાને એટલા નવાઈ

એવી રીતે મળતા હતા કે તેઓ ભાઈ બહેન છે એમ બંધ આંખે જોઈ શકાય. તેઓ સ્વભાવે રમતીઆળ ને જલદીથી સઉ સાથ હળીમળી જાય એવાં હતાં. અહીના ટાહુકા અને આલુના ચાળા કોઇનેબી ગમે એવા હતા. માસીજીને ત્યાં બે છોકરીઓ ઠર પડવા પછી ત્રીજે દીને આ શેઠના ભાઈ બેહેન પોતાના ફરેનડો જરૂ, મેહરૂ તથા લવજીને મળવા આવ્યાં હતાં.

“અરેરે આલુ, તું આજે કાંહાંથી ભુલી પડી? આએ મારી નવી સગીઓ ચીનથી આવી તે.”

“આજે અહીને આફીસમાંથી છુટી છે—અમુને સોહો વાયું નહીં તેથી તમારી ચીનાઈ સગીઓ સાથ દોસતી કરવા અહીં ઉતરી પડયાંછ.”

[illegible]—ભલે—બેસો અમારી સગીઓ સાથ ઓળખાણ પાડવાની ઘણી મુશકેલી પડશે નહીં.”

ઓળખાણ પડી અને અહીબા લાગલા વીહ્લ્લુ સાથે વાતે લાગી ગયા. પુટલી પોતાના પીત્રાઈ લવજીને પોતાના સટાકાથી હસાવવાં પડી.

અરદેશર શેઠના ખાસ્સો સોટા જેવો અને દેખામણો હતો તેનું મોહ સદા હસતું હતું અને તેની બોલવાની લત્રાજ ઓર રીતે મોંહ પમાડનારી હતી. શરમ જેવી ચીજ તો તેના બાબમાં સરજેલીજ નહીં હતી. કાણુ જાણે

શા સબબથી વીલ્હુની આંખમાં તે અતયારથીજ સમાઈ ગયો હતો. આ બંને જણ જાણે બચગીના દોસ્ત હોય તેમ હસી હસીને વાતો કરતાં હતાં. હવે આપણે આ બે જણ શું જીકરમાં છે તે સાંભળયે.

અહીએ પુછ્યું "તમુને મુંબઇ કેવું ગમેછ? પણ ખરેખર હું અડગરો જેવો એમ તમુને પુછુંછ પણ વીચાર કરતો નહીં કે વળી મુંબઈ જોયુંછ કેટલું. હજુ તો આયાને થોડા દહાડા થયા તેટલાં વીચાર કાંહાંથી બાંધો! તમારાં માસામાસી અમારાં ઘણુંાંજ દોસ્ત થાય. અમુને એટલું ઘેરવટ છે કે જારે ગમે તારે અહીં દોડી આવયે. મારી આલુ ને જરૂને તો જીવેનાની [illegible] છે. તમારી સાથબી વાત કરતાં મળી જશે."

વીલ્હુ બોલી "તે ખરૂં, પણ માસીજીનો વીચાર તો અમુને થોડા મહીના પંચગનીની મીશન સ્કુલમાં મોકલ વાનો છે."

"ઓજન! માસીજીને એ શું ધખારો આયો! હું તો જાણું કે આપરે કેવાં ગમત કરશું."

"નહીં મી૦ અહી, માસીજીનો વીચાર તદન દરોબસત છે. અમે હાંગકાંગમાં સુહુના સાવજ જેવાં રહી ગીઆં તાં-એટલે હવે એવી સકુલમાં થોડી ઘણી છોકરીઓ સાથ બસીએ તો કાંઇ માનમાં આવ્યે. જોજોની વરસ ૭ મહીનામાં અમે પાછાં આવશું તારે વળી કાંઇ નવાજ રૂપમાં દેખાઇશું."

"પુછ! હમણા તમુને શું છે? સુધરીને આવશો કે યુરેગ્રીન ને સેકંડ કલાસ યુરોપીયન છોકરાઓના ધનક લઇને આવશો તે કેમ કહેવાય! મને લાગેછ કે આપરે આગળ ચાલતાં મોટા દોસ્ત થઇશું— સાથે ફરવા જઇશું, હું તમુને સીનેમા જોવા લઈ જવશ."

"ઠેંક્યું, પણ હજ્જુ તે હાલતે પુગવાને વાર છે. મારી પુટલી મારા કરતા વધારે જલદી બધાં સાથ મળી જાયછ."

"તમારી બહેનનું નામ પુટલી કે! પેલી ખુણામાં બેસીને મારી આલુને કાંઈ આંગલાં હાવ શીખવેછ તે તમારી બહેનનું નામ પુટલી? મેં હમણાજ જાણ્યું. દેખાવડી છે. એકુ બે વરષમાં મડમ જેવી થશે."

"મડમ જેવી હમણાજ છે— પણ જરા રમતીઆલ છે. તમારી પોતાની બહેન આલુ શું ઓછી સોવામણી છે? તમે લોક અહીં પાસેજ રહોછ કે?"

"હા—અમારાં માય ને બાપ કોઇ નથી ને અમે કાકા જીના બંગલામાં રહીએછ. અમારો બંગલો તમારેથી પાંચમો છે. કાકાજી ઘણુજ દાઘાબળયા છે. જરા કંઈ ઓછું પડયું તો અમુને કાચા ને કાચા ખાઇ જાય. એવાણુની એક પુરી છોકરી છે તે પોતાના બાપથી એવી કંટાળી ગઇછ કે પુને પોતાની ડુઈને તાંહાં પડી રહેછ. ને—તે કાકાજી તેને મારે ગળે ટોકવાની જીદ લઈ બેઠાછ."

"તે તમુને તેમાં વાંધો શું છે?"

[illegible]ા સખત વાંધો છે. પહેલાં તો તે મારા કરતાં [illegible] વરસ વડી છે ને હું તમુને પોતાના જાણી કહું છ [illegible] રૂપમાં-અહં-છે તે-તમારી આયાબી સારી કહે-વાય. થોડાંમાં અધુરૂં હોય તેમ સ્વભાવમાં ડોસાજીને પાણી પાય તેવી છે. કાકાજી અવાર નવાર મારા [illegible] [illegible]છ કે જો હું એવણુની માહાણુખતાર સાથ પરણું તો એવણુની દોલતનાં ત્રણ ભાગ કરે. એક ભાગ મારો, એક મારી આહુનો ને એક એવણુની દીકરીનો. મેં જરા આનાકાની કીધી તો કાકાજી તો એવા છીકી પડયા કે જો હું બાહેરી કરશ તો અમો બેઉ ભાઈ બહેનને ઘેર માંથી પાણીચું આપશે [illegible] અમારા અંગત ખરચ સાર [illegible] [illegible]ચાસ રૂપીઆ આપેછ તેબી બંધ કરશે."

વીહુ આ હલદર હેવાલ સાંભળીને ખડખડાટ હસી પડી.

અદી કળવાઇને બોલ્યો "હસો માય હસો. તમારે મનથી રમુજ છે પણ અમે ભાઈ બહેનનો જીવ સીકે ઓળવાઈ [illegible] છે તે કોણને કહેવા જઇએ?"

અહીં વાત અટકી કારણ કે આહુ ને [illegible] વીરૂ અને અદી આગળ આવીને ઉભાં.

અદીની બહેન બોલી "મેં સાંભળયું કે તમે [illegible] પંચગની મીશન સ્કુલમાં જવાના છેઓ? મીસ મોરગન અમારી માસતર ઘણી મઝાની છે. અમે બે વરસ તાંહ

હતાં. મારો કેવો જીવ થાયછ કે તમારી સાથે હમણા ઉડી આઉં. આહ ! આયામાને હાથનું તીખું તીખું બીનહાણું યાદ આવેછ તારે મોહાનામાં કેવું પાણી છુટેછ !"

આહી છેડાયો.—

"હું–તું બીનડાહ્યા ચાંપે ને હું અહીં તારાં શોભતા મકાજીના ધસારા સાંભળયા કરૂં ! તું ચાલી જાય તો પછી તારા બધા જુવાન દોસતદારો બેંડ સ્ટેંડ પર તારી ગાડીની આસપાસ ગુંચરાં વળીને પેંગા ચેંગા થાય તેને કોણ હઠાવે ?"

"આહી, તેની તુને શાની અદેખાઇ લાગી ? જરા બે ઘડી હસીને વાત કીધી તો શું ચેહરો ચીમરાઇ જાય છે ? તું કાંય તયારનો વીલ્લુ બહેન સાથ ખુંટો ડાટીને બેઠોછ? કાકાજીના એબલગામણા ડાંચાંથી કંટાળીને જરા ગાડીમાં ફરવા જાઉં તો હસતા ચેહરા બેવડાં ગમી આવે. સમજીઆજી ?"

"એ તારા વીચાર તુને મુબારક ! ચાલો, વખત થઈ ગીઓ. ડાસાજી નહીં તો ખરવાયાં તોડીને ઘેર ઘેલાં કરશે."

* * * *

મુંબઇ શેહેરમાં પગ મુકયાને પંદર દાહાડા ઉપર થઈ ગયા પણ સર દીનશાજી વકીલનું નામ નીશાન ન મળે. જે દાહાડે બપોરની આપણે વાત કરોયે છીએ તે દાહાડે એવણ સાહેબ પોતાનાં મકાને રોસનમાં વરંડા ઉપર ઈઝીચેર ઉપર લાંબા થઇ ચુંચી આંખોથી કાંઈ ભારે વીચારમાં હવા.

એકાએક તેમનો જાણીતો મીત્ર કાલી દાવર દાખલ થયો. ખાસ્સો છ ફીટ ઉંચો ને નરો શખશ જેવો કાલી હતો. દીનશાજી તુરત ખડા ઉઠા.

"હલ્લો કાલી, મેં તો સાંભળયું કે તું માહાબળેશ્વર ગીયો હોશે."

"નહીં જરા હજુ વીલંબ છે. બીરાદર, કંઈ અગતની અડચણ છે!"

"તે શું બા?—કંઈ ચાઈ ચાઈની વાત છે કે? કાંઈ આશીરવાદ કે આંદરનીનો ગોદો છે કે, ફાધર?"

"હમણા નહીં કહેવાય. પણ અદરાયાની ને પરણવાની વાત કરેછ તારે મુરબ્બી તમારૂં કેમ?"

"શું? તું શું કહેવા માગેછ તે બરાબર બોલી મરની."

"હવે સાહેબ, આપરે બે જુના પુરાણા કાગડા છઇયે એટલે એમ સસેકા તીન પાંઉ મારી આગળ ચાલશે નહીં. આજે થોડા દાહાડા થયા તારા રંગ ઢંગ મને સમજમાં ઉતરતા નથી. જો દીનશા દીકરા, તારી ખાંનગી વાત [illegible]વા હું માંગતો નથી. પણ ખોદાને ખાતર પેલી બહેનવાળી તો નથી કની? હું એટલા ઉપરથી [illegible] કે તે દાહાડે રાતના એ બીલાડી મને આ[illegible]બાગમાં એક નવમોતમાં મળી. તારે મને કહેજે તું અને તે બે જણ ચીનથી આવતાં સ્ટીમર ઉપર સાથે થઈ ગયાં ને વગે [illegible] જને આગલી પાછલી ભુલી જઇને પાછી [illegible]."

"એમ બોલી કે ?"

"અરે હારે જાણું એત્રાં ડાચાં કરતીતી કે ચંદરોજ માં પસંદે કરદમનું નકકીજ હોય! અરે યાર–હું તુંને મારાં ખરાં જીગરથી સલાહ આપુંછ કે એ ઓરત તુંને માણુ માણુ બોલાવશે."

"કાલી દીકરા, તું શું કાંઇ મને પોતાને ગઇ કાલે જનમ પામેલો સમજે છ—કે હું કંઇ ભાઠાં ગામથી તાડી છેજતો અહીં આવેલો છેઉં ? એ બાઈ સાથ મને કશું લેવું દેવું નથી."

"સાબાસ! હું હવે રાજી થયો–આજે મારા ફરેનડ સુનામાય પટેલને તાંહાં ટીપારટી છે તાંહાં મને જવાનું છે."

"ને મનેબી તેડું છે." દીનશાએ ધીરજથી જવાબ આપયો.

"એમ કે ? તારે તો ચાલની આપરે સાથેજ જઈએ. તાંહાં એવણુની બે રમકડાં જેવી બાણુંજો ચીનથી આવીછ તેઓની લોક ખુબ વખાણ કરેછ તો જોઇએ તો ખરા, કે એટલું બધું શું છે."

"હા ચાલો–હું બી જવાનો વીચાર રાખતો હતો."

જયારે આ બે ગોઠયાઓ સુનામાયના બંગલામાં દાખલ થયા તયારે 'હાલ'માં પાંચ પંદર માણસોનું મેઝરૂં ભેગું મળેલું હતું. સુનામાય પોતે કાંઈ કામમાં બીજે ઠેકાણે રોકાયલાં હતાં પણ જરૂએ તેઓને ઉલટથી આવકાર દીધો. કાલીએ ઓળખાણ કરાવી કે "આ એ મારા દોસ્ત સર દીનશા વકીલ."

"આવો આવો, સર દીનશા—મારી પીત્રાઇ પુટલીબાઈ તમારી ઘણી વખાણ કરતીતી. એની વડી બેહેન વીર બાઇજી પેલાં ખુણામાં બેઠાંછ તે."

એટલામાં પુટલી દોડતી દોડતી આવી અને દીનશાની બગલમાં પોતાનો હાથ નાંખીને તેને પાસેના લખવાના ઓરડામાં ઘસડી ગઈ, ત્યાં એક બારીને અઢેલીને ઠંડે પેટ પુટલીએ પુછ્યું.

"કેમ મેહેરબાન કહરદાન મોટા લોક સાહેબ, આખરે તમે અહીં ભુલા પડયા ખરા કે? હું જાણું કે રસ્તો ચુકી ગયા હશો."

"મને ઘણી રોકાણ હતી તેથી અવાયું નહીં."

"અં? રોકાણ હતી—કોઈ હુંડી વટાવવાના હોશે? ચાલો, ચાલો, એવા ઢોંગ મારી આગળ ચાલશે નહીં. તમારી મરજી હોતે તો પા કલાક આવતાં શું થયું હતું? ખરી વાત કેહોની કે તમુને વીનુ સાથ વીઆરૂં લાગુંછ. હું કાંઈ જખલીઆત બચ્ચું નથી. હું બધું સાચીમની સમજુંછ. પણ મુરંબી સાહેબ આજે નહીં આવતે તો તમુને જોવા પામતેજ નહીં."

"કાંય, એમ કાંય?" દીનશાહે ચમકી

"અમે તો આવતા આતવારે જઇયેછ."

"આતવારે જાઓછ? કાંહાં? પાછાં ચીન?"

"નહીંજી—ચીનબી નહીં ને ચાનબી નહીં. અમે તો પંચગનીની સ્કુલમાં ધક્કેલા ખાવા જઇએછજી—એક વરસ જેમ તેમ ભસતામાં કહાડવાનું છેજી !"

"એ શું વળી નવું કૌતક ?—હું આશા રાખુંછ કે તમે તયાં હસી ખુશીથી રહેશો. પુટલી માય, મારી ખાત્રી છે કે એક વરસનો સ્કુલ તાલીમ જરા તમુને તો ઠેકાણે લાવશે."

"તમારી લાયકી સારૂં સેવક નમેછ—હું ઠેકાણે આવશ કે તમારા જેવા રડતા ચણાવાળાને ઠેકાણે લાવશ તે જોવાનું છે. પણ હું તો ધારતીતી કે વીલ્લુને ખાતર આ ખબર સાંભળીને તમે દલગીર થશો—પણ તમો સદા એવા છેઓ."

"પુતલી માય, તમે મને એમ જરા જરામાં ભખી ખાશો તો કેમ જીવાશે ? તમે કેમ જાણયું કે હું તમારા જવાથી દલગીર નથી ?"

પણ પુતલાં પોતાનો ખભરાટ ભુલી જઈ બોલી, "ક્હોની, તમે આજે વીલ્લુને મળશો કે અખાડા ?"

"તેવણ મારી સાથે વાત કરશે તો હું હાજર છેઉં."

"વાત કરશે—હઝાર વખત વાત કરશે—મારી બેહેન તો ગરીબ ગાય જેવી છે, ને તમારી સાથ જરા બોલા ચાલી થઈ તેથી ઘણીજ મુંઝાયછ. હું તે સારી કાની જાણું છ."

"તમુને એમ કહયું ?"

"મોહોને ચહડીને તો નહી કહયું પણ હું મારી બહેનને રગેરગ ઓળખુંછ. ચાલો મારી સાથે, આપરે એની આગળ જઇએ. પેલો અહી શેઠના હમણા આવશે તો તમુને ચાનસ મળશે નહી. તે ચીટકશે કેની તો રાતના આઠ વાગાનું સાટું."

"ઓહો—એ વળી અહી શેઠના કોણ છે?"

"કોણ હોય, વળી માણુસ જેવું માણસ!"

"તે તો હુંબી જાણુંછ—પણ એ કોણ, ને શું ધંધો કરેછ—બારીસ્ટર છે કે સુખડ વેચેછ? જુવાન છે કે ઘરડો?"

"જુવાન છે ને ખાનદાની છે, ને મારી વીલ્લા ઉપર જાન કુરબાન થઇ ગીયાછ."

આ ટાંકણે દીનશાના ચેહરા ઉપર [illegible] અને [illegible]લાંના મોહ ઉપર રમુજ બરપા થઈ હતી.

પણ આટલી વાત થવા પછી પુતલી કંઇ અટકે? તે ધસારાબંધ દીનશાને ઘસડી ગઈ અને વીલ્લા આગળ જઇને ઉભાં.

પ્રકરણ ૧૩ મું.

[illegible] ધીમે [illegible] લાંબો કીધો [illegible]વો સર દીનશા તમુને ઘણે દહાડે જોઇને હું ખુશી છઉં-કેમ છેઓ?—સારી કાની તો છેઓની?"

બીચારો હીનશા ! સ્ટીમર ઉપરના ઇનજીનના ધબકારા અને મોજાંના ઉછાળા વચ્ચે તેઓ કેવાં હસીખુશીથી વાત કરતાં હતાં તે બધું પાછું ઉભરી આવ્યું. તે મન સાથે અજબ થયો કે ફ્રાક કહાડી નાખીને વીલ્લુએ ખોલ્લા બહુ રંગની સાડી સજી હતી અને બાલના બે ગુંચડાં ફેશનેબલ રીતે આગળ કહાડયાં હતાં એટલે તેણીનો ચેહરો અજબ રીતે ખીલી નીકલ્યો હતો. હીનશા દીલ સાથ નાસીપાસીના નીસાસા નાંખવા લાગ્યો. આહ! કેવી રૂપવંતી, કેવી [illegible] સોરઠની અગાઉ જરા ફીકી લાગતી હતી પણ હવે ગાલ ઉપર કેવો ગુલાબી રતાશ ખીલી રહયો હતો!

વીલ્લુ વીચાર કરે છે કે હીનશા આટલી ટુંકી મુદતમાં કેટલા નખાઈ ગયા હતા! પોતાની આગલી મીત્રાઈ તેણીને પાછી યાદ આવી એટલે ધીમે મીઠા સાદે તે બોલી—

"સર હીનશા, આપણે છેલ્લાં છુટાં પડયાં તારે જરા આપણા વચ્ચે સેહજ ગેરસમજુતી થઇ'તી."

"હા, તેમ મનેબી લાગ્યું ખરૂં. આય પંદર દહાડા નીકળી ગયા તે જાણે ૭ મહીના જેવા લાગેછ."

'ખરેખર મને પણ તેમજ લાગેછ.'

એટલાં તો વળી પાછી કોણ જાણે કયાં ગેબ થઈ ગઈ હતી—વીલ્લુને હીનશા એખલાંજ બાકી આગળ હતાં.

"મેં સાંભળ્યું કે તમે પંચગની જાઓછ?" દીનશાએ વાત છેડી."

"હા–તમુને કોણે કહ્યું ?"

"[illegible]લાંએ."

"ફક્ત એકજ વરસની [illegible]–ઉંઘાડે [illegible]માં તો પાછાં આવશું."

"પણ એક વરસમાં તો ખોદા [illegible] શું બનશે." [illegible]શાએ કચ[illegible]

"સ્કુલમાં શું [illegible] ના [illegible] વાગતાં સુવાનું !"

"મેં બીજું સાંભળ્યું [illegible] કોઇ નવો દોસ્ત [illegible] કાઢયોછ ?"

"એક કાંય ? ડજન બંધ નવી સહીઓ ને [illegible]વાળાં મલ્યાંછ. માસાજી, માસીજી, મારી [illegible]ીનો—"

"ને કોઇ અહી બેઠના !"

વીલ[illegible] શરમાઇ—ને [illegible] અરથ દીનશાએ પોતાના ખ્યાલ મુજબ કીધો. પણ વીલુએ ખોલાસો કીધો "હા [illegible]કનાને તેવણુના બેહેન ભા લુ સાથ નવી ઓળખાણ પણ પડીછ."

"ઓહ ! આઈ સી !"

163

સર દીનશાનો ચીમરાયલો ચહેરો જોઇને વીલ્લુએ વળી પાછું પુછ્યું. "તમે કાંઈ સીક ઉતા કે સર દીન શાજી ? કંઇ ઠીક દીસતા નથી."

"હવે આપરે ઘરડા થયા—હવે તમારી જુવાન કંપની માં અમો તો રદ બાતલ છઇએ."

"નહીં—હું તેમ ધારતી નથી. મને લાગેછ કે તમારે માથે કંઈ ચીંતા છે."

"હા, કદાચ તેમબી હોય. આપણે માણસ જાત, શું મરદ કે શું ઓરત બધાં કંઇને કંઈ ચીંતાથી મુંઝાઇયેછ."

"આ વાત સાંભળી હું દલગીર છેઉં."

"મારી વાહાલી બેન વીરબાઇજી પણ આપરી વાત અહીં નહીં થાય. કોઈ નીચે એકાંત ઓરડો નથી ?"

"પાસેનો અમારો સીવવા સાંધવાનો ઓરડો ખાલી હશે."

તેઓ ઉઠીને ત્યાં ગયાં તો ફકત કુતરાંઓ ચકરડામાં બેસીને ઉંઘતા હતા. દીનશાને જોઈને તેઓ જાણે પુરાણા દોસ્તને મળતા હોય તેમ કુહાકુહ કરવા લાગ્યા. સર દીનશાએ 'બોબી'ને પસવારયો. અને ગુપચુપ એક બારી આગળ જઈને ઉભો. વીલ્લુ સામેની ખુરસી ઉપર બેઠી હતી. સર દીનશાના પેટમાં તો એવું થતું હતું કે આ છોકરીને પોતાના દીલની આશા તેજ વખત જાહેર કરીને તેણીને પોતાની ગોદમાં લીએ. પણ તે એવા ડરથી હટી ગયો કે રખે એવી ઉતાવળ કીધામાં સામું કામ બગડી

જાય. વળી બીજીગમથી તે અધીરો પડી ગયો હતો કે રખેને પોતે આનાકાની કરે તેટલાં પૈસા અહી શેઠના કોણ મુવો હતો તે ઇનામ જીતી જાય. જરા વાર દમ ખાઇને પોતાના શબ્દો ગોઠવીને તે બોલ્યો—

"કદાચ તમો પંચગની જાઓ તે અગાઉ મારો [redacted] મેલાપ થશે નહી. મને અગતના કામ સારૂ પુને જ[redacted] છે, ને પાછું આવતા પંદરેક દહાડા લાગશે. મારો [redacted] બંગલો "દખણુ હોલ" ત્યાં છે ને તેની ખબર લેવાની છે."

વીરજુ આ [redacted] કાંઈ બોલી નહીં.

"તમે પંચગનીથી મને બે આંકડા લખશો કે?"

"હા, કાંય નહીં."

"પણ તમે ખરી ખંખારીને હા કહેતાં નથી."

"હું ખાત્રી કેમ આપું ? [redacted] કામ છે. વખતે [redacted] લખવાની મનાઇ હોય."

[redacted] સર દીનશાહ વળી પાછો અકળા[redacted] કહયો. "પણ તમે લોકને આ પ્રમાણે [redacted] દેવાની જરૂરજ શી છે ? હું આ પગલાંને એક જાતનું [redacted] સમજુંછ. તમે શું ઓછાં કેળવા[redacted] ? ત્યાંહાં જઇને શું સીવીલ સરવીસમાં દાખલ થશો ? જવાન જવાન છોકરીઓને આમ દુરદરાજ મીશન સ્કુલોમાં મોકલી મોકલવાની હું સખત વીરૂધ છેઉં. આપણા લોકની રીત ભાતને બીલકુલ બીનઅનુકુળ એવી સકુલોમાં શીખાડવામાં આવેછ."

"સર હીનશાજી-વળી તમે એમ છેડાઈ પડયા ? તમારી સાથ વધુ તકરાર કીધામાં સાર નથી."

"મને તો લાગેછ કે, તમુને ફક્ત તમારી નાહાન ઉછાંછલી બેહેનને સમાલવા માટે, તેની નરસ તરીકે ઠકેલી દેવામાં આવેછ."

"તે બાબે આવડો રોહાસો કરવાની જરૂર નથી પણ એટલું તો ખરૂં કે હું મારી બેહેનને એખલી જવા તો નહીંજ દેઉં."

"છટ, છટ, તમારી બેહેનની સદાની ગુલામગીરી કરવા સારૂંજ તમુને તમારી માયજીએ રોકયાં હોય તેવો બધો દેખાવ છે."

"માફ કરોજી, તમે વળી મરયાદાની હદ કુદાવી જાઓછ આ કારણથી હું પપીની સાથેની સાથે રેહુંછ તે તો એક વખત મેં તમુને સમજાવેલું છે. કદાચ તમે ભુલી ગયા હસો."

"[illegible] નથી ગયો. પણ તમે કોઇ જાતની પ્રામીસથી પોતાને બંધાઇ ગયલાં સમજોછ. તમે બધાંને જાત જાતની પ્રામીસ આપોછ. ફકત હુંજ અભાગીયો બાકાત છેઉં ?"

"સર હીનશા, ઉસકેરાઈ ના જાઓ. મેં તમુને કહયુંની કે જો સ્કુલના કાયદામાં કાગળો લખવાની પરવાનગી હશે તો હું લખસ."

"વારૂં એટલું તો કબુલ થાઓ કે તમે બીજા કોઈને નહીં લખશો."

"એવી કબુલાત હું આપતી નથી."

"કાંય ?"

"મને લખવાનું કાંઇ કારણ મળે. તમારૂં માંગવું વાજબી નથી, સર દીનશા ?"

"તારે તમુને કોઈ બીજા ગ્રહસ્થે કાગળ લખવાની રજા દીધી હશે ?" દીનશાએ લગાર તણાઇને પુછયું.

"એનો જવાબ આપવાને હું બંધાયલી નથી."

"ઓહો, પણ કોઈ અહીં ફરી કોણ મલ્યાછ, તેણ તમુને કાગળ લખવા કહ્યુંછ કે ?"

"હું જવાબ આપવાની ના પાડુંછ."

"સાબાશ ! આ કોઈ જુવાનીઓ, ખરડીઆ પગખુબ ધસારાબંધ આગળ લાવેછ. એ ધણીને તમે આઠ દસ દહાડા થયા જોયા. તેટલામાં તો તમારી ઉપર ધચપરાં કરેછ ને તે તમે ચાલવા દેઓછ !"

"સાહેબ; આવી રીતના બેમલાહજા ભરીઆ ટીકા કરવાનો તમુને હક નથી."

ઘણા ગુસ્સાથી—"હા બધો હક છે. લેઓ હવે હું ખરી ખંખારીને કહુંછ કે મેં તમારી ઉપર મારાં સુખની આશા બાંધીછ, અને તે લીધે હું એક જાતનો હક ધરાઉંછ. મારી લાગણી તો તમે સમજી ગયાં હોસો.

હું સમજુંછ કે મારે આટલું ઉતાવળે તમારી આગળ બોલવું નહીં હતું—પણ જ્યારે મેં જોયું કે કોઇ બીજો ધુસવાની તઇયારીમાં છે તારે મારી ધીરજ રહી નહીં. હું હવે જોઉંછ કે તમુને મારી ઉપર ચાહ્યા નથી.—સ્ટીમર ઉપર એક વખત મને લાગું કે તમે—”

“બોલો—બોલો—અચકાઓછ શું કામ?”

“મને લાગું કે વખતના વેહવા સાથ જ્યારે તમે મને વધારે ઓળખવા શીખશો ત્યારે કદાચ—”

“શેઠ સાહેબ,” વીલ્લુ જરા ખીજાઇને બોલી, “આપ માણસોને સારૂં તેમાં ખાસ કરીને મારે સારૂં તમારા વીચાર ઘણા હલકા હોવા જોઇએ. તમે શું એમ ધારોછ કે એક જુવાન પારસી જેની સાથ ફકત થોડા દાહાડા ની ઓળખાણ પડેલી, જે બચ્ચાંઓને બેહલાવે તેમ અમુને રમાડે, તેની સાથ હું પરણવાની કમર બાંધુ એવી હું હલકી છેઉ? જે માણસને વીશે મેં સાંભલ્યું કે એવીજ ગમત નાદાન છોકરીઓ સાથ કરેછ તેને સારૂં હું કુવો પુરૂ?”

આટલું બોલતાં વીલ્લુની, આંખમાં પાણી આવી ગયાં. જે જોઇ સર દીનશા બોલી પડયા—

“યા ખુદા! વીલ્લુ, એ તમે શું બોલોછ? તમે મને શું એવો ધારયો?”

“હું કાંઇ ધારતી નથી—” (આંખમાંથી તર તર આંસું પાડીને) “મને કોઇનો પ્યાર જોઇતો નથી. એવી

ચાઈ ચાઇની વાત મારે સાંભળવી નથી. તમે એમ સમજતા હોય કે જુવાન છોકરીઓને એવી લભભાસ ગમેછ, તો તમારી ભુલ છે. મને તેનો ઘણો ધીક્કાર છે.”

આ મુજબ નવેસરથી વધેરાયું તેનું શું પરીણામ આવતે તે કેહવાઈ શકાય નહીં પણ સારૂં થયું કે તેટલામાં નાહાન છ વરસની મેહેરૂ દાખલ. થઈ—જે તકનો લાભ લઈને વીલ્લુ છટકી ગઈ.

મેહેરૂએ ભોળાપણામાં પુછ્યું “દીનશા કાકા, તમુને વીલ્લુ બેહેન સાથ ઘણું સારૂં છે કે?”

“નહીં.”

“એજ તમુને આએ ઓરડામાં લાવી કેની?”

“નહીં.”

“તારે તમે આયા કાંય?”

“કારણ કે હું ગધેડો છઉં.”

“નહીં—નહીં દીનશા કાકા! પુટલી પેલા અદીને કેહેતીતી કે તમે ઘણા મજાના છેઓ. મેં મારી કાને કાન સાંભરયું. તમે વાત કરતાંતાં તારે હું સમજી કે વીલ્લુ બેહેન અદી સાથ વાત કરતાં હોસે.. અદી કાકા, રોજ રોજ અદી આવેછ.”

“આહ! પછી?”

“તે એવણુને વીલ્લુ બેહેન સાથ ઘણું સારૂં છે. આવેછ તારથી એ બે જણુ એખલાં વાત કરીઆ કરેછ.

મારી આયા તો કહેજે વીલ્હુ બેન બાહાર ગામથી પાછાં આવશે પછી એ બે જણ જરૂર પરણી જશે—જોજે—એ માયરે, સીધા બેસાની તો—હું [illegible] પડી જતે."

હીનશા ફગવાઈ ગયા અને જુથીને ખોળાપરથી ઉઠાડી દીધી.

"[illegible]—હું હવે જાઉં છું."

"સાહેબજી—તમારી ગુડબાઈ વીલ્હુ [illegible]ને કહું ?"

"નાહી—કંઇ જરૂર નથી."

[illegible]

પોતે પુને જરૂરના [illegible] જવાના છે એમ સર હીનશાહે લત્રાજ તો હાંકી હતી. પણ બીજા દસ દહાડા તેવણ મુંબાઇમાંજ ઠસી રહયા અને પાંચ વખત સુના-માય ને ત્યાં ડોકું ઘાલ્યું—પણ થોડીવારબી વીલ્હુને જોવા પામ્યા નહીં.

આ વાત થવાને થોડાક દીવસ ગયા પછી સર હીનશા પોતાના હોટેલ મેજેસટીકના ઓરડામાં કપડાં પેહરતા હતા તેટલાં તેવણુનો બોય પેહરો દાખલ થયો અને ખબર આપી કે એક જુવાન બાઈ આવ્યાં છે તે તેઓને મળવા માંગે છે.

"જુવાન બાઈ ? તે બી વળી [illegible] કાંઈ નામ આપ્યું કે ?"

"નહીં સાબ, ઘણાં જુવાન છે."

દીનશાએ ઉતાવળે કપડાં પેહરી લીધાં અને ઝપાટામાં નીચે ઉતરી ગયો. જોય છે તો બેસવાના પબલીક દીવાન ખાનામાં શેઠાણી પુટલીબાઈ મઝેહથી બેશીને પવન ખાતાં હતાં.

દીનશાના આંખના ડોળા ચઢી ગયા. "ઓ પુટલાં!"

"[illegible] હું શું કંઇ મકાઈ બાજુ છેઉં કે મને જોઈને [illegible] ઘભરાઈ ગીઆ?"

"પણ મારી વાહાલી દીકરી, શું છે? જોની, એમ હોટેલમાં બાઈ માણુસે એખલાં આવવાનો કાયદો નથી. ઉભી રેહ હું હમણાં ડરેસ કરી આઉં ને આપરે સાથે બાહાર નીકળી પડીએ."

"અરે જાઓરે, [illegible] મારે ખાસડે બાંધ્યા. હું તમારી સાથ વાત કરવા આવીછ. સાથે બાહાર જવાની કંઈ જરૂર નથી. હું એખલી જેમ આવી તેમ પાછું જતાં મને આવડેછ. મને મળવાની તમારી મરજી નહીં હોય તો ધસીને બોલી દેઓ કે હું મારે ચાલી!"

દીનશા બચારો શું બોલે? તે ઠબસ આવી ગયો હતો, એટલે લાચાર થઈને ખુરશી ઉપર બેસી ગયો.

"શું છે? મારૂં કાંઇ કામ પડયું?"

"હાવે. ઘણું અગતનું કામ છે. પણ હું પુછું કે તમારાં હીરા જેવાં મકાનો છે તારે હોટલમાં કાંય બરાઈ રહયાછ?"

"કારણુ કે મને કોટમાં ઘણું કામ રેહેછ. તેથી અંહીં રેહવાનું વધારે અગવડ ભરેલું છે. પણ તમે કેમ જાણ્યું કે હું હોટેલમાં છઉં ?"

"માસીજીએ [illegible] જો તમારો મેળાપ અંહી નહીં થતે તો હું તમુને તમારી કલબમાં પકડવાની હતી."

"અરે—અરે—[illegible] એમ નહીં કરીએ—હવે તમે કાંઈ છેક નાહાના—"

"જવા ચાલો—પેલાં મોટાં માંયની કાની તમારાં લાંબાં લાંબાં ભાશણ સાંભળવા હું [illegible] નથી. હું કાંઈ ગીયા જમાનાની પરહાણુ નથી."

"જાણુ તારે બોલોની, તમે શું કેહવા આયાંછ ?"

"હું—હવે કેવા ઠેકાણુ આયા ! મુરબ્બી સાહેબ, તમે બી જબરા મતલબીઆ છેઓ, આં. તમુને યાદ તો છેની કે બીજાની બાબદમાં તમારી ફ્રેન્ડ થઇ રહેવાની મેં તમુને કબુલાત આપી હતી."

બીનશા મુગોજ બેસી રહયા.

"તેથી મને લાગ્યું કે અમે જઇએ તે અગાઉ તમારી સાથે કાંઈ ખાનગી મસલત કરી લેઉં. માસીજીના બંગલામાં તો એટલાં પગીપગ રખડેછ કે તાંહાં કંઈ તાલ આવતી નહીં. હું એમ કેહવા આવીછ કે તમે જો બીજાને થકી કંઈ મુંજમાં રેહતા હોવો તો તમારૂં કાંઈ વળવાનું નથી."

"એમ કે? પણ તકરાર ને ખાતર સમજીયે કે હું સુજમાં રેહતો હોઉ—તો કાંય મારૂં વળવાનું નથી?"

"તમે ગમે એટલી નાખે જીભ લગાડો. હું કંઇ છેક માટ નથી—પણ ખરી વાત એ છે કે—જો તમે ઠભ-તાઇ ના જતા—"

"નહીં—ઓલોની એટલું બધું તે શું છે?"

"મેં તમુને અહી શેઠના સારૂં કહયુંતું તે તમુને યાદ તો છે કેની?"

"હા-તેનું શું?"

"તેનું એક એ બે જણ ખુબ ગેલમાં આવી ગીઆંછ."

"અંહ!! તમે કેમ જાણ્યું?"

"ગઈ રાતે હું એકાએક સીવવાના ઓરડામાં જઇ લાગી. ઓરડામાં જરા ઓજપ ઉતો. એ લોકે મને જોઈ નહીં. અહી ભોય પર ગુઠણ મંડીએ પડેલો ઉતે અને-વીલ્લુનો હાથ પકડી ને પોતાની આંખમાં ચાંપતો તો! તે કંઇ જીવે જાગે તાંહાં સુધી નીમકહલાલ રેહવાનો ઢપીડ જેવો બકારો કરતો'તો."

"બસ-બસ-પુટલી. તારી બેહેનની ખાનગી વાત એમ કેહી દેવામાં તું ડહાપણ દેખાડતી નથી. તારી બેહેન જાણશે તો તારી ઉપર ખફા થશે. મારે હવે એવી વાત સાંભળવાની ખુશી નથી. ચાલો હવે તમુને તમારે બંગલે મુકી આંઉ."

73

“ઓજા ! વળી તમારી દાળ બળી ગેઈ? હું ધારતીતીજ કે મારી ખબરનો તમુને ચટકો લાગશે. પણ હું શું કરૂં મેં તો મારૂં બનતું કીધું.”

ચીંતા નહીં—તમારી મેહેરબાની થઇ.”

“તમારે ખાતર મારો જીવ ઘણો બળેછ—પણ જો તમે ઘણાજ નાખુશ થયા હોવ અને વીલ્લુ નહીંજ ઠેકાણે આવે તો તમુને રાજી રાખવા હું તમારી સાથ પરણવા તઈયાર છેઉં. મને ઘણું ગમે તો નહીં પણ શું કરૂં—તમને દલગીર થયલા જોઇને મારો જીવ રંજીદાર થાયછ.”

“ઠેંકયું—મારી ભોલી પુતલી—પણ તારા તરફથી આવો ઘાતકી ભોગ કબુલ રાખવાને હું ના પાડુંછ.”

“ગુડબાઈ, બાઈ, બાઇ” કરીને પુતલીએ રૂખશદ લીધી અને તેજ બપોરની ગાડીમાં સર દીનશા પુને નીકળી ગયા.

પ્રકરણ—૧૪ મું.

વચમાં એક લગાર લાંબો ખાંચો ખાવાની જરૂર છે.

ઉપલાં પ્રકરણમાં વરણવેલો બનાવ બની જવાને એક વરસ ઉપર પસાર થઈ ગયું છે. વીલ્લુ અને પુટલાં ને તેમનાં માસીજીએ કબુલાત મુજબ પંચગનીની કાનવેનાં સ્કુલમાં બરાબર બાર મહીના મોકલી આપી. પણ તે મુદ્દત પુરી થતાં તેવણે બેઉ ભાનેજોને પાછી પોતાને

ત્યાં બોલાવી લીધી છે. પંચગની સ્કુલમાં બેઉ છોકરી, ઓએ કેમ વખત ગાળયો—શું કેળવણી લીધી—તે સાથ આપણને કામ નથી. માટે આપણે તુરત વેળાએ તેર માસનો ગાબો ઓળંગીજ જઇશું.

સરાફ બહેનો પંચગનીથી પાછાં ફરવા પછીના પહેલા [illegible]વારે સુનામાસીના બંગલામાં વળી પાછું નાહાન [illegible] મેઝરૂં મળું મલેલું છે. સીવવાના ઓરડામાં એક બારી આગળ ખુરસીઓ ઉપર સુનામાયનો વડો બેટો લવજી અને પુતલાં બેસીને ટપપા મારે છે.

"પુતલી, તું આસતે આસતે એવી થતી થાયછ [illegible] જાણે નજર ખીસતી નથી. પેલી સ્કુલમાં બાર તેર મહીના રહી આંવી તેટલાં તેં તારા ચેહરા ઉપર [illegible] કરી મુક્યું તે તો જરા સમજાવ—જારે તમે [illegible] ગીયાં તારેબી તું આંખે ઉડી આવે તેવી તો ઉતીજ. પણ [illegible] તો આખી મુંબઇમાં સહુથી ખુબસુરત પારસણ તુને કહીએ તો ખોટું નહીં કહેવાય."

આ છડેચોક વખાણથી તમે જાણો કે પુતલાં જરાબી [illegible]જવાઈ હશે! કોઇ ચીજ નહીં—તે તો ઝડપમાં [illegible] આરસીમાં પોતાનો ચેહરો વાંકી ટીકી થઇને નીહાળવા [illegible]

"[illegible], તું [illegible] કે છોકરી વડાઈ કરેછ, પણ એતો [illegible]રા બાલ આયામાએ નવી ફાસીનના [illegible]યાછ તેથી [illegible] વધારે સારી લાગુંછ, ને જરા મોહોનાપર ગોવાબી રંગબી વધયોછ. હાબા, આપ[illegible] જરા [illegible]વામણા તો ખરાં."

"તેમાંજ મારા મનમાં એક જણ છે તે તારા ઉપરથી ઉથલાઈ પુથલાઇ જાયછ."

"તે કોણ? સર દીનશા?"

જાણવું કે તેને આગલે દહાડેજ દીનશા માસીજીને તાંહાં ડીનર ઉપર આવેલો હતો અને બધો વખત પુતલી સાથ હસી હસીને વાત કરતો બેઠો હતો.

"છટ, છટ, દીનશા તો તારા બાપ જેટલો ઉમરમાં છે. ખાત્રીથી કેહુંછ કે અહી શેઠનાનું માથું તારે સારૂં ફરી ગીયુંછ. ખાતાં ખાતાં મેં જોયું કે તે દરેક મીનીટ, દરેક સેકંડ તારા તરફ ટીકયાં કરતો હતો અને અરધી ભુખે ઉઠયો."

"જા—જા—ઘેલા—તે તો મારી બહેન વીલ્લુ ઉપ ખુરબાન છે."

"અગાઉ ખુરબાન હોય તો કોણ જાણે પણ હમણા આહી પોતાની બહેન આલુ સાથ આવે તારે રંગ જોજે."

"લવજી ભાઈ, તમે હમણા હમણા એવી ચીજ ઉપર જરા વધતી ઓછી નજર રાખોછ તેનું કારણ શું? કંઈ તમે તો કાજ વસતારાંમાં ફરતા નથી? ઈનજીનીયરીંગ કાલેજમાં પુને પાછા જશો તારે અભયાસમાં હવે ધયાન લાગશે કે?"

"હસો—આ—હસો—મારા જવાં પછી તમે મારી કદર પીછાણશો. હમણા તો લવજી આય લાવ ને લવજી પેલું કર એમ બેઠાં બેઠાં લાર કરોછ પણ પછી મારા વગર કેવું

અસીકું લાગશે તે તમેજ જોશો. પુટલાં, તારાં રંગ રૂપથી લલચાઈને રખડતાં પખડતાં ઢુકતાએ તારી આગળ માખની કાની ભમશે તારે તમારી સંભાળ લેનારૂં કોણ છે ?"

"એ લેરે—સંભાળ લેનારો જનરલ કીચનર જોયો કે ? અરે લવજીભા, એમ ઉફનાઈ નહીં જઇએ. તમે તમારીજ ઘંડાની ટોપલી સંભાળોની. સબ સબકી સમાલીઆ મેં મેરી ફેડતા હું."

આ ઠેકાણે વાત કેમ આગળ વધતે તે કહેવાય શકતું નથી. કારણ કે એટલામાં કાળી દાવર અને સર દીનશાહ ઓરડામાં દાખલ થયા. હવે આ ઠેકાણે ટચકો કરવાની તક છે કે આલુ શેઠના કંઈ મુદત થઈ સર દીનસા ગમ બાડે બાડે ડોળે નજર ફેંકતાં હતાં—એણીમેર વીલ્લુને એવોજ ધખારો બેસી ગયો હતો કે સર દીનશાબી આલુ તરફ હસી હસીને ઢળેલા હતા. વળી બીજીમેર ત્રીજો નાટક એ ચાલી રહયો હતો કે દીનશાની નજર વીલ્લુ તરફ ફરી રહી હતી. તેણે જોયું કે અહી શેઠના પુતલી ઉપર ટીકી ટીકીને જોતો હતો. પણ પુટલી અહીને બાઝું મોઢું આપતી જણાતી ન હતી. તેનું કારણ સમજાવવાની જરૂર છે. પહેલી બારીમાં અહી વીલ્લુ સાથ ગેલમાં ઉતરયો હતો અને હવે તેણીને વીસારી મુકીને નાની બહેનને ધરી હતી તે આ નીમકહલાલ નાની બહેનને કબુલ નહીં હતું.

દીનશાનું ધકધ્યાન બધું વીલ્લુ તરફ લાગેલું જોઇને આલુ શેઠનાનું પાકી આવ્યું.

"હીનશા, હું બકબક કરયાજ કરૂંછ ને તમારૂં ધક તો કોણ જાણે કાંહા ચરવા ગીયું છ !"

"અરે નહીં રે—હું સાંભળું છ." હીનશા ખશીયાણા પડીને ખડા બેઠા.

"એમ કે ! ત્યારે હું શું બોલી તે પાછું બોલી જાઓની જોઇએ."

"તમે બોલ્યાં કે—કે—પણ હું માફ માગુંછ, મીસ કેઠના, મારૂં ધયાન બીજે ઠેકાણે હતું ખરૂં."

"શેઠ સાહેબ તમે પુટલી ગમ ટીકવા હતા—પણ તેમાં તમારો વાંક નથી—એ છોકરી ખુબસુરત તો છે."

"હા છે—ઘણી દેખાવલી છે."

"પણ મને વીષ્ણુનો ચહેરો વધારે સારો લાગેછ."

"હુંબી એમ ધારૂંછ-પણ તમારા ભાઈ અહી વળી કંઇ નવા રંગમાં રમેછ."

[illegible] દેખાયછ ખરૂં પણ મારો ભાઇ એક વખત [illegible] હેવાનો થઇ ગીઓતો. એની હંમેશ [illegible] ખાશીયત છે. કોઇ વખત કોઈ છોકરી ઉપર ધરાં પરાં કરેછ ને થોડા દહાડામાં તેને વખાતી નાંખેછ."

હીનશાએ [illegible] પેઠે જવાબ આપયો કે "હું [illegible] રાખુંછ કે જે બાઇઓ ઉપર તેવણુ એમ ધરાંપરાં કરતા હોય તે બાઇઓબી વખત આવવે એવણુને એમજ પાણીચું આપતાં હશે."

આલુ જબરી ચતુર હતી. તે સેજમાં પામી ગઈ કે દીનશા ઉપર જાલ પાંથરવામાં કાંઈ સાર નથી, એટલે ત્યાંથી ઉઠીને ચાલતી પકડી.

હવે દીનશાભાઇ એકલા એટુલા પડયા એટલે આમ તેમ નજર ચમકાવીને જોવું કે વીલ્લુ એક ખુણામ વીચારવંત અને લગાર ઉદાસ બેઠી હતી.

તેવણુ હળવે હળવે વીલ્લુ આગળ ગયા અને સંભાળથી વાત છેડી.

"કેમ—વીલ્લુમાય, એખલા બેઠાંછ? કેટલી મુદત થઇ આપણે મળ્યાં નથી. મને લાગેછ કે આપની આગલી મીત્રાચારી નવેસરથી શરૂ કરવી પડશે. કોણ જાણે, આપણે એકવાર ઘણુજ દોસ્ત હતાં તેબી તમે કબુલ રાખશો કે નહીં."

"આ ગામમાં મારાં એટલાં બધાં કીયાં દોસ્ત આસ્નાવો ઉભા જાયછ કે હું કોઇને વીસારી મુકું." વીલ્લુએ નરમાસથી જવાબ દીધો.

"તારે તમે હજુ મને તમારો દોસ્ત ગણોછ કે?—તમારા દેખાવમાં તો ઘણો ફેર પડયો નથી—જેવા આગ બોટ ઉપર હતાં તેવાંજ હમણાબી દેખાવમાં છેઓ."

"એક વરસમાં તે શું મોટો ફેરફાર થઈ જાય બા? ઉલટું મારા વીચાર પ્રમાણે તમે તો જરા બદલાઈ ગીયાછ."

"સુધરયાછ કે બગડયાછ?"

"હું મત આપતી નથી. તમારાં દોસ્ત નાજાંમાય મલ્યાં'તાં કે ?"

"હા—કોઈ કોઈ વખત જોવામાં આવેછ."

"ને અગાઉના જેવાંજ ખુબસુરત છે કે ?"

"જેવાં ઉતાં તેવાં છે. માણુસનું રૂપ પારખવાનું, તેમાં ખાસ કરીને બાઈ માણુસના રૂપ ઉપર મત આપવાનું મારૂં કામ નથી."

આટલી વાત થતાં જરા વાર દમખાઇને દીનશાએ પાછું ચલાવ્યું.

"સ્કુલમાંથી પાછાં આયાં તે તમુને ગમયું હોશે ?"

"હા, ઘણું ગમ્યું."

"ને તમુને તમારા ફરેનડોને કાગળ લખવાનો તાંહાં ટાઇમ નહીં મલ્યો હોસે?" જરા ટકોરથી દીનશાએ બાજી બગાડી "મારી પુછવાની મતલબ એ કે મને લખવાનો ટાઇમ નહીં મલ્યો ?"

"કોણે કહયું ? મને ઘણો ટાઇમ ઉતો."

"તારે તમે લખયું કાંય નહીં ?"

"તમે—શું મારા તરફથી કાગળની વકી રાખતા'તા ?

"હા—તમુંને મેં અરજ કીધી હતી તે યાદ છે કેની ? તમે કદાચ મારા ઉપર ગુસ્સે થયાં હોસો ? આપણે છેલ્લાં છુટાં પડયાં ત્યારે હું ગધેડો બન્યો તે સારૂં તમે મને ખમા કીધી હાસે ! વારૂં એટલું તો કેહો કે તમુંને બીજા કોઇપર લખવાની ફરસુદ મલીતી કે ?"

"કોઈ માટીડા ઉપર લખયું હતું કે નહીં એમ જો તમારી ટકોર કરવાની મતલબ હોય તો હું કહુંછ કે મેં કોઈ પર લખયું નથી."

આ વાર પુતલી આવેથી બેસીને તરેહવાર ડાથાં કરતી હતી અને પાસે અહી શેઠના બેસીને તેને બેજાર કરતો હતો.

વળી પાછું વીજ્જુ નાખુશ થઇને બોલી "હીનશાજી, તમારા અણકા હું સમજુંછ—તમે જો ધારતા હોવ કે મેં અહી શેઠના સાથ કાગળપત્રનો વહેવાર ચલાવ્યો હોય તો બેફીકર રહેજો. તેવું કશું ઉતું નહીં."

"પણ એટલાં બધાં અકળાઇને બોલાસો શું કામ કરોછ? અગર તમારો ને તેની મરજી હોય ને તમે લખો તો તેમાં મને શું સ્નાન સુતક? તમે એક વખત બોલેલાં મને યાદ છે કે એણે તમુંને કાગળ લખવાને બોલાવી હતી."

"જાવો, જાવો, જાવો! તમારી યાદ હાસ્તશકતીને જરા વાઘાડ તેલ લગાડો. એ વાત હું વધારે કરવા માંગતી નથી. તમે જાણોછ કે આવતે આતવારે માસાજીની સાલગ્રેહ છે તે દહાડે માસીજીએ ટીપર મોટી પારટી બોલાવીછ. તમે આવશો કે?"

"મને તેડું નથી."

"આવશે—તમુને તેડું નહીં આવે, એમ કંઇ બને?"

"તારે તો આવશું."

૧૮૧

અત્રે આ કીસ્સો તમામ થયો.

* * *

રાતના સુવાના ઓરડામાં વીલ્લુ અને પુટલી સુવાની તઈયારી કરતાં હતાં. વીલ્લુ પોતાના બાલ છોડીને સમા કરતી હતી તેટલાં પુટલી ફફડીને બોલી.

"સર દીનશાને ખભરાવીને હવે તમારા જીવને ઠંડક વળી?"

વીલ્લુએ હાથમાંથી બ્રશ મુકી દીધો અને ચકીત થઇને પુછયું "એ તું શું બકેછ? હું તો એવણને પાંચ મીનીટથી વધારે મલીબી નથી."

"હમણાની વાત કોણ કરેછ? આપરે પંચગની ગીઆં તેની અગાઉ તેં આટો બાલ્યીઆની."

"પણ જરા ખરી ખંખારીને બોલની, મેં શું આટો બાલ્યીઓ?"

"મોટાબાઈ સાહેબ, સાંભળો ને માથે હાથ દઇને રડો. સર દીનશા પેલી નામચીન બીલ્લાડી નાજાંમાય ચોકનવાળી સાથ પરણવાનું નકકી થયુંછ."

વીલ્લુએ પોતાના બાલ મોહોડાં ઉપર ઢાંકી દીધા અને બ્રશ ધ્રુજતે હાથે પાછો પકડીને પુછયું.

"તેં કેમ જાણયું—તુને કોણે કહયું?"

"દીનશાહ ગીયા પછી મને આલુ શેઠનાએ ખબરા આપી."

પાંચ મીનીટ સુધી બેહુ બેહનો મુગી બેશી રહી [illegible] આખરે પુટલી બોલી—

"આપરે છેતે વીલ્લુ—"

"કેમ ?"

"હું કે હાહાડેની તુંને કહેવાની હતી કે પેલા ચાન[illegible] અહી શેઠના મારી ઉપર હમણાં ખુબ ધરાંપરાં કરેછ ! હવે શું કરૂં તે મને સમજ નહી પડતી."

"પણ કાંય નહીં સમજ પડતી ? વીલ્લુના ગળાંમાંથી દબાયલો સાદ નીક[illegible]

"ખરૂં [illegible] મને તો લાગું કે એ તારી ઉપર હેરાન પરેશાન છે ને તુંબી એના ઉપર ખુશ ખુશ છે."

"હું કાંઇ ના કેહુંછ—મને અહી ઘણો ગમેછ, પણ પરણુવા સારૂં નહી. એ પોતાને લાયકની છોકરી સાથ ગોઠવાઈ જાય તો હું ખુશી થાઉં."

"ખરેખર ? મારા સમ ?" પુતલીએ ઘણી [illegible] ઉસકેરાઇને પુછ્યું.

"ખરેખર—સમ ખાવાની કંઈ જરૂર નથી."

પુતલી હવે ઉઠીને વીલ્લુના પાસામાં ભરાઇને બેઠી. "મારી ડાહી વીલ્લુ શું છે? તું હમણા બરાબર ડીસતી. [illegible] ખરૂં કેહ—તું દીનશાને સારૂ તો તારો જીવ બારતી નહીં ?"

વીલ્લુએ પોતાની આ નાદાન પણ સાચ્ચી બેહનને જરા ખસેડી, પછી ધાડા સાદે બોલી.

“બસ તું સુઇ જા—મને છેડ છેડ ના કર. મને કાંઇ જોઈતું નથી. આએ દીનશાનું નામ સાંભળીને મને ધધગીને તાપ આવેછ.”

આટલા શબ્દો બોલીને વીરુ ધબકેતી સુઈ ગઈ અને મોહોડાં ઉપર ટકીઓ દાબીને બીજી કાંઈબી વાત કરવાને જાણે ના પાડતી હોય તેમ દેખાવ કરયો.

સારી રાત તેણીએ અકડવકડ કરી અને સહવારનાં પાંચ વાગામાં ઉઠીને ઉભી થઈ ત્યારે તેના ડોળા રડવાથી કે ઉજાગરાથી લાલચોળ થઇ આવ્યા હતા.

પણ ભોલી, ઉછાછળી પુટલી કાંઈ એટલાથી ડરી નહીં. તે જાણતી હતી કે દીનશા રોજ સાંજના એપોલો બંદર ઉપર લટાર મારતો હતો. બસ જઇને એને પકડું એવો પુટલીનો ઠરાવ હતો. જો ત્યાં નહીં મળે તો એના હોટલમાં તો જરૂર હશે. પણ આજે પુટલીનું નસીબ જોરાવર હતું. જેવી તે પાલવા બંદર ઉપર દાખલ થઈ કે સારાં નસીબે દીનશાજી સામેથીજ મળ્યા.

“ઓહો! આખરે પકડાયા. જરા મારી સાથે નાકે [illegible] આવો. મારે તમારાં પીછરાં વેરી નાખવાના છે.”

દીનશા કંટાળેલો અને નખાઈ ગયેલો દીસતો હતો પણ પુટલીના આ ધસારાને સરણ થઇને તેની સાથે [illegible]

“[illegible] પુતલીમાય, વળી શું મારી ઉપર ધાડ આવીછ?’

મીનીટ પાંચેક સુધી મુગી રહીને આખરે પુટલી બોલી "તારે તમે પરણુવા નીકળયાછ, કેમ?"

"મારી વાહાલી પુટલીમાય, એ વળી શું નવો ધુબાકો લઇ આવીછ?"

"ચાલો—ચાલો—એ તમારા ઢોંગ ધતુરા [illegible] સમજુછ. પરણીને સુખી થશો."

"ઠીક્યું—તમારી [illegible] મહેરબાની થઇ."

"તારે અમે સાંભલ્યું તે ખરી વાત—હરવાયા તમે!"

"પણ તમે શું કેહવા માંગોછ તે હું સમજું તો તમને જવાબ આપું કની?"

"અમુને ખબર પડીછ કે તમારાં લગન પેલી [illegible] બુનેગાર વાંદરી નાજાંમાય સાથ નક્કી કરયાંછ."

"ઓહો! મારીઆ ઠાર—એમ કોણે કહયું? [illegible] ઓરતે પોતેજ આએ ખુશ ખબર આપી કે?"

"કાળા ચોરે આપી—તેની સાથ તમુને કામ નથી. હું જાણુવા માંગું છ કે એ વાત ખરી છે કે?"

દીનશા છંછેડી પડયો "જુઠું—તદન જુઠું—તમે એવી વાત માનીજ કેમ?"

પુટલી એકદમ ઠંડી પડી ગઈ "ખરેખર! તમારા સમ?"

"સમ બમને હું માનતો નથી. મારો સખુનજ બસછે."

185

"મહેરેબે એ! લોકની કંઈ હુતરાં કરેછ! પહેલાં એ વાત સાંભળીને હું તો હજનાઇજ ગેઇ કે દીનશાબાનું બેજું ચરી ગીયુંછ. પણ વળી વીચાર આવ્યો કે બધા માટીડા એવાજ હોય."

"જાણ હવે મારો સવાલ પુછવાની વારી આવી. આવી નાલાયક ગુમ તમારી બેહેન માનેછ કે?"

"આજે બે દહાડા થયા ફફડેલી ચટકેલી ફરે [illegible] હું ધારૂંછ કે એ વાત ખરી માનેછ."

પાંચ દસ મીનીટ બેહુ જણુ ચુપચુપ ચાલ્યાં કીધાં. પુટલીનો ચહેરો ખુલી ગયો હતો, પણ દીનશા ઘણોજ ખીજાયલો દીસતો હતો—જય વારે તે બોલ્યા:—

"પુટલીબાય, જો તમુને મારે સારૂ જરાબી લાગણી હોય તો તમારી બેહેનને ખાત્રી આપશો કે આમે બુમાટો [illegible]ઠો ને મતલબીઓ છે."

"હાસતો—વળી કેહ નાહીં તો કાહાં જાય? પણ એ ખબર વીલ્લુને કેહવાને તમે એટલાં ઈંતેજાર કાંય?"

"[illegible] પાસ તેના ખાસ કારણ છે. હું [illegible] કેહવાની તમારી પાસે માંગી લેઉંછ."

"ઓલ રાઇટ—પણ એટલું તો જાણજો, સર દીનશા કે મારી બેહેન પેલા અહદી શેઠનાની એક ટચાકડી બાર દરકાર કરતી નથી."

"ખરેખર? તમારી ખાત્રી છે?"

"હું સોગંદ ઉપર કહું છ. પણ તેથી એમ ના સમજતા કે કોઇ બીજા ઉપર વીચાર રાખેછ. તમે હજુ વીલ્લુને ઓળખતા નથી."

"પુતલી માય, તમારી સાથ ગોળગોળ વાત કરવામાં ફાયદો નથી. મારા દીલમાં શું ઉમેદ છે તે તમે સારી હાની સમજોછ."

"અરે ભાઇ, હું તો કે દાહાડેનો બધો ફારસ સમજી ગઇછ. પણ માટીડા બધાં એવાજ—"

"બસ કરો—એવા માટીડાઓની સફમા મને મેલીને તમે મારૂં દીલ દુખાવોછ. લેઓ હવે હું તમુને ખોલ્લા દીલથી કેહુંછ કે મારૂં દીલ વીલ્લુ ઉપર પહેલાંથીજ લાગેલું છે—તે હું—"

"હું-હું-હું તું તુ-તેં-તેં એમજ હું—હું ઉતું તો આજ સુધી દાઢમાં ઘાલીને વગોલ્યા શું કામ કીધું? આપ હઇને ખરી ખંખારીને કહી દઇએ કેની! પણ હજુબી કેમ મનાય?"

"મારી વહાલી પુતલી—હું મારા ગુજરેલાં માત પીતાનાં કસમ લઇને કેહુંછ કે હું વીલ્લુ ઉપર ખરાં જીગરથી કુરબાન છેઉં."

"એટલે શું? એને તમારી ધણીઆણી કરવા માંગોછ?"

"કરવા માંગુછ એટલુંજ નહીં પણ હઝાર મુશકેલી ઓમાંથી કરશ."

"તારે તમે એમ એને કહયું કાંય નહીં?"

187

"એમ છડેચોક બોલવાની મારી છાતી ચાલી નહીં પણ મેં અસે[illegible]ને ઘણી વાતે એસારો કીધો."—

"તમારા [illegible]ને એસારા મરઘીના ટોપલા તળે ધાક્યા–પછી દહા નાનાંમાય કેહ તેમ તમે લોક એવા એસારા પસારા હજનબંધ છોક[illegible] કરતા હોસો. પણ નાપાક નાનાંમાય એવી લગાડું કે દેખાડું કરનારી છે કે હું જો કુત્રો હોઉ તો એના પગનું ટેટું જ [illegible]."

વળી બીજી પાંચેક મીનીટ ચુપકીદીમાં [illegible] [illegible] બળવળતી પુટલીએ ધસારો કીધો.

"[illegible]ર દીનશા, મેં એક વખત તમુને કબુલાત [illegible] વીલ્હુની બાબદમાં હું તમારી ખરી ફરેન્ડ છેઉં. [illegible] મારી સ[illegible] એની સાથ વાત [illegible]માં ચીચી પોપો ચાલે નહીં. તમારે તો એનો હાથ પકડીને ભરરર દેતું બોલી દેવું જોઇએ. અમે બઈરાં મા[illegible]ને એમજ ગમેછ પછી તમેજ જોશો કે શું થાયછ."

"પુતલી–પુતલી–તારી જોડીજ મળવી કઠણ છે. તારાં આટલાં નાહના શરીરમાં કેટલો ખજાનો ભરેલો છે."

"હાવજ! તે અમેબી જાણીએછજી. દીનશા કાકા તમે બી ખરા મહારી છેઓ હં. ચાલો, મારૂં કહેલું યાદ રાખજો—સાહેબજી."

આટલું બોલી પુટલી ત્યાંથી નાહાઠી. દીનશા બાજક ઉપર વીચાર કરતો બેઠો.

"માઇ બાડ—હું ધારૂંછ કે પુટલીની સલાહ સારી છે."

પ્રકરણ—૧૫ મું.

આજે સુનામાસીના ઘરડાજીની સાલગરેહ છે. સહવારના પોહોરમાંથી આ બુચાજીની વરસગાંઠની ખુશાલીમાં માસીજીએ ચોકચાંદન કરાવીને સુતરફેણી અને બાફેલાં ઇંડાં સાથ બહામ હરાખથી છલછલ કરતો રવો વેંહચીને પોતાનો હરખ પુરો પાડયો છે. સાંજનાં ચાર વાગામાંથી ચાહાનાં ધીચારા ધીચવા ને લોકની નીંદા કરવા પરોણાઓની અલગાર આવવા માંડી છે. જુવાન છોકરીઓની આસપાસ જુવાન અગરગચ્ચાઓ જાણે પોતે કેવાક રૂપસુંદર રામચંદરજી હોય તેમ ભમતા ફરે છે. આપણા મીત્ર સર ઠીનશાજી અને વીલ્લુને છેલ્લા થોડા દાહાડા થયા મેલાપ થયોજ ન હતો, તે આજે પાછાં મલ્યાં છે.

માસીજીની કૃપાથી વીલ્લુ આજે ખુબ બની ઠનીને નીકળી છે. જીણી વીલીંગડન રંગની શીફોનની સાડી રૂપેરી ટીલી ટાંકેલી તેના ગુલાબી રૂખ સાર ઉપર ખુબ ખલી રહી છે. પુટલી બહુ જીઆરજેટ ઉપર ફુલાંઆં ટાંકીને ભપકો મારી નીકળી છે અને એમ તેમ દોડતી ફરે છે. તેની પુઠેપુઠ અદી શેઠના ફરતોજ છે.

ઠીનશાને જોઇને પુટલીએ એક જાતના એવા ડોળા કીધા કે ઠીનશા સમજી ગયો અને કોઈ જોય નહીં તેમ જરા સરખું ડોકું ધુણાવ્યું.

૧૮૦

પાલવા બંદર ઉપર પુટલીએ આપેલાં લેક્ચરથી આ જુવાન બારોનેટ ઉપર આબાદ અસર થઈ હતી, કારણ કે દાખલ થતાને વાર તે ભપકામાં વીલ્હુ આગળ ધસી ગયો અને તેનો હાથ પકડીને ખબર અંતર પુછી. [redacted] નવાઇ જેવો ધસારો જોઇ વીલ્હુ જરા અજબ તો થઈ પણ મન સાથ રાજી થઈ.

"વીરબાઇજી—આજે તમે આખો વખત મારી સાથ બેઝીક રમશો? તે પછી આપરે પીંગપાંગના એક બે ગેમ કરશું. આજે પેલી સ્ટુપીડ [redacted]ડીશ "અપ જેન ફીનસ"ની ટોળીમાં તમને [redacted] થવા દેવાનો નથી."

"જી, વા, [redacted]

"તં હમણા [redacted] વખત નથી. ચાલો આપરે જરા વાડીમાં ફરીએ."

વીલ્હુથી તો હસાઈ હસાઇ જવાય. કારણ કે નાજાં-માયને લગતો સંદેશો નીમકહલાલ પુટલીએ આબાદ જઇને પોતાની બેહેનને કહયો હતો. બીજું કારણ એ હતું કે નીચે ઉતરવા અગાઉ વીલ્હુએ મોટી આરસીમાં પોતાનો ઠસ્સો ખુબ ચીતથી નીહાલ્યો હતો અને પોતે ઘણી સરસ લાગે છે એમ જોઈ લીધું હતું અને ત્રીજું યાને છેલ્લું એ કે આજે ફીનશાની આંખમાં અજબ ચમક જોઈને તેને અંદરખાનેથી એક નવી જાતની આશા આવી હતી.

એકાદ ગેમ પીંગપોંગના રમ્યા પછી સર દીનશા વીલ્લુને સીફતથી બાહાર કમપાઉનડમાં લઈ ગયો.

"ચાલો, આપરે આયં 'બાવર'ના છાયામાં બાજઠ ઉપર બેશીએ."

વીલ્લુની છાતી થડક થડક થતી હતી. તેઓ જઇને એક ઝાડ તળે બેઠાં.

"વીલ્લુ—તું જાણેછ કે આજે તું એક પરી જેવી લાગેછ?"

આમ બોલી વીલ્લુની પીઠ તરફ પોતાનો હાથ લાંબો કરીને દીનશાજી ગોઠવાયા અને તેણીના હાથમાંનો પંખો પોતે લઈ લીધો. વીલ્લુના ગાલ ઉપર જે સેજ ગુલાબી રતાસ હતો તે હવે ખાસ્સો કીરમજી દેખાવા માંડયો.

"તમે તો અમથા મને રાજી રાખવા બોલોછ. એતો મારી સાડીના રંગને લીધે માણુસ જરા દીપી નીકળે."

"હોસે હોસે—પણ સાડીના રંગને લીધેજ તારી આંખ હમણા ચલકી રહી હોશે—કેમ?"

"મારી આંખ?"

"હા તારી આંખ. તે આંખોમાં શું લખેલું છે તે હું ખુલ્લુ વાંચી શકુંછ."

વીલ્લુ ગભરાટને મારે પાણી પાણી થઈ ગઈ. શું બોલવું તે સુજે નાહીં. પણ દીનશાએજ વાત આગળ ચલાવી—

"મારી નીરદોશ વીલ્લુ—મારી આંખ શું કહે છે તે તું જોઈ શકતી નથી?"

"વીલ્લુએ લજવાઇને નીચું જોયા કીધું. દીનશાએ, હાથમાંનો પંખો જમીનપર પડવા દીધો અને વીલ્લુના બેહુ હાથ પકડીને બોલ્યો. "ડારલીંગ, હું પહેલાંથીજ તારી ઉપર ઘેલો હેવાનો થઈ ગયલો છું—[illegible] [illegible]?"

"અરે, મારો હાથ છોડી દેઓ. તમે તો અમથા મારી સાથે ઘેલાં કાંહડોછો? તમારૂં ધક ધ્યાન તો—"

"નહીં વીલ્લુ, [illegible]વો ગેરફહમસાહ ના [illegible] હું ખરાં જીગરથી તારી ઉપર રા[illegible]. આજ સુધીમાં કોઇબી બાનુને મેં આવા સખુન કહયા નથી. હવે તું મારી પાસે વધુ શું બોલાવેછ વીલ્લુ? મારી ઉપર વીસ-વાસ રાખ. તારા વગર હું અત્યારથીજ ઝુરી ગીઓછ."

"વીલ્લુ ગભરાઈ ગઈ—શું બોલવું તે સુજે નહીં—જરા વાર રહીને તે બોલી, "મને બોલતાં જરા શરમ લાગેછ પણ દીનશા—હુંબી તારા વગર બેકરાર હતી."

આટલા શબદો નીકળતાંજ દીનશાએ હરખને મારે વીલ્લુના બેઉ હાથો પોતીકા હોઠોએ ચાંપ્યા. હસવું કે રડવું તેબી તેને સુજે નહીં.

"મારી વાહાલી, મારી વીલ્લુ! હું સોગંદ ખાઈ ખુદાને હાજર નાજર જાણી કહુંછ, કે હું તુંને સુખી કરશ."

આ વાર સર હીનશા ભુલી જતો હતો કે દુન્યામાં બધા મરદો પેહલે હરખમાં એમજ ઘેલા ગાંડા થઇ જાયછ.

"મારા જાન, હવે શાદીની ઘણી ખોટી કરવી નહીં. મારી ખુશી છે કે જેમ બને તેમ જલદી આપરે ગોઠવાઇને સુખી થઈ જઇએ."

"ઓ હીનશાજી, મારેથી જવાબ કેમ કેહવાય? હજુ તો માસીજીના કાનપર વાત ગેઈ નથી. જરા મને દમ ખાવાનો તો વખત આપો. ઓ માયરે, હું કેવી દુખી થઇ ગેઇતી."

"કાંય, મારી વીહ્લુ, કાંય?"

કાંઈ જવાબ નહીં.

"કેહ, મને નહીં કેહેશે તો તારા દીલમાં શું છે તે કોઈ બીજાને કેહવાની છે? મને કેહ—મારા સમ."

"હું જાણું કે તમારૂં [illegible] મારી ઉપરથી ઉતરી ગીયુંછ તે પેલી—"

"પેલી કોણ? જહાનમમાં જાયની."

"એમ ચીરડાઓ ના—હું જાણું પેલી નાજાંમાય."—

"અરે નાંખની તેને દોજખમાં. મારી દીકરી, તુંને કેમ ખાત્રી આપું કે મને એ ઓરત અકારી ઝેર છે. એના બાપે કેમ જોર જુલમથી મારૂં નામ સંડોવ્યું તે તો એક વખત મેં તુને સમજાવીને કેહયું. તાર પછી તો એ બીજા સાથ પોતાની મેલેજ પતી. તારપછી એનો

વર કાયર થઇને નહાસી ગીઓ. તે વાતને આજે લગભગ આઠ વરસ થયાં. બચારો કોણ જાણે મરેછ કે જીવેછ તેબી કોઈ જાણતું નથી. કોઈ ખબર લાવ્યું કે એ સીંગાપોરમાં કોઈ ખ્રીસતી ઓરત સાથ પરણી ગીઓછ તેને આગળ બે ત્રણ છોકરાં છે. હવે તું વીચાર કર કે એવી એક ઓરત સાથ પરણવાનો હું કોઈ દાહાડેબી ખયાલ કરૂં ?"

"નહીં—તે તો હું માનતી નથી, પણ એક વખત તમારો જીવ એના ઉપર હતો ખરો."

"જરાબી નહીં-ઉલટું હું એટલો નાશજ થયો હતો કે કાંઇ તાલમેલ કરીને પેહલાં કલકતે ને પછી ચીન વટી ગીઓ. બસ, હવે એ ખયાલ કાહાઢી નાખ અને મને તારે મોહાડેથી કેહ કે "દીના હું તારીજ છેઉં."

વીલ્લુએ પોતાનું ડાકું દીનશાની છાતીમાં છુપાવ્યું અને ધીમે સાદે બોલી "દીના હું તારીજ છેઉં."

આ ઠેકાણે રતનવહુ અને હરીસેરીઆના શું નાટક થયા હશે તેનું વરણુન કરવાનું કથાકારનું કામ નથી. જેના ઉપર પડી હોય તેઓએ સમજી લેવું જરા વારે બંનેનો હરખ નરમ પડયો કે દીનશાએ માયાથી કહ્યું-

"મારી બાન, હું પોતેબી તારા થકી એક વખત અલેખો પડી ગીયો તો."

વીલ્લુ જરા ચમકી. "દીનશા, આપરે અંહીં તો



" દીનશા, હું તારીજ છેઉં "—પાનું ૧૬૮.

પુટલી ખબરીને બોલી "પણ તું મને કહેવા શું માગેછ? ખાસકું મજાનું જેવું ગાવાનું ચાલેછ તે મુકી દઇને મને અહીં કાંય ઘસડી લાયો? તુંબી ચદન ચાંઉ છે જો અહી."

"મારે તારી સાથ કંઈ ઘણી અગતની વાત કરવીછ."

"તારે તારી શોભતી વાત સાંભળવા મે આએ એક સો પાંત્રીસ રૂપીઆની સારી આજે પેહરી કે? તુંને કેવી લાગેછ?"

"અરે બળી તારી સારી! તેને કાંહાં આગ લગાડેછ? મારી નજરતો તારી ઉપર છે તેટલુંબી તું જોતી નથી!"

"મને જોવા માંગેછ—તે લે જો—જોયાજ કર." (ખીચ પાડીને જીભ બાહાર કાહાડીને.)

"મારા સમ, તારા જેવી ખુબસુરત છોકરી મેં કોઈ દાહાડે જોઇ નથી."

"હું—હેં—મારા સમ—મારા 'બોબી'ના સમ?—ઠોક મારો બરડો! હું ખુબસુરત? હેં? વાહ! વાહ!"

"પુટલી, તું મારી ઠેકડી કરેછ. પણ મને કેવી નીરાશી પેદા થાયછ તેનો તમે છોકરીઓ કંઈ ખ્યાલ રાખતાં નહીં. તમારે મનથી હસવાનું થાય અને અમારૂં મોહત થાય. હું ધારૂંછ કે નાસીપાસીનો મારયો કુવો પુરૂં તોબી તુંને હસવું આવે."

"અરે નહીરે—એમ કંઈ હોય—હું તો તરત દોરડું શોધવા દોડી જાઉં! પણ તમારો એવો કંઈ વીચાર હોય તો આજની રાત તો અખાડા કરજો."

"હું તો અમથી મીસાલ આપતો'તો કે એકમારગી હું કુવો પુરૂં તોબી તું ચેરી છોકરીને હસવું આવે. પણ પુટલી હવે મશકેરી ને ઠઠા એક બાજુએ મુકીએ. તેં તે દહાડે નહીં કહ્યું કે એક વખત મને ચાનસ મળશે ?"

"શાનો ચાનસ ? કુવો પુરવાનો ?"

"હવે છેક મને છેલ્લે પાટલે ઉતારવામાં શોભા નથી. મશકેરીની વખતે મશકરી સારી લાગે. તેં મને કહ્યું તું કે એક વખત તું મારી દીલની મુરાદ બર લાવશે."

"ઓ વાય ! એમ બોલતાં તારે કોણ જાણે [illegible] કાંહાં ચરવા ગીયું હોશે."

"તારૂં ધ્યાન બહું ઠેકાણે છે. લે ચાલ હવે મને નકામો ના તવલાવ. આપરે એક બીજાને પ્રોમીસ આપી શેવટના એનગેજ થઇ જવાનું નકકી [illegible]."

"અરે વાહરે, શેઠજી સાહેબ, એ નરમ ઘી જેવી વાત કાંહાંથી લાયા ? વારૂં પણ હવે [illegible] જવાબ આપશો ?"

"પુછ—હું મારી આંખને જોરે તુને સાચો જવાબ આપશ."

"તેં કોઈ દાહાડે વીલ્લુને પ્રોમીસ થવા કે એનગેજ થવા કેહયું તું કે ? સાચું કેહ." !

"પુછ ! એવું તે શું પુછવાનું. એવી આગલી પાછલી મુરખાઈ યાદ કરવાનો આએ કંઇ વખત છે ?"

"એમ ઘેલ્યાં ચેલ્લાં કરવાના ચાલશે નહીં—ખરો જવાબ જોઇશે—હા કે ના."

"તારો તો બા જુલમ છે–હા–મેં એક બે વખત તેમ કરવા માંગ્યું તું."

"ને વીલ્લુએ તેમ કરવા હા કહ્યું કે?"

નહીં."

"તારે તું મને શંય આવી મુરખાઇ કરવા કહેછ?"

"બસ, પુતલી, તારેથી તો હું બેજાર થયો. એક વખત એવો છે કે હું વીલ્લુ પર મગજ ખોઇ બેઠો' તો પણ હવે મને લાગે છે કે મારી ભુલ ઉતી."

"બરાબર છે—ને કોઈ વખત એવો આવશે કે કોઈ બીજી દુકતીને તું મારે સારૂંબી એમજ કેહશે કે મારી સાથ ઘેલાં કાહાડવામાં તારી ભુલ ઉતી."

"કદી નહીં—મારો જાન જાય તો નહીં. હું વીલ્લુ ઉપર ખુશી ખુશી ઉતો વારે હું શું જાણું કે એક વરસ માં તું આવી ઉગી નીકળશે?"

"પણ સ્ટુપીડ, તારી આંખ છે કે કાચની કોડી? મારા કરતાં તો વીલ્લુ બેહેન દશઘણી સોવામણી છે."

"એમે તે હોય—પણ તું તો આજે મારી સાથ ચેડાં કાહાડવા બેઠીછ—તારે તો હું રજા લઉંછ."

"કેવાં ચેડાં? કાહાં રજા લેછ—કેમ રજા લેછ—બેસ બેસ. મેં તુંને કાહારે કહ્યું કે હું વખત આવને એ

પ્રોમીસ ફરામીસની બાબદ પર વીચાર નહીંજ કરશ. પણ તે કયારે? તું તો ઘોરે જીન નાખીને હમણા ને હમણાજ બધું ખરૂંનરૂં કરી નાખવા માગે છે, અહો!"

"હમણાં ને હમણાંજ ને આએજ ઠેકાણુ."

"એક લાખ વખત નહીં. હું કબુલાત આપુંછ કે હું તારી મરજી મુજબ વીલ્હુના લગનના આશીરવાદ પુરા થવા પછી કરશ."

અહીએ અચરતીથી ભવાં ચઢાવ્યાં.—

"વીલ્હુના આશીરવાદ? તારે એ શું પરણવાની છે? કોણુની સાથે ને કાહારે?"

"કોઈ લુચ્ચો લફંગો હોસેજ તો. તું શું એમ ધારેછ કે એના હાથનો ધરતો હજુ જનમીઓ નથી?"

"પીપી—હવે મારી ધીરજ ખુટી. તું તો જાણીજોઇને મને ચીરડાંવવા બેઠીછ. તું જો આવી 'પ્રીતી' નહીં હોતે તો હું તારેથી માઇલ દુર નાહાસ્તે."

"ભલે—ભલે—હુંબી જાઉંછ—હું આજે સોળે સણગાર થઇને તારી સાથ માથું ઝીંકવા નથી આવી."

"પણ આપરી શાદી પછી તુંને મારા કહયા પરમાણે કરવુંજ પડશે."

"આપરી શાહી? વળી તે ગાંઠ કે દાહાડેથી ને કોણના હુકમથી તમે ચપ કરતો કે બાંધી કાંહાડયો, બા?"

"હું પંચગનીથી પાછી આવી ત્યારથી—ને મારી રાજીખુશીથી."

"એમ કે? તારે હું તો વટાવમાંજ કે? જાઓ જાઓ મારા સાહેબ—એમ ક્રીકેટના ખરણુંજાં ખાતાના. તમે તો નાટકના તખતા ઉપર કોઈ ફારસ કરતા હોવ એવું મને લાગેછ!"

"ઠીક છે—જોઇશું—હું મારા ઠરાવમાં હટવાનો નથી. તારે મારી સાથે પરણવુંજ પડશે–હું તુંને થોડા વખતમાં દેખાડશ કે હું કેવો એક બોલનો માણસ છેઉં."

"હુંબી કેહુંછ કે ઠીક છે. પણ સમજો કે કોઈ આથળી પરણવાની ના પાડું તો?"

"તો—ઓ—કંઈ નહીં—તું તારો વીચાર ફેરવશેજ! હમણા નહીં તો કોઈ દાહાડેબી! હું વાંહાં સુધી ખોટી રેહવશ."

"અરે પણ તારી કાકાની દીકરી મકકાંનું કેમ?"

"જહનમમાં ગેઈ મકકાં."

"ઓ બાપરે—સાહેબનો મીજાજ ખુબ ચસકી ગીઓછ! વારૂં મકકાં તો એક બાજુ રહી પણ કાકાજીની સ્ટીમ ચાહડી જશે તેનું કેમ? તેવણુ તો દમ ભરાવેછ કે તું મકકાં સાથ પરણવાની ના કેહ તો તુંને વારસામાંથી રડબાતલ."

"મને તેની દરકાર નથી. ખોદાએ મને બે મજબુત હાથ ને ઉત્તમ ખલું આપેલું છે—સો હું હાળ રોટલી

માટે ઓશીયાળો રેહવાનો નથી. ને એકુ વરસ આપણે જરા કરકસરથી રહીશું તો તું ચલાવી લેશે."

"અરે જાઓરે—સુજમા રાજા ખોલશો. પેહલાં તો હું પરણવાનીજ નથી. ને જો પરણું તો શું માટીના બુટ સાફ કરૂં ને વાસણ ઉજારૂં-નારે બા-મારી ઉપરથી એવી ગુલામગીરી સાત વખત ઓવારી નાખી."

"પણ આપણે એક બીજાને ખરા દીલથી ચાહતાં હોઇએ તો પઈસા શું ચીજ છે?"

"નાનસનસ—જારે આઠ દહાડામાં ચાર દહાડા ફક્ત દાળ ને વાસી રોટલીપર સુકરાના કરવા પડે તારે પ્યારને બયાર બધું હવામાં ઉડી જાય! એ બાર પંદર રૂપીઆના [illegible] [illegible]માં ગોંધાઈ રેહવાનું ને છોકરાંના મેલાં કપડાં ધોવાનું હોય તો હું તો આઠ દહાડામાં ચોહેતી થઇ જાઉં."

"પુતલી-પુતલી."

"હવે બસ કરો બા, મેં મારો [illegible] [illegible] બોલોમાં કહી દીધોછ. વળી તમે તો પોતપોતાના મન સાથજ અહરાઓછ ને પરણી જાઓછ. મેં કીએ દાહાડે તમુને પસંદ કીધા? તમો જે જીંદગીનું પીકચર મારી આગળ ધરયું તે મને બીલકુલ ગળે ઉતરે તેમ નથી સમજયા?"

"તારે—બધી વાતનો છેડો આવ્યો કેમ?" [illegible] કરગરીને બોલ્યો.

૨૦૩

"છેડા ? શાનો છેડો ; મારી સાડીનો છેડો ? હમણા જેમ છેઓ તેમ ચાલવા દેઓ—લાંબી ટુંકી વાત કરવાની જરૂર નથી."

"મારેથી તેમ રહેવાય એમ નથી—હું તો ઘેલો હેવાનો થઇ જવશ—બસ મારૂં દીલ તુટી ગયું છ."

"આવા ઘેલા હેવાના કે કાહાડે નહીં ઉતા ! તમે લાંબી લાંબી વાત કરોછ પણ હજુ તો મને અઢાર વરસ પુરા થયાં નથી—તેટલાં જો લગનની વાત કાહાડું તો જાહાંગીરજી માસા તો મને હવારીજ ખાય."

"એંહ ! એમાં શું—એમ તો મારા બેહસતી કાકી જાઇજી પરણ્યાં ત્યારે ફકત સોળ વરસના ઉતાં."

"તેમાંજ જલદી બેહસતન થયાં !" પુતલીએ રોકડો જવાબ આપ્યો.

"પપી ખુદાને ખાતર ઠઠા મશકેરી જરા છોડ—બોલ હવે તારો શું વીચાર ?"

"વીચાર તો એવો છે કે હમણા માળપર જઇને પાણીનું અચાર ને ઘઉંની રોટલીના ડબુંસા મારીને ગોટાઈ જાઉં. પણ અહી, એક ખાનગી વાત તુને કહું ? તું કોઈ આગળ ભાંગરો તો વાટે નહીં ?"

"નહીં—તું ના કેહતો હું જાણું ને તું જાણે ! વળી શું છે ?"

"દીનશાજીએ વીલ્લુ સાથ પરણુવાનું માગું કીધું છ !"

"ઓ તારી ! બચારો કાંય પોતાના વરસ વેચતો હાસે ?"

"હું જાણું છ કે વરસ તો કોઈ બીજોજ વેચેછ; ને તે ધણીનું નામ અરદેશર શેઠના છે."

"પણ વીહ્લુની નાખમાં ગંધ તો ઘણી છે—તેને આએ ડોકરો કેમ ગળે ઉતરશે."

"અરે ભલા માણુસ, એ ડોકરા ઉપર તો વીહ્લુનો જીવજાન છે. વળી ડોકરો શા વડે થયો? વીહ્લુની ઉમર એકવીસ વરસની થઈ ને દીનશા બત્રીસ તેત્રીસ હાસે. તે શું બાર વરસનો ફેર તે ઘણો થયો કે? એ જો વીહ્લુ સાથ પરણુવાને ખુશી નહીં હોતે તો હું પોતે એની સાથ પરણી બેસું એવો એ મને ગમેછ. મારા મનમાં છે તેના જેવો ચવીત્રો ફુકતો તો નથી."

"તારે શું એ લોક 'એનગેજ' થયાં?"

"થયાં નહીં તો ચંદરોજમાં થવાની તઇયારી છે. એ જોડું સાંધી આપવામાં મેં ખુબ સીફત લગાવી. આહ! કાહારે લગન થઈ જાય કે હું એને મારા બાપની કની મોટી કરૂં."

અહીનો ચીહ્લો ભારો ચઢયો હતો "હા, વોટ આ પીટી કે તુંજ એની સાથ પરણી નહી ગઈ."

"અરે જારે, હું તો એક પગે ઉતી—પણ [illegible] કોઠું આપ્યુંજ નહીં."

"ને કોઠું આપ્યું હોત તો? તું શું હા પાડતે?"

"તારની વાત તારે, પણ લે ચાલ—હવે એમ ડોળા ના કકડાવ. જે થવાનું ઉતુ તે થઈ ચુક્યું."

"પપી, હું સારી કાની સમજુંછ કે તું એમ કરીને મને ફફડાવેછ. એ વાત હવે જવા દે! લગન ક્હારે છે!"

"કાંઈ ઉતાવળ નથી. હું ધારૂંછ કે પાંચ છ મહીનામાં થશે."

"હું માનતો નહીં. દીનશા પાસે ખાંડીબંધ પૈસા છે ને એ હવે ધીરીઓ ધરાવાનો નથી."

"એ ધરાય કે ઓછાય પણ મારી વીલ્લુ એવી શેહારી છે કે એમ આંખ મીચીને કુવામાં તુટી પડે નહીં. બધી છોકરીઓએ એમ પોતાના અહરાયલાઓને જરા તવલાવવા જોઇએ. એનગેજ થઇને એખલાં એખલાં કફ પરેડ ઉપર કે પાલવા બંદર ઉપર ફરવાની ને માથે પેલી એસ્હી જીનો 'વેલ' વીંટાળી ને હાથના ઉમેદવાર સાથ ગુસ ગુસ કરવાની તો મઝાહ છે. કોણ જાણે દીનશા એને કેવી "એનગેજમેંટ રીંગ" આપશે. બીલીઆનની જરૂર આપશે. નસીબદાર વીલ્લુ!"

"પણ તું બી એનગેજ થા ને વીંટી પેહેર તો તું બી નસીબદાર થશે."

"તો—તો—તું બધી મોટી મોટી વાતો કરેછ પણ હીરાની. તો વાતજ ખાઇ જાયછ."

"પણ જાંહાં પયારની વાત આવી તાંહાં હીરાની હોય કે પથરની હોય તેમાં શું ફેર પડયો?"

"અરે જારે, મને મારો હાથ ધરતો સાહી સુનાની અંગુલી પેહરાવે તો હું તો કુવામાં નાંખી દેઉં."

"પણ હું તુંને એવી વીંટી પેહરાઉં કે તે હજાર બીલીઆન કરતાં સરસ નીવડે, સમજી ?"

"હું મને હજાર હીરાં કરતાં સરસ વીંટી આપે ?"

"અને તે વીટી તો મારૂં દીલ છે. તેનાં આગળ હીરા શું બીસાદમાં છે ?"

"હુઉં–ભમ દઇને ભુસકો મારયો–ચાલો સાહેબજી."

આટલું બોલી આ રમુજી છોકરી ત્યાંથી છટકીને માળપર દોડી.

* * *

તેજ રાતના બેહુ બેહનો સુવાની તઈયારી કરતી હતી. પુટલી છુટા સુનેરી બાલ રાખીને ઉઘાડે પગે આમ તેમ ગેલ કરતી હતી.

"કેમ વીલ્લુ ડોસાં, કંઇ આજે ઘણી બદામ દરાખ વેરાઈ જાયછ. કાંઈ સારા સમાચાર છે કે ?"

"પુટલી–તેં કેમ જાણ્યું ?"

"મને કોઇ ભુતે કહયું. લાલાજી, તમે હલુસે હલુસે કાજ વસતારાં કરતાં ફરોછ તે જોવાની ખોદાએ મને મસ મોટી મઘરડા જેવી આંખો આપેલી છે. આજે કંઇ મુદત થઇ હું તો પામી ગેહતી કે સર દીનશા તારી પુઠ છોડવાનો નથી, પછી પાછળથી જરા ચોકઠું બગડી જાય તેમ મને લાગું."

"પણ દીનશા મારી પુઠે લાગોછ, એમ તે કેમ જાણ્યું ?"

૨૦૭

"અરે મારી માંજરી બીલાડી, તેં જાણ્યું તેમ મેં જાણ્યું. મને દીનશાએ પોતેજ કહ્યું. હું ખુશી મારો ખોદા ખુશી! મને ફકર એટલીજ લાગેછ કે તારા વગર મને કેમ સોહાવાશે."

આટલું બોલતાં પુટલાં ધસાંધસ રડી પડી. વીલ્લુ તુરત તેની આગળ દોડી ગઈ અને તેને ઘણીજ પ્રીતથી પાસાંમાં ચાંપીને બોલી "તું શું એક ઘડી ભરબી ધારેછ કે હું તુને વીસીલી મુકું? નારે બા. દીનશા પોતેજ કહેતાતા કે પુટલી તો આપણી સાથેજ રહેશે. મેં પહેલાંથીજ એવણના કાન બોલ્યાતા કે મને મારી પુટલી વગર નહીં ચાલે."

"વીલ્લુ—વીલ્લુ—તું મારી બેહેન નહીં પણ મારી માય છે ને દીનશાજીઓ મારા બાપ જેવા છે. ગામના લોક કહેશે કે સર દીનશા બે બઇરી કરી લાયાછ."

"એમ નહીં બોલીએ, દીકરી. હવે તું ઉમરની થઈ એટલે જરા બોલવા ચાલવામાં અંદાજે રાખવો જોઈએ. તું કોઈ વખત જબરો ભમરડો ઘુમાવેછ."

"બેગ યોર પારડન! હું તો જરા રમુજમાં બોલી, પણ ખરેખર મને સર દીનશા ઘણાજ ગમેછ. લગન કદે થાહારે?"

"એવણ તો ઉતાવળ કરેછ કે આવતી પતેતીનો દહાડો નકી કરીએ."

"ઓ દાદારજી, એટલું જલદી કરવાનું કાંઇ કારણ? એટલામાં તારો વાગો કેમ તઈયાર થશે?"

"તે તો હવે જોઇએ. માસીજીની ખુશી ઉપર બધો આધાર છે."

"પણ વીરુ, તુંને સર દીનશાજી ઘણાજ, ઘણાજ, ઘણાજ ગમેછ કે? તુંને કોટી કીધીતી કે, સાચું કેહ! પણ એમ રાતી રાતી શાની થઈ જાયછ જો. બચારી એબલગામણી નાજાંમાય એ ખબર સાંભળશે તારે કોણ જાણે કેવી કાળી ઠણક મારી જશે. મરેરે, તે વખતે હું આગળ હોઉં તો કેવા ભાવટા પાડું! જો મારી નાદાનની સલાહ માનજે. તું પરણયા પછી એ કજીઆના કાહારૂનને તારેથી માઇલના માઇલ દુર રાખજે ને દીનશાનેબી તેમજ કેહેજે. એ ગુનેહગાર, લોકના ધાન ભાંજવામાં ઉસ્તાદ છે. ઇહો! ચાલ, અવાચીપર અવાચી આવેછ. હવે પોંટાઈ જઇએ—બાઈ બાઇ! સ્વીટ ડ્રીમ્સ!"

પ્રકરણ—૧૬ મું.

વર આયો રે વીરબાઇજી તારો.
માંગે ઉતારા ખાસ રે—ઇત્યાદી.

આખરે પતેતીને શુભ રોજે માસાજી અને માસીજીની પુર રાજીમંદીથી સર દીનશા અને વીરબાઇજી શાદીના પવીત્ર ગાંઠથી જોડાયાં અને તેજ રાતની ટ્રેનમાં વફાદાર આયામાને સાથે લઇને મહાબલેશ્વર જવા ઉપડી ગયાં.

વાંચનાર સાહેબો—અત્યાર સુધી તો આપણે બધી ચાહચાહેની વાતો કીધી છે. પુટલીબાઈના ખરાં પરાક્રમ તો હવે પછી આવશે: હવે તમે આ કથાના પુર રસમાં ઉતરશો. એક જોડું સંધાયું અને ઢીલ સ્ટેશન ઉપર ઉપડી ગયું, તેથી આપણો શો હી ઉંઘડયો? હજુ તો બીજાં ત્રણ ચાર ખેણુકોટક જોવાના છે.

શાદીને બીજે દીવસે રવીવાર હતો. [illegible]સીજીનાં બંગલામાં પુટલીમાય, લવજી, જરૂ, નાહાની મેહેરૂ, કાલીબા અને તેની બેહેન આલાં ગુચડું વળીને બેઠાં બેઠાં ટપ્પા મારતાં હતાં. ઘણે કહાડે મી૦ કાલી હાવરબી આવીને ગોઠવાઈ બેઠા હતા. તેવણ ઘણી મુદ્દત સુધી જંગલના કનઝરવેટીવ આફીસર હોવાથી બંગાળમાં નોકરી કીધેલી હતી અને જરા જરામાં પોતે વાઘના કરેલા શીકારની ઠું હાંકવાનો શોખ જરા ઝાઝો હતો. નાહાની મેહેરૂ તેવણની વાતથી ઘણી અજબ અજબ થતી હતી.

"હું—કાલીબા, તમે પહેલાવહેલા જારે વાઘ જોયા તારે [illegible] બીધા હાશો?"

"અરે હારે બેટા—ઘણોજ ગભરાયો."

"એમ કે! તારે તમે અથાઈ વેરીઓ ભાગ્યા કીધાતા કે?"

"નહીં માય, તે વખતે એવું કોણને સુજે!"

"પણ તારે તે વખતે નાહાસી કાંયં નાહીં ગીઆ?"

"નાહાસું તો મારી પુઠે વાઘબી ધસી આવે."

"એ માયરે-કેવા ધ્રુજીઆ હોસો-તમે વાઘથી જેટલા બીહો તેટલાં બીજાં કસાથી નહીં-કેમ?"

"હું એક ચીજથી વાઘ કરતાં વધારે બીહું છું," કાલીએ હસીને જવાબ દીધો.

"અં? તે શું? સહી?"

"નહીં."

"તારે શું? બાલાબીછ?"

"નહીં."

"પણ તારે શું—બોલોની મારા સાહેબ."

"બાઈ માણસ—મારા અનુભવ પ્રમાણે એક ઓરત જાતથી જેટલું બીહીવાનું છે, તેટલું આખી ધરતીમાં નથી—તારી બેહેનને પુછ."

"વાહારે કાલીબા, એમ શું બોલોછ. મારી બેહેનથી બીહોછ?"

"હા—ના—એનાથી ઘણો બીહું છું."

"તારે તમે કંઈ ઘણા હીંમતવાન નથી. [illegible] મારી જરૂ તો મરતાં ને મર કરીને નહીં [illegible] હું તો જેબી માંગું તે મને ક્હાડી આપે?"

"પણ હું જે માગું તે આપશો?"

"તે તો શું માંગોછ તે પર વાત છે. તમે કેહો તો એને પુછી જોઉં."

"અરે નારે—કાલનો દુકાળ આજે પાડશે. વખત આવશે વારે હું જ પોતે પુછશ."

આહીં જરા જરા ખમચીને બોલી—"ચાલ મેહરૂ, નાહાલે મોહાને ઘણી ટક ટક નહીં કરીએ."

હવે બીજા જુગામાં બીજો નાટક જોઇએ. લવજીબા પુટલીને પકડી બેઠો હતો. આ દેખાવ જોઇને અહીંનું ચચરી ગયું હતું અને તે દુઃખનો મારીઓ એક મેજ ઉપર રમકડાંની ચોપડીના જુઠાં જુઠાં પાના ઉઠલાવતો હતો.

લવજીએ પુછ્યું "કેમ પુટલી, આજે એવી સમમ ચુપ કેમ? કાલે લગનમાં ઘણું ચગરાયું છે કે?"

ને વાતબી ખરી. પુટલી આજે પોતાની સરેસતાથી ઉલટી જરા બેકરાર દીસતી હતી. તેનું ખરૂં કારણ એ કે પોતાની બેહેનથી આ પહેલીજ વાર છુટી પડેલી હોવાથી તેનો જીવ ઉદાસ હતો. લવજીના ટાહુકાનો તે ચકવરતી બ્યાજ સાથે જવાબ આપતે પણ આ વાર તેની આંખમાં પાણી ભરાઈ આવ્યાં.

"પુટલી દીકરા, એમ નહીં કરીએ—બેહેન તો હસતી રમતી—"

પુટલી છછણી પડી "ઓ, ખોદાને ખાતર મારૂં મેજું ના ખા. તું પાંચ મીનીટ મુગો ગગરી રેહતો નથી. કાલ કાહારે પડે કે તું પાછો અહીંથી પતે."



ચેડો લવજી ઉઠીને ઉભો થયો—પાનું ૧૮૫.

પણ લવજી ઘણા ગેલમાં હતો. તે જમીન ઉપર લાંબો થઇને સુઈ ગયો અને છાતી ઠોકીને જાણે કુટતો હોય તેમ ચાળા કરવા મંડયો "ઘોરીરે, મારી નાંખ્યોરે, માયજીરે, ઇત્યાદી."

અહી જે લાંબેથી આ સઘળો રાહાઘાટ જેતો હતો તેનાથી હવે વધુ ટકાયું નહીં. તેણે પોતાની પીકચરની ચોપડી ફેંકી દીધી અને આગળ ધસી આવીને ડાળા કકડાવીને બોલ્યો. "લવજી, ઉઠ, હવે છેક ગધેડા ના બન. તું નકામી પુટલી બાઇને છેડેછ તે—"

ચેડા લવજી ઉઠીને બેઠો અને કંમરે હાથ દઇને અહીને પુછ્યું "એ તમે કાકા કોણ? હું ભુલતો નહીં હોઉં તો પુટલીબાઈ મારી પોતાની પીત્રાઈ થાય. પણ વમારી શું સગી થાય બા?"

પણ અહી જવાબ આપે તે અગાઉ પુટલી બોલી પડી "મી૦ અહી મારા મોટા ફ્રેંડ થાય ને એ [illegible] હું એવણુની—અંહં—અંહં—છે તે—"

લવજીને ગોળી લાગી હોય તેમ ચમકીને [illegible] થયો [illegible] આંખમાં અજબ ચમક આવી ગઇ. પણ આખરે લવજીએજ પુછ્યું "અંહં—અંહં—છે તે-કહીને [illegible] એવણુના શું થશો?"

"જી એવણુનાં હવે પછીનાં ધણીયાણીની જીવેલનની સહી થવશ."

આ નવાઇ જેવા જવાબથી જુદાં જુદાં ધણીઓ ઉપર જુદી જુદી અસર થઈ. લવજી પેટ પકડીને હસવા

લાગ્યો "ઓહો ! અરદેશરબા, તમે ઘણા ઉંડાં પાણીમાં ફરતા દેખું. વળી કોણ બીજું શોધી કહાડયું છ ?"

પણ અરદેશરનો સ્ટીમ તદન ચહડી ગયો હતો. કોઇને સલામ અકરામ કરવા વગર તે ઓરડામાંથી ચાલી ગયો. તેના જવા પછી પુટલી ઉખડી—

"કેમ, લવજી શેઠ, કાંઈ છેક બાવારે ચાલ્યા. બચારા અહીને એમ સતાવવામાં તમુંને શું મઝાહ લાગેછ ?"

"જો એ ફફડીઓ હોય તો હું ઘણો ખુશી થાઉં, મારૂં જો ચાલતું હોય તો તુંનેબી એમજ ફફડાઉં. તમે લોક એક બીજા સાથ રતન ચંબેલીના ફારસ કરીને મને ઓછો સતાવોછ કે ?"

* * * *

જાનેવારી ખલાસ થયો અને સર દીનશા અને લેડી વકીલ મહાબળેશ્વરથી પાછા ફરયાં. તેઓ તરત વેળા હોટેલ તાજ માહાલમાં ઉતરયાં હતાં કારણ કે સર દીનશાનો મોટો મુંબઇનો બંગલો કોલાબા કાસતલ હજુ રંગારીઓના હાથમાં હતો. તેઓ આવ્યાને બીજે દીને પુટલી નાચતી કુદતી બેહેનને મળવા આવી અને જમવા રહી. બેઉ બેહનો ડરેસીંગ રૂમમાં બાલ કરતાં હતાં, તેટલાં પુટલીએ પોતાની હંમેશની રીત પ્રમાણે ગાડું ગબડાવ્યું—

"કેમ 'લીડી' માય, દુન્યા સુખી કે દુઃખી ? શેઠ સાહેબનો મીજાજ આટલા દાહાડામાં કેટલી ડજન વખત ચસકેલો ?"

આ વાર વીલ્લુ તો હસ્યા કીધી પણ આયામા જે માલ હોરતી હતી તે બોલી—

"અરે પુટલી માં, વીલ્લુબાઇને તો હીરો મલ્યોછ હીરો. તમુનેબી એવોજ મળે તો હું કેહુછ કે તમે બહાં નસીબદાર. સર સાહેબ તસુએ તસુ ગ્રહસ્થ આસામી છે. કેમ છેડી મા, મેં ખરૂં કહયું કેની ?"

"મારી ગરીબ આયામા, તારા વગર હું શું કરતે ?" એટલું બોલી વીલ્લુ આયામાને ઘણી પ્રીતથી ભેટી.

ખાણું એક નાહ઼ાના ખાનગી ઓરડામાં હતું અને પુટલી તે દાહાડે તદન નાચ કુદના રંગમાં હતી.

"દીનશા ભાઈ" તેણીએ વાત છેડી. "તમે વીલ્લુને ઉંચકી તો ગીઆછ પણ બે ચાર જુવાનીયાએ તમારા લોહીના તરસીયા છે તે સંભાળજો. બચારો અહો નાસીપાસ થયોછ તે હવે મારી સાથ લાડ કરીને પોતાનું મન મનાવેછ. સારૂં ગામ જાણેછ કે તેની બગલમાંથી તમે વીલ્લુને છટકાવી લાયા નહીં તો એ તમારા હાથમાં કાંહાંથી આવતે ? ગરીબ બચારો અહો ! તમારી પાસે દોહાડીયાં પડયાં અને એ તો મારા જેવો સુકકો બાસદ."

અલબત ચેરી પુટલી તો આમ ફકત ગેલમાં આવીને બોલી હતી—પણ દીનશાનો ચેહરો તે વાર જાઇને વીલ્લુ ચેતી ગઈ કે રમતીઆળ પુટલીએ વળી પાછો આટો બાહ્યો હતો. આપણે આગળ જોઇ ગયા છીએ કે દીનશામાં બધા ઉત્તમ ગુણ હતો—પણ એકજ ખામી

૨૧૭

હતી કે તે સેહેજમાં અદેખાઈથી ઉશ્કેરાઇ જતો હતો. તે વીલ્હુને એવી તો તીક્ષણ લાગણીથી ચાહતો હતો કે જો તેનાં ગમ કોઇ ઘણું ટીકીને જોય અથવા જરા વધારે હસીને વાત કરે તો ડીનશાનો જીવ જતો રેહે. આટલા ઉપરથી આપણે સમજી શકશું કે પુટલીની ટકોર ઘણીજ કવખતની હતી. તેમાં ખાસ કરીને અદીનું નામ આવે, ત્યારે તો ડીનશાને ભુત ભરાઈ આવતાં વાર ન લાગે.

ડીનર ખલાસ થવા પછી પુટલી વીદાય થઇ અને માટી બાયડી એકલાં પડયાં—તોબી તુફાનનો વાવટો ચઢેલોજ હતો. ડીનશા ન્યુસપેપર આડું પકડીને જાણે વાંચવામાં ગુંટાયલો હોય તેમ કઉચેર ઉપર બેસી રહયો. વીલ્હુ અલબત તેનું કારણ સમજી ગઈ હતી. તે તો હવે ઘણા દાહાડા થયા પોતાના ધણીની આ એકપુરી ખામી સમજી ગઈ હતી. પણ તેણીએ ઠરાવ કીધો કે ધીરજથી આસ્તે રહીને તેની આ ટેવ છોડાવવી. ભલી વીલ્હુ !

તે હળવે હળવે ડીનશા આગળ ગઇ અને કઉચેરના હાથા ઉપર બેસીને તેનું માથું પસવારવા લાગી. પણ નો કોઠાં! વીલ્હુએ આ પ્રમાણે માહાબલેશ્વરમાં ડજનો વખત જોયું હતું, એટલે તે જરાબી અજબ થઈ નહીં. ત્યાં એસ્કી જુવાનીયાઓ વીલ્હુ સાથ જરા છુટથી વાત કરે, સાથે ફરવા જવા માગે, તો ડીનશાહ એમજ ગોબરું ચાહાવતો હતો. આખરે તેણી નરમાસથી બોલી—

"દીના, શું છે, આજે ઘણા ઠાકેલા દીસોછ?"

"નહી ખાસ તેવું કાંઈ નથી." ટુંકો જવાબ.

વીલ્લુએ પોચા હાથે તેના માથાના બાલ સરખા કરવા માંડયા, જે દીનશાને હમેશ ઘણું પસંદ હતું પણ આજે પોતાનું માથું ખસેડી નાખ્યું.

"ડીઅર, તું ના કેહેછ પણ દેખાઇતું તારા જીવને ઠીક નથી."

"હા, પણ તેનું કેહેવા શું માંગેછ? ધારો કે મને ઠીક લાગતું નથી, તેનું શું કરાવેછ?"

"તેટલુંજ હોય તો સમજીયા, પણ આજે વળી તારા મનમાં કાંઇ ઓછું આયુંછ."

"હોસે—તેમબી હોસે."

"ને ખરૂં કેહું તો તુંને વળી ક્યાંની અદેખાઇ લાગીછ."

[illegible] મીનીટ મુગા રહીને દીનશા બોલ્યા. "આજે પુટલી બોલી કે મેં તુંને પેલા અદીની બગલમાંથી છોડવી! એટલે શું? તું શું તેની બગલમાં કોઈ દાહાડે ભરાઇતી?"

"દીનશા, દીનશા (હસીને) તું કાહારે દુનીઆદારી શીખશે. વારૂ કોઈ દાહાડે એમ બનેબી? આએ પુટલીને તું ઓળખતો નથી? એ જેટલું ફાડું ફાડું બોલેછ ને ભમરડા ઘુમાવેછ તે જો ખરા હોય તો આય જીંદગીમાં એક દાહાડોબી જીવાય નહી."

દીનશાએ હવે પોતાની બેવકુફાઈ જોઇ અને ખશીયાણા પડીને વીલ્લુને વળગી પડયો.

"મારા જાન, હું વળી પાછો મુરખ બનયો. સઉથી વધતામાં વધતો મુરખ એક અદેખો ભરથાર છે. મને તારી ઉપર એટલો હરખભરયો પયાર છે કે બીજો કોઇ તારી ગમ જોય તો મારો જીવ જતો રહેછ."

"પણુ ડીઅર, તે બધું હું સ[illegible] [illegible]મારી દુનીઆમાં છે."

"[illegible] ફક્ત પુટલી બાઇ! [illegible]"

"વળી નાહાન [illegible]? તમે સો વખત પહેલા ને પુટલી પછી."

"ઓ દીલદાર—બસ હવે મારો હર[illegible] સમાયો જતો નથી."

આજની રાત તો આ [illegible]નો જમ પાછો પોતાને વતન ગયો હતો.

પ્રકરણ ૧૭ મું.

જુલાઇનો મહીનો છે અને લેડી દીનશા પોતાના ધણીના સુંદર મલાબાર કાસલમાં જાયુકના રહેવા સીધારયાં છે. સરેસ્વતાની રીત પ્રમાણે પુટલીબાઇ પાછાં ખીલ્યાં છે.

"ઓ માય, આજે તમો લોકને પરણ્યાંને દાહાડ વરસ નીકળી ગીયું ને મારે મનથી તો જાણે એક મહીનો થયો- મરેરે વખત કેમ જાયછ તે સમજમાં આવતું જ નથી. જાણે આઠ દાહાડાની વાતપર આપણે સ્ટીમર બાનકુરા ઉપર નાચતાં કુદતાં'તાં! તમારાંમાંથી કોઇ ઘરડું થતું જ નહીં. વીલ્લુ દાહાડે પરી જેવી થતી જાયછ ને દીનશાબી કલાકે કલાક જુવાન થતા જાયછ! કેમ, કાકા, બાલને કંઈ કારો કલપ બલપ લગારોછ કે શું?"

"હું દર કલાકે જુવાન થતો જાઉંછ ને મારી એક સગી પુટલી નામની છે તે દર મીનીટ મીનીટ તોફાની બારકસ થતી જાયછ. પણ ઉભી રેહ. આય મોટા પપરડા જેવું સીલ કીધેલું કાગળ્ કોચનું?"

"ઓહ, એ તો પેલા ઘેલા ગાંડા અદીનું છે. એ લખેછ કે આવતાં અઠવાડીયાંમાં એવણ મુંબઈ બીરાજ વાના છે અને આપુને મળવા આવ્યા કરશે."

દીનશાબાના મોહોડાંપર તોફાનનો વાવટો પાછો ચહડયો. "અંહ! એ શેઠને મુંબઇની હવા ઘણી ભાવી આવેલી જણાયછ. એક મહીનાની વાતપર તો અહીં ગગડયો'તો ને વળા શું કામ ધકેલા ખાવા આવતો હોશે."

"તે તો બા આપણે શું જાણીએ?" પુતલીએ તાણો માર્યો "કદાચ વીલ્લુ ઉપરનો એનો આગલો જીવ હજુ તાજો હોશે!"

દીનશાએ કશો ઉતર આપ્યો નહીં પણ તેના ડોળા ટસટસી રહયા હતા. પોતાની ધણીયાણી તરફ રોહોસાથી

ફરી તે એટલુંજ બોલ્યો કે "વીલ્લુ, તારા હાથ ધ્રુજેછે કેમ? બધી કાફી ટેબલ ઉપર ઘોળાયછે તે જોતીબી નહીં."

આ સાંભળીને પુટલી પેટ પકડીને હસી પડી. દીનશા ફેફડાટમાં ઉઠીને ચાલી ગયો. બે બેહનો એકલી પડી ત્યારે વીલ્લુએ નાખુશીથી કહયું—

"પપી, તું મારા સંબંધમાં અદીનું નામ જોડોક્યા કરેછે તે મને ગમતું નહીં. તું જોયછે તો ખરી કે તેથી દાનશાને કેવો ચટકો લાગેછે. એક તો એ વેહમીનો પાદશાહ છે, તેમાં તું આગમાં તેલ રેડેછે. બીચારાને અદીને નામની તાહક છે, તે તો તું કે દાહાડેની જોઈ રહીછે."

"અરે હારે. તે જાણીને તો હું એને ચટકો લગાડયા કરૂંછે. તારો ધરડો તો અજબ તરાંહનો અદેખો છે બા. સ્ટીમર ઉપર પેલો એરચશા તારી આગળનો આગળ ભમીઆ કરતોતો તારેબી એ એમજ ખંરવાયાં તોડતો તો તે તુંને યાદ નથી? એ ફફડીને ધુમટો ચહડાવેછે વારે મને જોવાની ઘણી મઝાહ પડેછે. જાણે નરો નાટક!"

"તુંને નાટક લાગેછ, પણ મારો મરો થાયછે. પપી, તુંને મારી કદર નથી."

"એહ! એમાં શું? તમે બેહુ જણ એકેક ઉપર ઘેલાં દીવાના છેઓ, તે હું સમજુંછ. એ બધી વાતે સમજુ છે, પણ આએ અદેખાઈ એની કમાલ એબ છે."

"વારૂં, તે વાત તો રહી, પણ તું અહી સાથ પ્રોમીસ થઈછ તે વાત હવે મારે દીનશાને કહેવી જોઇએ. એ પછવાડેથી જાણશે તો મારી ઉપર ઘણો ખીજાશે કે આપણ એનો વીશ્વાસ નહીં કીધો."

"અરે નારે—મારા સમ, મને રડે! એમ કંઈ કરતી ના! દીનશાને કોઈબી રીતની ઠગ વીદયા સારૂં એટલી છીટ છે કે એ તો લાગલો જઈને અહીના કાકાને બધું કહી આવશે. તું હજુ તારા ધણીને બરાબર ઓળખતી નથી. તારા મોહોડે એક બોલ નીકળયો કની તો એ લાગલો ગાડી મારતો કાકાજીને કહીને બધું ઉંધું મારશે. હું તો તુંને પોતાનેબી કહેવાની નહીં ઉતી, પણ તેં બધું ખાનગી રાખવાની કબુલાત આપી એટલે મારા પેટમાં વાત રહી નહીં. હજુ આલુનેબી કહયું નથી. ફક્ત તું ને આયામા જાણેછ."

"પણ એમ કાંહાં સુધી ચાલશે, શું વરસોના વરસ "એનગેજ" થઇને રહેવાના છેઓ?"

"તેમ કોણ કહેછ—પણ 'કલ હય ઓર અલાહ હય.' ચંદરોજમાં કોણ જાણે શુંનું શું થઇ જશે. મારી બેહેન કરૂં! તું કંઇબી આટો બાફતી ના, નહીં તો મારૂં કામ બગડશે. પણ સબર, કોઈની મોટોર ગ્રપાટા બંધ આવેછ. અરે મરેરે, રખેને પેલી નખોદનું ગાલ્લું નાજાંમાય હોય! ચોટલાબરીને સહવારના પોહોરમાં ઘસડાઈ આવતાં શરમ નહીં લાગતી? એ આપરી લાઇનમાં રેહેવા આવી ગગડીછ તે એમ પીડા પગે વળગશે તો કેમ જીવાશે!"

' ને ખરેખરજ નાનંમાય જુઠું જુઠું હસતાં હસતાં આવી ચહડયાં હતાં. તેવણુ પેલ પીંક ઉલન જરસી પહેરયો હતો અને મોહોડાં ઉપર કાળી જીણી પણુ સોનેરી કસબી કોરવાળી વેઇલ નાંખી હતી. વીલ્લુને જોઇને તેવણુ બે હાથ પોહોળા કરીને દોડી આવ્યાંને તેણીને ચાંપીને કોટી કરી. પણુ મારી વહાલી પુટલી એવી પકકી કે આ કામના કાળ[illegible]ને જોઇને [illegible]-થીજ છેક દુર જઇને બેઠી ને ગાલપર સારી પેઠે પાઉડ-રના લેપડા કીધા કે પેલી "કીસીંગ"ની રમત કરવા પામેજ નહીં.

"વીલ્લુમાય, તમારા દીન[illegible] આજે જરા એવણુનું કામ છે. તેથી એવણુને લઈ જવા આવીછ. બપોરના મારેજ તાંહાં જમશે ને સાંજના આવશે. મારા નવા બંગલામાં મોટોરનું ગેરેજ નથી તે સારૂં એવણુની સલાહ પુછવાની છે. અમે તો કઈ વરસ થયાં જીવેજાનનાં દોસ્ત છઇએ, એટલે હું આશા રાખુંછ કે તમે એવણુને આજનો દહાડો 'સ્પેર' કરી શકશો."

"જી, એમાં મારૂં મત પુછવાનું શું છે? લેઓ એવણુ પોતેજ આયા. એવણુની ખુશી હોય તો ભલે સાત વખત જાય."

"દીનશા, તમે કેવા નસીબદાર! કેવી તાબેદાર સમજુ બઇરી તમુને મલીછ. મેં માંગી લીધું કે આજનો દહાડો તમુને મારે તાંહાં આવવા દે તો બચારીએ એકકે બોલે હા કહયું."

દીનશા કાંસી કરાંજીને બોલ્યો "હા—મને બીજી રોકાણુ છે પણુ તમે જારે ખાસ તેડવા આયાંછ, તારે હું ના કેમ કહું ? પણુ અહીંજ નાસતો કરીને પછી જઇએ તો કેમ ?"

"નહીં—જરા મને ઘેરમાં બીજુંબી કામ છે. હું તો બધાંને ઘસડી જતે પણુ મારે તાંહાં હજુ બરાબર ગોઠવ આઠવ થયું નથી."

દીનશાને લઇને મોટોર ધુમધુકાર ઉપડી ગઈ એટલે પુટલીમાય ખીલ્યાં. મોટોરની ગમ કરરર દેતા કટકા મોરીને તેવણુ બોલ્યાં—

"મરતી નહીં કે? રાન અવર દસા. બસ એ ખલે-રીને જોઉંછ કે મને પેટમાં કંઈ થઈ આવેછ, એ વળી દીનશા સાથ કંઈ તુમરાં અથરાવશે. અજબ છે કે દીનશા તે પામી જતો નથી. પણુ માટીડા બધાંજ એવાં. જરા બીખાજી બનાવ્યા કે ગેં—ગેં—તેં—તેં થઈ જાય."

પેલીમેર એડનવાળી મોટોર તો એવી ઝડપથી ચાલતી હતી કે એક ગધેડુંબી આગળ વધી જાય. અલબતાં નાજાંમાય પોતે ચલાવતાં હતાં.

"દીનશા ડીયર, આજે એવું મઝાનું શીરૂં છે કે દોડાદોડ કરવાની કાંઇ જરૂર નથી."

"પણુ ઉતાવળનું કામ નહીં ઉતું તો મારે તાંહ બ્રેક-ફાસ્ટ લઇનેજ કાંય નહીં નીકળ્યાં?"

225

"આપણે જરા લટારો મારીને ઘેર જઈશું. આપણે છે તે, દીનશા. બચારી વીલ્લુની આગળ એની બહેન છે તો ઠીક છે હું! તમે તો આખો દહાડો બહારના બહાર ફરો, એટલે એ એખલી રેહ તે જરા ઠીક તો નહીં તો. આગળ બચ્ચાં કચ્ચાં હોવે ફેની તો જુદી વાત હતી."

આ વાર દીનશાના ચેહરામાં એક નવી તરેહનો ફેર-ફાર થઈ ગયો. તે બધી વાતે સંતોષી હતો પણ એક વાત તેને સદા ગમગીન બનાવતી હતી, કે જો તે વારેસ વગર ઘોસખોરદુ થઇ જાય તો ટાઇટિલ, કોલાબા કાસટલ વગેરે તેના એક પીત્રાઈને જાય, જે પીત્રાઇ સાથ એને મોહોડું જોવાનો વેહવાર ન હતો. ગમે એટલી અંદર-ખાનેની નાસીપાસી છતાં દીનશાએ ઠંડે પેટે જવાબ દીધો—

"વીલ્લુને તો જરા જરા એકાંત હોય તે વધારે પસંદ છે. એ તો એટલી કામમાં ને કામમાં રેહેછ કે એનો વખત કેમ જાયછ તે જાણુનો નથી."

હવે નાજાંમાય પોતાના સ્ત્રી ચરીત્ર ચલાવ્યાં. દીનશા ગમ દયામણું મોંહ કરી બોલ્યાં. 'દીનશાભાઈ, તમે તો મારા ભાઈ જેવા છેઓ, તેથી એક વાતની સલાહ આપું તો કંઈ ઓછું તો નહીં લાવશો ?"

"બોલોની–બોલવાના કંઈ પઇસા પડેછ? મને કાન શું કામ આપ્યાછ?"

"તમે ગમે એવા આકળા હોઓ પણ ભોળા છેઓ ને તમુંને જરા એસારો કરવાની મારી ફરજ છે. પછ્વાડેથી તમે મને એમ કહેશો કે મારી આંખ કાંય ન ઉંઘાડી તો હું શું જવાબ આપું?"

"પણ એટલું બધું શું છે?"

"મારા વહાલા દીનશા, તારી વીહ્લું તુંને એકસો વરસની અખઇ થઇને રેહ–પણ–પણ–કેમ બોલુ–પણ કેહયા વગરબી ચાલતું નહીં કે પેલો અદી, તમારી ગેરહાજરીમાં પરીઓ પાંથરીઓ તમારા બંગલામાં રેહેછ તે જરા સંભાળો તો ઠીક."

"એટલે? તમે શું કેહવા માંગોછ? જરા ખોલાસાથી બોલો."

"હું જાણુતીતીજ રે કે તમુંને એ ખબરથી ઝટકો લાગશે–પણ સુવું મારેથીબી બોલાઈ જવાયુ."

"એમ અરધું બોલીને બીજાના દીલમાં વસવસો પેદા કરવાનું વાજબી નથી. મી૦ અરદેશર મારા બંગલામાં મળવા આવે તેમાં તમુંને શું ખોટું લાગેછ? શું એ સારૂં માણુસ નથી?"

"મારા ભાઇ, હું કોઇની નીંદા કરતી નથી. હું તો ફક્ત જરા તમારા કાન ખોલુંછ. હું પહેલાંથીજ બીહીતી'તી કે તમારે ગળે એ વાત નહીં ઉતરશે."

આ વાર દીનશાના મનમાં તો એવું થયું કે મોટાર થોભાવીને ઉતરી જવું—અથવા તેનું જો ચાલતું હોય તો આ કજીઆના કાહારૂનને બહાર રસતા ઉપર ફેંકી દેવી.

પણુ નાજાંમાય છુટી નહીં. તે જરા ગગળતે સાદે બોલી "મારા ડીઅર દીનશા, હું તો તમારી કદર ખાઉંછ. પણ લોક જાત જાતનું બોલેછ તે મારેથી ખમાતું નહીં."

"પણુ શું બોલેછ?"

"મેં ઘણા જનને વાત કરતાં સાંભળ્યાંછ [illegible] તમારી વીહુ તમારી ગેરહાજરીમાં અગાસી ઉપર બેસીને જરા બેમલાજાથી એકેક સાથ વરતેછ."

"એવી કાંઈ કંગાલ વાત હું એક ઘડીભરબી માનતો નથી. આએ પહેલીજ [illegible] ડે સાંભળ્યું."

"તે તો વળી એમજ તો—આમના લોક કોઈ તમુંને એવી વાત ચાલી ચલાવીને કેહેવા આવે? તમારી ઉમર જોતાં વીહુ ઘણી નાદાન છે. એટલે તમારી કંપની કરતાં એણી ભુરનાં અદી સાથ હસવાનું વધારે પસંદ કરે એ કુદરતી છે. કદાચ એમાં કાંઈ વાતમાં જીવ હોસે નહીં પણુ—"

"સબર કરો—તમે મારી ધણીયાણીની રીતભાત ઉપર [illegible] નાંખીને હવે મને દેખાડવા માંગોછ કે તમે મારી [illegible] ખાઓછ? મીસીસ એડનવાળા, એક વાતની સો વાત. મારી ધણીયાણી શું કરેછ અને કોણુની સાથ ફરેછ હરેછ તે વીશે એક વાંકો અખુનબી હું કોઈને બોલવા દેનાર નથી."

"જો તો જેમ તમારી મરજી. લોક ચાવાચીવી કરેછ તે મારા કાનપર આવી મેં તમુંને કહી. તમુંને નહીં

ગમતું હોય તો તમે છેઓ ને તમારૂં ઘેર છે. ચાલો આપણે હવે બીજી વાત કરીએ."

દીનશાનો મીજાજ હવે તદન હાથથી ગયો હતો. નાજાંમાય તેના કાનમાં ઝેર રેડીને હવે ફેરવી તોલવાની તજવીજ કરતી હતી તે એનાથી સંખાયું નહીં. તેના નાકના ફીફડાં ઉડતાં હતાં. તેને પટાવી લેવાની મતલબથી નાજાંમાય બોલી.

"મેં સાંભળ્યું કે તમે આએ મોહોસમ મુંબઈમાંજ કહાડવાના છેઓ. હું ઘણી ખુશી થઇ. હુંબી અહીંજ રહેવાની છેઉં તેથી વીહ્લુને ઘડી ઘડી મળાશે."

દીનશાએ કંઈ જવાબ આપ્યો નહીં. મોટાર નાજાંમાયના ઘર આગળ આવીને ઉભી કે તે તુરત કુદી પડયો અને સલામ આલેકમ દીધા વગર ત્યાંથી ચાલતી પકડી.

પ્રકરણ—૧૮ મું.

પુટલીનું બોદા શું ભલું કરશે. તેણીએ દીનશાને ભોલાઇમાં છેડયો હતો. અને તેને આબાદ મળતીજ વાત નાજાંમાયે કહી હતી. એટલે હમેશનો અદેખો સ્વભાવ એકાએક ભડકો લઈ ઉઠયો. તે માથે હાથ દઇ વીચારવા લાગ્યો કે તેની વીહ્લુ તેને ડીઅરને ડારલીંગના એલકાબથી વીનવતી હતી. તે બધું હુંબગ હશે ? આખર કરે પણ બઇરીની જાત. હવે દીનશાની

ખાત્રી થઇ કે વીલ્લુ પોતાના ધણીના પૈસાને ખાતર તેને પાસામાં ભરાઇને જુઠું જુઠું વહાલ કરતી હતી. નાજાંમાયે કહયું તે ખરૂં કે તેનો બધો જીવ પેલા અદી ઉપર હતો.

દીનશા ઘણુંબી કરે પણ આ નાપેકસર વેહમ તેના દીલમાં એવો જડઘાલી બેઠો હતો કે કેમે કરીને જાય નહીં. અદેખાઇને મારે તેનું મોહ કડવું થઈ ગયું હતું અને રાતના ઉંઘાવાને બદલે એના એજ ધખારામાં તેણે બીછાણામાં ધરફરી મારવી ચાલુ રાખી. ઘણું ખરા પરણેલા મરદોમાં એક બુંડી ટેવ હોય છે, તેમ જ્યારે તેઓના મનમાં કાંઈ વેહમ આવી જાય છે ત્યારે તેઓ સારાં ઘેરને, નોકર ચાકરોને, પાલેલાં જાનવરોને, ગોયા ભખી ખાય છે. તેવોજ હાલ અવતાર દીનશાનો હતો.

આ પ્રમાણે કુત્રાં બીલાડાંનો મામલો થોડાક દીવસ ચાલ્યા પછી અદી શેઠ મુંબાઇ આવી પોહોંચ્યા. કેહવાની જરૂર નથી કે સાહવાર, બપોર અને સાંજ, જ્યારે જોઇએ ત્યારે એવાણની પધરામણી કોલાબા કાસટલમાં દીસવા લાગી. આ વાર જો દીનશાનું ભેજું ઠેકાણે હતે તો તે જોઈ શકતે કે અદી જ્યારે હોય ત્યારે પુટલીની સાથેનો સાથે ફરતો હતો અને તેણીના અમ તેના ડોળા તાણાઈ રહેતા હતા. પણ કમનસીબે દીનશાની આંખે અદેખાઇનો પરદો એવો ફરી વલ્યો હતો કે તેને બીજું કાંઈ દીસ્યુંજ નહીં. અભાગણી નાજાંમાયે પોતાના કરતુકના બી એવી ફળદુપ જગાંમાં વાવીયાં હતાં કે તેવા કડવાં ફળ તેણીની આશા ઉપ્રાંત પુર જોશમાં ઉગી નીકળવા માંડયાં હતાં.

હવે કમબખ્ત નાંટકે શું મોહોકાનવાળી તે જુઓ. અહીને આવ્યા પછી દસેક દાહાડા ગયા હશે. સાંજના પાંચેકને સુમારે વીહ્લુ હાથમાં એક નાહાની બાસકીટ લઇને વાડીમાં ફુલ તોડતી હતી. તેણીએ પોતાની સાડીની સોડ ઉતારી નાખી હતી અને તેજ દાહાડે માથું ચોળેલું હોવાથી બાલ સુકાવા સારૂં છુટા રાખ્યા હતા. એકાએક અહી શેઠના ત્યાં આવી ચઢયો. તેનું મોંહ ઉદાસ હતું અને આંખમાં ઝલઝલીઆં ભરાઈ આવેલાં જણાતાં હતાં.

વીહ્લુએ ટકોરમાં પુછ્યું "કેમ અહી કાકા, એમ રડતા ચણાવાળા જેવા થઇને કેમ આયાછ? વળી પુટલીએ કંઇ નવી ચાલાકી બતાવીછ કે શું?"

"નહીં—પુટલીને તો હું આજે મલ્યોજ નથી—પણ જુઓ—મને ના પુછ."

"પણ તોબી?"

"બસ—હું છેલ્લે પાટલે બેઠોછ. હું અહીંથી મારાં લગન થવા અગાઉ જવાનો નથી."

"હું, હું હું, મીઆં મીઆં, જરા આસતે. કોણની સાથે? પપી સાથે."

"તારે વળી બીજું કોણુ સાથે? પેલો મારો ઘરડો ઘુવડ કાકો તો બીજાં દસ વરસ જીવી મરશે તે સારૂં શું અમે દાંતમાં આંગલા ઘાલીને બેશી રહીએ કે?"

"હા, એ જરા તમારા લોકના બાબમાં મુશકેલ જેવું તો છે પણ બીજો ઉપાય શો? બરાબર લાગ આવે તાંહાં સુધી ખોટી થવા વગર છુટકો નથી."

"પણ કાંય? હમણાં ને હમણાંજ કાંય નહીં લગન કરી નાખીએ? હું શું કોઈ મારા કાકા સાથ પરણુ-વાનો છેઉં?"

"અરે પણ અહીબા, સમજ કે તું પપી સાથ પરણી બેઠા ને તારા કાકાજીએ તુંને ઘેરમાંથી પાણીચુ આપ્યું તો પછી ખાસો કોણુને?"

"તે બધું મેં પુટલીને સમજાવ્યું. પણ એતો એકની બે થતી નથી તેથી હું તારી આગળ દોડી આવ્યો કે તું એને સમજાવ."

"શું સમજાઉં? મારૂં તોડકું? તું પચાસ સાઠ રૂપીઆ મહીને દાહાડે કમાઈ લાવે તે પર તમે બે જણુ જીંદગી ગુજારવા માગોછ? અહી તું કંઈ ઘેલો બેલો થયોછ. એમ કંઇ બને?"

"અરે પણ હું કાંહા કહુંછ કે હમણાનું હમણા ઘેર માંડીએ? મારો વીચાર તો એવો છે કે હમણાં કાલે ગુપચુપ લગન કરી દઇએ. ડોસાજીને નકામાં જગાડવાની કંઇ જરૂર નથી. બધું મેં રાંધીને તૈયાર કીધુંછ. ફકત તારી પુટલીને તું સમજાવીને સીસામાં ઉતારવાની ખોટી છે."

"નાનસન્સ—કણુ નહીં—એ તું શું બકેછ?"

"પણ જરા મારૂં સાંભળ તો ખરી" અદ્દી અકળાઇને બોલ્યો "કાકાજીને કાંઇ જુના પુરાણા દસતાવેજ હાથ લાગાછ તે પરથી એવણના વકીલોએ એવી સલાહ આપીછ કે સીંગાપોરમાં એક મસ મોટી જગા છે તે એવણની માલેકીની છે એમ કોરટમાં પુરવાર થઈ શકશે. હવે ડોસાજીને કોઇએ એમ છાપડે ચહડાવ્યાછ કે આ જગામાંથી કોઈ રેલવે પસાર થઇ જવાની છે અને જમીનના એકના ચાર ભાવ આવશે. તેથી એવણ ઘોડે ચહડયાછ મને કેહેજે તું સીંગાપોર જા ને તાંહાંના વકીલોથી ખબર કાહાડ કે આપરાં તાઇટલ ડીડ બરાબર છે કે નહીં."

"વારૂં, તે વાત મને કહીને શું કેહવા માંગેછ." વીલ્લુએ સવાલ નાખ્યો.

"જરા ધીરજથી સાંભળો તો કહું કેની? કાકાજી કેહેછ કે આએ જમીન જો આપરી પુરવાર થાય તો તે વેચીને જે રકમ આવે તેમાંથી રૂપીએ ચાર આના તેવણ મને આપવા કબુલ થાયછ."

"આહ! ને તુને કાહારે ઉપડી જવાનું?"

"આવતે મહીને—ને તે સારૂં હું પુટલીને કહુંછ કે હું જાઉં તે અગાઉ આપરે લગનના ગાંઠથી બંધાઇ જઇએ કે પછી મારા જીવને સધીઆરો રેહ કે મારી ગેરહાજરીમાં કોઇ બીજો માથું નહીં મારે. પુટલી કેવી છે તે તો તું જાણેછ. મારી તો એ જરાબી દરકાર કરતી નથી."

233

વીલ્લુ હસી પડી, "જો તુંને પુટલીના સખુન ઉપર વીસવાસ નહીં હોય તો એવી છોકરી સાથ 'એનગેજ' ફૅનગેજ થવાની જરૂરજ શું છે?"

"અહં! અહં! માટીડાના દીલમાં એવી વાતમાં શું ઉંધા ચતાં થાયછ તે તમે બૈરાંઓ શું સમજો? પુટલી ઉપર મારો જીવ જાન છે. પણ—પણ કોણ જાણેબા હાથમાંથી સપ દેતી સરી જાય તો હું બાપલા વગરનો થઈ જાઉં. પણ એક વખત જો ગાંઠ બંધાઈ ગયો કેની તો પછી કંઈ નહીં. જો વીલ્લુ બેહેન એટલું મારૂં કામ કરી નહી આપે?"

"નહીં—નહીં—અદી તું માંગેછ તે ઘણુંજ બેહુધું છે. તું સીગાપોરથી પાછો આંવ ને પછી—"

"એમ નહીં—જો વીલ્લુ, મારી માય કરૂં, તારે પગે લાગું. તું ને દીનશા કેવાં એક બીજા વગર મુઆતાં'તાં તે યાદ કર. તારી સાથ નકકી થવા પછી એ ચીન કે વેલાત ચાલી જતે તો તુંને કેવું લાગતે? વીલ્લુ તું એને સમજાવ. એ તારૂં માનશે."

આ પ્રમાણે બોલીને અદીએ વીલ્લુનો હાથ પકડયો અને પોતાની છાતી આગળ ધરયો.

"નહીં અદી, એવાં છુપાછુપ લગન કરવાની હું, મારી બેહેનને કણુ સલાહ આપું નહીં. વધારે બોહોસ કરવામાં ફાયદો નથી."

હવે સ્ટુપીડ અદી એકદમ ઉસકેરાઈ ગયો અને વીલ્લુનો હાથ પકડીને આંખમાં ચાંપવા પડયો "જો—મારી બેહેન હું આટલા કાલાવાલા કરૂંછ તોબી તુ સમજતી નહીંને—"

એવામાં અચણુચ દીનશા એક ઝાડના ઓથામાંથી બાહાર નીકળી આવ્યો. અદીએ તુરત પોતાનો હાથ ખેંચી લીધો. આ વાર ત્યાં નાહાના જેવો "ટાબલો" રચાઈ રહયો હતો: અલબત આ વાર દીનશાના ભવાંનો ચીલ્લો કેટલી ડીગ્રી ચહડયો હશે તે સમજવાનું સેહલ છે. કમભાગ્યે નાદાન અદી ત્યાંથી સટકી ગયો અને વીલ્લુ ને દીનશા એકલાં રહી ગયાં. જરા વાર લોહીનો ઘોટ ગળીને દીનશાએ તોરમાંજ પુછ્યું.

"બાઈ સાહેબ, મેહેરબાની કરી જણાવશો કે એમ તમારો હાથ અદી જયારે ત્યારે પકડેછ કે ?"

વીલ્લુ ફાંસી ફરાંઝીને જરા હસી તે ફગલાઈ ગઈ હતી.

"નહીં—વળી આનેજ કાંઈ એને એમ સુજ પડયું. એ તો બચારો ભોળોભટાક છે. એના મનમાં કંઈ નહીં."

"મનમાં હોય કે નહીં હોય પણ મેહેરબાની કરી એને કેહશો કે આવા ઘેલાં ચેરાં મને ગમતાં નથી." તમેબી એવા છુટ લેવા દીધી તેથી હું અજબ છેઉં."

"પણ દીનશા, એમાં શું મોટી વાત થઈ? એક નાદાન છોકરો વગર સમજે હાથ પકડે તો શું હાથ ઘસાઈ ગીયો ?"

૨૩૫

"નાહાન છોકરો કે દહાડેથી થયો ? એ પચીસ વરસનો મોટો ઉંઠ જેવો છે. એ બધાં ઢીંગલી ગુરીઆના શું નાચ ચાલી રહયાછ તે મારા ધીઆનમાં ઉતરતા નથી."

"હીનશા, હીનશા, તું નકામો ખફા થાયછ. ખરી વાત એ છે કે એનો જીવ કંઈ ચોકસ વાતે ઉદાસ છે અને તેના સંબંધમાં મારી સલાહ પુછવા આયો તો. કાલાવાલા કરતા એણે મારો હાથ પકડયો તેમાં હું શું કરૂં ? હું ખીસાડી મુકું તેટલાં તમે નીકળી આયા."

હીનશાબા હવે જરા નરમ પડયા, "ઠીક છે, હું તારો ખોલાસો માનુંછ. હું જરા આકળો છેઉં ને ગરમાગરમીમાં મારેથી કાંઇ બોલાઈ જવાય તો તે સારૂં દલગીર છેઉં. પણ—"

"પણ શું, [illegible] બોલી, હીના."

"મારી વાહલી વીલ્હણુ, મારે મનથી તું કેવી છે તે બોલવાની મારી પાસે પુરતા સખુન નથી, જો, મને લાગે કે મારા ઉપરથી તારો દીલ ઉતારો થઈ ગીઓછ તો હું જીવપર કરૂં."

"હીનશાનો ઉજલો કાગજ જેવો ને ઉસકેરાયલો ચેહેરો જોઇને વીલ્હણુ તેને ભેટી પડી અને તેની છાતી ઉપર માથું નાંખીને બોલી "મારા જાન, તું એમ શું બોલેછ ? તારા વગર મારૂં બીજું કોણ છે ? ઉઠતાં ને બેસતાં હું તે દાદાર આગળ હાથ જોડીને માંગુછ કે તું મારે માથે

સદા કાયમ રહે. તારા મનમાં કંઈબી ખતરો હોય તે કાહાડી નાંખ. જો તે દાહાડે તારી દોસ્ત નાજાંમાય મારી ખુબ ઠેકડી કોઈ આગળ કરતીતી કે—"

"અરે મુઈ એ નાપેકાર દદાનું નામ ના દે. જહાનમમાં જાય નાજાંમાય. કોણુ જાણે કાંહથી નડવા આવી મુઇછ."

"હુંબી એ બાઇથી બેજાર બેજાર છેઉં." વીલ્લુ બોલી. "આપરે એનું નામ બારીબુરી કાંય નહીં મુકીએ ? લીધેલી, ખાધેલી, બધી વાતે હાડમાર થયલી એક ઓરત ગાલ પર ચુનાના લેપડા કરીને તારી સાથ લાડ કરવા માંગેછ તેટલુંબી તું જોતો નહીં ?"

"શું ? શું બોલી ? નાજાં મારી સાથ લાડ કરવા માંગેછ ? ઓ ખોદા, તું શું મને એટલો બધો બેવકુફ સમજેછ ? અરે એ ઓરતને તો હું પેલી અંગ્રેજીમાં કહેવત છે તેમ ચીપીઆ એબી હાથ નહીં લગાડું."

આ પછી આ જોડું પાછું હસી ખુશીથી વાત કરવા પડયું અને અદેખાઇનો દેવ તે વાર તો એકવાર ફરીથી હારીને ત્યાંથી બેમાલુમ થઈ ગયો.

પ્રકરણ—૧૯ મું.

ઉપલી વાતનેજ આઠેક દાહાડા થયા હશે. મોટી બૈયર વાડીમાં બેસીને ખુશ ટપપા ચલાવે છે. દીનશા કંઈ ઉંડા વમાસણમાં છે. દેખીતી રીતે તે વીલ્લુને રાજી-રાખવાની તજવીજમાં છે. આખરે તે બોલ્યો—

"વ્હાલી, મને સીંગાપોરથી મારા આડતીઆનો તાર આવ્યોછ કે મારે જરૂર તાંહાં આવવું નહીં તો મોટું નુકશાન થશે, એટલે મને જવા વગર છુટકો નથી. હું તો ત્યારનો મોટા ગભરાટમાં છેઉં કે તારી આગળ કેમ વાત છેડું."

વીલ્લુ હકો મારીને ઉઠીને ઉભી થઇ. "શું શીંગાપોર જાય ? ને પછી—મારૂં કેમ !"

"પણ દીકરા હું શું કરૂં ? મનેબી ઘણું ભારી લાગેછ પણ જવા વગર છુટકોજ નથી."

આ વાર આવેથી તેઓના જોવામાં આવ્યું કે અહી અને પુટલી વાડીમાં રેસીસ રમતાં હતાં. હવે દીનશાની અદેખા આંખોએ જોઇ લીધું હતું કે અહીનું ખરૂં ધક ધ્યાન વીલ્લુ પર નહીં પણ પુટલી ઉપર ચોંટેલું હતું. આ વીશે તેની એટલી બધી ખાત્રી થઇ હતી કે તે હવે પોતે કેવો મુરખ બન્યો હતો તેથી પોતેજ મનમાં પસતાવા લાગ્યો. હવે અહી આવે જાય તેની તેને ભલ ફકર હતી, ખરી વાત એ છે કે વીલ્લુબી બને ત્યાં સુધી અહીથી દુરની દુર રેહતી હતી.

ઉદાસ ચેહરે વીલ્લુએ પુછ્યું. "પણ સીંગાપોર તો ઘણું દુર છે તે પાછા કાહારે આવવાનું ?"

"મને લાગેછ કે ઓછામાં ઓછા છ મહીના થશે, વખતે કોરટ દરબારનું કામ છે, વધારેબી થાય."

"છ મહીના ! ઓ નારેબા. હું તો ઝુરીને મરી જાઉં.

"મારી વહાલી વીહનુ—તું આટલી બધી અકળાઇ એમ મેં ધારીયું'તું નહીં. મને તો જરા ખસવા ગમતું નથી. પણ હું શું કરૂં તદન નાચાર છેઉં—મને જવા વગર છુટકો નથી."

"પણ એમજ હોય તો હું બી કાંય નહીં તમારી સાથે આઉં ?"

"એમ કે ? ખરેખર તું આવે ! તુંને તાંહાં પરદેશમાં ગમશે કે ? સીંગાપોર કંઈ મુંબઈ નથી જો. તાંહાં તો ચીના ચીનીને મલાઇઓ સાથે કામ લેવાનું."

"જો, વહાલા હીના, તમુને પોતાને કંઇ અડચણ નહીં હોય તો મને આવવા ઘણું ગમેછ. તમે આગળના આગળ છેઓ એટલે મને કોણુની ફકર છ. નવા નવા શહેરો જોવાની તો મને ઘણી હોંશ છ."

"ઓલ રાઇટ, તારે તો મારી બધી ચીંતા દુર થઇ. તું આવે તો મારોબી જીવ નચીંત રેહ."

"કબુલ—આપણે તઇયાર છીએ. પણ પુટલીનું [illegible] કરશું."

"ઓહ ! તેમાં શું મોટી વાત. એટલો વખત માસીજીને તાંહાં રેહશે. આપણે એખલાં એખલાં કેવી મઝાહ કરશું ! આહ ! મારો જીવ હવે કેવો બાગ બાગ થાયછ. આપણી પુરાણી આગબોટ "બાનકુરા" કયારે ઉપડેછ તેની ખબર કહાડીને બનશે તાંહાં સુધી એજ સ્ટીમરની પાસીજ લેવશ ને આપણી માનીતી ડેકચેરો પાછી લઈ જ લેશું. કેમ બેટા ?"

જયારે આ ગોઠવણ પુટલીને કહી ત્યારે વીલ્હુના મનમાં તો એમ કે એ દુકતી કોણ જાણે કેવાં રન પાડશે. પણ તેથી ઉલટું પુટલી તો વાહ વાહ કરવા પડી. જેમ જેમ દહાડા નજીક આવતા ગયા તેમ વીલ્હુ જરા અકર વકરમાં પડી કારણ કે પુટલી કોઈ કારણથી ગભરાયલી દીસતી હતી. અહી પોતાના કાકાજીના કામ સર જલદીથી બહારગામ જવાનો હતો અને તેને લીધે પુટલી મન સાથ ઉદાસ હતી.

એક દહાડે સહવારના નાસતાપરથી ઉઠયા પછી પુટલીએ સેહેજ બોધમમાં વાત કાહાડી. "વીલ્હુ, મને મારી ફરેનડ જરૂ ઘડી ઘડી થોડા દહાડા નાગપોર આવવાનું તેડું કરેછ ને મનેબી જવા ગમેછ. આપણી પંચગનીની સ્કુલમાં અમે બે જીવેજાનના સહી ઉતાં તે યાદ છે કેની? એ લખેછ કે તું આઠ દહાડા આવ ને તુંને કોઈ ઓળખીતાં આવતાં જતાં સાથ પાછી [illegible] જાઉં તો તુંને તો કંઈ [illegible] નથીની?"

વીલ્હુ પોતે જલદીથી સીંગાપોર જવાની, તેવી વખતે પુટલી પોતે બહારગામ જવા માંગે તે લગાર નવાઈ જેવું તો વીલ્હુને લાગ્યું—પણ તેણીએ જવાબ દીધો. "હા તું જાય તો મને કંઇ અડચણ નથી. તુંને સોહોવાઇ જશે. પણ કાહારે જવા માંગેછ?"

"મારો વીચાર આવતે ભરેસપતવારે જવાનો છે."

"પણ તું એખલી જાય તે મને ગમતું નથી. સાથે કોઈ હોય તો ઠીક."

"કાંય ? હું શું કાંઈ અંગોઠો ચુશાયા કરૂં તેવું બચ્ચું છેઉં કે? લેડીઝ કેમપારટમેંટમાં બેસી જવાનું ને બારણા અંદરથી બંધ કરવાનાં. જરૂ મને સટેશન ઉપર લેવા આવશે. વળી સારા સંજોગે અદીબી તે દહાડે દેવલાલી જવાની છે એટલે તાંહાં સુધી તો મારી સાથ છે."

આ ગોઠવણ પ્રમાણે ભરેસપતવારે અદી અને પુતલી બપોરના દોહોડ વાગતાની નાગપોર મેલમાં ઉપડી ચાલ્યાં. સટેશન ઉપર વીલ્લુ પોતાની બેહેનને 'ગુડ બાઇ' કરવા આવી હતી.

"પપી, તું બરાબર પહોંચે ને મને એક કારડ લખજે."

"ઓલ રાઈટ, ઓલ રાઈટ, લેડી દીનશા. બાઇ-બાઇ."

* * * *

સીંગાપોર જવાની તઇયારીમાં વીલ્લુના દીવસ પાણીના રેલાની પેઠે નીકળી ચાલ્યા. પુટલીએ કારડ બારડ કંઈ લખ્યો નહીં પણ જે દહાડે પાછી ફરવાની તેને આગલેજ દહાડે એક ટુંકું કાગળ લખયું કે હું આવતી કાલે નીકળશ ને પરમ દહાડે આવી પહોંચશ. કાગળને છેડે તાજે કલમમાં લખ્યું હતું કે "મને સખત કોલ્ડ થયછ ને માથું ઘણું દુઃખેછ."

એણીમેર અદી શેઠના પોતાના ફરેનડોને ગુડબાઈ કરવા આવ્યો. તે ઘણો ખુશાલ દીસતો હતો. પુટલીબી ખુશ મીજાજમાં હતી પણ તેને ઘાંટું એવું સખત પડયું હતું, કે મુશકેલીથી બોલી શકતી હતી. અદીના જવા

૨૫

પછી ત્રીજે દીને પુટલી છાતી મજબુત દુખવાની ફરીયાદ કરવા લાગી. બીજે દીને તેને દમ હોતાં મુશકેલી પડી અને તાવ ચાહડી આવ્યો. વીલ્લુ ગભરાઈ અને તુરત ડાકટરને બોલાવયા જેવણે બીમારને તપાસીને જાહેર કીધું કે તેણીને "ડબલ નયુમોનીઆ" લાગુ પડયો છે. તે પછીના ચાર પાંચ દહાડા ભારી ગભરાટના ગયા. રાતં દીવસની નરસો રાખી અને સઘળાંનો જીવ સીકે ઓળવાઈ રહયો. આઠેક દહાડા ગયા પછી પુટલી સુધરવા લાગી પણ એટલી તો નાતવાન થઈ ગઈ હતી કે તેને બીછાણા ઉપરથી ઉઠીને બેસવાનોબી હુકમ ન હતો. એટલુંજ નહીં પણ સાથે સાથે પુટલી ઘણીજ ગમગીન દીસતી હતી અને અવારનવાર માથાં ઉપર [illegible]ઓ દાબીને કોઈબી સાથ વાત કરવાને ના પાડતી હતી. વીલ્લુએ ઘણુંબી સમજાવયુ પણ પુટલી રસતે આવે નહીં. એક સાંજે પુટલીના બીછાણા આગળ વીલ્લુ બેસીને સીવતી હતી, તેટલાં પુટલીએ પોતેજ વાત છેડી.—

"વીલ્લુ તુ ખરેખર જાયછ કે? હા, ના ના, તારા વગર હું તો મરી જવસ."

બહેને પુટલીને ઘણું સમજાવી પટાવી પસવારી પણ ફોકટ. તે તો બસ બોલે બોલે ને એમ કેહ કે "હું તો મરી જવશ." ગરીબ બચારી દયાળુ વીલ્લુ. તે એવી કમસ આવી ગઈ હતી કે શું કરવું તે સુજે નહીં. સ્ટીમરની પાસીજબી લેવાઈ ચુકી હતી. અને ઉપડવાને ફક્ત પાંચ દહાડાનો વીલંબ હતો. આટલી થોડી મુદતમાં પુટલી પાછી ઉભી થાય એવો જરાબી ચાનસ ન હતો. વીલ્લુ

સારી પેઠે જાણુતી હતી કે જો પ્લાનમાં કંઈભી ફેરફાર થશે તો દીનશા તો કોણ જાણે કેમ ઝાડ તોડી પાડશે. પુટલીની આંખ લાગેલી જોઈ વીલ્લુ ઉઠી અને આયામાને અશારતથી ચુપચુપ આગળ બેસી રહેવા ફરમાવ્યું અને પોતે દીનશાના લખવાના ઓરડામાં ગઇ. તેણે હાથમાંનું લખવાનું મુકી દઇ, પોતાની ધણીયાણીને પ્રીતથી પોતાની પાસે પકડીને પુછ્યું "હલ્લો, ડારલીંગ, આજે કંઇ મને યાદ કીધો? શું છે? તુ એટલી ગભરાયલી કેમ? પુટલીની તબીયત કંઇ વધારે બગડી તો નથીની?"

જરા ગંગેટાયલા સાદે વીલ્લુ બોલી "પપી તો જેમ છે તેમ છે, પણ એટલી નબળી લાગેછ કે હું શું કહું-જરા જરામાં રડી પડેછ ને મને છોડતાં છોડતી નહીં. બસ એકજ બોલ ધરી બેઠીછ કે "તું, ના જા." વહાલા, દીનશા. હું વીચારમાં પડીછ કે એને આવી મુકીને હું કેમ જાઉં?"

દીનશાજીના ચેહરા ઉપર પાછો સટીમ ચઢયો.

"દીકરા, એ તું શું ધનક લઈ બેઠીછ. આજેજ સહવારના મને ડાકટર સાથ વાત થઈ; તેવણ કેહતાતા કે હવે કંઈ ધાસતી નથી. ઇસપીટાલની નરસ આગળની આગળ છે, એટલે તું શું નવો ગોર ઘાલવાની છે? તું માસીજીને કહેશે તો તેવણ નહીં તો જરૂ આવીને રેહશે. હવે છેલ્લી ઘડીએ કંઇભી આપણી ગોઠવણમાં ફેરફાર થાય તેમ નથી. શુકરવારે તો આપણી બોટ ઉપડશે."

૨૫૩

"દીનશા—હું દલગીર છેઉં કે એને આવી હાલતમાં મુકીને મારેથી અવાય તેમ નથી. મારી ગેરહાજરીમાં એને કંઈ થાય, તો હું બેહેન નહીં પણ ખુંની કેહવાઉં. પછી મારૂં જીવ્યું અકારથ થાય."

દીનશાનો ઠીબો ગુસ્સાથી ભરાઇ આવ્યો હતો પણ ચીત સાવધ રાખીને બોલ્યો "દીકરા, આવી બાબદમાં તારે મારી સલાહ પ્રમાણે ચાલવું જોઇએ. તારા કરતાં આવા કેસમાં મારો અનુભવ વધારે છે. તારી બેહેન જો જરાબી ધાસ્તીમાં હતે, તો તે જુદી વાત હતી પણ હવે ધાસતી જેવી ચીજ નથી. [illegible] એને જરૂ આગળ ને આગળ છે. એ શું મામલો છે, તે હું સારીકાની સમજુંછ. તારો જુનો પુરાણો ધખારો કે પુટલીને ખાતર તારે બધું સાંખવું જોઇએ, તે વળી પાછો ઉભરી નીકળયોછ. હું [illegible] ઘણી વખત સમજાવી ચુકોછ કે પુટલી ઘણી મજાની છે, રમતીઆળ છે પણ અંદર ખાનેથી એકલપેટી છે. બધું સારૂં રૂં રૂં મારાં [illegible] ને નરસ સરસ મારા ભઈયાનું, [illegible] ખ્યાલ છે—ને જારે તારે એને ફુલનજી ક[illegible] એને ટેકો આપેછ."

પણ ફુચબી નહીં. વીલ્લુના પીસેલા હોઠ જોઇને દીનશા ચેતી ગયા કે જે ઘડી જાય છે તેમાં "તું સરસ કે હું." તેની જુંબેસ લાગશે.

"પણ દીનશા, મેં મારી માયને મરતી વખતે જે વચન આપ્યુંછ, તે તમે ભુલી જાઓછ."

"ને તેં ત્યાર પછી આપરા આશીરવાદ ગરાયા તે વખતે મને વચન આપ્યુંછ તે તું ભુલી જાયછ. તારે યાદ રાખવું જોઇએ કે તારા ધણી દાખલ તારી ડીલચાલ ઉપર મારો એક જાતનો થોડો ઘણોબી હક છે?"

"મારા વહાલા ધણી, તું મારે માથે સલામત રેહ પણ તું પોતે જોયછ કે હું કેવી કબસ આવી ગેયલી છેઉં. આવી વખતે તો તારે મને મદદ કરવી જોઇએ-તેને બદલે તું મને ગુંગળાવી નાખેછ."

"નહીં, તું ભુલેછ, તું નકામો તારા જીવપર સંતાપ બરપા કરેછ. આપરે કોઇ જંગલી, અણઘડ કોમના હતે તો હું તારી ઉપર 'ફોર્સ' કરી શકતે પણ આપરે તેવાં કાછીઆં માછીઆં નથી. બેમાંથી એક રસ્તો તારે સારૂં ખુલ્લો છે. જોઇએ તો પુટલીને નાખુશ કર ને જોઇએ તો મને નાખુશ કર. મને તો લાગેછ કે તેં ઝડપમાં દોડાદોડમાં મારી સાથ આવવાનું મન કીધું પણ હવે કોણ જાણે શા કારણથી તું અખાડા કરવા માંગેછ અને આએ પુટલીનું ફક્ત બાહાનું છે."

"સાબાસ રે, દીનશા, આએજ તમારૂં હેત કે? મારા ઉપર આટલોજ વીશ્વાસ કે? હું આવવા કેવી તલપી રહીતી તે વીસરી ગીઆ કે? જવાનું અટકી પડયું તેથી હું પોતે કેવી નાસીપાસ થઈછ તેનો તમુને ખ્યાલબી નથી."

૨૪૫

“એટલું બધું છે, તારે નકામી અડ શું કરવા કરેછ? ચાલ મારી દીકરી કરૂં, એમ કેહ કે તારા મનમાં કંઈ નહીં હતું.”

“હું દલગીર છું કે મારેથી એવું જુઠું બોલાય નહીં; હમણાં ને હમણાં પુટલીને છાંડીને મારેથી અવાય નહીં, નકામી એ વાતમાં વધુ જીકર કરીને આપણે જીવ નકામો બાળવામાં સાર નથી.”

“એમ છે કે? ઠીક—સીધાવો” આટલું બોલી રહોસમાં દીનશા પાછો લખવાની મેજ ઉપર જઇને કાંઇ કાગળીઆં બોરવા લાગ્યો. વીલ્હુ ધુજતે સાદે આગળ ગઈ, તેના ખભાં ઉપર હાથ મેલી કરગરીને પુછ્યું “વાહાલા, મારી ઉપર એટલા બધા [illegible]?”

દીનશાએ હળવેથી હાથ ખસેડી નાખ્યો. “ખફા નહીં ખફા, તેની તમુને ભલે ફકર છે. તમે મારી [illegible] સાચવવાની તક્લીફ લીધી નથી, તો તમારૂં કીધું તમે જાણો. મેહરબાની કરી હમણાં આડીંથી જાઓ, મને ઘણું કામ છે.”

વીલ્હુ! નાચાર, લાઈલાજ છોકરી! એક જીગરતોડ નીસાસો નાખીને બાહાર પડી.

પ્રકરણુ ૧૮ મું.

સર દીનશા ઘણુાજ ખફા થઇને મુંબઇ છોડી સીંગાપોર તરફ ઉપડી ગયા. મસ મોટું ઘર વીલ્લુને જાણે કરડવા આવતું હતું. તેનો જીવ અંદરખાનેથી પોતાના ધણીની જુદાઇથી આગની મીસાલ જલતો હતો. તે ઘણુીબી તજવીજ કરે પણ તેની આંખો આંસુ વગર સુકાઇ ગઈ હતી. કોણુ જાણે શા કારણુથી તેને એવોજ ધખારો બેસી ગયો હતો કે તે હવે દીનશાને ફરીથી મળવા પામશેજ નહીં. પુટલી, પુટલી, તારૂં ખોદા શું ભલું કરશે! તારે ખાતર વીલ્લુ કેટલી રંજીદા થતી હતી. બેહેનને ખાતર આટલો બધો ભોગ આપવાનું કાંઇ કારણુ? જો કોઈ દહાડે તે પોતાની નાની બેહેન ઉપર ખફા થઈ હોય તો આજે હતી. દીનશા સલામ સાહેબજી કીધા વગર પોતાનો લગેજ ઉઠાવીને ચાલી ગયો હતો. તે આ નાની બેહેનને ખાતર! હવે કરવું કેમ? દીનશા વગર કેમ ચાલશે.?

પણુ ચોરીયાંમાર પુતલીને બધી વાતની ભલ ફકર? બેહેનનો વર રૂસાઈ ને ચાલ્યો ગયો તો પીડા પતી! રૂસનું ઉતરશે તારે પોતાની મેળે પાછો પગે લાગતો આવશે. ઘેર જોયલું છે. પુટલીના વીચાર પ્રમાણે તો વીલલુને ઉલટું ખુશી થવું જોઇએ કે નકામી ઘસડાતી પસડાતી સીંગાપોર કાંહાં રખડમાં પડતે?

૨૫૦

એક સાંજે વીલ્હુ ઘણીજ દલગીર દીલે વાડીમાં બેઠી હતી, ત્યારે પુટલી તેણીને મનાવા લાગી. "તું અમથી દીનશા દીનશા કરેછે. એ પોતાના કામમાં એમથી તેમ અફળાયા ઝીંકાયા કરે તારે તું શું એખલી હોટેલમાં બેસીને માખ મારવાની હતી—જા—જા-એતો સારૂં થયું કે તું રખડપીંડીમાંથી બચી ગઈ. વળી કોઈ કોઇ વખત તારા જી ભરાયા ઘણીને ભુત ભરાયછ, તેમ તાંહાં થતે તો કેમ કરતે."

હવે વીલ્હુ છેડાઈ. તેના પેટમાં જબરદસત ઈમિરામચી આવેલા હતા. "બસ-બસ—નાહાન છોકરી. તારેથી તો હું હવે કાયર કાયર થઇ ગઈછિ. આએ સીંગાપોર જવા ઉપર તો હું ને દીનશા બેહુ ખુશ ખુશ હતાં, તેમાં તેં મોહોકાણુ વાળી ! તું જારે હોયછ તારે મને નડવા આવેછ."

"ઓ માય આવો. આજે બેહેનનાં [illegible] ઉપર કોણુ [illegible] કોણુ ચહડી બેઠુંછ. પણુ બાઈ સાહેબ એટલું બધું ઉનું તો શીધારીઆં કાંય નહીં ? ઘણું તો મને એક [illegible] દહાડા સોહોવાતે નહીં."

આ ઠેકાણુ વીલ્હુ ધસાધસ રડી પડી—જે જોઇને પુતલીનો જીવ બળીને ખાક થઈ ગયો. તે તુરત ઉઠી અને વીલ્હુને વળગી પડીને પટાવવા લાગી.

"મારી વહાલી બેહેન, એમ આંખ પાણી ના કર. તું મારી માય સમાન છે, ને તું મને એકલી મુકીને ચાલી જતે તો હું ઝુરીને મરી જતે. મારા બોલવાનો



હેરબાની કરી અહીયા જશો—મને ઘણું કામ છે—પાનું ૨૧૬.

[illegible]ંઇજ વાંચાર ના કરતી. હું તો સદાનીજ એવી સ્ટુપીડ છેઉં—હું મુઈ-મારૂં જીવતર બલ્યું."

આ ઠેકાણે વીલ્લુ વીલ્લુને ઠેકાણે રહી ને પુતલી ભોંયપર ફસડાઇ પડીને ઝાર ઝાર રડવા લાગી.

ભલી ભોલી વીલ્લુ! તેનો બધો ખોફ તુરત ઉતરી ગયો. તે જમીન ઉપર ફસડાઈ પડીને, પુટલીને પટાવવા પડી.

"દીકરાં પુટલાં, એમ ના કર. જે દહાડા જાયછ તેમાં અદી આવી લાગશે. ને બધું સમાધાન થઇ જશે."

પણ કમભાયગે એટલામાં અદીનો કાગળ પુતલી ઉપર આંવ્યો, તેમાં લખયું હતું કે ઘણું અગતનું કામ નીકળી આવવાથી તેને પાછું ફરતાં બીજા ત્રણ ચાર મહીના લાગશે. આ કાગળ વાંચતાંનેવાર પુટલી હરનફાર થઈ ગઈ. તે આખો દાહાડો ઓરડામાં ભરાઇને રડયા કરે અને ખાવાનું [illegible] નહીં. એક દાહાડો માસીજીની જરૂ મલવા આવી હતી તેની આગળ વીલ્લુએ બળાપો કીધો. "પપીની હમણાની રીતભાત મને જરા સમજ પડતી નથી. અદી જારે મુંબઈમાં હતો, તારે એ બે જણ વીછણની કાંની મરાંતાં હતાં, ને હમણાં એ અદીને સારૂં પોતાનો જીવ પછાડી નાંખેછ. હવે કેમ કરૂં."

શેઆની ઠાવકી જરૂએ ફક્ત પોતાના ખભાં ચહડાવ્યાં "તે તો બા આપરે શું જાણીએ, પણ તારો દીનશા કાહારે આવેછ?"

વીણુએ ચીંતાતુર સાદે જવાબ આપ્યો. "જોતા માલમ, કંઇ લખતા નથી. બે ત્રણ કાગળ આયાં પણ તેમાં ફક્ત બે ચાર લીટીઓ લખેલી હતી, અંદર અવાર-નવાર મારી ટકોર કીધેલી હતી, કે તમારી માનીતી પુટલીની ખુબ સંભાળ રાખજો, મારી કંઇ દરકાર કરવાની જરૂર નથી."

આહ ! અદેખાઈ, અદેખાઇ, તું એક ભારી સંતાપ-જનક બીજ છે. જેઓના ધણી અદેખા હોય અથવા બાયડી અદેખી હોય, તેઓ પોતાના સંસારનાં સુખનું કેવું સત્યાનાશ વાળે છે, તે તેઓ પોતે જોતાં નથી. દીનશા સારી પેઠે જાણતો હોવો જોઇએ કે આવાં ટુંકાં ટચ કાગળોથી તેની હેતવંતી ઓરતની છાતીમાં કેવા જખમ લાગતા હશે. પણ તે પોતેબી સુખી હતો એમ માનશો ના. દરેક કાગળ બીડતી વખતે તેનું પોતાનું શેર લોહી સુકાતું હતું.

વીણુનો ડલાયલો ચેહરો જોઇને જરૂએ વાજબી સવાલ નાંખ્યો. "પણ તું સાથે ગેઇ કાંય નહીં ! બચારાને એખલો એખલો લંડનને નાકે જવા દીધો તો તું ને સાથે જતાં શું થવું'તું ?"

"તેમ બને તેમ નહીં ઉતું. તું જાણેછ તો ખરી જરૂ, કે તે વખતે પુતલી કેટલી બીમાર ઉતી—ને તેને એવી હાલતમાં એખલી મુકીને કેમ જાઉં ?"

"આરી વાહાલી બેન, લગનના આશીરવાદનો સઉથી

અગતનો કરદો તું ભુલી જાયછ કે જે ધણીને તારો જીંદગી સુધીનો હાથ આપ્યો તેની આગળ માય બાપ ભાઇ બેહેન, બધુ સેકંડ ક્લાસ છે. ધણીનું સુખ પહેલું ને બીજું બધુ પછી.”

આટલી વાત ચાલે છે એવામાં પુટલી બળેલી જળેલી આવી લાગી. તેનો હલગીર અને ઉદાસ ચેહેરો જોઇને વીલ્લુનો જીવ બળીને ખાક થઈ ગયો. અહીનુંબી ઓહા શું ભલું કરશે! આ હસતી રમતી નાચતી કુદતી છોકરીને કોણ જાણે શું કરી મુકયું હશે!

રાતનાં જમી રહેવા પછી વીલ્લુ પોતાના સુવાના ઓરડામાં વીચારમાં બેઠી હતી. તેના હાથમાં ડીનશાનું છેલ્લું ટુકડું ને ટચ કાગળ હતું એટલામાં હળવેથી બારણું ઉંઘાડીને પુતલી દાખલ થઇ.

“દીકરા, શું છે? તુંને તાહાડ વાગતી હોય એમ લાગેછ કંઈ ઓઢવાનું લાઉં?” વીલ્લુએ ગભરાઇને પુછ્યું.

“નહીં–હા–કોણ જાણે શું છે—મારૂં માથું એવું ઘુમેછ કે મને કંઈ સુઝતું નથી.”

આટલું બોલતામાં પુટલી ઠર ઠર ધ્રુજવા લાગી [illegible] વીલ્લુના ખોળામાં માંથું નાંખી દીધું.

બે ચાર મીનીટ આમ ચુપકીદીમાં પસાર થઈ હશે પછી પુટલી અચબુચ બોલી ઉઠી.

“વીલ્લુ, હું તુંને કંઈ તદન ખાનગી વાત કહું તો તું કબુલાત આપશે કે તું કોઇને કહે નહીં? ડીનશાનેબી નહીં?”

"અરે એવો દહાડો કાંહાં છે કે હું દીનશાહ સાથ વાત કરૂં !"

"મોહોડે મોહોડું વાત નહીં કરે તો કદાચ તું લખે. મને કબુલાત આપ કે તું એક તુકારોબી કહાડે નહીં."

"હા—હું તારી વાત કોઈ આગળ શું કામ કેહું ? પણ એટલી બધી ગંભીર વાત શું છે ?"

પુતલી ઉઠી અને એક મોરોક્કો ચામડાંની અવસ્તા ટેબલ ઉપર હતી તે ઉપાડીને બોલી "આ અવસ્તા ઉપર સોગંદ લે કે મારી રજા વગર એ વાત તું કોઇને કહે નહીં."

"નાનસનસ પપી, શું વાત છે તે જાણ્યા વગર હું એવા સોગંદ કેમ લઉં !"

"ઠીક છે તારે—હવે મારા હાથમાં બીજો ઉપાય નથી. મારી પાસે લાડનમની નાની શીશી ભરેલી છે તેનો ઉપયોગ કીધો કે તારે માથેથી સદાની મારી જંજાળ દુર થઈ એમ નકકી સમજજે. જો તું હમણા સોગંદ નહીં ખાય તો આજે સવારના તું મને પાછી જોવા પામશે નહીં. હું અમથી દમ ભરાવતી નથી. પણ આપરા બેહેસ્તન માયજીનાં સોગંદ ખાઇને કેહુંછ કે હું જે કેહુંછ તેમજ કરી દેખાડશ."

[illegible] તો આ શબ્દો સાંભળીને લાકડાં જેવી થઈ ગઇ. પુતલીનું માથું ખસી ગયું હતું કે શું ? કોઈ દહાડે નહીં ને આજે એમ કેમ ?

"પુટલી! તું આવું ઘેલું ગાડું બોલીને મને નકામી કાંય બળેલી જલેલીને સતાવેછ. તું આટલી બજીદ થઇને વાત કરેછ તો હું કબુલાત આપશ પણ લાડનમ ને એવી બીજી અવરદશા જેવી ધમકી આપવામાં તુંને શું મઝાહ લાગેછ?"

"સોગંદ ખા, બસ આએ અવસતા ઉપર હાથ મુકીને સોગંદ ખા!"

હવે આએ દુકતીને કોણ સમજાવે? વીલ્લુએ સોગંદ લીધા કે જાંહાં તાંહાંથી એનું મોહોડું હસતું થાય.

"પપી, એ તુંને થયુંછ શું. જયારથી તું તારી સહીને તાંહાંથી નાગપોરથી પાછી આવીછ ત્યારથી તું કંઈ અજબ ઢંગધડા લેતી આવીછ."

પુટલી હવે જેમ તેમ હસી. "વીલ્લુ, તું ચસમો પેહર—ચસમો. નાગપોરની વાતજ મારી મુશકેલી છે તો. હું નાગપોર ગેઈજ નથી!"

ધ્રુસકો મારીને વીલ્લુ ઉઠીને ઉભી થઈ "ઓ એ તું શું બકેછ? તારા જીવને સારૂં તો છે કેની! ઉભી રેહ હું કાલે સુહવારના પોહોરમાં ડાકટરને તેડાવી મંગાઉછ."

"મને ડાકટર ફાકટર કોઈ જોઇતો નથી. તું જો એમ નાચકુદ કરશે તો હું ચાલી જવશ. તું મારી વાત સાંભળવા માંગેછ કે નહીં?"

"અરે હારે—ધસીને બોલની. તું શું કહેવા માંગેછ તે મને સમજ પડતી નથી. તું નાગપોર જઈને તાંહ ઉતરી ની? મેં તુંને પોતે આગગાડીમાં બેસાડી હવે એ શું બકેછ! તારી સાથે અંહી દેવલાલી સુધી ઉતો, તે બધુ ભુલી ગેઇ કે?"

વીલ્હુએ પોતાનો હાથ છાતી ઉપર રાખી આ પ્રમાણે પુછ્યા કરયું. આ બાપડીને તો એવોજ કાંઈ ધખારો બેસી ગયો હતો કે પુટલીનું માથુ ઠેકાણે નથી.

પણ પુટલી બંહીના પેટમાંનું પાણી હાલે નહી. "હાં, અમે ત્રેનમાં ઉપડયાં પણ નાગપોર સુધી ગયાં નહીં ને અહી દેવલાલીબી ઉતરયા નહીં. મેં એક વખત કહ્યું તે સમજી કેની? ઘડી ઘડી બોલાવ્યા શું કરેછ? અમે તો—અમે તો—પણ બોલ્યા વગર છુટકો નથી—અમે તો ભુસાવલ ગીઆં ને તેજ દહાડે આશીરવાદ નખાવીને પરણી ગીઆં—પરણી ગીઆં—સમજી?"

"પુટલી!" વીલ્હુ દબાયલા સાદે બોલી. "હું માનુ નહીં કે તું એમ કરે. તું શું બોલેછ? તેનું તુંને ભાન નથી."

"બધું ધ્યાન છે—તારા કરતાં સારૂં ધ્યાન છે. તું માને કે નહીં માને તેની સાથે મને કંઇ કામ નથી. અમે પરણીઆં તો ખરાં ને પછી આઠ દાહાડા હની મુન કરવા દેવલાલીમાં રહી આયાં. શું કેહવું હવી મગજ પડી."

"પુટલી, પુટલી, તારૂં શું થશે! તું આવું પગલું ભરવાની છે તે મને કાંય નહીં કહ્યું? પણ હજુબી હું માનતી નથી. મારી મા જણી બેહેન આવું કામ કરે નહીં."

"હા—ખાધું—તુંને કહ્યું કે તું લાગથી ડીનશાને કેહ ને તેવણ ભીખાજી તીતી થઇને પેલા શોભતા કાકાજીને કેહ એટલે તેવણ વળી ડાહેલા થઇને પછવાડેની ટરેનમાં અમારી પાછળ દોડી આવીને બધો વાણ બગાડે."

વીલ્લુએ હવે ટગર ટગર પુટલીના ગમ જોયા કીધું. તેનો દમ બંધાઇ ગયો હતો. પુટલી તેના ગમ એક ચીતે એવી રીતે જોતી બેઠી હતી કે જાણે કંઇ બીજું કેહેવા માંગતી હોય.

"વીલ્લુ મેં બધી મોહોકાણ તુંને કહી. આટલી મોટી થઇ તોબી તું એક વાત સમજી ગેઈ નથી. મારે તો તુંને કેહેવાનું હજુ બાકી છે તે એથીબી ગંભીર છે."

તુરત વીલ્લુ ભડકીને ઉભી થઈ. એ મોહોકાણ શી છે તેનો વીજળીક આંચકો તેના ભેજામાંથી પસાર થઇ ગયો.

"પુટલી—પુટલી—અરે નહીં નહીં એમતો નહીં."

"હા. એનજ છે."

આ પછી પાંચેક મીનીટ સુધી બેઉ બહેનો મુગી બેસી રહી. આખરે વીલ્લુ બોલી.

"પણ તારી ખાત્રી છે?"

"હા—હવે કંઈ શક નથી."

"તેં એ વાત—એ વીશે અહીને ખબર છે કે ?"

"નહીં—તુંને હું સીવાય કોઈ જાણતું નથી—હું ધારૂં છું કે આયામાને જરા સંસારો જણાયોછ. ઓ વીલ્હુ, હવે મારૂં શું થશે ?"

"તારી શાદી હવે જાહેર કરવી પડશે ને અહીને જણાવવું પડશે. બીજો રસતો નથી."

આ વાર વીલ્હુનો ચેહરો ચાદરનાં જેવો સફેદ મારી ગયો હતો. સરેસતાની પોતાની રીત પ્રમાણે પુટલી પોતાની જીદ પકડી બેઠી.

"નહીં—મારાં લગન જાહેર થાય નહીં. પેલો કાંસે છેવય તો મારા અહીનું નખોદ વળી જાય ને અહીને બી લખું નહીં કેમજે એ જાણે તો કુત્રાની કાની પોતાનું કામ છોડીને દોડી આવે ને બધો ધ્યાન વળી જાય. ઓ હું મુઇ—મરી કાંય નહીં ગેઇ—વીલ્હુ કંઇબી રસતો શોધી કાહાડ."

"પણ નાદાન છોકરી હું શું કરૂં ? મારો જીવ આપું ? જો મારૂં માન. મને અહીને લખવા દે."

"નહીં—નહીં—નહીં—હજાર વખત નહીં."

"તારે આપરે માસીજીને કહીએ તો કેમ ?"

"મુવાં માસીજી—તેવણને કાંહાં દાળ દોધીમાં નાંખિછ ? તેવણ હલકાં હજામડાં થઇને સારા ગામને કહી આવે."

"પણ તારે કેમ કરીએ. પુટલી તેં તો મને મારી નાંખી. તું કહેછ કે આયામાને વેહમ છે તો આખરે આયામાને તો કેહેવુંજ પડશે. પછી આપરે ત્રણુ જણુ કંઈ હવા ખાવાને બાહાને કયે બે ત્રણુ મહીના જઇને રહીએ, પછી તાંહાં જે થાય તે ખરૂં."

પુટલી હવે ઝબકીને ઉઠીને વીલ્લુને વળગી પડી. તેની આંખમાંથી ઝાર ઝાર આંસુ પડતાં હતાં. પોતાની બેહેનને કંઈ કરતાં છોડે નહીં.

"વીલ્લુ-મારી બેહેન-હું તારે આધારે છેઉં. મને એક રસતો સુઝેછ. તું જો મારા કહયા પરમાણે કરશે તો ઠીક છે, નહીં તો હું ઠાર મરી ગઈ એમ સમજજે. વીલ્લુ મારી માય હું તો હવે તારે આધારે છેઉં."

"પ્યારી દીકરી, એમ શું કરવા કરેછ. તારૂં ભલું થાય તેમ કરવાને મેં સોગંદ ખાધેલા છે. તે તું જાણેછ તો ખરી કે તારી ખાતર મારો જીવ આપવાને હું ના પાડશ નહીં."

પુટલીએ આ પછી વળગીને પોતાના મનનો ભરમ જાહેર કીધો જે સાંભળતાં વીલ્લુ તો ઉજલી વાખ થઈ ગઇ. થોડી વાર તે તેનાથી એક બોલ બોલાયો નહીં આખરે પોતાની આંખ લુછીને વીલ્લુ બોલી.

"પુટલી, તું કંઈ ઘેલી થઇછ? એ તું શું બકવા કરેછ. તારે ખાતર હું વખતે વાંકી ચાલું પણ તું માંગેછ તે કોઇ કાલેબી બને? તું શું મને મારી નાખવા બેઠીછ? જા, જા, ફરીથી એવું ઘેલું ગાંડું બોલતી ના?"

"પણ કાંય નહીં. જો, તું જરા ધીરજથી વીચાર કરશે તો એમાં કંઈ મુશકેલી નથી. તેંજ કહયું કેની કે તું હું ને આયામાં ફરીને આપરે કેથે હવા ખાવા જઇએ! તાંહાં કોણ જાણવાનું છે કે હું લેડી ડીનશા છેઉં કે તું મારી બેહેન પુટલી છે. વળી તારો ડીનશા વારેસને સારૂ કેવો હરખ રાખેછ તે તું ભુલી ગેઇ કે? જો, તમારે ત્યાં વારેસ બેટો નહીં આવે તો ડીનશાનું [illegible]ટટ પેશા કોઇ એનો દુરનો સગો છે તેને [illegible] જાય ને તે સારૂ ડીનશાહને કેવું દુઃખ છે તે તો તું જાણેછ. વરી મારૂં છોકરૂં તે તારૂંજ છોકરૂં! હું કાંઈ દહારો તારી પાસેથી એ બચ્ચું માંગી લેવશ નહીં. તું જાણેછ તો ખરી કે મને બચાંના નામની ઘણી ચીટ છે. મરેરે, જોની, બાહાપને તાંહબી કેવો ઇનસાફ કે જહાં જોઇએ તાંહ નહીં ને મુવું મારેજ તાંહ ધસરંઈ તણાઈ આવું! જો, વીનહુ મારી માય કરૂં! [illegible] હું મારૂં કામ કરી આપ! તુંને કાંઇ નુકસાન નથી ને હું આએ છટકામાંથી બચી જવશ તો તુંને જીવસ [illegible] તાંહ સુધી યાદ [illegible]."

"એ બધી ડાહી ડાહી વાત તો ખરી પણ ડીનશા[illegible] એમ ઠગીને હું કાંહ ઉભી રેહું? એ બચું કોનનું હોય તે એનું ને મારૂં છે એમ ઠસાવી દેતાં કોણ જાણે શુનું શું થઈ જાય તેનો કાંઈ વીચાર કીધો? એક ભયંકર જુઠું દુનયાના લોકોને ઠગવા સારૂ અડાવી દીધું એવા ખયાલથી રાત દીવસ મને ઉંઘ નહીં આવે. તેમાં કએ નાખે બચાંને ડીનશાહના હાથમાં મુકીને કહું કે આએ [illegible]રૂ છે—ઓ નારે માય તે તો મારેથી નહીં બને!"

આટલા શબ્દો સાંભળીને પુટલીએ પોતાના હાથ બહેન ઉપરથી છોડી દીધા અને ફુસડાઇને ભોંયપર બેસી ગઈ. છેલ્લી પાંચ મીનીટમાં જાણે દશ પંદર વરસ ઘરડી થઈ ગઈ હોય તેમ તેણીનો ચેહરો કુમળાઈ ગયો.

"ઠીક છે, વીલ્લુ જેમ તમારી મરજી! ચાલો, હું સુવા જાઉંછ."

પુટલી જેવી ઉઠીને બારણા ગમ ધસી કે તેવીજ વીલ્લુ વાને વેગે તેણીની પુઠે દોડી. બારણામાંજ બેહનને પકડીને તે પાછી ઓરડામાં ખેંચી લાવી અને બોલી "પુટલી, તું એમ શું કરેછ? તું એટલુંબી સમજતી નથી કે તારે લીધે મારૂં જીગર બરીને ખાખ થઇ જાયછ! એટલી બધી આકરી ગાસરી કાંય થઈ જાયછ! જરા મને વીચાર કરવાનો તો વખત આપ!"

"કંઈ નહીંજી, કાંઇ નહીં, તમે તમારે સુખે પોહરી જાઓ. ખોદાનું કામ ખોદા કરશે! કેમ કહેવાય, વખતે આ બચ્ચું જીવતું જનમે તાહરે વાત! ને નહી તો પછી—ઓ વીલ્લુ મારૂં હઇયું ફાટીને ટુકરા થઇ જાયછ. હું જાણુંછ કે સહવાર સુધીમાં હું દેવાની થઇ જવશ."

આ મામલો ચાલી રહયો છે એટલાંમાં બારણું ઉઘાડીને વીશવાસુ આયામાં દાખલ થઈ.

"પુટલીમા, લો ચાલો—પોહરી જવાનો વખત થયો. બાઇજી, તમે એની કાંઈ ફીકર ના કરતાં. હું આખી રાત એની આગળજ છેઉં. એ શું મોહકાણ વરીછ તે તમારી ઘરડી આયામાં સારીકાની સમજેછ, તમે બેફીકર

261

રહુંજો હું એની આગળથી ખીસવાની નથી, એ બીચારી જરા ગભરાઇ ગઇછ, પણ મારી બેટી, એટલું બધું બીહવાનું કાંઈ નથી. વખત જવે સઉ સારૂં થશે."

આયામા અને પુટલી ઓરડામાંથી બહાર જવા પછી વીલ્લુ નાચાર થઇને પોતાના બીછાણા ઉપર પડી પડી અંદેશામાં પડી કે હવે કરવું કેમ? પુટલીએ તો છડેચોક એક મારગ સુચવ્યો પણ તેમાં કેટલો જોખમ અને હવે પછી કેટલી મુશકેલીઓ સમાયલી હતી તે એ નાદાન છોકરી સમજતી ન હતી. વીલ્લુની આ વેળાની મુઝવણ સમજવી મુશકેલ નથી. પોતાની માતાને ગુજરતી વખતે સોગંદ સાથની કબુલાત એક તરફ ગોયા તેણીને આ વાર આંગળી બતાવતી હતી. તેણીના કાનમાં જાણે માતાના અવાજ ભોંકાતા હતા કે સાધારણ ચીઝમાં પુટલીને માથે વાસે થવાનું શું મોટું માહાભારત કામ હતું? ખરી કસોટી તે હવડાંજ હતી. સમજ કે પુટલી જેમ માંગતી હતી તેમ નહીં બને તો એ નાદાન છુકતી કાંઇ કાંટાનું કટેસર કરે તો તેનો જોખમ કોણને માથે? પણ બીજી ગમ વળી વીલ્લુને વીચાર આવ્યો કે દીનશાહને કોઇબી વાતની ઠગાઇની ભારે છીટ હતી અને તેને આવી અગતની વાતમાં ઠગે તે તો પછવાડેથી જણાય તો તે કોઈ દહાડેબી માફ કરે નહીં. પણ વળી બીજી ગમથી વીચાર આવ્યો કે તે જાણેજ શું કરવા? ઉલટું પેલા અભાગ્યા કાકાના છોકરાના હાથમાંથી ઇસ્ટેટ બચી જાય તો તેને તો મઘન થવાનું નવેસરથી કારણ મળે. પણ સબર એ બધી ડાહી ડાહી વાતો તો ખરી પણ ચંદરોજમાં વીલ્લુને ત્યાં પોતાને ત્યાં બાબો આવે તો કેમ? શું પુટલીનો છોકરો વારેસ થઈ બેસે?

આવા આવા એક બીજાથી ઉલટા અંદેશામાં ધરફડી મારી વીહ્લુએ બીછાણામાં રાત કહાડી.

આટલા દીવસ થયા માસીની જરૂ વીહ્લુને ત્યાં પરોણા દાખલ રહેલી હતી તેબી બીજે દહાડે ચાલી ગઇ. ખરૂં પુછો તો પોતાની ગમે તેવી કબુલાત છતાં બધો ભરમ ઠાવકી જરૂને કહી દેવાનો અરધો જીવ વીહ્લુનો થતો હતો પણ તે ચાનસબી હાથમાંથી જતો રહયો. એણીમેર પુટલી સખત માથુ દુખવાનું બાહાણું કહાડીને આખો દહાડો પોતાના ઓરડામાં ભરાઈ રહી. સાંજને છેડે આયામાં ગુપચુપ વીહ્લુના ઓરડામાં આવી અને બારણું બંધ કરીને વાત છેડી.

"પુટલીમાં ઉંઘી ગયલી છે, તેટલાં તમારી જો રજા હોય તો હું વાત કરવા આવીછ."

"હા, સારૂં થયું જે તું આવી, આયામા, હુંબી તારી સાથ મસલત કરવા ઇંતેજાર ઉતી. મારી ઉપર મોટી જફા આવી પડીછ ને તેમાંથી કેમ નીકળવું તે મને સુઝતું નથી."

ચીંતા નહીં, મારી મા, ખુદા સઉનું સારૂં કરશે. હું જાણુંછ કે પુટલીમાની બાબદ તમારો જીવ ગભરાયા કરેછ."

"ઓ આયામા, હું એટલી ગભરાઇ ગઈછ કે શું કરવું તે સુઝતું નથી."

263

"પણ બેટા, મુશકેલી આવી પડે ત્યારે ગભરાટ કીધાથી તેનો તોર આવતો નથી. આપરે જરા ધીરજથી વીચાર કરશું તો કંઇબી ઉપાય સુઝશે. તમાશા કરતાં પુટલીમાય વધારે ગભરાઇ ગયલી છે—પણ જેટલી તમે ધાસ્તી રાખોછ તેટલી હું જોતી નથી! કારણકે એના લગનની સરટીફીકેટ મેં મારી નજરે જોઇ છે. માત્ર મુશકેલી એટલીજ છે કે એ પોતાની શાદી હાલતુરત જાહેર કરવાને ના પાડી બેઠીછ. ખોદાતાલા અહી શેઠનુંબી શું ભલું કરશે કે આવી એક નાહાન છોકરીને ફુસલાવીને ફુપાછુપ લઈ જવી નહીં ઉતી."

"જોવ તો ખરા! એ નાહાન બચ્ચાંઓને કંઈબી અકકલ હોય કે નહીં!"

"પણ આખર કરૈને તેવણબી નાહાન છે એટલે હવે જે થયું તે તો થયું હવે સવાલ ફક્ત એટલોજ રહયો કે પુટલીમાયને તાંહ બચ્ચું અવતરે તો તે તમારૂં છે એમ તરત તેના ટોકી મારવાની એશુ જે તાલ શોધી કહારીછ તે તમુને રૂચશે કે?"

"એજ મારી મુશકેલી છે તો! એવી કઢંગી માગણી હું કેમ કબુલ રાખું? તું દીનશાહ શેઠનો સ્વભાવ તો જાણીછ કે કોઇબી વાતની ઠગાઇ સારૂં એવણુને અત્યંત ચીઢ છે ને તેમાં વરી ખાસ કરીને તેની આગળ જુઠું બોલું ને પારકું બચ્ચું અમારૂં છે એમ ઠસવી દેવું તો મારો દહારો ને સારી રાત મારી હાય અફસોસમાં જાય. રખે મારી વાત બાહેર આવે ને એવણ છેરાયને એવા ધરક ધ્રુજાચાથી હું તો અધમુઇ થઈ જાઉં. પણ વરી

બીજી ગમ વીચાર કરૂંછ તો આતશના પાતરાં ઉપર મારાં બહેનસતન માયજીને આપેલી કબુલાત યાદ કરતાં મારૂં દીલ ધ્રુજેછ. અને આખી રાત ફાટે ડોળે હું પડી રહી ને જાણે બેહસતન મારી આગળ આવીને ડોળા કકરાવીને મને ઠપકો આપતાં હોય તેમ લાગું. આથામાં હવે બોલ. હું શું કરૂં? તારી મદદ ને સલાહની મને ઘણી જરૂર છે.”

“બચ્ચાં મારાં, આવી બાબદમાં એક ઘરડું નોકર માણુસ શું સલાહ આપે? સલાહ તો તે પેદાના કરનાર પાસે હાથ જોરીને માગ. મારૂં માનવું છે કે એક મા જણી બહેનની આબરૂ બચાવવા ખાતર સહેજ સાહજ ઠગઇ કરશે તો તે દાદાર માફ કરશે. શેઠ દીનશાહજીની રીતભાત હું સારીકાની જાણુંછ. તેવણને આએ વાતની ખબર પરે તો નહી -- પણ કદી કદાચ પરે તોબી તેવણનો તમારી પર એટલો જીવ છે કે થોડીવાર ગુસ્સો કરીને પછી બધું માફ કરશે. આવી જાતના બનાવ કાંઈ ઘણાં અસાધારણ નથી. જોકે આએ સલાહ આપીછ તે ઉપર બરાબર વીચાર કરજો ને કાલે આપરે ફરીથી વાત કરશું. એટલું બધું શું છે કે તમે બધાં અકરઇ ગભરઈ જાઓછ?”

૨૬૫

પ્રકરણુ—૧૯ મું.

જેમ જેમ હફ્તા એક પછી એક ગબડતા ચાલ્યા તેમ તેમ વીલ્હેલ્મુનો ચેહરો સોહરાબ સુકાઈ જવા લાગ્યો. તેણીએ ખાવાનું ફરવા હરવાનું સઘળું તજી દીધું. એણીમેર પુતલી જેમ જેમ હફ્તા નીકળતા ગયા તેમ તેમ વધારે ખુશાલ અને રમતયાળ દીસવા લાગી. તેણીએ જે ઘાટ રચ્યો હતો તેની સઘળી બારીકે બારીક ગોઠવણુ પુતલીએ કરવા માંડી. દરેક સીફત વીલ્હેલ્મુના સાંભળવામાં આવતી કે તે બીચારીને તાવ ચહડી આવતો હતો. અલબતાં કહેવાની જરૂર નથી કે પોતાની બહેનના કાલા-વાલા અને ધમકીથી આખરે વીલ્હેલ્મુએ બધું કબુલ રાખ્યું હતું.

જાનેવારી મહીનામાં બેહુ બંહેનો આયામાને લઇને કરાંચીની પાસે સક્કર ગામમાં હવા ખાવાને બહાને ઉપડી ગયાં. સક્કર પસંદ કરવાનું કારણુ એટલા માટે કે તયાં અસલ આયામાનો જનમ થયો હતો—અને તયાં એક ગરીબ દારૂની દુકાનદારનું કુટુંબ આયામાની સાથે અસલથી ઘરવટ રાખતું હતું. દીનશાહે સીંગાપોરથી લખી જણાવ્યું હતું કે તેને મુંબઈ પાછું ફરતાં ત્રણ ચાર મહીના વીલંબ લાગશે. આપણે જાણીયે છીયે કે તે જયારે રીસાઇને ચાલી ગયો ત્યારે ધણીધણીયાણી વચ્ચે સખત અણગમો પેદા થયો હતો—પણુ હવે દીનશાહને પોતાની જુવાન ધણીયાણી પાછી યાદ આવી હોય કે શું એટલે આ છેલ્લું કાગજ હેતથી ભરપુર હતું..

દીવસ નીકળી ચાલ્યા અને એપ્રેલ મહીનાની અધ વચમાં દીનશાહજીના નામના વારેસ આ કંગાળ ધરતી પર રડતા ફફડતા જાહેર થયા.

ભુચાજી મહીના એકના થયા એટલે બેઉ બહેનો અને આયામાં પાછાં મુંબઈ આવ્યાં. ખબર આવી કે આવતાં મહીનામાં દીનશાહજી પણ આવનાર છે પણ અહીને આવતાં બે માસ લાગશે.

અલબતાં કહેવાની કાંઈ જરૂર નથી કે "તમારે ત્યાં ભુચો પધારયો" એવી વધામણીની ખબર દીનશાહને પુટલીએ લખી મોકલી હતી. ખરૂં કારણ તો એ હતું કે કાગળ ઉપર સરીયામ જુઠું લખવાને વીલ્લુએ ધસીને ના પાડયું હતું, પણ પુતલીએ તો પોતાના કાગળમાં ઓરંગો લગાવ્યો હતો કે "વીલ્લુની તબીયત તદન નબળી છે અને વળી આએ સારા સમાચાર લખતાં એવણને શરમ લાગે છે તેથી હું એ વધામણી લખું છ," પણ આ ખુશ ખબરના કાગળો મલ્યા પછી દીનશાહ ભાઈ તો ધરયા ધરાય નહીં એ દેખીતું છે. તેવણનો અતી ઘણો હરખભરયો જવાબ ફરી વળયો જે બબે ચચાર વખત વીલ્લુએ ફરી ફરીને વાંચ્યો અને રાતના ટકયા તળે દાબીને સુવા માંડયું. તે રાત દીવસ એટલીજ દુવા માંગતી હતી કે પોતાના પતી તરફ જે ઠગાઇ ચલાવી હતી તેમાંથી કાંઇ સારૂંજ થાય!

સર દીનશાહનો પાછો ફરવાને વખત જેમ જેમ નજદીક આવતો ગયો તેમ તેમ નાના સાહેબજાદા ખાસ્સા બકેનાની બચ્ચી જેવા ખીલવા અને કુદાકુદ કરવા લાગ્યા. આયામા અને બાબાની પોતાની આયા તો પોતાના ગળાં ઉપર હાથ મુકીને સોગંદપર સોગંદ ખાવા માંડે કે દુન્યામાં આવું સરસ બચ્ચું કોઈ દહાડો પેદા થયુંજ નથી. પણ ચોરયાંસાર પુતલીનું કેમ? તે તો પોતાના પેટનાં બચ્ચાં તરફ જરી પરવાહ કરતી ન હતી. તે સાફ કહેતી કે મને છોકરાં ગમતાં નથી અને તેને મનથી છોકરાં પીડા સમાન હતાં. વીલ્લુ ધારતી હતી કે કોણ જાણે પોતાના બચ્ચાંને જોઇને પુતલીના અંગમાં માતા તરીકેનો કાંઈક જુસ્સો ઉભરી નીકળશે, પણ તેમાંનું કાંઈ મળે નહી. પંદર વરસની હતી, ત્યારે જેમ નાચતી કુદતી હતી તેમ હવડાંબી ચાલુ હતું. આખરે મહીનો વીત્યા બાદ દીનશાહજી સીંગાપોરથી પાછા ફરયા. વીલ્લુ જ્યારે તેને દરવાજા ઉપર મળી ત્યારે ઘણીજ નખાયલી અને ઘભરાયલી દીસ્તી હતી. પુટલીમાય તો અકકલ ખરચીને પોતાના ઓરડામાં ભરાઇ ગયાં હતાં. વીલ્લુને કમરમાંથી ટેકવીને દીનશાહ પોતાના ઓરડામાં ઘણીજ માયાથી લઈ ગયો, અને અતીશે વહાલ કરીને પુછયું, "મારા જાન, મારી આંખના નુર, તું કેટલી હેવાઇ ગઈ છે? હું શું એટલો બધો અભાગ્યો હતો કે તેં એ વાતની ખુશ ખબર મને અગાઉથી લખી નહી? આવું બનવાનું છે એમ હું જાણતે તો મુંબઈ છોરીને હુ જતે નહીં."

ગરીબ બીચારી વીહલુ! ચીંતા અને બીકથી નખાઈ ગયલી પોતાના ધણીને પાછા. મળવાના હરખમાં દબાઈ ગયલી શું કરે? તે ધણીની છાતી ઉપર માથું મુકીને ડુસકે ડુસકે રડી પડી. આસપાસનો સંજોગ જોતાં એ વખત રડી પડવું ઠીકજ હતું, કારણ કે અરસપરસના સવાલ જવાબ વીસરાઈ ગયા હતા.

થોડાક વારમાં સઘળું સમાધાન થવા પછી દીનશાએ ઘણી ઉલટથી કહયું "વીહલુ, આપણા બુચાને જોવામાં મારો જીવ તલપી રહયોછ. જયારે પુટલીનું કાગજ આયું તાહરે મારો હરખ માયો સમાયો નહીં. મને તો એવી કાંઇ વધાઇની જરાબી ખબર નહીં. પણ દીકરા તેં પોતેજ કાંય નહીં તે સમાચાર લખયા? એમાં શરમાવાનું શું હતું? કદાચ હું જતી વખતે તારી સાથે ખરવાયાં તોડીને ગીયો તે સારૂ મને સજા કીધી હોસે!"

સાંભળતાં વીહલુએ કશો જંવાબ દીધો નહીં પણ મુગી મુગી દીનશાહની પાંખડી વળગીને બુચાના ઓરડામાં ગઇ.

મુરંબી કાવસશાહ શાહજાદા તુરતનાજ અંગોળ કરીને તથા શેર દોહડશેર દુધનું નખોદ ઘાલીને ખુબ ગમતમાં પાળણામાં પડયા પડયા ગુરા હલાવ્યા કરતા હતા. આયાએ તેને ઉપાડીને દીનશાહજીના હાથમાં મુકયો. જેના બદલામાં આએ નસીબદાર આયાને એક સુનાની ગીની શેઠે હાથમાં પકડાવી દીધી. પોતાના બુચાને જોઇને દીનશાહભાઈ ઘણુજ હરખમાં આવી ગયા હોય તેવું દીસ્યુ નહીં.

તેની ઝીણી ઝીણી આંખ તરફ ધ્યાનથી જોઈ દીનશાહ બરબડવા લાગ્યા કે "એની આંખ કોણના જેવી છે? મારા જેવી નથી ને તારા જેવીબી નથી!"

વધારે ચકચાર થાય તે પહેલાં વીલ્લુએ બુચાને હાથમાં લઇને પાળણામાં મુકયો. કોણ જાણે શું કારણથી હોય પણ પુટલી આ બચ્ચાં તરફ બીલકુલ બેદરકાર હતી, તેથી ઉલટું વીલ્લુ ખરી માતાના જેટલો જીવ તેના પર આપતી હતી.

માટીબઇરી બાહેર પડયાં પછી આયાએ એક બીજાંમાં વાત કરવા લાગ્યાં. આયા બોલી, "બુચો બાપ ઉપર વધુ પરોસ દેખારતો હોય તેમ નહીં લાગતું, કેમ આયામા?"

"નહીં, એ તો ઘણા નાહલ્લાં બચ્ચાં એમજ હોય!" આયામાએ જવાબ દીધો.

એણીમેર બેસવાના ઓરડામાં દીનશા અને પુટલી જ્યારે સાથે મલ્યાં ત્યારે પુટલીએ વાત છેડી, "કેમ દીનશાહભાઇ તમારા બુચા વીશે શું ધારયું?"

"હું માટીડો એમાં શું સમજુ? ખાસ્સો પેન્ડા જેવો છે! બધો ઘાટઘટમ હાલતરત તો એની માયના જેવો લાગેછ. ખરૂં કહું તો માયના કરતાં માસી જેવો વધારે લાગેછ."

પુટલી હસી પડી. "ઓ દીનશાહભાઇ, તમારાં સોજ બળેરે. વળી માયને માસીમા કાંઈ આસમાન જમીનનો ફેર હોસ!"

આ વાર વીલ્હુનો જીવ સીફ્ટે ઓળવાઈ રહયો હતો, પણ પુટલી હસી પડી.

“દીનશાહભાઇ, મને એક વાતની ઘણી નવાઈ લાગેછ. આપણા બોમી કુત્રાને બુચાની ધન પસંદ આવતી નથી. એ બુચાને જોયછ કે લાગલો ગરૂરૂર કરવા માંડેછ ને સોફા નીચે ભરાયછ.”

“અદેખાઇને મારે હોસે” દીનશાએ જવાબ દીધો. “કદાચ એને એમ લાગતું હોસે કે એ વીલ્હુબાઇનો લાડકો હતો, તે હવે સેકંડ કલાસ થયો. પણ પુટલી તું હજુ બચ્ચું રહી ગેઇ. કાહારે મોટી થશે. મને લાગેછ કે તારે સારૂં કોઇ માથાંનો ભાંજનાર વર શોધી કહાડવો પડશે. બચારો કોઇ ભોળો ભટાક મલ્યો તો તેને માણું માણું બોલાવશે પણ તું પરણી જાય તે મને જરા ગમશે નહીં. હા હું પહેલાંથી કહુંછ.”

“અકળાવો ના, દીનશાહભાઇ, તે કડુાડો આવે તારની વાત.”

બોબી આ વાર ફાટા ફાટા ડોળા કહાડીને જોયા કરતો હતો. જાણે કહેવા માંગતો હોય કે હું કાંઈ અદેખો નથી પણ “ડીસઘસ્ટ” થઈ ગયલો છું.

ધણીધણીયાણી આ પછી પોતાના ઓરડામાં ગયાં જયાં દીનશાએ વાત છેડી.

27|

"પુટલી હમણા ખુબ ગેલમાં છે. દહાડે દહાડે રૂપમાંથી સરસ થતી જાયછ. એને ફરસ્ટ ક્લાસ વર મળવાની કંઇજ મુશકેલી પડવાની નથી."

"ફરસ્ટ ક્લાસ વર એટલે શું?" વીલ્હુએ પુછયું. "પોતાના મન ગમતો માટી મળે એટલે તેમાં બધું આવી ગીયું!

"ઓ બાપરે વીલ્હુ, આજે વળી પાછું તુને શું ઓછું પડયું. આજે થે ડુંક થયું હું જોઉછ, કે તું જરા ઉદાસ ને ચીંતાતુર દેખાયછ. હું બેવકુફની કાની ચીસાબને સીંગાપોર ચાલી ગયો તે હજુ તું વીસરી ગેઇ નથી?"

"તે દહાડા મને ઘણા સારી ગીયા." વીલ્હુએ ખોલાસો કીધો.

"ને મનેથી તેમજ હતું. મારા જાન, હું શું જાણુ કે તેં આવવા ના પાડી તેનું આવું મજબુત કારણ હતી. જયારે ખરૂ કારણ પુટલીએ લખ્યું તારે હું મન સાથ ઘણોજ મુંઝાયો."

દીનશાએ પોતાની મોહોરદારને, આ વાર પાસાંમાં લઇને ખુબ પટાવી પણ તેથી રાજી થવાને બદલે વીલ્હુ હુસકે હુસકે રડી પડી. "ઓ દીનશા—દીનશા-તારા જેવા ભલા ને માયાળુ ધણીની સ્ત્રી થવાને હું લાયક નથી."

"ના, ના, ઘેલી-તું એમ ફરીને મને બેવડો તાણો મારેછ કે હું, તારા જેવી ખુબીવંતીનો ધણી થવાને લાયક નથી. ચાલ હવે પોઢી જા. તું આજે ઉજળી ચાદર જેવી લાગેછ ને મારો જીવ ચીંતામાં છે.

———

પ્રકરણ—૨૦ મું.

કેહેવાની કાંઈ જરૂર નથી કે આ વેળાએ દીનશા પોતાની પરણેતર ઉપર ઘેલો હેવાનો હતો. અને વીલ્લુબી તેમજ ઉથલાઈ પુથલાઈ જતી હતી. રખે દીનશા બધું જાણે ને તે લોકનો સંબંધ એકદમ ઠંડો થઈ જાય તે બીકથી વીલ્લુ ઉલટી વધારે પોતાના ધણીને વીહીલી મુકતી ને હતી. ખરી વાત એ છે કે તેણીની જીંદગી ગોયા એક તીના પાયા ઉપર બાંધી હોય જે ઘડી ચપકામાં ધસીને જમીન બરાબર થઈ જાય ને પોતાના સઘળાંને ઉંડા જેહાનુમમાં નાખે એબી તેણીને સદાની ફકર હતી. રોજ સહવારના ઉઠતાં તેણીને ધસકો પડતો કે એ આજે શું થશે. દરરોજ રાતના તે અરધી ભુખે ખાતી અને અકરવકરે સુતી કે સહવાર પડતાં કોણ જાણે શું બનશે. તે ઘણુંબી મન મારવાનું કરેપણ તેનો મોટો ધશકો એ હતો કે કોઇ દહાડેબી દીનશાને સઘળું કહવા વગર છુટકો નથી. દીનશા કેવો સ્વભાવનો દાધાલ્યો છે ને છેડાય તો હાથમાં ન આવે તેવો છે તે ધાણીઆણી સારી રવેશે જાણતી હતી. આવા આવા વીચારથી તે કોઇ વાર રાતના ભરઉંગમાંથી ચમકી ઉઠતી.

પણ પુટલીનું કેમ? ના ફકર કે ના ચીંતા! તેની જાણે બલા કે ઘરમાં કેવો મામલો ચાલે છે. બચચું કોણ ને વાત શું! વીલ્લુ છે ને બચ્ચું છે. ફોડેની ગમે તેમ!

273

અજબ જેવું છે કે પુટલીમાં માતાની લાગણી જેવું કાંઇ હતું જ નહીં. આ જોઇને વીલ્હુનો જીવ બળીને ખાક થઈ જતો. એક દહાડે વીલ્હુએ તે બાબે બહેનને શીખામણ દીધી તો પુટલી છણકી પડી.

"પુહ! બચ્ચાં ઉપર જીવ શાનો ને વાત શાની? પેટમાં કાંઇ લાગે નહીં તોબી અમથાં અમથાં જીપલાં મારવાનું હંબગ મારે ગળે ઉતરતું નથી. જુઓ છે—ખાયછ પીએછ ને રમેછ તેમાં હું શું નવો ગોળ વાળ-વાની ઉતી? ઘુને માયજી થવાનો હરખ હોય તો આખો દહાડો તેને પાસાંમાં લઇને બેસની. કોણે હાથ ધરયા. હા બા, આપણે તો જે ખરું છે તે કહાએ. મારે મનથી તો એ એક પીડા જેવી છે. આપણે કંઈ છોકરાં બોકરાં માંગતાં નથી. એ તો જો તું મારી મદદે નહી આવવે તો આપણે તો કોણ જાણે ક્યારના બસતાંમાં જઇને સુતાં હોતે. હવે બધું રંધાઈ ચુકું ને સઉ સમાધાન થયું તારે નકામી હાય અફસોસ કરીને શું કામ જીવ બાળેછ?"

"અરે નાહાન છોકરી, મારો જીવ કેવો સીકે બોળ વાયલો છે તે તું શું જાણે. તારા જીવતરે તો તું જ જીવેછ."

"તો મારા જીવતરે હું નહીં જીવું તો કોઇ શું મારો દુશમન જીવે? તું આવાં ડાચાં કરીને ફરેછ તેથી તો ઉલટો દીનશાને નહીં ઉતો વેહેમ જશે ને કાલનો દુકાળ આજે પડશે. તું જારે આખી ધરતાની જંજાળ માથે પડી હોય

તેમ ભવાંનો ચીલ્લો ચહડાવીને બેસેછ ત્યારે હીનશા તારી ગમ તગર તગર જોયા કરેછ. એમ મેં બે ચાર વાર જોયું. વાસતે મારી તો સલાહ છે કે ઉલટ પકડ, હસતું મોહોડું રાખ નહીં તો કોઈ ખાડામાં પડશે ને સાથે લાગી મનેબી ઘસડશે."

વીલ્લુ બચારી વીચારમાં પડી કે આએ તે કેઈ જાતનુ માણુસ હશે. પણ આખર કરે ને પુટલી!

વીલ્લુને ઉંડા વમાસણુમાં જોઈ પુટલી હસી પડી. "મરેરે ઘેલી, બુચો બુચો શું કરીઆ કરેછ? એ તો તારો ને હીનશાનો બુચો છે. આપરે કંઈ બુચો બુચો જાણુતાં નથી. આપરે તો તુને બક્ષીશ આપી દીધો: તું છે ને તે છે. ગમે તેમ માથું ફોડી લેઓ."

"પણ બેવકુફ છોકરી, તુને ખરી વાત અહીને કેહેવા વગર કેમ ચાલશે? ને તું એમ નકોરાઈ વીહીઆ કરેછ પણ તે પોતાનો બાપ તરીકેનો હક કેમ છોડી દેશે?"

પુટલી હવે જરા ડઘાઇ ખરી. જરા વાર વીચાર કરીને બોલી, "કલ હય ઓર અલાહ હય." વખત આવશે તારે સમો જોઇને વાત કરશું. લાગ આવશે તો કહીશું, નહીં તો અખાડાની ગલાણી કરી જઇશું. ગમે તે થાય પણ અહી બુચાને તો તારી પાસેથી લેશે નહીં એવી મારી 'ગેરંટી' છે. એને બી મારી કાની છોકરાંની ઘન ગમતી નથી. જો એવણુ બાવાજી થયાછ એમ જાણે કેની તો કોણુ જાણે કેવો ઉંડો કુવો પુરે."

"બસ, પપી, બસ. ખોદાને ખાતર એવી પાપી વાત ના કર. તું આએ પ્રમાણે બોલેછ તારે મારાં હારેહાર ધ્રુજેછ."

"હાર ધ્રુજેછ તો અળસીની પોટીસ બાંધ. તું વાત કરાવેછ તેથી હું બોલુંછ નહીં તો અહીં કીયાં ખાસદાંને. તારા વીચાર તુંને મુબારક. એક ચીજ તુંને ગમે ને મને નહીં ગમે. ખોદાએ મને જેવી બનાવીછ તેવી હું છઉં. જોઇએ તો રાખ નહીં તો ઓખા પીડા. તું જાણે કે હું તારા ભાશણોથી બે દહાડામાં સુધરી જવશ તો નકામી ખાંડ ખાયે. ઉલટું તું મને વધારી બોસીલી થવા શીખવેછ."

આટલા શબ્દો બોલી પુટલી છલાંગ મારતી વાડીમાં ઉતરી પડી.

દીનશા શાહ બાવાજી થયા એટલે નાંખ ઉપર માંખ બેસવા દેતા ન હતા તેવણ પોતાનો દરજ્જો વધી ગયલો સમજતા હતા. પોતાનું કામકાજ છોડીને આખો દાહાડો ભુચાજી સાથ ખેલાં કાહાડવામાં તેવણની મોટી મોજ હતી. પણ 'શાહજાદા' સાહેબને પીતાજી સાથ આગ્રી રાસ આવતી જણાતી નહીં. બાવાજીને જોઇને તે જ્યારે ત્યારે છેડાઇ પડતો અને વીલ્લુના હાથમાં જવાની તલબ કરતો.

એક દાહાડે ભુચાને રમાડતાં દીનશા બોલ્યા "આએ નાહલો આકરો ભુત કોણ જાણે કોણના જેવો લાગેછ. એનો ચેહેરો કાંઈ નવાઈ જેવી રીતે મારા ધ્યાનપર આવેછ."

પુટલી ખડખડ હસી પડીને બોલી "વખતે મારા જેવો લાગતો હોસે."

"અરે નારે ખોદા, તારા જેવો કેશો ગાંડો નીવડે તો હું સો ખાસડે તોબાહ કરૂં."

"તારે શું હું ઘેલી ગાંડી છેઉં? વાહારે દીનશાજી, હમણાં હમણાં તમારી જબાં છેક ફેરઓ છેજ."

"તો બીજું શું. આખો દાહાડો નાચ કુદ ને ખીખી ખાખા કરવા શીવાય તુંને બીજું સુજેછ શું.?"

"ઓહોહો ? દીનશાજીબા, તારે હું કોઈ દાહાડે બી બચ્ચાંની માતા થવાને લાયકની નથી એવું તમારૂં મત છે. વારૂંબા જેમ તમારી મરજી."

આ વાર વીલ્લુ અંદર ખાનેથી થર થર ધ્રુજતી હતી કે "મરેરે પુટલી બોલવામાં કંઈ સમજતી નથી. રખેને કાંઈ આટો બાઝી દે."

દીનશા હસી પડીને મશકરીમાં બોલ્યો—

"અરે નહીં રે પુટલી, હું તો અમસથી રમુજમાં બોલુંછ. તું કોઈ દહાડે બી બચાંની માય થશે તો જોવાની મઝાહ પડશે. તારે તાંહાં બચું આવશે તો કોઇ જાલમ દેવ આવશે. તું અખઇ થઇને અમારે તાંહાંજ રેહ ને અમારા બુચાને દેખાડ કે એક મસતાન ચોરીઆંમાર માસી કેવી હોય."

૨૧૭

આ ટાંકણે શાહજાદા સાહેબે ભોંય ઉપર ગબડીને "બોબ"ની પુછડી પકડી. બોબે આથી અપમાન લીધું અને ઘેર વારેસ તરફ ફફડાવીને એવાં દાંત દેખાડયા કે વીલ્હુએ બુચાને તુરત ઉપાડી લીધો અને બોબને આંચકો મારીને દુર કાહાડયો. બોબનો ચેહરો આ વાર કહેવા માંગતો હોય તેમ લાગતું હતું કે "જાઓ, જાઓ, મારા સાહેબ, જરા અકલ રાખો." પણ જાનવરના પેટમાં શું થતું હતું. તે આપરે શું જાણ્યે?

• • • •

દાહાડા નીકળી ચાલ્યા. બુચાજી જરા જરા ઠરેલ થતા ગયા તેમ તેનો ચેહરો ફેરવાતો ગયો. પેહલ વેહલી નજર વીલ્હુની તેના ઉપર ગઇ. તે દાહાડે દાહાડે આબાદ અદીના જેવો થતો ચાલ્યો. રોજ બરોજ આ મળતા-પણું એટલું વધતું ગયું કે વીલ્હુના પેટમાં ફાળ પડી. આખરે નાદાન પુટલીનેબી કબુલ કરવું પડયું કે બુચાજીની આંખ, નાક, દાંત, સઘળું નરી તેના ખરા બાપની નકલ હતી. પુતલીબી હવે ગભરાઇ.

"વીલ્હુ, ખરેખર હવે કેમ કરીએ? એ ગુલામનો ખાધો દુકતો એમ શું દુઃખ દેવા આયોછ? મરેરે, એને જોઉંછ કે મને પેટમાં કંઇ થઇ આવેછ. ખોદાયજીને વાંહાંબી શું ઈનસાફ છે? બધી તો વાત રેહી પણ અહી આવીને નરી પોતાની મુરતી જોશે તો શું થશે!"

પણ નવાઇઓની નવાઈ. પુતલીને એકાએક બુચા ઉપર હેત આવી ગયું. તેને ઉપાડીને પોતાની છાતી સાથ [illegible]ીને તે ઓરડામાં આમથી તેમ દોડવા લાગી. વીલ્લુ [illegible] ટાંકણે ઓરડામાંથી છટકી ગઈ. વરંડા ઉપર દીનશા [illegible] પેપર વાંચતા હતા ત્યાં જઈ ઉભી તો દીનશાએ કાગળ મુકી દીધું અને તેણીનો હાથ પકડીને પોતાની [illegible] ખેંચી—

"દીકરા, એમ તું ઉજળી વાખ જેવી કેમ લાગેછ. [illegible] વાતની તારા દીલમાં ચીંતા છે કે? જયારથી હું [illegible]આમેથી આયો ત્યારથી જોઉંછ કે તું કાંઈ ભારે [illegible]શામાં ફરતી ફરેછ. મારા જાન, મારાથી છુપાવવા [illegible] તો કાંઈ હોય નહીં. બેસ, મારી પાસે બેસ, ને જે હોય તે કહી દે. શું તુને પઇસા આપ્યા હતા તે બધા ખપી ગીયા?"

વીલ્લુએ ડોકું ધુનાવી ના પાડી.

"તારે શું પુતલી કોઈ અણુગમતા માણસ સાથ નાહાસી જઇને પરણી બેસવા માગેછ?—"

"નહીં—નહીં—તેમ નથી."

"પણ તારે શું છે? તારેથી કાંઇ એવું કઢંગુ કામ થઇ ગયુંછ કે જે તું મને કહેતાં શરમાયછ અથવા બીહેછ?"

અલબત્તાં દીનશાએ આ સવાલો લગાર ટકોરની રીતે પુછયા પણ ખરી વાત જાણવાનો તેનો ઠરાવ નકકી હતો એમ વીલ્લુએ જોઇ લીધું.

"બેટા, સાચ્ચું કેહ. કોઈ રીતે હું તુને અણગમતો થઈ પડયોછ? મારી કંઈ ચુક થઈછ ને તે બીપે તું અસુખી છે?"

"મારા વહાલા ધણી હું તારી સાથે શા સારૂં અસુખી હોઉં? તું એમ બોલીને મને નકામી દલગીર કરેછ. તારી ઉપર તો મારો જીવ જાન છે. પણ તું જાણેછ તો ખરો કે માણસ જાતને કંઈ ને કંઇ ચીંતા તો હોય."

"પણ શાની ચીંતા– એવી તે શું ચીંતા હોય કે જેમાં હું ભાગ લેઇ નહીં શકું? તું મારી સાથે ખોલા સાથી વાત કાંય નહીં કરતી?"

"પણ તું મારી પાસે શું બોલાવવા માંગેછ. શું તુંને રાજી રાખવા નહીં ઉતી ચીંતા શોધી કહાડું?"

આ જવાબથી દીનશા રાજી થયલો જણાયો નહીં ભવાંનો ચીલ્લો ચહડાવીને તેણે મુખ ઢુપવા માંડી. "વીલ્લુ, એ ગલ્લાં તલ્લાં મને પસંદ નથી. ખરી વાત શું છે તે હું જાણવા માંગુંછ. નવી ચીંતાઓ શોધવા જવાની કંઇ જરૂર નથી. હું સમજી ગીયોછ કે તું કંઈ અગતની બીના મારેથી છુપાવેછ. કંઈ મુદત થઇ હું તે જોતો આયોછ ને હવે મારી ખાત્રી થઈછે. તારા ધણી દાખલ એ શું છે તે મને જાણવાનો હક છે. જો તુંને મારી જરાબી કદર હોય–જે વીષે હવે મને જરા શક છે–તો તારે દીલ ખોલી ને મને બધો ખોલાસો કરવો જોઇયે."

"ઓ દીનશા—તારી કદર નહીં હોય? એમ બોલીને તું મને દુખી કરેછ."

"એમ કે? પણ હું મનમાં ને મનમાં મુઝાઉંછ તેનું કંઇ નહીં?"

દીનશા હવે ન ખુશીથી ઉઠીને ઉભો થયો. તેનો ચેહરો જરદ મારી ગયો હતો. ઓરડામાં થોડા આંટા આમ તેમ મારીને તે વીલ્લુની સામા આવીને ઉભો.

"વીલ્લુ તું મને ઠગવાની તજવીજ કરેછ. જો તુને મારી જરાબી અરે હોય, જો તું મારી સોબતમાં સુખી હોય, તો રાતનાં ઉંઘમાં તું અવારનવાર ચીસ પાડેછ ને ફાદું ફાદું બોલેછ તેનું કારણ શું? તું જારે તારે મારી ગમ એવી રીતે ડઘાઇને જોયછ કે જાણે તું કંઇ કહેવા માંગતી હોય પણ તારી હીંમત ચાલતી નહીં હોય. શું તું મારેથી બીહેછ?"

આ વાર વીલ્લુની આંખમાં પાણી ભરાઇ આવ્યાં હતાં. જે જોઇને દીનશાહજી ગદગદી ગયો અને ધાણી-આણીને પોતાની ગોદમાં લઈ પ્યારથી પટાવીને બોલ્યો. "મારા જીગર, તું મારી ઉપર વીશવાસ નહીં રાખે? તું એટલું તો જાણેછ કે તારી ઉપર હું જાન ફેસાન છેઉં, ને તારી કંઇબી કસુર થઈ હોય તો હું માફ કરવા રાજી છેઉં."

"દીનશાહ, તું ખરૂં બોલેછ? કાંઈબી કસુર માફ કરે? જો, પાછળથી ફરી તો નહીં જાય?"

"હું નહીં—બોલ શું છે?"

"જરાબી, નહીં, હું તો ફક્ત તારૂં મીજાન જોવા એમ બોલી."

આટલી વાત ચાલી રહી છે એવામાં પુટલીબાય બારણું ધડાક દેતું ઉઘાડીને માહે દાખલ થયાં. હાથમાં બુચાજી હતા.

"ઓહોહો ! આએ અંધારા ઓરડામાં શું હાંસબદન ને ગુલબદનનો ખેલ ચાલી રહયો છે. તમુને વાત કરવાની કંઇ બીજી જગા મળતીજ નહીં કે ? બુચાજીને અંધારૂં જરા ગમતું નથી."

આટલું બોલીને પુટલીએ ઝટ ઇલેક્ટ્રીક લાઇટ સળગાવી અને બુચાને ઉછાળવા માંડયો. બુચાને જોઇને દીનશાહનો ચેહરો જરા શાંત થતો દેખાયો ને તેમ થવાનું વાજબી કારણ હતું. બુચો ખાસો ગેટકાં જેવો રમતીઆળ હતો તે દીનશાના હાથમાં જવા તાણુતોડ કરવા લાગ્યો જે જોઈ પુટલી હસીને બોલી. 'દીનશા હો ઝીલ જોઇએ તારી હુશીઆરી" આમ કહીને બુચાને એક દડાની પેઠે ઝીલાવયો અને દીનશાએ તેને ચાલાકીથી પકડી લીધો. બુચાજી ઘણા ગેલમાં હતા. દીનશાની મુછ તાણીને બે પાંચ બાલ ઉખેડી કાહાડયા ને આંખમાં પોતાની મધ જેવી મુકકીઓ લગાવી. આ વાર ઇલેક્ટ્રીક લાઇટ ફુલ પ્રકાશમાં બુચાના ચેહરા ઉપર પડતી હતી.

દીનશા ચમકયો કેમ ? અચબુચ તે ઘણા ધ્યાનથી બુચા ગમ ટીકી ટીકીને જોવા પડયો. જેમ જેમ તે જોય તેમા તેના ભવાંનો ચીલ્લો ચહડવા માંડયો અને મોંહ

ઉપરની રતાશ જતી રહી. વીલ્લુ જે પાસેજ ઉભી હતી તેણીએ આ સઘળો ફેરફાર સાબુત જોયો અને દીલથી કાંપવા લાગી.

[redacted] આ મોહોકાણુ સમજી ગઈ એટલે બહેનને કમરમાંથી પકડીને બારી આગળ ખસડી ગઇ. જરા આઘે જઇ હળવેથી વીલ્લુના કાનપર પડીને કહ્યું. "વીલ્લુ વીલ્લુ, એમ શું કરેછ? જરા શુધ ઠેકાણે રાખ નહીં તો સત્યાનાશની પાતકી થઈ જશે. આખો દરીઓ તરી આવીને હવે છેક કીનારે ડુબાડેછ કે."

બહેનોને ગુસ ગુસ કરતાં સાંભળી દીનશા ઉઠયો અને તેઓ આગળ આવીને બુચાને વીલ્લુના હાથમાં મુકયો. આ વાર ત્રણુડે જણે સાફ જોયું કે બુચાની સુરત તમામ [redacted]ના જેવી હતી. નરી જાણે અહીની સુરતી?

ધણી ધણીઆણીની નજર એક થઈ. વીલ્લુ હરણ ફાર થઇને ઓય રડી પડે તેમ ઉભી હતી. દીનશા તો જાણે કોઇનુ ખુન કરવા તઇયાર હોય તેમ ડોળા કકડાવી ને એક શબ્દ બોલ્યા વગર બાહાર ચાલી ગયો.

પુટલી બોલી "ઓજજા! કંઈ કાંટાનું કટેચર થાય તેવું લાગેછ ખરૂં. વીલ્લુ, તું ઘભરા ના, વળી એમાંથીબી કંઈ રસતો શોધી કાહાડશું."

પણ વીલ્લુએ તેનો હાથ ખસેડી નાખ્યો અને બેઉ હાથોથી આંખ ઢાંકીને ડચકાં ખાવા લાગી.

283

પ્રકરણ—૨૧ મું.

રાતના જમવાની મેજ ઉપર તરેહવાર નાટક થતા હતા. દીનશા એક બોલ બોલ્યો નહીં પણ સરેસતા કરતાં વીહસ્કી સોડા વધારે પીતો જણાયો. વીલ્લુએ ખાધાનું ચુંથયા કીધું. ફક્ત પુટલીએ પટપટ કરયા કીધી પણ કોઇએ જવાબ આપ્યો નહીં. ખાધું નહીં ખાધું કે દીનશા ખુરશી ઝરાકાબંધ ખસાડીને ઉઠયો અને પોતાના બેસવાના ખાનગી ઓરડામાં જાઇ માંહેથી બારણું બંધ કીધું.

બેઉ બેહનો એકલી પડી અને એક બીજા ગમ ટગર ટગર જોવા લાગી. વીલ્લુ બોલી "જોયું ? મેં શું કહયું તું ? એના મનમાં હવે વેહેમ પેઠોછ. એ હવે મને કોઇ દહાડે જાહેર કરવાનો નથી. પુતલી તેં મારૂં નખ્ખોદ વાલ્યું."

પુતલી પોતેબી હવે ઘભરાઈ.

"કોઈ નાપાક શેહતાનની નજર લાગી. મામલો જરા ચશકયોછ ખરો. મરેરે, દુકતો નરો જાણે એના બાપની મુરતી જેવો થતો જશે એમ કોણે જાણ્યું તું. કોઈ આંધળાનેબી દેખાય તેવો અહીનો ચહેરો છે. હવે કેમ કરીએ ? પણ જરા ધીરજ ધર. જોઇએ તો ખરા કે દીનશા શું કેહેછ. વખતે આપરે નકામા લોહી બાળતાં હોઇશું."

"હું તો સુવા જાંઉછ, મારૂં માથું ઘુમેછ" વીલ્લુ બોલી.



દીનુશા-દીનશા-તું માફ કર-તું બધી વાત જાણશે—પાનું ૧૫૭.

"હા, દીકરા, જા, સહુવારનાં ખોદા કરશે તો બધું સમાધાન થઈ થશે.

"નહીં—મારો તો દાહાડો બળી ગયો. દીનશાને જેટલો હું ઓળખુંછ તેટલો તું પીછાણતી નથી. મેં એને ઠગયો ને હલકો પાડયો એટલે હવે એ મારી ગમ આંખીને જોવાનો નથી. ઓ, અમે કેવાં સુખી ઉતાં—"

વીલ્લુ ચાલી જવા પછી પુટલી વીચારમાં પડી.

"મારી ગરીબ ગાય જેવી બેહેન. મેં એને ફસાવી. મારૂં ઘણું મન થાયછ કે અહીને લખીને બધું ભોપાળું ફોડી દેવું".

એણીમેર વીલ્લુ પોતાના સુવાના ઓરડામાં ગઈ પણ બીછાણે ગઈ નહીં. પોતાના બાલ રાખેતા મુજબ સમા કરીને રાતના કપડાં સજીને તે ગાલે ગલાંઠો મારીને બારી આગળ બેઠી. આયા ત્યાં હળવેથી આવીને બે ચાર વાર જોઇ ગઈ પણ તે ચતુર હતી. એટલે એક શબદ બોલી નહીં. દસેક વાગે પુટલી "ગુડ નાઈટ" કરવા આવી પણ કાંઇબી બોલ્યા વગર પાછી ફરી, તે હવે મન સાથ ગભરાવા લાગી કે, મેં શું કાચું કાપયું. જો દીનશા આ બધી ઠગાઈ જાણશે તો કોણ જાણે શું કરશે. ખરેખર વીલ્લુ સાથનો સંબંધ તોડી નાંખશે? એમ છેક કોઈ કઠણ દીલનો તો નહીં થાય. આજેજ સાંજના એ બોલયો કેની કે હું તારી ઉપર એટલો ખુરબાન છેઉં કે તારો કંઇબી ગુનાહ માફ કરૂં" અરે પણ માટીડાની મતોડી ઘડીમાં એમ બોલે ને ઘડીમાં માથું ફેરવી નાંખે.

વીલ્લુ દમ ઉંચો રાખીને મુગી મુગી ભારી અંદેશામાં બેસી રહી. દીનશાના આવવાના પગલાં સંભળાય તેમ કાન ઉંચા કરીને તે હરપળે વાટ જોતી હતી. પણ કલાકો ચાલ્યા ગયા અને દીનશાના આવવાની નીશાન હતી નહીં. ઘડીઆલમાં બાર વાગ્યા. બીજો અડધો કલાક ગયો. અને બીજો કલાક ગયો. આ સઘળો વાર દીનશા પોતાના લખવાના બંધ ઓરડામાં આમથી તેમ ફેરા ખાતો હતો. તેના મગજમાં અજબ તરેહનું ખુન ભરાયું હતું. તેને અગાઉ જે વેહેમ ભરાયો હતો તે પાછો નવેસરથી તાજો થયો. બસ, વીલ્લુ તેને બેવફા નીવડી! અહી તેની પુઠે પુઠ કેમ ફરતો હતો તે હવે તેને યાદ આવ્યું. એક દહાડે વાડીમાં અહી વીલ્લુ આગળ કેમ ગુંથણુ પર પડયો હતો તે હવે દીનશાની નજર આગળ તાજું થયું. આહ! તે સીંગાપોરથી પાછા ફરવા પછી વીલ્લુ કેવી ગભરેલી ભડકેલી ફરતી હતી. તેનું કારણ શું? રાતના ઉંઘમાં ઝમકીને ફાટ્ઠું ફાટ્ઠું બબડતી તેનો ખરો ભેદ આયજ કેની. આં અને એવાજ બીજા દાખલાઓથી દીનશાનું ભેજું જાણે આતશની માફક તપી આવ્યું. આહ! એક વખત નાજાંમાયે બી એવીજ મતલબનો એસારો કીધો હતો તે વાતબી ખરી પડી. બુચો નરો અહીની સીકલ હતી તે કોઇ આધળો બી જોઈ શકે.

પણ વળી તેની સામે વીલ્લુનો ઉદાસ ચેહેરો આવીને ઉભો. તેની નીરદોશ મીઠી આંખ તેણીની આજીજીભરી વીનંતી, ગરવો સાદ—એ ખોદા, આ બધું કેમ બને.

પણ સબર, તે જો નીરદોશજ હતી તો આજે સાંજે [redacted] ગભરાયલી કેમ ? ભુચાનું મળતાપણુ જોતાંજ ના જાણે પાણીજ મરી ગયાં. લોક તેની કેવી ઠેકડી ાં હશે ? લોક તેની પીઠ પાછળ શું શું બોલતાં હશે. લુની આબરૂ હવે કેટલી ? સારાં સારાં લોકમાં તે મોહડું કેમ દેખાડશે.

દીનશાની આંખ આગળ જાણે એક લાલ પરદો ફરી ર્યો હતો. તેનો દમ એવો બંધાઇ ગયો હતો કે ની છાતી ચાલતી બંધ પડી ગઈ હતી. શરમને મારે બધું અંધકાર લાગતું હતું. તે બારી આગળ જઇને ો. એક સ્ટીમ ઈનજીનની પેઠે તેનું માથું ઘુંમતું હતું.

એકાએક તેને કાને કાંઇ અવાજ પડયો. ઝબકીને પોતાના કાન ઉંચા કરયા. તુરત તે બારણા આગળ અને [redacted]ડી વીલ્લુ નાઇટ ગાઉનમાં બે હાથ દાને ચુપચુપ ઉભેલી હતી. દીનશાએ તેનો હાથ પકડીને માં ખેંચી.

“ ? તમારૂં અહીં શું કામ છે ?” દીનશાએ થી પુછયું.

“હું બીધી. તમારો સાદ ઘણીવાર સુધી સાંભળ્યો ાં એટલે—

દીનશાએ તેના તરફ તગર તગર જોયા કીધું. આ ાં જેવી છોકરી ગુનાહથી ભરેલી કેમ હોય ? વીલ્લુ ચાલી જવા કરતી હતી પણ દીનશાએ તાણીને બળથી રોકી રાખી.

"સબર કરો–એમ છટકી જવાની જરૂર નથી. મા: તમુને કાંઇ પુછવું છે."

વીલ્લુ શું કરે. તે એક બીધેલી હરણીની પેઠે લાકડાંન કાંની ઉભી રહી. મીનીટ બે ત્રણ સુધી બેઉજણ મુગ ઉભાં રહયાં. આખરે કરઅરીને દીનશાએ પુછ્યું.

"વીલ્લુ, આપરો બુચો આબાદ પેલાની નકલ દે એવો મને ધખારો બેસી ગયોછ. ખોદાને હાજર નાજર જાણીને સાચું કેહ કે એ ફક્ત મારો વેહેમ છે."

વીલ્લુ એક શબ્દ બોલી શકી નહીં—તેનો દમ બંધાઈ ગયો હતો. આહ ! આખરે મોહોકાણ આગળ આવી ઉભી ખરી. જારે પોતાને ઠગાયલો જોશે, પોતાન ધાણીઆણી તરફથી દગો થયલો જાણશે તારે તે કેવો હેલો દેવાનો થશે તેનો ખરો ચીતાર હવે નજર આગળ આવીને ઉભેલો વીલ્લુએ જોયો. પોતાની ઓહોરદા-જુગી મંતર જોઇ દીનશાહને ઓહોડે ફીણ ચહડી આ તેણીનો હાથ જોરથી પકડીને તે બોલ્યો.

"તારે મારો શક ખરો છે. જે મેં જોયું તે ખરું જોયછ. ઓ ખોદા આએ શું ગજબ, શું મારી ફજેતી."

વીલ્લુએ કાંઈ બોલવાની તજવીજ કીધી પણ ગળા માંથી સાદ નીકળયો નહીં.

"બોલ–બોલ–અભાગણી ઓરત, આએ બધું મારુંજ છે કે?" કંઈજ જવાબ નહીં.

"તોબાહ, તોબાહ, હું મુઓ—હું ઠાર મરી ગયો." એક ખુરસી ઉપર બેસી જઈ દીનશાહે ટેબલ ઉપર માથું નાખી દીધું. જાણે તેના માથાં ઉપર કોઈ હથોડા મારતું હોય તેમ તેને લાગ્યું. તેની આંખે અંધારાં આવી ગયાં. હવે વીહલુ જાગી. તે ધણી આગળ ગુટણપર પડીને હાથ જોડીને બોલી.

"દીનશા—દીનશા—મને માફ કર—તું બધી વાત જાણશે તારે.—"

"બાળી ગઈ તારી વાત, મને કંઇ સાંભળવું નથી. તને માફ કરૂં!! તું શું બોલેછ તેની તુને કાંઈ સમજણી છે?"

"પણ—પણ—દીનશા તું જો મારો ખોલાસો સાંભળશે તો કદાચ તું મને માફ કરશે."

"તું શું મને એક નાહાન બચ્ચું કે વીધવા ઓરત જાણેછ કે મને ખોલાસાથી વાહી રાખવા માંગેછ. પાપ બેપરવાઈનો ખોલાસો કેવો હોય."

"તો હું કબુલ કરૂંછ. પણ જો તું બધી વાત જાણે તો—

"મારે કાંઇ સાંભળવું નથી. હું બધું સમજી ગયો—તેં ઉપર તેં શરમના ઝાડ તોડી પાડયાંછ એટલે તારી જીંદગી રદ બાતલ છે—"

"અરે ખોદા, હવે હું શું કરૂં. મારી જબાં બંધ છે."

"અલબત બંધ છે. એક પાપી ઓરતની જબા ભોહ હમેશ એમજ બંધ રાખેછ. હવે તમે જાઓ- અહીં થી તમારૂં કાળું કરો."

વીલ્હુ ઉઠી, પણ તેના મોહમાંથી એક શબ્દ નીકળી શકયો નહીં. દીનશાની આંખમાં ખુન ભરાયલું જોઇને તે લાકડાં જેવી થઇ ગઇ હતી. તે ગુપચુપ ઓરડાની બાહાર ગઈ અને દીનશાએ થડાક દેતું બારણું બંધ કીધું અને પાછો ટેબલ ઉપર માથું નાંખીને બેઠો.

પ્રકરણ—૨૨ મું.

બીજે દીને સોહવારના દીનશા ખાધેલો પીધેલો નાસ્તાની ટેબલ ઉપર આવી બેઠો. પણ વીલ્હુ આવીજ નહીં, પુટલીએ તેને બદલે ભપકામાં ચાહા બનાવી અને કાંસી કુસીને વાત ચાલુ રાખી.

"દીનશા ભાઈ, રાતનાં તમે કહારે સુવા ગીઆ. હું બાર વાગતા સુધી વાંચતી હતી પણ તમારો ઓરડામાં જવાનો સાદ સાંભળ્યો નહીં."

દીનશાએ ભરમમાં જવાબ દીધો "કોણ જાણે, કેટલે વાગે તેનું મને ભાન નથી."

"હું રાતના બે વાગે જાગી ઉઠીને જોયુ તો તમારા ઓફીસના ઓરડામાં બતી બળતી હતી. તમારા જીવને ઠીક તો છેની? બે દહાડામાં તમારો ચેહરો ઘણો ઉતરી ગયોછ ને તમે નાસતાને આંગલીબી લગાડી નથી!"

આ ટીકાનો દીનશા શું જવાબ આપ્યો તે કહેવાઈ શકાતું નથી, પણ એટલામાં સારાં નસીબે ટપાલના કાગળ આવ્યાં એટલે તુરત વેળા તો વાત માંડી વળાઇ. આ કાગળોના ઢગમાં એક અહી તરફનું પુટલીને નામનું હતું. તેનો સાર નીચે મુજબ આપીશું:—

"આએ કાગળ મળવા પછી થોડાજ દાહાડામાં હું આવી લાગવાની વકી રાખું છું. મને સોંપેલું બધું કામ થટતું ફતેહમંદ નીવડયું છે ને ડોસાજી રાજી રાજી થઇ ગીયાછ. વળી એક બીજી ખુશ ખબર કેહુંછ તે એ કે એવણ જે પોતાની ઘેર શોભત-ખોદા ખેર કરે— દીકરીને મારે ગળે ઓળવવા માંગતા હતા તે તો કોઈ સીમીટના વેપારી સાથ ગોઠવાઈ ગઈ છે, એટલે આપરી મુશકેલીઓમાંથી એક પીડા તો ઓછી થઈ. હું મુંબઇ આવ્યા પછી આપરી જાહેર કરવાંની હવે હરકત નથી. ઘણી વાર અંદેસો કીધા પછી મને હવે લાગેછ કે તારી સાથ આવી રીતે છુપાછુપ લગ્ન કીધામાં મેં તુંને ઘણો ગેરઇનસાફ કાધો હતો. એ તો સઉ સારૂં જેનું સેવટ સારૂં. બાકી સેહેતાનજી આડા નડતે તો કોણ જાણે આપરે કેવા મુસ્કેલીમાં આવી પડતે. એ તો ઠીક થયું કે સેહેતાનજી સીદ્ધા પાધરા ઉતરયા. છેલ્લા બે ત્રણ કાગળોમાં કાકાજી તારી ઘણી વખાણ કરીને લખતા હતા. રાન લુછી! તેં કોણ જાણે ડોસાજીને કેમ વાહી પટાવી નાંખ્યા. હું આંઉં ત્યાં ત્યારે મોહાડેથી બધી હકીકત સાંભળશ. હું હવે તુંને જલદીથી આવી મળશ તે વીચારથી મારો હરખ માયો સમાયો જતો નથી. કે દહાડે આવી પોહોંચશ તેનો તાર કરશ."

૭૯૩

[illegible]એ આએ કાગળ બએ ત્રણ ત્રણ વખત વાંચ્યો. તેને હવે અઢી ઘણો વાહાલો લાગતો હતો.

એકુ કલાક પછી ઢીનશા પોતાના ઓરડામાંથી નીચે ઉતરતો હતો તેટલાં વીલ્લુને દાદર ઉપરથી આવતી જોઈ. ઢીનશાએ તેને રોકી.

ઘણા ખોખરા સાદે તે બોલ્યો. [illegible] કરી પાંચ મીનીટ મારા ઓરડામાં આવશો ? હું [illegible] ગામ જાઉં તે આગાઉં મારે તમારી સાથ કાંઈ વાત કરવી છે.”

આ શબ્દો [illegible]ળી વીલ્લુ ચમકી પણ મુંગે મોહાડે પોતાના પતીની પુઠે ચાલી. તેઓ ઢીનશાની લાઇબ્રેરીમાં ગયાં જયાં એક ખુરશી ઉપર વીલ્લુ નીરાશ જીવે બેસી ગઇ. ઢીનશા ઘણી ઉસકેરાયલી હાલતમાં હતો. તે ઓરડામાં બે ચાર ફેરા ફરયા કીધો. કેમ વાત છેડવી તે પેહલાં તેને સુજયું નહીં. આહ! આ વાર વીલ્લુ કેવી લાઇલાજ, કેવી નીરદોશ, કેવી ખુબસુરત દીસ્તી હતી. તેને એકદમ છાડીને કેમ જવાય? જો કે તેણીએ મુંગે મોંહાડે પોતાનો ગુનાહ જાહેર કીધો હતો તોબી આ ઓરત ગુનેહગાર છે એમ કેમ મનાય? ઢીનશા—ભલો ઢીનશા—જો કોઈ રીતે તેની ખાત્રી થાય કે—તેની પોતાની આબરૂનું સત્યાનાશ વલ્યું નથી તો તે અબ ઘડી પોતાનો જીવ આપવા તઇયાર થાય.

ખરી વાત એ હતી કે પોતાની ધણીઆણી ઉપરનો અત્યંત પ્યાર અને પોતાની ઇજત એ બેહુ એક બીજા સાથ લડી રહયાં હતાં. વીલ્લુ ફાટે ડોળે દમ ઉંચો રાખીને આ સઘળી લડાઇ જોતી બેઠી હતી. આખરે દીનશા તેણીની સામે આવીને ઉભો.

"મારી આવી બેહોરમતી કરવાનો અને મારી જીંદગીને નાશ કરવાનો તમુને કયારે અને કેમ સંજોગ થયો તે હવે પુછવાનો વખત નથી. એ નાપાક ધણી ઉપર તમારો જીવ હતો તો મને શા સારૂ ખરાબે નાંખ્યો."

વીલ્લુ હવે તટાર થઇને બેઠી "શું બોલ્યા ? તેના ઉપર જીવ હતો ? કોણના ઉપર જીવ ? એ શું ફાટું ફાટું બકોછ ?

"બસ, બોહાને ખાતર એક પાપ ઉપર બીજું પાપ કરવાની જરૂર નથી. હું છુટાછેડાની ફરયાદી આજે માંડી શકું પણ મારે તેમ કરવું નથી. મારી બેઈજતી જગતને જાહેર કરવાની મારી છાતી ચાલતી નથી. પણ તે છતાં હવે આપરે સાથે વસી શકયે તેમબી નથી. માત્ર એકજ મારગ ખુલ્લો છે તે એ કે મારે આ શેહેરમાંથી ચાલી જવું. અલબત તમારી ખાધખોરાકીનો બધો બંદોબસ્ત કરવામાં આવશે."

આટલું બોલી દીનશા બેસી ગયો અને પોતાની આંખો ઉપર હાથ ધાંકયા. વીલ્લુ ધુજવા લાગી.

"શું તમે ઘેર શેહેર છોડી જવા માંગોછ ? કાંહાં ?"

"મારે ગમે તાંહાં—તેની તમુને શું પરવાહ છે."

વીહ્‌લુ કાંઇ બોલી નહીં પણ તેની આંખમાંથી બોર બોર જેવા આંસુ ઢળી પડયાં.

"તમે ચાલી જવા માંગોછ—હમેશને સારૂં? ને હું હજુ પુરાં એકવીસ વરસની થઈ નથી. કદી બીજા પચીસ પચાસ વરસ જીવું તો—

"પણ તેની શું ચીંતા છે? કદાચ હું પોંહાંતો થઈ જવશ ને તમુને મન ચાહે તેમ કરવાને છુટાપણું મળશે—કદાચ પેલો અદી—

"અરે બસ કરો-તેનું નામ બાળી નાખો—દીનશા, તમે આવા ઘાતકી છેઓ એમ હું માનુ નહીં. તમે મને છોડી જાઓ એમ કોઈ કાળે બને નહીં. તમારા વગર મારી જીંદગી નકામી છે."

"ખામોસ!! એ બધી વાત એક કોરે મુકો. મારા ઉપર જો ખરો જીવજ હતે તો હું બહારગામથી આવ્યા પછી તમુને કોઇ ભળતા માણસના ફરજંદની માત [illegible]લી નહીં જોતે."

હવે વીહ્‌લુ ખભરીને ઉઠી. તેના ધણીના મનમાં જે નાપાક શક ઉભો થયો હતો તે હવે સમજમાં આવ્યો. ઓહો, તેણીના ઉપર શું ગંભીર શક હતો તે હવે સમજ પડી. તે હરણફાર દઇને બોલી ઉઠી.

"શું? ઓ પેદાના કરનાર, શું તું મને એવી રીતની ગુનેહગાર સમજતો હતો કે? શું મારો ધણી મારે સારૂં આવું વીચારે? હું માનુ નહી—કભુ માનુ નહીં."

"માનો કે ના માનો. આએ બચું પેલાનું છે એમ તમે બેશક કબુલ રાખયું હતું. હવે તમારેથી તેમાંથી છટકાશે નહીં."

"હું છટકવા માંગતીબી નથી, પણ તમે મને ગુનેહગાર ધારશો એમ મેં સપનેબી ધારયું નહીં હતું."

"તેમ નહીં ધારૂં તો બીજું શું ધારૂં! શું તમે મને છેકજ ઉલ્લુ સમજોછ? મને નાહાન બચું ધારીને મને વાહી નાંખવા માંગોછ?"

"હું એકવાર કહી ચુકી કે મારેથી ખોલાસો થાય તેમ નથી. મેં તમુને ઠગયા એમ મારે કબુલ કરવું જોઇએ. પણ જે નાપાક ભયંકર શક તમે મારી ઉપર રાખોછ તેથી હું ગુનેહગાર નથી, કાલે રાતના તમે સોગંદ ખાઇ પડયા કે તમે મને કદી માફ કરશો નહીં તારે હું એમ સમજી કે મેં તમુને ઠગયા તેથી તમો છેડાઈ પડયા હશો. પણ હવે હું જોઉંછ કે તમારા દીલમાં શું હતું. હવે મારી વારી આવીછ. એ અજીમ શક માટે હું તમુને કબુ માફ કરવાની નથી. કબુ નહીં. તમુને ઘેરબાર છોડી જવાની કસી જરૂર નથી. હું પોતે તમારા ઘેરમાં એક પલ રેહવાની નથી અને તમારી એક પઇને હાથ લગાડવાની નથી."

આટલા શબદો બોલી વીલ્લુ એક છેડાયલી વાઘણુની પેઠે ઓરડાની બાહાર નીકલી પડી. જેવી તે બાહાર પડી કે પુટલી માંહે દાખલ થઈ.

૨૦૭

કમરે બે હાથ મેલીને પુટલીએ દીનશાને તોડમાંજ પુછયું "એ વળી તમે બે જનને શું વીજોડું લાગું. કાલે રાતના તો તમે વેંહેંચી લીધું ને હજુ તેનો છેડો આયો નથી કે?"

[redacted] કંઈ જવાબ આપ્યો નહીં. તે પીઠ પાછળ હાથ રાખીને ઓરડામાં આમથી તેમ ફરવા મંડયો. પણ પુટલી કંઈ મુગી રેહ.

પણ હસીને બોલીની—એ મારી બેહનને વળી તમે શું કીધું? એ કોઈ મરતા ને મર કેહે નહીં ને આજે એમ છેડાયલી કેમ? [redacted] શું એને મારી નાખવા બેઠાછ?"

હવે દીનશાની વાવડી ચ[redacted]

"તેમાં તુને શું? એ તું શું બકબક કરી રહીછ. પુટલી હું માંગી લેઉંછ કે તમે હમણા અહીંથી જાઓ. હું હાલ કાંઇબી વાત કરવાની સ્થીતીમાં નથી."

"પણ તેની કોથા ખાસડાને ફકર છે. તમે વાત કરવા નહીં માગતા તો ઓછી પીડા પણ હું એમ ચાલી જવાની નથી. વીલ્લુ બોલી કે હું તમારા ઘેરમાં એક પલ રેહેવાની નથી ને તમારી એક પઈ લેવાની નથી તે મેં કાનેકાન સાંભલ્યું. જરા કેહશો કે એમ કાંય બોલી?"

"તે એનેજ પુછોની. એ વીશે મારે તમારી સાથ તકરાર કરવી નથી."

"પણ કાંય નહીં."

"મારી મરજી."

"મરજી તો કુત્તાની હાય. વીન્નુ સાથ વીજોરૂં હાઓ તો હું કાંહાં મરી ગેઈ."

"બસ, તમે અહીંથી જાઓ."

સારૂં થયું કે એટલામાં એક નોકર હાથમાં પુટલીને નામનો તાર લઇને આવ્યો. પુટલીએ તે હાથમાંથી ઝુંટાવી લઈને તુરત ફાડી ને હરખને મારે ચીશ પાડીને બોલી.

"શાબાશ–હુરરે—એ આજે સાંજના આવી પુગશે."

આ વાર હીનશા બારી આગળ રીસાઈને ઉભેલો હતો ત્યાં જઈને તેનો હાથ પકડયો અને ખુબ હસીને તે હલાવવા લાગી.

"આવશે—આજે સાંજના આવી પુગશે."

"પુટલી તારૂં માથું બાથું ખસી ગયું છ કે શું ? કાણુ આવંશે ? પણુ કદી કોઈ આવે તો તેનો આટલો હરખ શાનો ?"

"અરે જાઓરે, તમે ગમે એટલા ગંધીલા થાઓ પણુ હું તો નાચું કુદું. પેલી વાણ્યાની લીટી તમુને યાદ નથી કે ?"

"મેં નાચું મેરે પીઉ ઘર આયે."

પુટલીના હાથમાંથી તાર ખુંચી લઈ હીનશાએ એક પલમાં વાંચ્યો.

"શું પેલો અહી આજે મુંબઈ આવેછ."

"અલબત-અલબત-આવે છ ને ફર આવે છ. ઓ ખોદાજી હું કેવી ખુશીમાં આવી ગઇછ."

"આહ! ઠીક છે—જોઇશું."

દીનશાના ફાટા ડોળા ને લાલચોળ ચેહરો જોઈ પુટલી ડઘાઇને બોલી.

"ઓ માયરે, તમુને એકાએક શું ભુત ભરાયો. તમારા ડોળા કેવા ખુની જેવા લાગેછ."

"એમ લાગેછે ખરા કે? જોઇએ—વખત આવવે વાત."

"પણ અહી આવે તો તેમાં તમારૂં શું ઉંધું વળી ગીયું ?"

"તે મારૂં કામ છે, તમુને પુછવાનો હક નથી. તમે આય ખબર તમારી બહેનને પોંહોચાડો કારણ કે તેવણ વાર જોતાં હશે. એ તાર તમારે નામે કીધો એબી એક જાતની હુશીયારી છે."

પુટલી ખુરશી ઉપર બેસી જઇને ખડખડ હસવા પડી. "દીનશા, દીનશા તમારૂં ભલું થાયરે, અહી એક વખત વીલ્હુ ઉપર ધરાંપશાં કરતો હતો તે હજુ તમારા મનમાં રમયા કરેછ કે? ઓહો! તે સારૂં તમે વધેરી લીધું કે? મરેરે, હું તો જાણું કે રખેને અમારી ખાનગી વાત તમુને ખબર પડી હોય."

"ઓહો, ઓહો, શું વાત મને ખબર પડી હોય."

"અરે ફીત! હું તો બીધી કે રખેને તમે બધું સમજી ગીયા હાવ. તમે એને બચારીને ગભરાવીને બધું કબુલ કરાવી લીધેલું લાગેછ."

"તારે તમેબી એ પાપી કાજ વસતારામાં સામેલ ઉતાં એમ લાગેછ. પણ એ બધાંનો હું રસતો કરી નાખુછ."

"કાજ વસતારાં! હીનશા હું જાણુંછ કે તમે એક ગલાસથી વધારે વીહીસકી પીતા નથી, નહીં તો એમ સમજતે કે તમે આજે છાંટો પાણી વધારે લીધોછ, બધી વાત હું નહીં જાણું તો બીજું કોણ જાણે?"

[illegible] વાત ચાલી એવામાં બહાર કુત્રાં ભસયાં અને એક ગાડી આવીને ઉભી હોય એવો સાદ આવ્યો. પુટલી વાને વેગે દોડી પણ એટલામાં તો અહી આવીને [illegible] ઉભો. પુટલી ઝટ આગળ ધસી અને અહીને વળગી પડી.

પ્રકરણ ૨૩ મું.

"ઓ અહી, મારા જાન, મારા વાહલા, તું આખ આયો ખરો કે?"

અહી પુટલીને પેટમાં ચાંપીને કાસીસો લેવા પડયો જે જોઇ હીનશાહ તો લાકડાં જેવો સજ્જડ થઇને ઉભો. હવે અહીની નજર હીનશા ઉપર પડી.

301

"હલ્લો દીનશા, કેમ છોઓ. તમે ધારતા હશો કે અમે બેહુ જન મેટ થઇ ગીઆંછ. પણ પુટલી તો આજે એક વરસ થયું મારી ધણીઆણી થાય છે. ફુરસદે બધો ખુલાસો કરશું. પણ જારે અમે પરણ્યાં તારે બીજો ઉપાય નહીં દીસયો. પણ હવે વાત છુપાવવાની જરૂર રહી નથી."

પુટલી બોલી "દીનશાભાઈ બધું જાણેછ, ને તે વાઘે તો વીલ્હુ સાથ પરવાયાં તોડયાં. બચારી મારી બેહને મારી મુશકેલીમાં મને મદદ કીધી તેથી દીનશાભાઇ તેનો ખીસો ઉપાડ કરવા નીકળયાછ."

અદી બોલ્યો "એમ કે? તારે તેં વીલ્હુને બધી ખાનગી વાત કહી દીધીતી કે? ઠીક કીધું-પણ-સબર એ બધો શું ઘોટાંળો થયોછ—મને કંઈ સમજ પડતી નથી."

આ સાંટક ચાલુ છે એવામાં બુચાજીનો રડવાને સાદ આવ્યો.

અદી અચરત થઇને સાંભળવા પડયો.

"ઓ એ કોણ રડેછ?"

"અદી હજુ તું સમજયો નહીં? હરવાયો હું. એ આપરૂં—"

"પુટલી, પુટલી, એ બધું—"

બેઉ જાણુ લાલ લાલ થઇ ગયાં.

હવે—હવે—હવે—દીનશાના ભેજામાં ખરી વાત ઉતરી. આ સઘળો ગરબડ ઘોંટાળો શું થયો હતો તે હવે તેના મગજમાં ઉતરયું. તે તુરત વેળા કાંઇ બોલ્યા ચાલ્યા વગર સટ્ટપીડ જેવો ઉભો થઈ રહયો.

* * *

બારણું ઠહાક દેતું અફળાયું અને દીનશા બહાર નીકળી ચાલ્યો. ઓરડામાં અદી અને પુટલી એખલાં રહી ગયાં. [illegible] અદીએ ચકીત થઇને પુછયું.

"પણ બોલની, એ બધા શું ફારસ ચાલી રહયાંછ?"

"અરે અદી દીકરા. બોલ ના. તારે ખાતર ને મારે ખાતર બધી કચુબર થઇ ગઇછ ને બચારી વીલ્લુ અમથી પીખાઇ લુટાઈ ગઈછ. દીનશા તો ભોળોભટાક પણ નજરનો કાચો છે. આપરે ખાતર કાલના એ જાણુ મરાઈ પીખાઇ ને વાજ વળયાંછ."

"પણ પુટલી, એ બધું તો ખરૂં પણ મને [illegible] પડી નહીં કે ભુચા બાબેની ખબર તેં મને લખી કાંય નહીં ?"

"એટલુંબી સમજતો નહીં ? હું બીધી કે તુને લખું તો તું હલકો હજામડો થઇને દોડી આવે ને આપની શાદીનો ભરમ ફુટી જાય. વળી કાકાજી છેડાઈ પડે તો આપરે જીંદગી ભરનાં લટકી જઈએ. બેસ, હું તુને બધી હકીકત માંડીને કેહું."

જયારે અદીએ બધી વાત સાંભળી ત્યારે તે તો છીકી પડયો.

303

“તમારૂં નખોદ જાયરે તમારૂં એ તમે શું મોહોકાણુ વાળી? દીનશા છેઠાઈ પડયોછ તેમાં કાંઈ નવાઈ છે! એને બદલે હું હોઉં તો કોઇનું ખુન કરૂં. કોઇબી માણસ સાથ આવી ઠગ વીદીઆ કરવાનો કોઇને હક નથી. તમે લોકોએ માહા પાપનું કામ કીધુંછ. મારી ધણીઆણી આવું કામ કરે તે માટે હું શરમીંદો છેઉ.”

“અરે વાહરે લાલાજી, ઘેરમાં પગ મુકતાને વાર તમે એમ પીછડાં વેરી નાંખશો એમ જાણુતે તો—”

અત્રે પુટલી રડી પડી.

“પણ પુટલી, મોહોકાણુ અહીંજ ખતમ થતી હોતે તો બલા ગઇ પણ એમાંથી શું ઘોંટાલો થશે તેનો કાંઈ વીચાર કીધો? હું ને દીનશા બેઉ જણ ઘણા સંકડાસમાં આવી જશું. તેમાં એ બચારો તો નહીં છુટે એવી ફાંસમાં આવી ગીઓછ એને સારૂં મારો જીવ ઘણો જલેછ. એનો કેમ તોડ કહાડવો તે મને સમજાતું નથી.”

આ સાંભળી પુટલીબાઇ છછણી પડયાં “ઓ વાય, આ વળી શા ધણક. મરેરે, મારાં શા અભાગ લાગાં કે મુયાને જનમ આપ્યો. હજી વાંજણીજ રેહી હોતે તો પરવડતે.”

“જા ચાલ, આવું ‘એબસરડ’ બોલવાનું તુંને છાજે નહીં. હું તો બચારા દીનશાની મુશકેલીનો બળાપો કરૂંછ. દીનશા કાંહાં છે. મારે એની સાથ ખરૂં નરૂં કરી લેવું જોઇએ.”

"દીનશા કાંહાં છે તે શોધી લાવો, દેખડાઉં. મારૂ માનો તો હમણા એની આગળથી મીઠો ગાલો મુકો તો સારૂં કારણ કે એ ખાઉં કરડું થઇ રહેલો છે ને જરૂર તારી સાથે ચીથડાં ફાડશે."

"નાનસન્સ, એની જગાએ હું હોતે તો એના કરતાં ચારગણા વધુ ચીથડાં ફાડતે" આમ બોલી અદીએ જવા માંડયું પણ પુટલીએ પાછળ દોડીને તેનો હાથ પકડયો.

"અદી, પણ ઉભો રેહની, તું ખુચાનેબી જોવા માંગતો નહીં કે? બરાબર તારી મુરતી છે ને [illegible] સોહાવા[illegible]."

"હમણા નહીં. મારે પહેલાં દીનશાને મળવું છે."

[illegible] આ બે સાહાદુ વચે ખાનગી મુલાકાત થઈ તેનો હેવાલ આપવાનું આ લખનારનાં હાથમાં નથી. એટલું તો કહેવાઇ શકાશે કે અદીની 'કામન સેનસ' અને વાજબી તકરારથી દીનશાના મનને જરા શાંતી મળી.

* * * *

બપોરના ખાણા ઉપર વીલ્લુ હાજર થઇ નહી. પુટલી આવી ખરી પણ તેનો ચેહરો ગંભીર હતો. જમતાં તે એક બોલ બોલી નહી. દીનશા અને અદી બી મુગા મંતર હતા. મેજપરથી ઉઠતાં અદી બોલ્યો :—

"દીનશા, મારી પુટલી તમારી સાથ કાંઈ વાત કરવા માંગેછ."

આટલું બોલી અહી ઓરડામાંથી ચાલી ગયો.

"કેમ પુટલી?" હીનશાએ રોહાસમાંજ પુછયું.

હીનશાનો ઉતરી ગયલો અને ઉદાસ ચેહરો જોઇને પુટલી બોલતાં અચકી. તે જાણે દશ વીસ વરસ ઉમ્મરમાં ઘરડો થઇ ગયો હતો.

"હીનશા—હું ખરેખર દલગીર છઉં કે—"

પણ આટલા શબ્દો બોલીને પુટલી ધસાધસ રડી પડી. હીનશાબી ખશીયાણો પડી ગયો.

"પુટલાં, રડયાથી કંઈ મામલો સુધરવાનો છે?"

"એ બધો મારો વાંક હતો. વીલ્લુએ તો પહેલાં બીજ ઘણી અક કીધી પણ હું ભુંડી સમજી નહીં. વમારે થહી તે ઘણીજ બીહીતી હતી અને બોલ્યાજ કીધી કે તમે એ તકસીર કદી કદી માફ કરશો નહીં."

પુટલીએ આ વાર [illegible] રાખયું હતું. પણ તે જતાં તે બોલી—

"[illegible] મને કેમ માફ કરયો તે હું સમજી શકતી નથી. મરેરે, હું મુઇ અભાગણીને તો શું સુજ પડયું."

"[illegible]મારા માફ કીધાથી તારા જીવને કાંઇબી સંધ્યારો [illegible] હોય તો હું તુંને માફ કરવા તઇયાર છઉં. પણ પુટલી, આવું કાચ્ચું કાપવા તેં એકલ પેટાઇથી તારા પોતાનાજ બચાવની વાત કીધી પણ તારી બેહેનનું કેટલું સત્યનાશ તું વાળશે તેનો કંઇ ખયાલ નહીં કીધો?"

"હા, હું આંધળી હવે [illegible] છે, મેં એક બેવકુફ ગધેડાંની કાની કામ કીધું. હું કબસ હાલતમાં આવી ગઇ એટલે આસેપાસેની મુશકેલીનો મેં કંઇજ વીચાર નહીં કીધો. પણ હું શું કરતે? મારી જગાએ તું હોતે તો શું કરતે? વ્હાલા દાનશા, મારો ગુનાહ તો થયો પણ તું વીલ્હુને માફ કરે કેની?"

"તે સાથ તુને શું કામ છે? તે ચુકવવાનું મારૂં ને તારી બહેનનું કામ છે."

"નહીં—[illegible]—એમ ના કરો—જો મરી જાઉં તમ[illegible] ઉપરથી. તમે દરગુજર કરો તો બધું સમાધાન [illegible] જાય. પણ—પણ—મને એકજ ગુચવણ થાયછ કે [illegible] કોણનો [illegible] મને હવે એને સપુરદ કરશો કે? [illegible] એક વ્હાલો થઇ લાગો[illegible] માયરે, [illegible] જાણે બીજો અહી."

"હવે બસ કરો પુટલીબાઇ, હું તમારી [illegible] તકરારથી કંટાળી ગીયો. જે બનાવથી બધું ઉંધુ ચતું થઇ ગીયું તે હવે તકરાર કીધાથી પાછું સી[illegible] નથી. તમુને જરાબી ખ્યાલ નથી કે એકલપેટાઇથી તમે આ કંઆળ મામલામાં તમારી બહેનને સંડોવીને સોગંદથી બાંધી લીધી તેમાં તમે મારૂં ને તેનું બેઉનું નખ્ખોદ વાલ્યું છે."

"નહીં-દીનશાભાઇ—નહીં—એટલી બધી હદ સુધી ના જાઓ-તમે એક ગુનાહ માફ કરો ને બધું પાછું

સમાધાન થઇ જશે. ઓ ઓહ! અદીબી મારી ઉપર ખફા થઈ ગીઓછ. બુચાને જનમ આપવા અગાઉ હું મરી કાંય નહી ગેઈ."

દીનશા ખભરીને બેસીજ રહયો અને પુટલી રડતી આંખોએ બહાર નીકળી પડી.

હવે એણીમેર ગુચવાયલા અદીએ શું કીધું તે જોઇએ. માસીજીની જરૂની સાદી સમજણ ઉપર તેને મોટો વીશવાસ હતો. તેણે જરૂને કાલાવાલાની ચીઠી લખીને દીનશાના મકાનમાં બોલાવી મંગાવી. જરૂ ખરેખર એવી શેહારી અને પોહોંચેલી હતી કે જે કોઈ તેને ઓળખતાં તે દરેક કબસ હાલતમાં તેની મદદ માંગતાં. તે એવી સાચી અને ભલી હતી કે એકની વાત બીજાને મરી જાય તો કેહતી નહીં. તે દીનશાના કોલાબા કાસટલમાં આવી કે એક કલાકમાંજ જોઈ લીધું કે આંખું ઘર મરાઈ છુંદાઇને વારવીખેર પડયું હતું. પુટલી રડમસ આંખે ફરતી હતી. અદી ચીંતાતુર ચેહેરે માથે હાથ દઈને બેસી રહયો હતો. વીલ્લુ પોતાનાં ઓરડામાં ભરાઈ બેઠી હતી. દીનશા વાડીમાં રખડયા કરતો હતો.

ચતુર જરૂ કાંઇ બોલી નહીં પણ ચુપચુપ ડીનર ખલાસ થવા દીધું. ખાઇ ઉઠયા પછી અદીએ જરૂને ઇશારત કીધી અને તેઓ વાડીમાં ઉતરી પડયાં જયાં અદીએ બધી હકીકત લંબાણથી જરૂને સમજાવી.

"જરૂ બેહેન, તારી મદદની ઘણી જરૂર છે. બધો [illegible] બગડી ગયોછ. પુટલી સાથ છુપાછુપ શાદી કરી દેવામાં મેં મોટી ભુલ કીધી એમ હું કબુલ કરૂંછ. પણ હવે તેનો ઉપાય નથી. મારી મોટી ચીંતા દીનશાના બાબમાં છે. એ બચારાને ખરેખર ઘણો મોટો ગેરઇનસાફ થયોછ. પણ હવે એનો રસ્તો શું? પુટલી કેહતી હતી કે દીનશા ને વીલ્લુ મરાઈ છુંદાઇને છુટાં પડયાંછ ને એક બીજાથી જુદાં રહેવા માંગેછ. હવે બુચાનું કેમ કરીએ. દીનશા કંઈ એને પોતાના વારેસ દાખલ હવે રાખે નહીં ને હું મારૂં બચ્ચું એમ આપી દેઉં નહીં. એ મારૂં ફરજંદ છે ને હું તો એને લઈ જવાનો. પણ તારે હવે કેહની કે એ બધા ઘોંટાળાનો શું ઉપાય કરીએ. [illegible] બધા વીચારથી મારૂં માથું ફાટીને બે ટુકડા થઈ જાયછ. જરૂ, તું તો હોશીયાર છે. કંઇબી તોડ શોધી કહાડ [illegible]

[illegible] વાર વીચાર કરી જરૂ બોલી.

"હા, કચુંબર તો જબરી થઈ ગઈછ—પણ મને [illegible]કલે એનો ઉપાય થઈ શકશે."

"એમ કે! બોલની મારી માય કરૂં."

"[illegible], ધ્યાનથી સાંભળ. કાકાજીને તો તારી પુટલાં હવે ઘણી ગમેછ ખરી વાત કેની?"

"હા તેમ છે તો ખરૂં. [illegible] તો ઘરડાજી એને "મારી દીકરી" સીવાય બોલાવતાજ નહીં."

"ઠીક તારે તું પુટલીને શીખવ કે કાકાજીને પટામ સટામ કરીને તમે લોકને બે ચાર મહીના 'ચેન્જ'પર જવાની રજા આપે. તેમ રજા મળે તો તમે લોક વીલ્લુ, ખુરશેદ, આયામાં બધાં સાથે સકકર નીકળી જાઓ. અલબતાં તારે બી સાથે જવું પડશે. દીનશા હમણા ઘોડે ચહડયોછ પણ જરા વીલ્લુથી દુર થશે તારે પોતાની મેળે ઠંડો પડશે. સકકરમાં ચારના છ મહીના નીકળી જતાં વાર લાગશે નહીં ને પછીની વાત જોઇ લઇશું."

જરા વાર વીચાર કરીને અહીએ જવાબ આપ્યો "જરૂ, ખોદા તારૂં ભલું કરે. તેં અચ્છી સીફત લગાવીછ. કાકાજી ઘડી ઘડી બોલ્યાજ કરેછ કે માથેરાન જાઓ હટી જાઓ. તો હવે પુટલાંને શીખવું કે એવણ લાહાટમાં હોય તારે શીશામાં ઉતારે. તે કરતાં મને વધારે સારો પલાન સુજેછ કે અમે બધાં જઇએ તો કેમ. કાકાજી કેહતા હતા કે હજી તાંહાં થોડું ઘણું કામ બાકી છે તો મારે તાંહાં બે ત્રણ વરસ રહીને પુરૂં કરવું. હું ધારૂંછ કે પુટલી નેબી એ વીચાર ગમશે. જોઉં, હું પુટલી સાથ વાત કરી જોઉં, પછી અમે કાકાજીને રસ્તે ઉતારશું."

* * *

જરૂનો તાગડો અજબ જેવી રીતે રસ્તે ઉતરયો. પુટલી તો બસ ધરી ધરાય નહીં. જાણે બધું અત્યાર થીજ સમાધાન થઈ ગયું હોય તેમ તે પાછી નાચવાં

[illegible] મુંબઇ છોડી જવા સારૂં આંગળાં પર દહાડા [illegible] પડી. દીનશાએ ભરયાભારમાં જવાબ દીધો કે "[illegible] ગમે તેમ કરો."

ત્યારે પરીણામ એ આવ્યું કે આ વાત થવા પછી પંદર દહાડામાં અહી પુટલાં, વીલ્લુ, ભુચો અને [illegible] આયામાં [illegible] નીકળી પડયાં.

પુટલી અસલના જેવીજ રમતીયાળ તો હતી પણ [illegible] જયા જયા સંભાળી ને કામ [illegible] પોતાનો ભુચો હવે એવો વહાલો હતો કે તેને છોડતાં [illegible] નહીં. આયામાંથી એક દહાડે બોલાઇ જવાયુ કે "પરવરદેગારની ગતી ન્યારી [illegible] માતાનો જીવ પોતાનાં બચ્ચાં ઉપરથી ઉઠી જાય એ હું કબુ માનું નહીં. [illegible] જબરદસ્ત શીક્ષા થઇછે. [illegible] ને બરાબર રસ્તે ઉતારે તેવા છે. ને વીલ્લુ મા તું ફીકર ના [illegible] તારૂં ગયલું સુખ પાછું આવશે, હમણાં દીનશાશેઠ [illegible] પણ ખોદાનું [illegible] ખોદા કરશે. [illegible]

વીલ્લુનો જીવ ખરેખર ઘણો બેતાબ હતો પણ [illegible] ઉપડયા અગાઉ દીનશા સાથ પાછો એખલાસ કરવાનો ચાન્સ આવ્યોજ નહીં.

બધા મુંબઇથી વીદાય થયા પછી દીનશા પોતાનાં બંગલામાં એકલો ઝુરવાને બળાપો કરવા લાગ્યો. તેને મનથી જીંદગી રદ બાતલ હતી. બરાબર લાગ જોઇને કસદુનમ નાજાંમાયે તેને પાછો શીશામાં ઉતાર

વાની ઘણીબી તજવીજ કીધી પણ દીનશા તેનાથી નાહાસતો ફરતો અને કોઈ સાથબી મળવા ભેટવાની ના પાડી. તેણે પોતાના નોકરોને સખત તાકીદ કીધી હતી કે કોઇબી મળવા આવે તો ના કેહવું કે શેઠ ઘેરમાં નથી.

વાત કરતાં છ મહીના નીકળી ગયા. બરાબર ખોર દાદ સાલને દહાડે દીનશાને અહી ગમથી તાર મલ્યો કે,

"વીલ્લુને ટાઈફોઇડ તાવ આવેછ. ઘણી બીમાર છે. માને તો જલદીથી આવજો."

તેજ ઘડી દીનશા કુદકો મારીને ઉઠયો ને દોડા દોડી કરીને એક પોરટમેંટો ભરી લીધો અને તુરત મુસાફરી શરૂ કરી. તે નહીં સુતો કે નહીં ખાતો પણ આખો વખત વીલ્લુ કેમ હશે તેના વીચારમાં પડી રહેતો. વખતસર પહોંચાશે કે નહીં તેના અંદેશામાં તેનું લોહી સુકાઇ જતું હતું.

પણ આખરે મુસાફરી પુરી થઇ. વીલ્લુ ચાદર જેવી ઉજળી બીછાને પડેલી હતી. તેના પાસાંમાં એક ઝીણો બુચો 'કેઆંઉ કેઆંઉ' કરતો હતો. તેણીએ આખરે ગાદીવારેસને જનમ આપ્યો હતો અને 'ટાઇ ફોઈડ'ને બહાને દીનશાને પકડી મંગાવ્યો હતો.


"દીનશા, તારી ઉપર મેં વીશવાસ નહીં રાખ્યો ને વાત છુપી રાખી તે માટે હું ગુનેહગાર છું. મારી માતા ને મેં મરતી વખત સોગંદ ઉપર ખાત્રી આપી હતી તેથી હું અંજાઈ—હવે હું મારી ભુલ જોઉંછ ને તારી આગળ બે હાથ જોડી માફ માંગુંછ."

દીનશાનો ડીબો ભરાઈ આવ્યો હતો. તે એક બોલ બોલ્યો નહીં પણ વીલ્લુ ને છાતી સરસી ચાંપીને બોર બોર જેવાં આંસુ પાડયાં.

એવામાં પુટલી દોડતી આવી. "લો ચાલો, તમારો બુચો ને ગાદીવારેસ તમુને મુબારક ને મારો બુચો મને મુબારક. આપણે અહીં બે વરસ રહીશું એટલે મુંબઈમાં કોઇ જાણુવાનું નથી કે આ શું ભેળમભેળાની બાત્રા થઈ. જોની દીનશાબા તમે લોક તો પાછાં એકના એક થઈ ગીઆં ને તમારી બધી ખટપટો એક તડાકામાં સંધાઇ ગેઈ તે સારૂંજ થયું. હું ને અહીં તો જરા જરા મરાશું ને સંધાશું તે બીજાં પચીસ વરસ સુધી ચાલશે. હું ધારૂં છ કે તમે બેહુ જણે મારો ઉપકાર માનવો જોઇએ કે મેં મારી હુશીયારી લગાવી આ નાટકનો છેડો લાવી."

"ખરી વાત છે" દીનશાએ જવાબ દીધો "પણ આ જાતની હુશીયારી એક જાતની સોરત છે. પુટલાંમાય, મારૂં માનો તો હવે એવી હુશીયારી સાથ ઘડી ઘડી ચવીત્રાઈ કરતાં ના."

"અરે જાઓરે–તમે તો નગુણા છેઓ. હું ચોરીયાંમાર હોતે નહીં તો તમે આજે કુંવારાજ હોતે–સમજીઆં?"



૩૧૩

મા૦ જહાંગીર મરઝબાનની કલમથી
રચાયલાં પુસ્તકો.

કૌતક સંગ્રહ (ચોથી આવૃતી—રૂ.)
ટોચકા સંગ્રહ.
રમુજી ફકરા સંગ્રહ.
તલિસમ (બે વાલમ.)
ભલો કે ભુંડો.
મુંબાઇથી કાશમીર.
મોદીખાનાથી મારસલ્સ (બીજી આવૃત્તી.
વહાલી વેળાં.
આ મારી બેહેન (બે વાલમ.)
ગોરૂં વીલાયત.
પંચકથા.
[illegible]ાની શીરીન.
જીલુ ગોરાણી.
ધણી કે ઢોર.
નીમક હરામ.
માજી ચવીત્રી.
ગુલ ગુલામજી.
તારાબાઇ.
ઘેરના ઘેલા ને બાહરના ડાહ્યા.
કર ને જો.
ખુશદરપણ
અક્કલના સમુદર.
આદાની સુંઠ.
મુશકેલ આસાન.
પારકી આસ સદા નીરાશ.
ચોરીયાં માર.

જામે જમશેદ હાફીસ.

આખો સટ લેનારને એક સુંદર જડાવદાર સ્ટાંડ વગર
દામે આપવામાં આવશે.



[illegible]—માફ કર, મેં તારેથી વાત છુપી રાખ્યા—પાન [illegible]

P. 281 — 315